પુસ્તક ૬૯-૭૦

વિવિધ ગ્રન્થમાળા

વર્ષ ૬ ઠું સં. ૧૯૭૨

ટૂંકી વાર્તાઓ

ભાગ ૪ થો.

અનુવાદક:
પરીખ પુરુષોત્તમદાસ મથુરાંદાસ.

પ્રકાશક:-સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય.

સ્થળ- મુંબઇ, ૨

અને અમદાવાદ.

विविध ग्रंथमाळा: अंक ६९-७०. वर्ष ६ ठुं.

टूंकी वार्ताओ

भाग ४ थो.

કુટુંબ બોધક ટુંકાં ૨૯ શબ્દચિત્ર.

सस्तुं साहित्य वर्धक कार्यालयने माटे

અનુવાદકઃ-પરીખ પુરૂષોત્તમદાસ મથુરાંદાસ-ખંભાત.

સંપાદક અને પ્રકાશકઃ-ભિક્ષુ-અખંડાનંદ,

કાલબાદેવી રોડ—મુંબઈ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૪૩૦૦.

વિ. સં. ૧૯૭૨. ઈ. સ. ૧૯૧૬.

મૂલ્ય—વાર્ષિક ગ્રાહક માટે ૦-ાા પાકું પૂઠું ાા પો. માફ.


છુટક ાા અને ોાા પો. જુદું.

અમદાવાદ
ધી "ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

અનુક્રમણિકા

નવાં નીકળેલાં પુસ્તકો ઇ૦ માહિતી.

૧ શ્રીદાસબોધ.



મહારાષ્ટ્રમાં છેલ્લાં ત્રણસો વર્ષ દરમિયાન થઈ ગએલા જે ચાર મહાત્માઓ તે દેશમાં મહર્ષિઓરૂપે પૂજાય છે અને તેમના રચેલા ચાર મુખ્ય ગ્રંથોને મહારાષ્ટ્રના ચાર વેદોની ઉપમા અપાઇ છે, તેમાંના છેલ્લા મહાત્મા સમર્થ રામદાસ સ્વામી હોઇને તેમનો રચેલો ચોથા વેદરૂપ મુખ્ય ગ્રંથ આ **દાસબોધ** છે. આ મહાત્મા -જેમનું ચિત્ર બાજુપર છે તેઓ- વીરકેશરી શિવાજી મહારાજના સદ્ગુરૂ હોઇને આ ગ્રંથમાં અમુક ભાગ શિવાજી મહારાજને તેમણે કરેલા ઉપદેશનો પણ છે. આ ગ્રંથમાં વ્યવહાર તેમજ પરમાર્થ બંને સંબંધી ઉત્તમ ઉપદેશો સમાયલા હોવાથી માત્ર જિજ્ઞાસુ કે ભક્તો માટેજ નહિ પરંતુ સર્વ કોઇ માટે પણ તે વાંચવા યોગ્ય છે.

વીશેક વર્ષ અગાઉ આ ગ્રંથનું ભાષાંતર એક પારસી વિદ્વાન તરફથી રૂ. ૪)ની કિંમતે નીકળ્યું હતું, તે જોતાં આ નવીન ભાષાંતર કેટલું સસ્તું છે તે ખુલ્લુંજ છે. ભાષાંતરની ઉત્તમતા વિષે કાંઈ પણ લખવા કરતાં સરખામણી કરી નિર્ણય કરવાનું સુજ્ઞ વાંચકોપરજ રાખીશું.

ગ્રંથકર્તા સમર્થ રામદાસ સ્વામીનું ઉત્તમ અને બોધપ્રદ જીવન-ચરિત્ર તથા તેમના જીવનના જુદા જુદા પ્રસંગોને લગતાં આર્ટપેપર ઉપર છાપેલાં સાત ચિત્રો પણ ગ્રંથની શરૂમાં આપેલાં છે.

આ ગ્રંથમાં **કાગળ** ૭૦ રતલી ગ્લેજ; **પૂંઠાં** પાકાં કપડાનાં તથા દસ્કત આ લીટીમાં છે તેવી જાતના લીધેલા છે. **કદ** રૉયલ અષ્ટપત્રી પર ફૉર્મ એટલે કે ૪૦૦થી વધુ પૃષ્ઠનું છે; છતાં તેનું મૂલ્ય (એ પુસ્તકમાંજ છાપીને પ્રકટ કરેલા હિસાબ પ્રમાણે) માત્ર રૂ. ૧।જ રાખવામાં આવ્યું છે.

ખાસ છુટ—કારતક માસની આખર સુધીમાં ખરીદનાર પાસેથી બે આના કમી લેવાશે. પોસ્ટેજ ૦।~ જુદું સમજવું.

૨—આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન.

ભારતભક્ત શ્રીયુત મોહનદાસ કરમચંદ ગાંધી કૃત આ પુસ્તક વિવિધ ગ્રંથમાળાદ્વારા પ્રકટ થયા પછી છુટક પણ તેની વિશેષ માગ-ણીઓ આવવાથી આ ગ્રંથની નવી આવૃત્તિ છપાવવામાં આવી છે. પૃષ્ઠસંખ્યા ૧૪૦ હોઈ તેનું છુટક મૂલ્ય આગલી આવૃત્તિમાં છાપ્યા પ્રમાણેજ રૂ. ૦। તથા પાકા પૂંઠા સાથે રૂ. ૦।≈ છે. વહેંચવા અથવા વેચવા માટે સેંકડાબંધ સામટી પ્રત લેવા ઇચ્છનારને તે ખાસ કિફાયતથી અપાશે.

૩–ચરિત્રમાળાનાં ચાલુ ૧૯૭૨નાં સર્વ પુસ્તકો.

ચાલુ સાલનાં ચારિત્રમાળાનાં નીચલાં સર્વ પુસ્તકો હવે બહાર પડી ચૂકેલાં હોવાથી તેનો વાર્ષિક સૅટ તૈયાર થઇ ચૂકયો છે. દિવાળીએ વર્ષ પૂરૂં થતાં પછીથી તે ખરીદનારને માટે પોસ્ટ ખર્ચ જુદું લેવાનો નિયમ છતાં ખાસ છુટ દાખલ કારતક માસની આખર સુધીને માટે તેનું પોસ્ટેજ માફ રાખવામાં આવ્યું છે; માટે ઇચ્છા હોય તેમણે આ પુસ્તકો સત્વર મંગાવી લેવાં. વી. પી. ખર્ચ ૦)– જુદો ચડશે. ચાલુ વર્ષના તેના બારે અંકો નીચે જણાવેલાં ચાર પુસ્તકોમાં સમાયલા હોઇને કુલ પૃષ્ઠસંખ્યા ૧૫૦૦ની તથા મૂલ્ય રૂ. ૨), અને પાકાં પૂઠાં સહિત રૂ. ૩) છે. પોસ્ટેજ તથા વી. પી. ખર્ચ ૦।≈ અને ૦।।– જુદું.

અંક. પુસ્તકોનાં નામ.

૪૯—૫૦ રાજા રામમોહનરાય

૫૧ થી ૫૪—સમ્રાટ્ અકબર

૫૫—૫૬—**જગવિખ્યાત પુરૂષો ભાગ ૩ જો**—એમાં ગ્રીસ દેશના ક્રાંતિકારક વકતા **ડિમોસ્થનીસ** તથા સ્કોટલૅંડના વીર-કેશરી **સર વિલિયમ વૉલેસ**નાં જીવન ચરિત્રો છે.

૫૭થી૬૦—**જગ વિખ્યાત પુરૂષો ભાગ ૪ થો**—એમાં ઇંગ્લાંડના પરમ ધાર્મિક તથા નીતિમાન સર્વશ્રેષ્ઠ પ્રધાન **ગ્લૅડસ્ટન** તથા હાલના જર્મનીને જન્મ આપનાર મહાન વ્યવહારકુશળ **પ્રિન્સ બિસ્માર્ક**નાં જીવન ચરિત્રો છે.

૪–શ્રીમદ્ દેવી ભાગવત અથવા ભગવતી ભાગવત

આ ગ્રંથનું મૂલ્ય રૂ. ૨।।। હોઇ દિવાળી સુધીને માટે તે રૂ. ૨।। હતું તે પુસ્તક પણ ઉપર જણાવેલી કાર્તિક માસ આખરની મુદત સુધી રૂ. ૨।।થી અપાશે. પોસ્ટેજ જુદું.

૫–આર્યભિષક્ અથવા હિંદુસ્થાનનો વૈદ્યરાજ.

ઉપલા પુસ્તકની નવી આવૃત્તિ દશરા સુધી રૂ. ૨) ને બદલે રૂ. ૧ાા થી અપાતી હતી, તે મુદત પૂર્ણ થએલી હોવાથી હવે પૂરી કિંમતથીજ મળી શકશે. ઓછી કિંમતે માગનારને ઉત્તર કે પુસ્તક કશુંજ મળી શકશે નહિ.

૬–શ્રીમદ્ ભાગવત ભાષાંતર

૭–સ્વામી રામતીર્થ ભાગ ૧ થી ૫

ઉપલાં બંને પુસ્તકો હવે શિલક નહિ હોવાથી લડાઇ મટયા પછી કાગળો સસ્તા થયેથી ફરીથી છપાશે ત્યારે 'વિવિધગ્રંથમાળા' દ્વારા ખબર અપાશે.

નિવેદન

દેશમાં વર્તતી વિવિધ દુર્દશાઓમાં સ્ત્રીવર્ગની અજ્ઞાનતા અને તેને લીધે ચાલતી અનેક ખરાબ રૂઢિઓ પણ કેટલી બધી કારણરૂપ છે તે કોઇ પણ વિવેકીથી અજ્ઞાત નથી. એ સંબંધી દુઃખોનું અને ક્લેશોનું તેનાં કારણો સહિત જનવર્ગને ભાન થાય; તેમાંથી કેવી રીતે છૂટવું તેના ઉપાય તેઓ જાણી શકે; તથા સમજુ અને સુશીલ મનુષ્યોનું ગૃહજીવન કેવું ઉત્તમ હોય છે તેનો ખ્યાલ તેઓ મેળવી શકીને પોતાનું ગૃહજીવન તેવા પ્રકારનું બનાવવાનો યત્ન કરે તથા પોતાનાં સંતાનોનું જીવન પણ તેવુંજ રૂડું નિવડે તેવી રીતનું શિક્ષણ તથા સદાચાર તેમને શીખવી શકે; એટલા માટે સમાજના પરમ હિતસ્વી લેખકો આવી ટુંકી સામાજિક વાર્તાઓ યોજે છે. આવી વાર્તાઓને નિર્દોષ અને સ્વાભાવિક રીતે લખવામાં તથા પાત્રોના ભાવો અને સ્થિતિઓનાં ટુંકાં તથા અસરકારક શબ્દચિત્રો ચિત્રી બતાવવામાં બંગાળી અને હિંદી લેખકો કમાલ કરે છે. નિબંધોથી કે બીજી રીતે મળતી અસરો કરતાં આવાં શબ્દચિત્રો ઘણી વધારે અસર કરતાં હોવાથી વિવિધ ગ્રંથમાળાદ્વારા બનતાં સુધી દર વર્ષે આ પ્રકારનું એકાદ પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ધોરણ રાખવામાં આવ્યું છે. આ તેવું ચોથું પુસ્તક છે. આશા છે કે વાંચકો તેને જાતે વાંચવા તથા સમજવા ઉપરાંત પોતાના કુટુંબી, પાડોશી તેમજ મિત્રવર્ગને પણ તેના વાંચનનો કે શ્રવણનો લાભ મળે તેમ કરવા શ્રમ લેશે. જ્યાં ત્યાં વ્યાપી રહેલી સામાજિક દુર્દશા તરફ જોતાં જેટલાં પણ વધુ મનુષ્યોને એ પ્રકારનો લાભ આપવામાં આવે તેટલો પરોપકારજ છે. અમુક દુર્દશાવાળા કુટુંબ કે મનુષ્યને આવા વાંચનથી ચિમકી લાગી

જતાં તેનું જે શુભ પરિણામ તેના વિચાર અને વર્તનપર થાય તેનું પુણ્ય જેવું તેવું નથી.

આગલાં ત્રણે પુસ્તકોની પેઠે આ પુસ્તકમાંની વાર્તાઓ પણ હાલની સામાજિક સ્થિતિને લાગુ પડે તથા બોધપ્રદ થાય તેવીજ પસંદ કરવામાં આવી છે. છેવટમાં સાસુજીના રૂપમાં અવતરેલી અનેક મહા-મૂર્ખ અને દુષ્ટ ચંડિકાઓના જોરજુલમો ઉપર તેમને એ શબ્દ શીખા-મણના કહેનારો એક ટુંકો લેખ અપાયલો જણાશે. આવા લેખો તથા વાર્તાઓ વિશેષ કરીને જે જે મનુષ્યો તથા કુટુંબોને લાગુ પડે તેમ હોય, તેમના વાંચન કે શ્રવણમાં લાવવાથી લાભજ થાય છે. પરંતુ સામામાં અમુક દોષ છે, એમ કહી ગુરૂ બનીને તે વાંચી સંભળાવ-વાથી તો ઉલટાં મૂર્ખ સ્ત્રી પુરૂષો પોતાનુ સ્વરૂપ વધારે પ્રકાશે છે. માટે અમુકને માટે કે અમુક આગળજ વાંચવા કરતાં બને તેમણે સર્વેને અનુકૂળ પડે એવો વખત કહાડીને આડોશીપાડોશીને તથા સ્વકુટુંબી-ઓને આવાં પુસ્તકો સામાન્યરૂપે વાંચી સંભળાવવાં એજ સારૂં છે.

હાલમાંજ એક ચંડિકા સાસુનો ભોગ એક ઉગતી વહુ થઈ પ-ડયાનો મુંબઈમાં બનેલો એક દાખલો મુંબઈના પ્રખ્યાત અઠવાડિક 'હિંદુસ્થાન'માં નીચે પ્રમાણે પ્રકટ થયો છેઃ-

" થોડાક દિવસોપર મુંબઈ કોટમાં રહેતા એક બ્રાહ્મણની સ્ત્રીએ પાણી આણવાને એક માટીનું વાસણ-ઘડો કે ગાગર કે એવું કાંઇ-લીધું. તે સ્ત્રીની સાસુએ તે સંબંધે વાંધો ઉઠાવ્યો અને કહ્યું કે એને તો કોઇ હલકી જાતની સ્ત્રી અડી ગઇ છે, અને તેથી તે નકામું થઈ ગયું છે. તે સ્ત્રીએ આ બાબતમાં કાંઇક હઠ કરી હશે અથવા તો તેમ નથી થયું એમ કહ્યું હશે તેથી તેની પેલી સાસુએ વહુને પાણી છલ્લી કરી નાખી, ખૂબ ભાંડી; એટલુંજ નહિ પરંતુ તે બાપડીને ધોલધપાટ પણ કરી. બાપડી બીનઅનુભવી બાળકીને આથી લાગી આવ્યું અને તેથી

તેણે મીંટરોડપર આવેલા એક કૂવામાં પડીને પોતાનો જીવ ખોયો ! આત્મહત્યા કરી ! સાસુના કારમાકેરનાં આવાં હ્રદયભેદક અનેક ઉદાહરણો હિંદુ સંસારમાં ઠેક ઠેકાણે જોવામાં આવ્યાં છે."

આ તો એકજ દાખલો છે, પણ તેને 'એક' ન સમજવો. આવા બધા બનાવો કાંઈ છાપામાં છપાતા નથી. અનેકમાં એકાદજ છપાય છે. વળી આ તો છેક આપઘાત કરવાની હદ સુધી પહોંચેલી વાતનો દાખલો છે. સમજણના બળથી આપઘાત ન કરવા છતાં એથી પણ વધારે દુઃખભર્યું જીવન ગાળતી વહુઓના હજારો અને લાખો દાખલાઓ હિંદુ સંસારમાં ઠેકાણે ઠેકાણે વેરાયલા પડ્યા છે !

બાળલગ્નની રૂઢિ પણ કેટલી બધી નુકસાનકારક છે, એ વાત શરીર અને મનના બંધારણના જ્ઞાન વિનાનાં મૂર્ખ માબાપો ભાગ્યેજ સમજી શકે છે. એ બાબતનો સચોટ બોધ અને ખરી માહીતી આપનાર લેખકો અને બોધકો તથા તેનો લાખો કરોડોની સંખ્યામાં પ્રચાર કરનારા ઉદાર ધનિકો અને વ્યવસ્થાપકોની દેશમાં બહુજ જરૂર છે. પોતાનાં વહાલામાં વહાલાં બાળકોને બચપણમાંજ વિષયવાસનામાં ડૂબાવી દેનાર ઓ મૂર્ખ માબાપો ! એવી રીતે તેમનું મનુષ્યત્વ નષ્ટ કરવા કરતાં તો તેમનું જન્મતાંજ ગળું દાબી દેતાં હો તો એમાં ઓછું પાપ અને દુઃખ છે ! ઓ પચાસ વર્ષના ડોસા ! તારા પચીસ વર્ષના યુવાન છોકરાને તારા જેવા ઘરડા માણસ કરતાં પણ ફિક્કા અને દુર્બળ શરીરવાળો જોઇને તને કેમ વિચાર નથી આવતો ? સ્ત્રીઓના વેશમાં અવતરેલી પૂર્વ જન્મના શત્રુરૂપ ઓ મૂર્ખ માતાઓ ! સાસુજી બની જઇ ને વહુપર ઘરકામ ઢોળી પાડવા તથા બાદશાહી ચલાવવાના મોહમાં ને મોહમાં શીદને તમારાં સંતાનોનું સત્યાનાશ વાળો છો ? તમારાં ઢીંગલા ઢીંગલીની ઉંમરમાં વિષયભોગના ખાડામાં ડૂબાવેલાં ફિક્કાં, મુરદાલ અને રોગી સંતાનોને રોજ રોજ જોયા કરો

છો તોપણ કેમ કશી અક્કલ તમને આવતી નથી ?

મોટે ભાગે બાળલગ્નનાજ પ્રતાપે બચપણમાં અનાથ બની બેઠેલી લાખો વિધવાઓની દુઃખી અવસ્થાને જોઇ જોઇને રોજ રોજ બળી રહેલાં લાખો માબાપો ! આવા ઘોર કળિયુગના સમયમાં તમે તે બિચારીઓ પાસે કયી નીતિને આધારે સત્યયુગના ધર્મો પળાવવા માગો છો ? તમે પોતે પણ પચાસ પચાસની ઉમ્મર થઇ જવા છતાં બ્રહ્મચર્યનો જે શુભ ધર્મ પાળવાને અસમર્થ રહો છો, તે ધર્મ તમે દુઃખી અનાથ અજ્ઞાન બાળાઓ પાસે પરાણે પળાવવા માગો છો ? ધર્મ તે એમ પરાણે પળાવી શકાતા હશે ? તમારા કરતાં તો પેલા એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઇને ઉભા રહેનારા આગલા સમયના જુલ્મી મુસલમાનો પણ વધારે સારા હતા; કેમકે તેઓ પોતે જે ધર્મ પાળતા તેજ ધર્મ બીજાને પરાણે પળાવવા મથતા અને ન પાળે તેવાને તરતજ પૂરો કરી નાખતા; પણ તમે તો પોતેજ ઘરડા થવા છતાં શાસ્ત્રાજ્ઞાનું ઉલ્લંઘન કરીને જે ધર્મ પાળી શકતા નથી તે ધર્મ તમારી યુવાન વિધવા વહુ–બેટીઓ પાસે પરાણે પળાવવા માગો છો ! તેઓ તે ધર્મ પાળી શકશે એવી સ્વપ્નમાં પણ તમે શા કારણથી આશા રાખી શકો છો ? તમારી મૂર્ખતા તમને એવી આશા આપે છે ખરી, પણ આખરે ફળ શું આવે છે તે તો જોઇ શકો છો ને ! ગર્ભપાત ઇ૦ થવા દેવામાં આંખ આડા કાન અને વખતે જાતે પણ મદદ કરવી પડે છે ને ! આવાં આવાં મહા ઘોર પાતકોથી કેટલી યુવાન વિધવાઓનાં માબાપો અને સાસરીયાં બચેલાં છે ! આ અધમતા, આ દુઃખ, આ ત્રાસો જન્મભર સુધી ખમવા–ખમાવવા કરતાં પુનર્લગ્નની છૂટ મૂકતાં તમને શી ચૂંક આવે છે ? મનમાં તો હવે બધુંય સમજી ચૂકયા છો, માત્ર થોડાક હૃદયબળનીજ જરૂર છે ! હવે ક્યાં સુધી એ તુચ્છ શરમ અને સાવ ખોટે ખોટી લાજને પકડી

રાખશો ? તોડી નાખો હવે એ કંગાળ પકડાને ! મૂર્ખ ન્યાતીલાઓ તરફથી ભલે થોડુંક એથી ખમવું પડે, પરંતુ હાલ જે ખમી રહ્યા છો તેના આગળ તો તે સોમા હિસ્સાનું પણ નથી.

હાલમાંજ બે વિધવાઓને જન્મેલાં છોકરાં મારી નાખવા બદલ જન્મ સુધી દેશનિકાલની સજા થઇ છે અને હાઇકોર્ટે તે બહાલ રાખી છે. ઓ જંગલી માબાપો ! શું હવે આન્ડામાનના ટાપુમાં જઇને એ બિચારીઓ તમારાં નાત, જાત, ધર્મ અને બ્રહ્મચર્ય સાચવી શકશે કેમ ? પથરા પડો તમારી અક્કલ ઉપર ! શું તમારી મૂર્ખતાને લીધેજ તેમને આ સજા નથી ખમવી પડી ! સરકારના કાયદાઓથી ભલે તમે છટકી જાઓ અને નિર્દોષ અબળાની આવી દુર્દશા થવા દો, પણ પરમાત્માનો અચૂક કાયદો તમારાપર ડોળા કકડાવી ઉભો છે, તે યાદ રાખજો. અમે તો સમજીએ છીએ કે એ બાળકોને જન્મતાં મારી નાખનાર કદાચ એ વિધવાઓનાં વડીલોજ હશે, અને તે વડીલોને બચાવવા તેમજ પોતાના ઘોર નારકીય જીવનમાંથી છુટવાને માટેજ એ કર્મ પોતાને માથે તેમણે આવવા દીધું હશે ! હાય ભારત ! ગારત થઇ જા ! હે દીનાનાથ ! આવી અનેક ઘોર દુર્દશાઓ વચ્ચે અમને હિંદુ જાતિને જીવાડીને—અમારામાં આવાં ઘોર પાતકો ચાલુ રહેવા દઇને—તેના ફળરૂપે આગળ ઉપર અમને હજી આથીએ અનેકગણી કેવીક અતિ ઘોર યાતનાઓમાં ડૂબાવવા છે ? હે નાથ ! તે કરતાં તો અત્યારથીજ અમને પ્રલયમાં ડૂબાવી દો !

ઓ બીજાઓની પાસે ઉન્નતિને માગનારા અગ્રેસરો ! તમે તમારા ઘરમાંની, પડોશમાંની, જ્ઞાતિમાંની, તમારાથી માંહોમાંહિજ બની શકે એવી કેટલી ખરાબ રૂઢિઓ અને બીજી બાબતો દૂર કરી ? તમારા શ્રમથીજ સિદ્ધ થઇ શકે એવી લોકહિતની કેટલી ઉન્નતિઓ સિદ્ધ કરી ? "હિમ્મતે બંદા, તો મદદે ખુદા " અથવા તો " મનુષ્યયત્ન અને

ઇશ્વરકૃપા ” અર્થાત્ પોતાથી બનતું સર્વ કર્યા વિના અખૂટ ઐશ્વર્ય-સંપન્ન પરમાત્માની પણ કૃપા મેળવી શકાતી નથી તો પછી રાજાની કે અન્ય મનુષ્યોની કૃપા તો ક્યાંથીજ મેળવી શકાય? ભલે માગ્યા કરો, અને વાયદા સાંભળ્યાજ કરો. એમાં દોષ બીજાને દેવાનો નથી. તમારો અનેક પ્રકારનો અનધિકારજ અન્યોના હૃદયમાં પ્રવેશીને તમને 'ઇંદ્રાસનને બદલે નિંદ્રાસન' અપાવી રહ્યો છે.

ખંભાત નિવાસી પરીખ પુરૂષોતમદાસ મથુરાંદાસે આ વાર્તાઓનો અનુવાદ પૂર્ણ ઉત્સાહ અને નિષ્કામતાપૂર્વક તેમજ બને તેટલો વિશેષ સમય રોકીને યોગ્ય સમયપર કરી મોકલેલો હોવાથી આ સંસ્થા તરફથી તેમજ વાંચકવર્ગ તરફથી તેમને અમારો અત્યંત પ્રેમ-પૂર્વક ધન્યવાદ છે.

આ વાર્તાઓ જુદાં જુદાં હિંદી માસિક તથા પુસ્તકો ઉપરથી સંગ્રહ કરવામાં આવી છે; અને તેના મૂળ લેખકનું નામ બનતાં સુધી તે તે વાર્તાની નીચેજ આપવામાં આવ્યું છે. એમાંની “ પાર્વતી અને યશોદા ” નામની વાર્તા પ્રસિદ્ધ હિંદી કવિ પંડિત કાન્તાપ્રસાદ ગુરૂને હાથે લખાઇને અલાહાબાદના ઇન્ડીઅન પ્રેસદ્વારા પ્રસિદ્ધ થએલા પુસ્તક ઉપરથી સારરૂપે લીધી છે. એ સિવાય નંબર ૧ થી ૫ તથા ૭, ૯, ૧૩ થી ૧૮, ૨૨, ૨૪, ૨૫ તથા ૨૯ વાળી વાર્તાઓ અલાહાબાદમાં પંડિત સુદર્શનાચાર્યે બી. એ. તથા શ્રીમતી ગોપાલદેવીના સંપાદકપણા નીચે નીકળતા ‘ ગૃહલક્ષ્મી ’ માસિક ઉપરથી લેવામાં આવી છે; તથા નંબર ૧૯, ૨૦ અને ૨૧ વાળી વાર્તાઓ હિંદી ‘શારદા વિનોદ’ના અંકોમાંથી તથા નંબર ૮, ૧૨ અને ૨૩ વાળી વાર્તાઓ હિન્દી “ સ્ત્રીદર્પણ ”માંથી તથા નં. ૧૦–૧૧ વાળી વાર્તાઓ હિંદી “ ભારત મહિલા ”માંથી લેવામાં આવી છે. નંબર ૨૬ વાળી વાર્તા આ કાર્યાલયના વ્યવસ્થાપક બંધુ વેણીશંકર વહાલજીની લખેલી

છે, તથા નંબર ૨૭ વાળી વાર્તા ડૉકટર ટાગોરવાળી વાર્તાપરથી અનુવાદિત થઇને 'હિંદુસ્થાન' સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થએલી છે અને નંબર ૨૮ વાળી વાર્તા સુપ્રસિદ્ધ 'બ્રહ્મ ક્ષત્રિય' માંથી ઉપયોગી લાગવાથી સંગ્રહીત કરવામાં આવી છે. એ સર્વ વાર્તાઓના વિદ્વાન લેખકો, સંપાદકો, તેમજ પ્રકાશક સજ્જનોનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

અનુવાદ તૈયાર થઇ આવ્યા પછી યોગ્ય લાગ્યું ત્યાં ત્યાં ભાષાની સરલતા ઇત્યાદિ બાબતમાં સુધારણા તથા વધઘટ કરવા સંપાદકે યથામતિ યત્ન કર્યો છે. વાર્તાઓની છેવટનાં વાક્યો કેટલેક સ્થળે નવેસરથી લખવામાં આવ્યાં છે.

ચાલુ ૧૯૭૨ ના વર્ષ પૈકી હજુ એક પુસ્તક (બે અંકનું) નીકળવું બાકી છે, જે પણ બનતાં સુધી દિવાળી અગાઉ રવાના કરવા યત્ન ચાલે છે; છતાં કદાચ તેમ ન જ બની શકે તો કારતકમાં પણ મોકલાય, માટે તેમ થાય તો તે ખાતે ધૈર્ય રાખવા સમજુ વાંચકોને પ્રાર્થના છે. પ્રારબ્ધવશ ભોગવવી પડેલી અકસ્માતજન્ય પીડા વગેરે કારણોને લીધે કેટલોક સમય કશુંજ કાર્ય નહિ કરી શકાવાથી બંને માળાઓનું કામ થોડું ઘણું ઠેલાયા કર્યું છે. બૃહદ્ ગ્રંથમાળાનાં પુસ્તકો પણ એજ કારણથી વર્ષની શરૂમાં ધાર્યા હતાં તેટલાં નીકળી શક્યાં નથી. સંસ્થાનો રિપોર્ટ પણ એજ કારણથી હજી પૂરો કરી શકાયો નથી. સંસ્થા સંબંધી જાતે વેઠવા જેવી નિત્યની રોકાણો ઉપરાંત બંને નિયમિત માળાઓનાં ચાલુ સાલનાં પુસ્તકો તથા આવતા વર્ષનું એકેક પુસ્તક પણ દિવાળી અગાઉ છપાઇ જાય તેમ કરવું જોઇએ અને તેવી વિશેષ આવશ્યક બાબતોનેજ વખતસર ન પહોંચી વળાય ત્યાં સુધી રિપોર્ટ જેવી કરેલું કહી બતાવવાની બાબત વચમાં હાથ ધરીને આવશ્યક બાબતોને વધારે ઢીલમાં નાખવી એ કેમ બને ?

બીજા હાથપર રિપોર્ટના અત્યાર સુધી અપાયલા વાયદાઓ તરફ જોતાં ૧૯૭૦ પછી બીજાં બે વર્ષ નીકળી ગયાં તે પણ ગમતું નથી, પરંતુ કરવું શું ? અમારા એક મિત્રના તરંગ પ્રમાણે તો આવાં સર્વ કાર્ય નોકરોને હાથે ઑર્ડરથી થઈ શકે તેવાં છતાં નાહકનો હું એવી નજીવી બાબતોમાં પડયો રહું છું ! જો આવી સહેલાઇથીજ આવાં કામ લઇ શકાતાં હોત અને કાર્ય પ્રવેશ પૂર્વના અમારા પોતાનાજ ભૂલભર્યા તરંગોને અનુસરીને જો દેશની સ્થિતિને અનુસરતા ખર્ચથી યોગ્યતા-વાળા તથા મહેનતુ માણસો મળતા ચાલ્યા હોત, તો પછી આ લખ-નારના મનમાં ઘુમી રહેલી અન્ય સર્વ પ્રકારે શકય એવી દેશહિતની અનેક યોજનાઓ તરંગરૂપેજ ન રહેતાં કયારનીએ અમલમાં આવી ગઈ હોત અને તેજ પ્રમાણે અનેક તરંગશાસ્ત્રીઓ તેમજ પરોપદેશક પંડિતો પણ જાતે એક તણખલું પણ તોડવું પડવાની ફરજમાં મૂકાયા વિના માત્ર ખાટલામાં સૂતે સૂતેજ ઑર્ડરો કઢાડયા કરીને પગારદારો-દ્વારાજ સમગ્ર જગતને એકાદ ખરેખરા 'સ્વર્ગ'ની સીમાએ પહોંચાડી કૃતકૃત્ય થઈ ચૂકયા હોત !

હાલ નવું નીકળેલું પુસ્તક **દાસબોધ** તથા માનવંત દેશભકત શ્રીયુત મો. ક. ગાંધી કૃત **"આરોગ્ય વિષે સામાન્ય જ્ઞાન"** ની નવી આવૃત્તિ વિષે આ પછી અપાયલી હકીકત તથા આ સાથે છુટાં વહેં-ચાયલાં કાર્ડ તરફ વાંચક બંધુઓનું ખાસ લક્ષ્ય ખેંચી **ૐ તત્સત્.**

વિજયાદશમી વિ. સં. ૧૯૭૨.
ઓકટોબર ઇ. સ. ૧૯૧૬.

મંત્રી

ટૂંકી વાર્તાઓ

ભાગ ચોથો.

૧—પ્રેમપરીક્ષા.

લેખકઃ—શ્રીયુત ઉમરાવસિંહ ગુપ્ત.

પ્રકરણ ૧ લું.

મેરઠના એક મહોલ્લામાં મેં એક નાનું ઘર ભાડે રાખ્યું હતું. તેમાં હું મારી અર્ધાંગના અને એકના એક પુત્ર શ્યામ સાથે રહેતો હતો. હું એક અંગ્રેજની ઑફિસમાં નોકર હતો. વેતન માસિક ત્રીશ રૂપીઆ મળતું હતું. ત્રીશ રૂપીઆમાં કેમ પૂરું થાય તે આપ સર્વે જાણો છો. ત્રણ રૂપીઆ મકાનના ભાડામાં જતા હતા, પાંચ રૂપીઆ નોકર લેતો હતો. બાકી રહેલા બાવીશમાંથી ખાવું પીવું, લેવું દેવું, સર્વ કાંઈ થતું હતું. મને લોકો શેઠ, શેઠ કહેતા હતા. ઑફિસમાં મારે સાહેબની પાસે વારંવાર જવું પડતું હતું તેથી 'આપણું માન આપણે હાથ' એમ સમજી કપડાં-લતાં પણ સ્વચ્છ પહેરવાં પડતાં હતાં. દેશી જોડા પહેરી સાહેબના રૂમ—ઓરડા—માં જવાનો હુકમ નહોતો તેથી એક જોડી બુટ ખરીદ્યાં હતાં. મારા મકાનની પાસે એક મુસલમાનની

દુકાન હતી. ત્યાંથી હરાજીમાંથી એ ત્રણ પુરાણાં કૉલર અને નેકટાઇ ખરીદ્યાં હતાં. તે હું અવળાં–સવળાં પહેરીને ઑફિસે જતો હતો. શાક વગેરે નોકર લાવતો હતો; અને અનાજ વગેરે પંદર વીશ દિવસે સંધ્યાકાળે હું પોતેજ લઇ આવતો હતો. મારા પુત્ર સ્યામની ઉમ્મર ચાર વર્ષની હતી. હું સંધ્યાકાળે સાતેક વાગે ઑફિસમાંથી ઘેર આવતો ત્યારે તે બારણા આગળ મારી રાહ જોઇને ઉભો રહેતો. મને આવતો જોતો કે તરતજ તે દોડીને મને વળગી પડતો. હું તેને લાડ કરીને આખા દિવસનો થાક, મહમદહુસેન હેડક્લાર્કનાં કટુ વાક્યો અને સાહેબનાં દુર્વચનો તરતજ વિસરી જતો. એ પછી ઘરમાં પેસતાંજ મારી પ્રાણપ્યારી કમળા આનંદમય હાસ્યે, અથાગ પ્રેમ અને અજબ મનમોહક ચિત્તચોર છબીવડે પ્રણામ કરતી હતી. ઘર તરફ આવતાં રસ્તામાં સાહેબ અને હેડક્લાર્કના વર્તન વિષે હું વિચાર કરતો કરતો ચાલતો હતો ત્યારે મને એમ લાગતું હતું કે, આવા અપમાન અને અનાદરથી ભરેલા જીવન કરતાં તો મોત હજાર દરજ્જે સારૂં. આવી નોકરી કરતાં તો ભીખ માગીને ખાવું સારૂં, **જેના જીવનની પ્રત્યેક ઘટના અન્યના 'હા' અને 'ના' ઉપરજ અવલંબિત છે તેનું જીવન વ્યર્થ છે;** પરંતુ સ્યામ અને કમળાના સ્વાગત આગળ આજે પણ મારો સર્વ ખેદ લોપ થઇ ગયો. મારૂં સઘળું દુઃખ તેમની અથાગ પ્રેમધારાવડે ધોવાઇ ગયું. તેમને જોતાંજ ખરેખર મારા ચહેરા-પરની ગ્લાનિ દૂર થઈ ગઈ અને તરૂણાવસ્થાનો પ્રવાહ પુનઃ મારી રગોમાં પ્રતીત થવા લાગ્યો. મને મારૂં જીવન જીવવા યોગ્ય જણાવા લાગ્યું. ખરેખર મારૂં ઘર સ્વર્ગસમાન હતું. મારા જીવનનો આધાર કમળા અને સ્યામ હતાં. તેમનો પ્રેમ સંજીવની વટીની પેઠે મારી શોક મૂર્છાને દૂર કરી દેતો, અને મને લાગતું કે હું જીવનની નજદીક અને મૃત્યુથી ઘણે દૂર છું.

એક દિવસે ઑફિસમાં રજા હોવાથી હું ઘેર હતો. હું ઘરના આગલા ખંડમાં બેઠો બેઠો વિચાર કરતો હતો એવામાં અંદરથી અવાજ આવ્યો. "સાંભળો છો ? શ્યામ રડે છે. મને કામ કરવા દેતો નથી." હું અંદર ગયો અને જોઉં છું તો શ્યામ જમીનપર આળોટે છે અને "મારે નિશાળે જવું છે, મારે નિશાળે જવું છે" કહીને રડે છે. મેં તેને ઉઠાડ્યો અને સમજાવીને બહાર આણ્યો. જ્યારે તે કાંઇક શાંત થયો ત્યારે મેં પૂછ્યું "શ્યામ, તું કેમ રડતો હતો ?"

શ્યામે કહ્યું:—હું નિશાળે જવા માટે રડતો હતો.

મેં કહ્યું:—તેમાં રડતો શા માટે હતો ?

શ્યામે કહ્યું:—પાડોશીનો છોકરો મોહન મને રોજ ચીડવે છે અને કહે છે કે તું નિશાળે આવતો નથી, તારી પાસે મારા જેવો કોટ નથી, મારા જેવા બુટ નથી. જ્યારે જ્યારે તે આવું કહેતો હતો ત્યારે ત્યારે હું એને મારતો, પણ આજે તો તેનું જોઇ બીજા છોકરાઓ પણ મને સતાવવા લાગ્યા.

મેં કહ્યું:—વારૂ, તને એનાથી પણ સારી સારી ચીજો લાવી આપીશ અને તારૂં નામ નિશાળમાં દાખલ કરાવીશ.

શ્યામ ખુશખુશ થઇને ચાલ્યો ગયો અને તેણે બધી વાત તેની માતાને કહી, પણ આથી મારા મનપર સચોટ અસર થઇ. પાઠકગણ ! મનુષ્ય પોતાના કર્ત્તવ્યનું પાલન કરી શકતો નથી ત્યારે તેને અત્યંત દુ:ખ થાય છે. શ્યામને હવે હું જ્યારે પણ જોતો ત્યારે મને લાગતું હતું કે બાળકો માત્ર ખાલી પ્રેમ કરવાને માટેજ નથી, પણ બાળકો પ્રત્યે પ્રેમ કરવાનું કારણ એ હોય છે કે તે મોટાં થઈ આપણું નામ ઉજ્વળ કરે, પોતાના દેશનો તે સચેત રક્ષક બને અને પોતાના ધર્મને-ખાતર પ્રાણ પણ આપી શકે; પરંતુ હું શું કરૂં ? આપ મારી આવક-જાવક જાણો છો. મહા મહેનતે મહીને પાંચ રૂપીઆ બચાવીને પોસ્ટ

ઑફિસમાં મૂકી આવું છું. વધારે ખર્ચ કરી શકું એવી મારી આવક નથી. પાન અને બીડીની ટેવ હતી તે આજથી છોડી દેવાની મેં પ્રતિજ્ઞા લઇને તેના ખર્ચના બે રૂપીઆ બચે તેનાથી સ્યામને ભણાવીશ એવો નિશ્ચય કર્યો; પરંતુ નોકરી તરફ હવે મને તિરસ્કાર પેદા થયો.

પ્રકરણ ૨ જું.

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ॥
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

સૂર્યનારાયણનાં કિરણો સમસ્ત સંસારનું સુવર્ણ લૂંટી આકાશમાં ચઢી ગયાં અને શ્યામ વાદળોમાં પેશી જઈ તેને અનેક પ્રકારના રંગોથી રંગવા લાગ્યાં. કર્મનાં બંધનોથી બંધાયલા બંદીવાનો આખા દિવસની દોડધામથી કંટાળી પોતપોતાનાં કારાગૃહોમાં આવી ગયા અને પોતાના ઉપરીઓનો ક્રોધ પોતાની સ્ત્રીઓ અને બાળકોપર ઉતારવા લાગ્યા. હું પણ ઑફીસથી ઘેર આવ્યો અને હાથ-મોં ધોઈ વાળુ કરી લીધું. જ્યારે હું ખાઇને ઉઠયો ત્યારે કમળાએ કહ્યું "ઘી થઈ રહ્યું છે." મેં જવાબ આપ્યો "વારૂ, હમણાં લઇ આવું છું." પણ મને બેઠા બેઠા વિચાર આવ્યો કે એક રૂપીઆનું ઘી દશ દિવસ ચાલે છે. દોઢ શેર ઘી દશ દિવસમાં રોજના છ તોલા પડયું. તેમાં ત્રણ તોલા તો મનેજ બે વખત થઇને મળે છે. શાક વગેરેના વઘારમાં જાય તે તો જુદુંજ. દોઢ તોલો સ્યામને ભાગે જાય; જેથી તે ઘીમાંથી કમળાને ભાગે તો કંઇજ આવવું નજ જોઇએ. તે બિચારી મને અને સ્યામને આપવામાં કંઈ કસર કરતી નથી. બાદ મેં મારા અનુમાનની ચોકસી કરવાનો નિશ્ચય કર્યો. મારી પ્રિયા તેની થાળી પીરસી રહી ત્યારે મેં તેને કોઇ કામનું બહાનું કાઢી ઉપર મોકલી

અને મેં રસોડામાં જઇને તેની પીરસેલી થાળી જોઇ. હા દેવ! મારા ખોરાકમાં અને તેના ખોરાકમાં કેટલો તફાવત! તદ્દન કોરી રોટલી, શાકનું નામ નહિ, દાળ ઘણી ઓછી અને થોડુંક મીઠું! બીજે દિવસે પણ એજ દશા!! એ દિવસે દાળ બિલકુલ ન હતી. હા, નિમકનું પ્રમાણ આગલા દિવસથી વધારે હતું. ધન્ય છે આર્યબાળા! ધન્ય એ લક્ષાવધિ સતી સાધ્વીઓથી ઉતરી આવેલી આર્યસ્ત્રીજાતિ! ધન્ય આર્યાવર્ત્ત!

હું ઉપર કહી ગયો છું કે મારૂં ઘર સ્વર્ગસમાન હતું પણ આજેજ મને જણાયું કે સ્વર્ગ અને નરકમાં કેટલો ભેદ છે! **જે સ્વર્ગનો પાયો નરકની દિવાલો ઉપરજ ચણાયલો હોય તે સ્વર્ગ નરક કરતાં પણ હજાર ગણું અધમ છે.** જે સુખ, દુઃખની શિલાપર સ્થાપન કરવામાં આવ્યું હોય તે સુખ કરતાં દુઃખજ સેંકડોગણું સારૂં છે. **જે મહેલની દિવાલોમાં માનુષિક પીડા અને આંસુઓનો આવેશ હોય તે મહેલ કરતાં ઝુંપડી હજાર દરજ્જે ઉત્તમ છે.** પ્રિય પાઠકો! મારા ધારવા પ્રમાણે મારા જેવા સેંકડો પુરૂષો હશે કે જેઓ શ્વેત રેતીને જળની ધારા સમજી લે છે. જો આપ આપના ઘરમાં તપાસ કરશો તો આપને માલૂમ પડશે કે જે અજવાળાના મદમાં આપ મદમત્ત છો તે એક એવી મીણબત્તીનું અજવાળું છે કે જે પોતે બળીનેજ આપને પ્રકાશ આપી રહી છે.

મને મારા ઘરની સ્થિતિ જોઈ અત્યંત દુઃખ થયું. જેને હું પ્રાણેશ્વરી કહેતો હતો તે મને સુખ મળે તેટલા માટે કેવાં કેવાં કષ્ટ સહન કરતી હતી. મારા અને તેના પ્રેમમાં કેટલું અંતર હતું? મારો પ્રેમ માત્ર દેખાવમાંજ હતો. મારામાં હજી તેના જેવો સાચો પ્રેમ નહોતો. આવા આવા વિચારતરંગોથી આ વખતે મારા હૃદયની વ્યથા ક્ષણે ક્ષણે વધવા લાગી; પરંતુ મનના ભાવો પ્રિયાથી છુપા રાખો

કોઇ વસ્તુ લાવવાનું બ્હાનું કહાડી હું બજારમાં ગયો.

રાત્રે પણ મને ઉંઘ આવી નહિ. રાત્રે અનેક વખત મેં કમળાનું આનંદમય મુખકમળ નિરખ્યું. સત્ય છે! જે સાચા પ્રેમના ઉપાસક હોય છે, જે પોતાના કર્ત્તવ્યનું બરાબર રીતે પાલન કરે છે તેઓ મારી કમળાના જેવી મીઠી ઉંઘ ભોગવે તેમાં નવાઇ શું? વિચારમાં ને વિચારમાંજ પ્રાતઃકાળ થઇ ગયો, પણ હું કોઇ નિશ્ચયપર આવી શક્યો નહિ. નિત્યકાર્યથી પરવારી ઑફિસે જવાનો વખત થવાથી હું ઑફિસે ગયો. ત્યા પણ કાર્યમાં મન લાગ્યું નહિં. સાયંકાળ થતાંજ નોકરી છોડી દેવાનો મારો દ્રઢ નિશ્ચય થયો. હું જેવો આ નિશ્ચયપર આવ્યો કે તરતજ મારા મનમાં ધ્રાસ્કો પડયો અને ગ્રામોફોન વાજાની માફક મારા હૃદયમાંથી અવાજ આવ્યો—" નોકરી છોડી દેશો તો ખાશો ક્યાંથી ? "

મેં ઉત્તર આપ્યોઃ—" તું જાણે છે કે ઘણા દિવસથી હું અપમાનથી ભરપુર જીવન ગાળી રહ્યો છું. મારા જીવનનો મોટો ભાગ મેં દાસત્વમાંજ ગાળ્યો છે. તેમ છતાં પણ જેના માટે આ સર્વ સહન કરૂં છું તેને સારી રીતે ખાન—પાનાદિક મળતું નથી. મારાથી આવું દુઃખ સહન થઇ શકતું નથી, હું ભીખ માગી ખાઇશ, અને હું મજુરી કરીને પેટ ભરીશ. "

અલ્પ સમય પર્યંત મારૂં મન શાંત રહ્યું, પણ ફરીથી બોલી ઉઠયુંઃ—" ભીખ ક્યાં માગશો? મજુરી ક્યાં કરશો? 'શેઠ' થઇ તમારાથી આવું નીચ કામ થશે ? "

મેં ઉત્તર આપ્યોઃ—"લોકો મને 'શેઠ' કહે તેનો મને ગર્વ નથી. તે ઉપનામની સાથે ઘણી અપમાનજનક વાતો પણ મારે સાંભળવી પડે છે. સાહેબના 'ડેમફૂલ' અને હેડકલાર્કનાં દુર્વચનો મારી માનસિક પીડાની વૃદ્ધિ કરે છે. જ્યારે મને કોઇ 'શેઠ' નહિ કહે ત્યારે આવી

અપમાનજનક વાતો પણ મારે નહિ સાંભળવી પડે. હું એક દૂર દેશમાં જતો રહીશ કે જ્યાં મને કોઈ ઓળખતું ન હોય અને ત્યાં હું એક સાધારણ મજુરની માફક મારા માન અને ગૌરવનું રક્ષણ કરી મારો નિર્વાહ ચલાવીશ." હું આટલું કથન સમાપ્ત કરી શક્યો નહિ એટલામાંજ મારૂં મન ફરીથી બોલી ઉઠયું:–" કમળા અને શ્યામનું શું કરશો ? તમારો આવો વિચાર હતો ત્યારે લગ્ન શું કરવા કર્યું ?" મેં ઉત્તર આપ્યો:–" મારા ચંચળ સાથી ! તું તો સારી રીતે જાણે છેજ કે લગ્ન કરવાં કે ન કરવાં તે મારા હાથમાં નહોતું. મારાં લગ્ન એવે વખતે થયાં હતાં કે જે વખતે મારૂં અને તારૂં ઓળખાણ સારી પેઠે થયું નહોતું. મારો જન્મ હિંદુ ગૃહમાં થયો હતો એટલે મારી કોઈપણ વિષયમાં સંમતિ લેવામાં આવે એવો મારો અધિકાર નહોતો. માતાપિતા તેમની નજરમાં આવે તેમ કરતાં હતાં. મને ભણાવવા–ગણાવવામાં મારી મરજી સચવાતી નહોતી તેમજ મારૂં ભવિષ્ય ઘડવામાં પણ કોઈને મારી સંમતિની પરવા નહોતી. લગ્ન વખતે કોઈએ મારી સલાહ લીધી નહોતી. હવે તું કહે કે હું શું કરૂં ?"

મારૂં મન બોલ્યું: " તમે આ સર્વ કહ્યું પણ હવે તે ઉપર વધારે વિચાર કરવામાં ફાયદો શું ? હવે કહો કે નોકરી છોડીને કમળા અને શ્યામનું ભરણપોષણ કેવી રીતે કરશો ? ગાંડા થાઓ નહિ. દૂરના દેશમાં જઇ તેમને ક્યાં રાખશો ? તેમનાં કોમળ શરીર ચણા ખાઇ કેવી રીતે ટકશે ? એક બે દિવસ તમારી કોમળ સ્ત્રીને લુખી રોટલી ખાતી જોઈ તમે નોકરી છોડવાને તૈયાર થઇ ગયા છો, તો ભવિષ્યમાં તેને ભૂખી તરસી કેવી રીતે જોઈ શકશો ? સંભાળજો કે તમારી હઠથી તમારી કમળ જેવી કમળા ચીમળાઈ જાય નહિ. તમારા શ્યામનું બાળપણ ભૂખ અને તરસને લીધે દુ:ખી થાય અને તે મોટો

થતાં તમને તમારી આ વર્તણુક માટે પસ્તાવો થાય એવું કરતા નહિ. તે વખતે મને દોષ દેતા નહિ." મારૂં મન આટલું કહી શાંત થયું અને તેણે મને વિચારવમળમાં નાખી દીધો.

પ્રકરણ ૩ જું.

મન ! રે મન ! હે અંતરાત્મા ! તારી ગતિ નિરાળી છે. તારી રચના આશ્ચર્યજનક છે. મોટા મોટા ઋષિ-મુનિઓ પણ તારી ગતિમાં ફસાઈ ગયા છે. મોટા મોટા સજ્જનોની વૃત્તિઓ તેં ઉલટસુલટ કરી છે. તેંજ ઘણા રાક્ષસોને દેવતાઓના પદપર પહોંચાડયા છે અને તેંજ મહાત્માઓને પદચ્યુત બનાવ્યા છે. મહાન બુદ્ધિમાન પુરૂષોએ તારી જાળ તોડવાના પ્રયત્નો કર્યા, મોટા મોટા સજ્જનોએ તારી લીલાનો પાર પામવામાં આખી જીંદગીઓ બરબાદ કરી; પણ તેનું પરિણામ શું આવ્યું ? ઉત્તમ જીવન વ્યતીત થઇ ગયું, થાકે નહિ એવા આત્માઓ થાકી નાસિપાસ થઇ ગયા પણ કોઇ તારો પાર મેળવી શકયું નહિ. જ્યારે આવા શ્રીમાનોની આવી દશા થઇ હતી તો મારી શી ગણત્રી ?

પ્રિય પાઠકો ! તમે મારા મનનો વાદ-વિવાદ સાંભળ્યો. હવે કહેશો કે આવા તર્કશાસ્ત્રી સાથે હું વાદ-વિવાદમાં કેવી રીતે જીતું ? મારા સર્વ વિચારો તુટી ગયા, મારી સર્વ આશાઓપર પાણી ફરી વળ્યું, અને ઑફિસના અપમાનજનક બનાવો રાક્ષસની માફક મારા માથા-પર નાચવા લાગ્યા. જ્યારે જ્યારે હું મારા અપમાનનું કારણ વિચા-રતો હતો ત્યારે ત્યારે નોકરીજ અપમાનનું કારણ મને લાગતી હતી. તેનેજ લીધે હું મારા માન અને ગૌરવની રક્ષા; મારી કમળાને સર્વ પ્રકારે સુખી; અને મારા શ્યામને સારી રીતે ભણાવી-ગણાવી શકતો નહોતો. જ્યારે પણ હું નોકરી કરવાનું કારણ શોધતો ત્યારે

ગાઢ વિચારમાં પડી જતો હતો. હું બીજું કોઇપણ કાર્ય કરવાને યોગ્ય નહોતો તેથીજ આ નોકરી કરતો હતો. મને એટલું બધું ઓછું અને એવા પ્રકારનું શિક્ષણ મળ્યું હતું કે હું કારકુની સિવાય અન્ય કાંઇ કરી શકું નહિ. નાનપણમાં હું બિમાર રહેતો હતો તોપણ મારાં લગ્ન થયાં હતાં; અને ભણવા–ગણવાનું લોપ થઇ ગયું હતું. જ્યાં મને થોડું ઘણું અંગ્રેજી આવડયું કે તરતજ પિતાએ મને ઑફિસમાં નોકરી અપાવી. હું મારી અશાંતિનું કારણ શોધતો હતો ત્યારે ત્યારે મારાં લગ્નજ તેનું કારણ છે એમ મને લાગતું હતું; અને તેને માટે હું મારાં માતાપિતાને દૂષિત ઠરાવતો હતો; પરંતુ આ વખતે મને મારી બાલ્યાવસ્થાની એક વાત યાદ આવી ગઈ તે જરા સાંભળી લો.

મારી ૧૪ વર્ષની ઉમ્મરમાં મારાં લગ્ન થયાં હતાં. હું ૧૬ વર્ષનો થયો ત્યારે સખ્ત બિમાર પડયો. મારાં માતાપિતા સર્વ ઇલાજ કરી થાકી ગયાં. અંતમાં જ્યારે તેમને મારા બચવાની આશા રહી નહિ ત્યારે મારા પિતાએ મારા શ્વશુરને મારી માંદગીની ખબર આપી; તેથી તેઓ સર્વે મને જોવા માટે આવ્યા. મને શુદ્ધિ નહોતી. કદાચ કોઈ કોઈ વખત એક બે કલાક શુદ્ધિ આવી જતી, અને પછી પાછો હું આંખો બંધ કરી પડી રહેતો હતો. મારી આસપાસ જે વાતચીત થતી હતી તે મને સ્વપ્નસમાન લાગતી હતી.

એક દિવસ કેટલીએક સ્ત્રીઓ મારી માતાની સાથે મારી પાસે આવી અને મારા ખાટલાપર માથું મૂકી રડવા લાગી. આ જોઇ હું ગભરાયો, પણ કાંઈ બોલી શકયો નહિ. ખેર, એ સમય ગયો. લગભગ મધ્ય રાત્રિએ મને શુદ્ધિ આવી. તે વખતે મારા કાનમાં કોઇનાં દુઃખથી ભરપુર ડુસકાં ભરવાનો અવાજ આવ્યો. મેં આંખો ઉઘાડી. દીવેલનો દીવો બળતો હતો, તેની આછી જ્યોતિમાં આસપાસની વસ્તુઓના પડછાયા મોટા અને બિહામણા લાગતા હતા.

ઘડીઆળના ટનટન શબ્દ રાત્રિના શાંતિમય સમયમાં ગુંજારવ કરી મોટો ધ્વનિ ઉત્પન્ન કરવા લાગ્યા. આજુબાજુના ખંડમાંથી સ્વજનોના નિદ્રાના ગંભીર સ્વર સંભળાતા હતા. હંમેશાં હું વારંવાર જાગતો હતો ત્યારે મારી માતા મારી પાસે જાગતી બેસી રહી મારા શરીરપર હાથ ફેરવતી જણાતી હતી. મારી આંખ ઉઘડતી કે તરતજ તે બોલી ઉઠતી "બેટા! મારી આંખોના તારા! કેમ છે?" પરંતુ તે દિવસે જ્યારે મારી આંખ ઉઘડી ત્યારે આ શબ્દો મારા કાને પડયા નહિ. તેને બદલે એક કોમળ, કરૂણામય પીડિત હૃદયના શબ્દો મારા કાને પડયા. વાંચકવૃંદ! હું એ શબ્દો ભૂલી ગયો નથી. તે સદૈવ મારા કાનમાં ગુંજારવ કરી રહ્યા છે. આજે દશ વર્ષ થઇ ગયાં તોપણ જ્યારે મને ઉક્ત બનાવ યાદ આવે છે ત્યારે મારૂં મન પીગળી જાય છે અને મારી આંખમાંથી તે પ્રેમની સ્મૃતિનાં ચરણોમાં બે ચાર અશ્રુઓ ટપકે છે. મેં પાસું ફેરવ્યું ત્યારે મને માલૂમ પડયું કે એક બાળા મારા પગ આગળ માથું મૂકી ડુસકાં ઉપર ડુસકાં ભરી રહી છે. હું તેને ઓળખી શકયો નહિ તેથી મેં મારી તમામ શક્તિઓ એકત્ર કરી તેને પૂછયું:–"તું કોણ છે અને શામાટે રડે છે?" તેણે એકવાર ઉંચું જોયું અને મોટી મોટી પ્રેમમય આંખોવડે—જે અશ્રુથી ભરપુર હતી—એક વખત મારા તરફ જોયું; અને ફરીથી મારા પગ આગળ માથું મૂકી રડવા લાગી. હા દૈવ! એ એકજ દૃષ્ટિમાં શું શું ભર્યું હતું! તે વખતે તે દૃષ્ટિનો ભાવાર્થ સમજવાની મારામાં શક્તિ નહોતી પણ હવે હું તેનો સારી રીતે અનુભવ કરી શકું છું. તેમાં અથાગ ભોળપણ હતું, અસીમ કરૂણા હતી, અનંત પ્રેમ હતો, અચળ સંકલ્પ હતો, ધર્મ હતો, શીળ હતું, પ્રાર્થના હતી, ભય હતો, પીડા હતી, લજ્જા હતી, અશાંતિ હતી અને નિરાશા હતી. તેનો ચહેરો જોઇ મને ઓળખાણ થયું કે જેની સાથે મેં ધ્રુવનો તારો જોયો

હતો, જેની સાથે મેં પત્થરની શિલાપર પગ મૂકયો હતો, જેને મેં સદાકાળ સાથે રાખવાનાં વચનો આપ્યાં હતાં, જેને તેનાં માતા-પિતાએ રડતી હાલતમાં મારી સાથે વિદાય કરી હતી તેજ એ હતી. આ સર્વ વાતો એક સાથે મારા મનમાં ખડી થઇ. હું મારી આવી સ્થિતિનો આશય સમજી શકયો નહિ. મારૂં મન ભરાઇ આવ્યું. મેં કહ્યું:–"કમળા, અહીં આવ, મારા માથા આગળ બેસ."

કમળા સંકોચાતી સંકોચાતી ઉઠી અને મારા ઓશીકા આગળ આવી ઉભી રહી. હાય! તેના ચહેરાની લાલી ક્યાં હતી? તેની આંખો લાલ થઇ ગઇ હતી. તેના વાળ વિખરાયલા હતા અને તેનું મુખકમળ ફીકકું પડી ગયું હતું. હા પ્રભુ! જેનો મને સ્વપ્ને પણ વિચાર નહોતો આવ્યો તેણે મારી ફીકરમાં પોતાની કેવી સ્થિતિ બનાવી દીધી હતી! મેં કમળાને મારી પાસે બેસાડી અને કહ્યું:–"તું શામાટે રડે છે?"

કમળાએ કહ્યું:—બધાં એમ કહે છે કે આ માંદગીમાંથી તમે નહિ બચો.

મેં કહ્યું:—તેમાં તું શામાટે દુઃખી થાય છે?

મારો આ પ્રશ્ન સાંભળી કમળાએ આંખોપર હાથ મૂકયા અને કહ્યું:–"તમે મારા સ્વામી છો. મારાં માતાપિતાએ મને તમારે સ્વાધીન કરી છે. તમારા વિના હું કેવી રીતે રહી શકું?" હવે મારી આંખો ઉઘડી. કમળા કે જેની ઉમ્મર માત્ર ૧૨ વર્ષનીજ હતી તેણે મને મારો ધર્મ બતાવ્યો. આ વખતે હું તેના રડવાનું કારણ સમજ્યો અને તેના કહેવાથીજ તેનો અને મારો કેટલો ગાઢ સંબંધ છે તેનું મને ભાન થયું. મેં તેના નાજુક હાથ મારા હાથમાં લીધા અને કહ્યું:– "ના, રડીશ નહિ. હું સાજો થઇશ."

મારા કહેવાથી તેને શાંતિ થઈ. તેને મારા કહેવાપર વિશ્વાસ બેઠો એમ મને લાગ્યું. કુટુંબનાં સઘળાં માણસો કહેતાં હતાં કે હું

બચીશ નહિ; પણ 'હું બચીશ' એમ હું કહેતો હતો અને મારા કથનમાં મારી કમળાને વિશ્વાસ હતો. કમળાને ઘણા દિવસના ઉજાગરા થયા હતા તેથી તે મારા ખાટલા આગળ સૂઈ ગઈ.

વાંચક વૃંદ! જરા વિચાર કરો. હાલમાં વ્યવહારિક ઉન્નતિમાં આગળ વધેલા જાપાન, અમેરિકા અને પાશ્ચાત્ય સભ્ય દેશોમાં બાર વર્ષની બાળાઓ તેમની માતાની ગોદમાં રમે છે, પાઠશાળાઓમાં જઇ વિદ્યાભ્યાસ કરે છે, જળની માછલીઓની માફક સખીમંડળમાં સ્વતંત્રતાથી કલ્લોલ કરે છે અને સાયંકાળે દીવાબત્તી વખતે સૂઇ જઈ સૂર્યોદયસમયે ઉઠે છે; પણ આપણા દેશમાં હાલમાં તેજ ઉમ્મરની બાળાઓ ગૃહસ્થાશ્રમધર્મનાં બંધનોમાં બંધાઇ જઇ તેમનાં કોમળ હૃદયો પત્થર નીચે દબાઈ જાય છે, તે પોતાના રોગગ્રસ્ત પતિ પાસે બેસી આખી રાત્રિ રડે છે, અને ન કરે ઇશ્વિર ને જો તે અજ્ઞાન બાળક—છોકરો પરમાત્માના દ્વારતરફ સીધાવે છે તો તેઓ—અલ્પવયસ્ક બાળાઓ—જીવન પર્યંત પારાવાર દુઃખમાં પડી રડી—કકળી તેમનું નિષ્પ્રયોજન બનેલું જીવન જેમ તેમ ગુજારે છે! અન્ય દેશોમાં છોકરા અને છોકરીઓનાં મનની કળીઓ ખીલે છે, ફૂલ બ્હેક બ્હેક થાય છે અને ફળોમાં પરિણત થાય છે, ત્યારે આપણા કમનશીબ દેશમાં કળીઓ કળીઓજ રહી જાય છે. તેમને ખીલવાનો અવકાશજ મળતો નથી. સામાજિક અન્યાયરૂપી વંટોળીઓ આવે છે અને એ કળીઓ કે જેના હૃદયમાં લાખો ઊર્મિઓ ભરેલી હોય છે તે તુટીને ગરી પડે છે અને માટીમાં મળી જાય છે.

વાંચક વૃંદ! મેં આજ સુધીમાં મહાન મહાન લેખકોના 'ગૃહસ્થાશ્રમ' ઉપર લખેલા નિબંધો વાંચ્યા છે, ઉત્તમોત્તમ વક્તાઓનાં ઉક્ત વિષયપર ભાષણો સાંભળ્યાં છે. તેઓ સર્વે એકમતથી કહી રહ્યા છે કેઃ—"ગૃહસ્થાશ્રમ સર્વે આશ્રમો કરતાં ઉત્તમ છે;" પરંતુ "કોને માટે?" એ પ્રશ્નનો ઉત્તર મળતો નથી. હું વેદ અને શાસ્ત્રોનો

જાતા નથી. અભાગ્યવશ કદિ પણ સંસ્કૃત ભાષાના નિર્મળ સ્રોતથી મારૂં જીવન સંસ્કારી થયું નથી. હું સાધારણ કાગળ-પત્ર લખી શકું એટલા પુરતું અંગ્રેજી જાણું છું; પરંતુ એટલું તો હું અવશ્ય સમજું છું કે જેટલી સંસ્થાઓ, માનસિક રચનાઓ અને કળાકૌશલ્ય આદિ જે આ સંસારમાં છે તે સર્વેનો હેતુ એજ છે કે તે માનસિક સુખની વૃદ્ધિ કરે. જે સ્વતંત્રતાપૂર્વક અન્ય દેશોમાં વિચરી શકે તેનેજ માટે વિદેશની યાત્રા સારી છે, નહિ તો પછી તે દેશનિકાલ થએલા કેદી જેવોજ છે. જેઓ પરાધીનતાની બેડીઓ કાપવા મથી રહેલા કહેવાય છે, તેમનાજ હાથમાં લોઢાની મોટી મોટી બેડીઓ શોભી રહી છે! ખરૂં જોતાં તેઓ પોતેજ ઘોર પરતંત્રતામાં હોવાના ચિહ્નરૂપ તે છે. અગ્નિનો મલ-નાશક તાપ સુવર્ણનેજ કુંદન બનાવી શકે છે અને ચંદનને તો તે બાળીને ભસ્મજ બનાવી દે છે. એજ પ્રમાણે ગૃહસ્થાશ્રમ પણ તેને માટેજ સારો છે કે જે જોઇ વિચારીને તથા તેના ભારના પરિમાણને તોળીને પછીજ તેને પોતાના ઉપર લે છે; જેના ઉપર બીજાઓ ગૃહ-સ્થાશ્રમનો ભાર લાદે છે તેની દુર્બળ ખાંધ તો દબાઇ જઇને તુટવાજ લાગે છે અને તેથીજ તેને પોતાની જીવનયાત્રા વહન કરવી કઠિન થઇ પડે છે!

અરે! હું તો આ ભૂલભૂલામણીમાં ફસાઇ ગયો! હજુ તો મારે મારી આત્મકથાનો મોટો ભાગ નિવેદન કરવાનો રહી ગયો છે.

પ્રકરણ ૪ થું.

આપે મારા મનની વિચિત્ર દશાનું ઉદાહરણ જોયું. નોકરી છોડ-વાનો વિચાર તો મેં કર્યો, પણ તેણે—મારા અંતરાત્માએ—મારા એ વિચારપર પાણી ફેરવી દીધું અને મારા એ તરંગરૂપી કાગળના ઘોડાને

ફુંક મારી ઉરાડી દીધો. હવે ત્યારે શું કરવું? આખી રાત્રિ મેં માનસિક સંસારમાં ભ્રમણ કર્યાં કર્યું, પરંતુ બાળસૂર્યનાં કોમળ કિરણો નીકળતાંજ મને પ્રતીત થયું કે; 'મેં આખી રાત્રિ દળી દળીને કુલડીમાંજ વાળ્યું છે.'

સવારના છ વાગ્યા, સાત વાગ્યા અને આઠ વાગી ગયા તોપણ હું 'હવે શું કરવું' એજ વિચારવમળમાં ગોથાં ખાયા કરતો હતો. હું નવ વાગે જમ્યો અને સાડા નવ વાગે ઑફિસમાં જવા નીકળ્યો. આજે મને ઉઠતાં મોડું થવાથી હું ઉઠયો ત્યારે કમળા રસોડામાંથી બહાર આવી અને મને પોતાના પ્રેમાળ તથા કાળજીભર્યા હૃદયે પૂછવા લાગીઃ—"કેમ, આજે આટલા બધા વહેલા (મોડા) ઉઠયા? નહાવા ધોવાનો સમય થઇ ગયો છે." પણ જ્યારે તેણે મારા મુખતરફ જોયું ત્યારે તે વિચારમાં પડી ગઇ. તે અલ્પ સમય મારા તરફ જોઇ રહ્યા પછી બોલીઃ—"આજે તમારા જીવને કેમ છે? આંખો લાલ થઈ ગઇ છે; મોઢું ઉતરી ગયું છે; તબીયત તો સારી છે ને? આજે રાત્રિએ ઉંઘ નહિ આવી હોય?"

મેં મારા મનનો ભાવ છુપાવનાનો વિચાર કર્યો. મેં બનાવટી હાસ્યનો પડદો મારા ચિંતાગ્રસ્ત અને ઉતરી ગયેલા મુખ ઉપર નાખવા ચાહ્યું. મેં કહ્યુંઃ—"તબીયત તો સારી છે. રાત્રિએ કાંઈ ઉંઘજ બરાબર ન આવી." મારા આ હાસ્ય અને કથનથી કમળાનો સંદેહ દૂર થયો નહિ. સાચા પ્રેમ આગળ અસત્ય ટકી શકતું નથી. 'પ્રેમ! મનુષ્યને તું એવી શક્તિ પ્રદાન કરે છે કે જે શક્તિ મનુષ્યના સ્થૂલ અને સૂક્ષ્મ શરીરરૂપી દિવાલોની પાર પહોંચી જઇને તેના મનોભાવને જાણી લે છે; અને મનુષ્યના હૃદયરૂપી પડદા પાછળ છુપાઇ રહેલી સ્થિતિનું અનુમાન કરી શકે છે. દિવ્ય પ્રેમ! પ્રેમી મનુષ્યોની વચ્ચે આવેલાં નદી, નાળાં, વન અને પહાડોને ઓળંગાવીને તેમને એકજ સ્થાનપર લાવી

મૂકવાનું તારામાં અગાધ બળ છે. અસત્યનું આવરણ નષ્ટપ્રાય થઇ જાય એવું તારાં કિરણોમાં અદ્‌ભુત તેજ રહેલું છે. તારા પ્રતાપેજ મનુષ્યો શબની હોડી બનાવીને નદીઓ તરી ગયા છે. શ્રીકૃષ્ણ પરમાત્માને દુર્યોધનના મેવા કરતાં વિદૂરજીની ભાજી ઉત્તમ લાગી અને સુદામાના તાંદુળમાં અદ્‌ભુત સ્વાદ લાગ્યો, તેનું કારણ પણ હે પ્રેમ ! તુંજ છે. મહાત્મા તુલસીદાસજીને શ્રી રામચંદ્રજીનાં અને સુરદાસજીને શ્રી કૃષ્ણચંદ્રજીનાં ચરણોમાં લાવનાર તુંજ છે. માયાની જાળ કાપી આત્મા અને પરમાત્માનો સાક્ષાત્કાર પણ હે પ્રેમ ! તારી અદ્‌ભુત મહત્તાના પ્રતાપેજ થાય છે. મારૂં હાસ્ય અને બનાવટી કથન તારી આવી મહાન શક્તિ સામે ક્યાંથીજ ટક્કર ઝીલી શકે ? કમળા કાંઇ બોલી નહિ પણ તેના મનના અવિશ્વાસની ચમક તેની આંખોમાં હતી. તેના હૃદયમાં આઘાત થયો અને તેણે મોઢું ફેરવી લઇ તેના ઉભરાઇ જતા ભાવો દબાવવા પ્રયત્ન કર્યો. અંતમાં મેં કહ્યું:—" મારી જીવન-સખિ તું શા માટે અશાંત થાય છે ? જરા નોકરીના વિચાર વમળમાં મન ચડી જવાથી ઉંઘ આવી નહોતી.

કમળાનો સંદેહ દૂર થયો. તેની આંખોમાંથી બે પ્રેમાશ્રુ નીકળી પડયાં, અને તેના કોમળ હોઠ ગુલાબની પાંખડીઓની પેઠે ખીલી ઉઠયા.

કમળાએ કહ્યું:—તો શા માટે એ વાત મારાથી છુપાવતા હતા ?

મેં કહ્યું:—તને તો જક્ક કરવાની ટેવ પડી, એમાં તે શું છુપાવવાનું હતું ?

કમળાએ કહ્યું:—ખેર, હવે ઉઠો. સાડા આઠ વાગી ગયા. વખતસર ઑફિસે કેમ જવાશે ? પાછો સાહેબ સાથે ઝગડો થશે. લડાઇ તમને ગમે છે અને દોષ દો છો મને.

મેં: કહ્યું—સાહેબને તારૂં નામ દઇશ કે કમળાએ વખતસર આવવા દીધો નહિ.

કમળાએ કહ્યું:—તે આ વાતમાં શું સમજે ? જો એ વિદેશીઓ
મનની વાત સમજવાની શક્તિ હોત તો ભારતવર્ષના લોકો તેમ
દેવતાઓની સમાન ન પૂજત !

મેં જલ્દી જલ્દી સ્નાન કરીને ભોજન કરી લીધું અને ઑ
ફિસે જઇ પહોંચ્યો. ઑફિસમાં એક રજીસ્ટરમાં દરેક ક્લાર્ક પોતપોતાન
ઑફિસે આવવાનો સમય નોંધતો હતો. તે રજીસ્ટર હેડક્લાર્કના ટેબલ
પર પડી રહેતું હતું અને તેની સમક્ષમાંજ સમય નોંધવાની પ્રથ
હતી. હરહમેશ હેડક્લાર્ક ૧૦ાા અથવા ૧૧ વાગે ઑફિસે આવત
હતો અને રજીસ્ટરમાં તે પોતે ૧૦ વાગે આવ્યાનું નોંધતો હતો.
ઑફિસના ઘડીઆળમાં જોયું તો તેમાં દશ ઉપર દશ મિનિટ થ
હતી. મેં વિના સંકોચે રજીસ્ટરમાં "૧૦–૧૦ પ્રાતઃકાળ" લખી દી
હું શું લખું છું તે તરફ હેડક્લાર્ક ધ્યાનપૂર્વક જોઈ રહ્યો.

આ જગ્યાએ મારે કહેવું જોઇએ કે હેડક્લાર્ક મારાથી અપ્રસ
રહેતો તેનાં અનેક કારણોમાંથી થોડાંક નીચે પ્રમાણે હતાં.

પહેલું એ કે તેનો એક સંબંધી મારી સાથે ઑફિસમાં કા
કરતો હતો. ગત વર્ષમાં હું અને એ બન્ને ૨૫ રૂપીઆના ગ્રેડમાં હત
હેડક્લાર્કનો એવો વિચાર હતો કે મારા સાથીને ૩૦ વાળા ગ્રેડમ
મૂકી દેવો અને હું ૨૫ ના ગ્રેડમાં રહી જાઉં; પરંતુ સાહેબ બહાદુ
વિલાયતથી નવા નવા આવ્યા હતા તેથી પ્રત્યેક સાચા અંગ્રેજન
હૃદયમાં જે ન્યાયનો સૂર્ય પ્રકાશમાન હોય છે તે ભારતવર્ષના નશી
હજી તેના હૃદયમાંથી વિલાસ અને મિથ્યા પ્રશંસાના મેઘમંડળમ
અસ્ત થવા પામ્યો નહોતો. ઇંગ્લાંડ જેવા સ્વતંત્ર દેશના પ્રત્યેક ધર્મા
વલંબી મનુષ્યના હૃદયમાં સત્યની જે જ્યોતિ ઉદ્દભવેલી હોય છે,
જ્યોતિ આપણા દેશની નિરંકુશતા અને ચાડીઆઓની ખુશામદથી હ
ઝાંખી પડી ગઈ નહોતી. તેણે મારૂં કામ જોઇ પ્રસન્ન થઇ મને ૩૦ન

ગ્રેડમાં ચડાવ્યો. આથી કરીને હું હેડકલાર્કની આંખોમાં કાંટાની માફક ખટકવા લાગ્યો અને તેણે મારી વિરૂદ્ધ સાહેબના કાન ભંભેરવાનો આરંભ કરી દીધો.

બીજું કારણ એ હતું કે હું તેની ખુશામદ કરતો નહોતો. કોઇ પણ સમયે હું આજનું કામ કાલ ઉપર રાખતો નહોતો. દરેક દિવસનું કામ તેજ દિવસે ખલાસ કરતો હતો. હમ્મેશાં હું દશ વાગ્યા પહેલાં ઑફિસે જતો હતો. આજે હું દશ મિનિટ મોડો હોવાથી હેડકલાર્ક હું કયો સમય લખું છું તે બિલાડીની માફક જોઇ રહ્યો હતો. તે એજ જોતો હતો કે હું "૧૦ પ્રાતઃકાળ" લખું કે તેને મને કહેવાનું બહાનું મળે; પણ જ્યારે મેં બરાબર સમય લખ્યો ત્યારે તેણે પાઘડી ફેરવી અને કહ્યું:–"રામલાલ, તમે નોકરી કરો છો કે મશ્કરી? તમારી નજરમાં આવે છે ત્યારે ઑફિસે આવો છો અને તમારી નજરમાં આવે ત્યારે ચાલ્યા જાઓ છો."

મેં કહ્યું:–સાહેબ, આ મહિનામાં આજેજ હું મોડો આવ્યો છું. વળી હજુ સુધી બીજો કોઇ કલાર્ક આવ્યો નથી તે પણ આપ જુઓ છો.

હેડકલાર્કે કહ્યું:—હું સારી રીતે સમજું છું કે તમને વાતો કરતાં સારી આવડે છે પણ તમે તમારો ગુન્હો કબૂલ કરતા નથી. મારે સાહેબને કહેવું પડશે.

મેં કહ્યું:—જેવી આપની મરજી. મને આજેજ મોડું થયું છે અને મહિનામાં બે વખત મોડું થાય તો વાંધો નહિ એવો કાયદો છે.

હેડકલાર્કે કહ્યું:—તમે વકીલાત કરો તો કાયદા–કાનુનો જળવાય.

મેં કાંઇપણ ઉત્તર આપ્યો નહિ, પરંતુ આટલેથી તેને સંતોષ થયો નહિ તેથી તે ભવાં ચઢાવી બોલ્યો:–"તમને ખબર છે કે તમે કોની સાથે વાત કરો છો? તમે આવી ને આવી વર્તણુક કાયમ રાખશો તો તેનું પરિણામ સારૂં નહિ આવે. મેં કાલે જે નકશો તૈયાર

કરવા આપ્યો હતો તે તૈયાર થયો છે કે નહિ?"

મેં કહ્યું:—તે મારી પાસે નથી.

હેડકલાર્કે કહ્યું:—કોની પાસે છે?

મેં કહ્યું:—મને માલૂમ નથી.

તે શાંત થયો. હું મારી ખુરશીપર જઇને બેઠો. મારા મનમાં એક ઘોર પરિવર્તન થવા લાગ્યું. મેં વિચાર કર્યો કે નિમકહલાલીથી કામ કરવાનું આ પરિણામ! હું સર્વથી પહેલો ઑફિસે આવું છું, સર્વથી છેલ્લો જાઉં છું અને સર્વથી અધિક કામ કરૂં છું તોપણ આવો અન્યાય! હું ખુશામદ કરતો નથી અને હું તેનો સગો નથી એજ મને અન્યાય થવાનાં કારણો!! આવો અન્યાય!!!

* * * *

સાહેબ આવે છે એવી ખબર મળતાંજ હેડકલાર્ક સ્વસ્થ થઇ બેઠો. પટાવાળાઓએ દોડાદોડ કરવા માંડી અને ઠઠ્ઠા-ગમ્મતમાં સમય ગાળનારા કલાર્કો સર્વે પોતપોતાના કામે લાગી ગયા. સાહેબ તેમના ઓરડામાં ગયા. ઘંટડી વાગી અને હેડકલાર્ક પાઘડી ઠીક કરતો કરતો સાહેબ પાસે ગયો. મારી બેઠક અને સાહેબના ઓરડાની વચ્ચે માત્ર પાટીઆનીજ દિવાલ હોવાથી ત્યાં થતી વાતચીત મારા સાંભળવામાં આવતી હતી. હેડકલાર્કે બારણામાં દાખલ થતાંજ નમીને સલામ કરી. હેડકલાર્કની પાઘડી આજે જરા ઢીલી હોવાથી તે નીચો નમી સલામ કરવા ગયો કે તરતજ તે પડી ગઈ અને સાહેબના કાળા ચકચકીત જોડાનું મુખ ચુંબન કરવા ગઇ. (આ વાત મને સાહેબના પટાવાળાએ કહી હતી.)

સાહેબ—હેડકલાર્ક! બેસો.

હેડકલાર્ક બીજી સલામ કરી બેઠો.

સાહેબ—વેલ! તમારી કેરીઓથી હું ઘણો ખુશી થયો છું. મારાં બચ્ચાંઓએ તે બહુ આનંદથી ખાધી હતી. કલાર્ક લોકોએ પણ

કેરીઓ મોકલી હતી. હું તેમનાથી પણ બહુ ખુશી થયો છું.

હેડકલાર્ક—આપની મહેરબાની જોઈએ. અમે તો આપના ગુલામ છીએ. આપની કૃપાથીજ અમારાં બાળબચ્ચાંઓનું પોષણ થાય છે. આપની મહેરબાનીથીજ એક હિંદુ અને પાંચ મુસલમાન કલાર્કોનું ભરણ-પોષણ થાય છે. સાહેબે નોંધપોથી કહાડી અને કહ્યું:-"કોઈ પણ હિંદુકલાર્કની કેરીઓ પહોંચી નથી."

હેડકલાર્ક—આપણી ઑફિસમાં કામ કરનારા કોઇનું પણ બુરું થાય એ મને ગમતું નથી. કાલે એ હિંદુકલાર્કને એક નકશો કરવાનું કામ સોંપ્યું, તે તેણે ચાલાકી વાપરી બીજા કલાર્કના ટેબલપર મૂકી દીધું, અને મેં તેને એ વિષે પૂછ્યું ત્યારે તેણે "મને માલૂમ નથી" એવો ઉત્તર આપ્યો. વળી આજે પણ તે દશ મિનિટ મોડો આવ્યો છે. એમ કહી તેણે હાજરીનું રજીસ્ટર સાહેબની સમક્ષ રજુ કર્યું.

સાહેબ—એ આદમી ઑફિસને લાયક લાગતો નથી.

હેડકલાર્ક—બંદે પરવર! (ધીમો અવાજ કરી) એ તો રાજ્યવિરૂદ્ધ વાતો કરે છે. એક બે રાજદ્રોહી એના દોસ્ત છે, તેની સાથે તે પત્રવ્યવહાર પણ રાખે છે.

સાહેબે "એમ કે?" એમ કહી એક કાગળ ફાડી ચીઠ્ઠી લખી પટાવાળાને આપી અને કહ્યું:-"આ ચીઠ્ઠી સી. આઈ. ડી. સાહેબને આપી આવ" કલાર્કો માંહોમાંહે વાતો કરતા હતા તે ઉપરથી મને માલૂમ પડયું કે તેમાં "વ્હાલા જોન્સ, મારી ઑફિસના રામલાલ ઉપર દેખરેખ રાખશો એવી આશા છે" આવું લખ્યું હતું,

આવી રીતે હેડકલાર્કે મારૂં નિકંદન કરવાનું બી રોપ્યું.

પ્રકરણ ૫ મું.

સાંજના પાંચ વાગી ગયા. ઑફિસમાંથી નીકળતાંજ મારા હૃદય-પર જાણે એક મોટો પત્થર મૂકાયલો હોય એમ મને પ્રતીત થયું. તેને ઉપાડી ફેંકી દઉં એવું હું ચાહતો હતો પણ તેને ઉપાડવાને હું જેટલા પ્રયત્નો કરતો હતો તેટલા અધિક જોરથી તે પત્થર મારા હૃદયને દબાવતો હતો. શહેરમાં થઇને જાઉં તો ઑફિસથી મારૂં ઘર એક માઇલ દૂર હતું; પણ જંગલની હવા મળે તો હૃદયની અશાંતિ દૂર થાય એ હેતુથી આજે હું શહેરની બહાર લાંબે રસ્તે થઇને ઘેર આવવા નીકળ્યો.

આ સંસાર છળ અને કપટથી ભરપુર છે. તેમાં એવા એવા દુષ્ટજનો વસે છે કે જેઓ સદૈવ બીજાઓને હાનિ પહોંચે તેવાંજ કૃત્યો કરવામાં તત્પર રહે છે. કોઈએ સત્ય કહ્યું છે કે:–"કરે તોએ ડર અને ના કરે તોએ ડર." આજે હેડકલાર્કે સાહેબને કેવું કેવું જુઠાણું ભરાવ્યું, છતાં સાહેબે એ વિષે કશી તપાસજ કરી નહિ. મારૂં અંતઃકરણ સાફ હોવાથી મારૂં નામ પોલિસના રજીસ્ટરમાં દાખલ થયું. અથવા તો મારી પાછળ છુપી પોલિસનાં માણસો ફરશે તેનો મને શોક અથવા ભય નહોતો, પણ ઘણું કરીને રાજ્યકર્મચારીઓદ્વારા કેવી રીતે સરકારના પૈસાનો વ્યર્થ વ્યય થાય છે અને નિર્દોષ આદમી-ઓને કેટલું કષ્ટ ઉઠાવવું પડે છે તેનોજ મને અફસોસ થતો હતો.

હું વિચારવમળમાં તણાતો તણાતો મારા ઘર નજદીક આવતો ગયો તેમ તેમ મારા પગ વધારે વેગથી ઉપડવા લાગ્યા. મારા મનમાં જલદી ઘેર જઇ કમળા અને શ્યામને મળી મારી અશાંતિ દૂર કર-વાની ઇચ્છા ઉત્પન્ન થઇ. મારૂં મન ચાહતું હતું કે હું મારા હૃદયને મારી હૃદયેશ્વરીના પ્રેમથી ધોઇ શાંત કરૂં.

એટલામાં પાછળથી બ્યુગલના અને ઘોડાની ખરીઓના અવાજ મારા સાંભળવામાં આવ્યા. છાવણીમાં આવા અવાજની નવાઈ નહોતી. પલટણો જતી આવતી ત્યારે ત્યારે આવા અવાજ સંભળાયાજ કરતા હતા. મેં પાછળ ફરીને જોયું તો એક આગ ઓલવવાનો બંબો જોરથી આવતો હતો. તેનું ભીષણ સ્વરૂપ જોઇને હું વિસ્મય પામ્યો. સામેની બાજુએ ઉંચું જોયું તો આકાશ ધૂમાડાથી અને જ્વાળાની રતાશથી રંગબેરંગી થઇ ગયું હતું. આ દૃશ્ય મારા મકાનની દિશામાં હતું. હું મારા મનની સર્વ અવસ્થા ભૂલી ગયો અને પાછળથી આવતા મનુષ્યોની સાથે દોડવા લાગ્યો.

સૂર્યનારાયણ આખા દિવસની યાત્રા કર્યા બાદ પશ્ચિમ દિશામાં પહોંચી ગયા અને અસ્ત થવાની તૈયારી કરવા લાગ્યા. તેમનો રક્તવર્ણ ચહેરો દિગ્મંડળમાંથી પોતાની અંતિમ લાલીને માનુષિક દુઃખ અને ક્લેશનાં દૃશ્યોપર નાખવા લાગ્યો. વૃક્ષોનાં શિખરો લાલ થઇ ગયાં, મંદિર અને મિનારાનાં શિખરો સુવર્ણવર્ણ થઈ ગયાં, ઉડતાં પક્ષીઓનો રંગ સુવર્ણવર્ણ થઇ ગયો, સમસ્ત ઉર્ધ્વ–પ્રકૃતિ (ઉંચાઇપર આવેલી સર્વ વસ્તુઓ) એકજ રંગમાં રંગાઇ ગઇ, પરંતુ એક મનુષ્ય કે જેના ચહેરાપર કામ, ક્રોધ, લોભ, મોહ, દુઃખ અને કષ્ટનાં ચિહ્નો હતાં તે કાંતિવિહીન, લાલી રહિત અને પીતવર્ણ થઈ ગયો. પાંચ મિનિટ ચાલ્યા બાદ હું દેવીદાસ હરિદાસના ઘર આગળ આવી પહોંચ્યો. આ ઘર મારા ઘરથી દોઢસો કદમ દૂર હતું. દેવીદાસ એન્જીનીઅર હતો, તે મારા પ્રત્યે કૃપાદૃષ્ટિ રાખતો હતો અને તેની અર્ધાંગના લક્ષ્મી મારી કમળાની બહેનપણી થતી હતી. તે બન્ને વચ્ચે એટલો બધો પ્રેમ હતો કે લક્ષ્મી મારી કમળા અથવા શ્યામને જોતી નહિ ત્યાં સુધી તેને ચેન પડતું નહિ.

દેવીદાસે મકાન બંધાવવામાં ઘણા પૈસા ખર્ચ્યા હતા અને

વાસ્તવિક રીતે મકાન પણ એટલું બધું સુંદર હતું કે દરેક મનુષ્ય તેની તારીફ કર્યા વિના રહેતું નહિ. આ મકાન સન્મુખ લોકોની ઠઠ જામી છે, અને મોટા મોટા ત્રણ બંબાઓ પોતાના કર્ત્તવ્યનું પાલન કરી રહ્યા છે.

કેવું ભયાનક દૃશ્ય! એક સમયે જે મકાન રસ્તે જનારને આકર્ષિત કરતું હતું તેજ મકાન આજે અગ્નિનો ગ્રાસ બન્યું છે, અગ્નિની જ્વાળાઓ તે મકાનની ચારે તરફ ફરી વળીને કારીગરો તથા શિલ્પશાસ્ત્રીઓની અથાગ મહેનતના પરિણામરૂપ આ મકાનને ભસ્મીભૂત કરી રહી છે. બારી બારણાંના કાચો ધડોધડ જમીનપર પડી મનુષ્યહૃદયની માફક ટુકડે ટુકડા થઇ જાય છે. આગે પુસ્તકાલયમાં દાખલ થઇને કિંમતી અને અપૂર્વ પુસ્તકોનાં કબાટો બાળવા માંડયાં. આગ ઓલવવાના બંબાઓ અગ્નિપર જળની મોટી મોટી અખંડિત ધારાઓ ફેંકી રહ્યા હતા, પણ જેમ જેમ પાણીનો મારો વધતો જતો તેમ તેમ અગ્નિનું જોર વધતું જતું હતું; કારણ કે અગ્નિનું જોર અંદર વધારે હતું અને ત્યાં પાણી પહોંચતું નહોતું. ઘર બહાર જબરો કોલાહલ મચી રહ્યો હતો. નોકરો અને માલિક આ અગ્નિકુંડમાંથી તથા આસપાસનાં મકાનોમાંથી સરસામાન નીચે ફેંકી રહ્યા છે. મોટાં મોટાં મેજ અને ખુરશીઓ, સુંદર પલંગો અને તકતાઓ ઉતારતાં ઉતારતાં તુટીને નીચે પડતાં હતાં. દોરડાના આધારે મોટી મોટી પેટીઓ નીચે ઉતારવામાં આવતી હતી. પડદે રહેનારી રૂપ—લાવણ્યવતી સ્ત્રીઓ દાદરોપરથી માત્ર ઘરમાં પહેરવાનાં વસ્ત્રોભેર નીચે ઉતરી પડીને ગભરાયલે ચહેરે આમ તેમ ફરવા લાગી અને આખરે એક દયાળુ પાડોશીના ઘરમાં ગઇ. હે પ્રભુ! જેઓ હર હમ્મેશ ગાડીઓ, પાલખીઓ અને મોટરોમાં ફરે છે તેને બુરો દિવસ દેખાડીશ નહિ. જે દેવીદાસના ઘરની સ્ત્રીઓ ભાગ્યેજ કોઇની નજરે પડતી હતી તેમને આજે સર્વની સમક્ષ ઉઘાડે પગે, માત્ર ઘરમાં પહેરવાનાં વસ્ત્રભેર ભયભીત અને ઉતરી ગયેલે ચહેરે

તથા ધડકતા હૃદયે ઘરની બહાર નીકળી જવું પડયું!

પ્રિય પાઠકો! મને આ વખતે પડદાના દુષ્ટ રિવાજનું ભાન આવ્યું. *પરમેશ્વરે મનુષ્યને સમય કુસમયે સદુપયોગ કરવાને માટેજ આંખો આપી છે, નહિ તો તેની કાંઇ આવશ્યકતા નહોતી. કદાચ આવા પ્રકારનો અગ્નિનો કોપ કોઇ સભ્ય દેશમાં થાય તો મને વિશ્વાસ છે કે તે દેશની ગૃહિણીઓ તેમના સ્વામી કરતાં અધિક કામ કરી તેમને મદદરૂપ થઈ પડે. તેઓ દુઃખ વખતે તેમના સ્વામીને બોજારૂપ થવા કરતાં સહાયક થઇ પડે છે; અને તેમને ઘરના બીજા સરસામાનની માફક ચડાવવા ઉતારવાની જરૂર ન પડતાં તેઓ પોતેજ સરસામાન ઉતારવામાં મદદરૂપ થઇ પડે છે. આ કુરીતિ પ્રચલિત થવામાં પુરૂષોનોજ હાથ વધારે છે. મકાનની ચારે દિવાલોમાં સ્ત્રીઓને બંધ કરવામાં આવે છે. તેઓ બિચારી બહારનાં શુદ્ધ જળ, વાયુ તથા પ્રકૃતિના મનોહર સુંદર દેખાવોથી વંચિત રહે છે અને તેથી કરીને જાત જાતના રોગાદિકથી તેમનાં આયુષ્ય ન્યૂન અને જીવનહીન બને છે તથા તેમના સ્વાભાવિક આનંદનું છેદન થાય છે.

હું એ મકાનના દરવાજા આગળ ગયો. મકાનનાં માણસો પતંગીઆની માફક અગ્નિની ચારે બાજુ દોડા દોડી કરતાં હતાં. દેવીદાસ પણ ગભરાટમાં બહાર અને અંદર જતો હતો. હું તેની પાસે ગયો. તે મને જોઇને મને બાઝી પડયો અને મારા ખભે માથું મૂકી પોકે પોક મૂકીને રડવા લાગ્યો.

હા દૈવ! આફત કેવી બુરી ચીજ છે? આ એ પુરૂષ છે કે જેણે છ શાસ્ત્રો કંઠસ્થ કર્યાં છે, અને પોતાના એકના એક પુત્રના અવસાન વખતે પણ જેણે એક પણ નિસાસો મૂક્યો નહોતો કે આંખ-

* આ વાર્તાનાં સ્થળો સંયુક્ત પ્રાન્ત તરફનાં હોઈ તે તરફ સ્ત્રીઓ-માટે પડદાનો રિવાજ છે. મંત્રી સ. સા.

માંથી એક પણ આંસુ પડવા દીધું નહોતું; તેજ આજે મારા ખભાપર માથું મૂકી એક નાના બાળકની માફક પોકે પોક મૂકીને રડે છે! મનુષ્ય તેના જ્ઞાન અને તર્કબુદ્ધિના બળથી એકાદ દુઃખની સામે ટકી શકે છે, પણ જ્યારે ચારે બાજુથી દુઃખનો સમુદ્ર ઉભરાઈ આવે છે છે ત્યારે ભલભલા પણ હરબડી જાય છે. તેનું દુઃખ જોઈ મારૂં હૃદય પણ ભરાઇ આવ્યું. મેં કહ્યું:–" શેઠ, તમે આટલા બધા ઉદાસ કેમ દેખાઓ છો? આ સર્વ તો આપના હાથનો મેલ છે. રૂપીઆ કાંઈ મોટી વસ્તુ નથી. શાંતિ ધારણ કરો. આવા વખતમાં અશાંત થવાથી ઘણું નુકશાન થાય છે."

દેવીદાસે કહ્યું:—ભાઇ, કહેતાં કહેતાં મારૂં હૃદય ભરાઈ જાય છે. હું કેવી રીતે શાંત થાઉં? મકાન ઇત્યાદિ ભસ્મીભૂત થાય તેની મને પરવા નથી; પણ–(આટલું કહેતાં કહેતાં અટકી પડયો)

મેં કહ્યું:—શેઠ, આપ શાંતિસ્વરૂપ છો. આપ શાંત છો. આપ શું કહેતાં કહેતાં રોકાઈ ગયા.

દેવીદાસે કહ્યું:—ભાઇ રામલાલ, મારૂં હૃદય ચીરાઈ જાય છે, મકાનની ચારે બાજુ આગ લાગી છે અને કોઇ પણ જગ્યાએથી બહાર નીકળવાનો રસ્તો રહ્યો નથી. લક્ષ્મી અને સર્વ બાળકો અંદર રહી ગયાં છે. તેઓ કેવી રીતે બહાર આવે? કોઇ અંદર જવાને તૈયાર થતું નથી. હું અંદર જવા તૈયાર થાઉં છું પણ આ લોકો મને અંદર જવા દેતા નથી; અને કહે છે કે હવે જલદી આગ ઓલવાઈ જશે.!

આટલું કહીને તે ફરીથી રડવા લાગ્યો. જે ચક્ષુઓ પુત્રના અવસાન વખતે અશ્રુહીન હતાં તેજ ચક્ષુઓ આજે સ્ત્રીના દુઃખથી અશ્રુથી ભરાઇ આવ્યાં. જે હૃદય પુત્રના શબને અગ્નિમાં પ્રવેશ કરાવતી વખતે શાંત રહ્યું હતું તેજ હૃદય અર્ધાંગિનીના વિયોગદુઃખથી ટુકડે ટુકડા થવા લાગ્યું. હું કાયરોની માફક આ દશ્ય જોઈ શાંત

રહે એ અસંભવિત હતું તેથી મેં તેને પૂછી લીધું કે તે મકાનના કયા ખંડમાં હશે. આનો ઉત્તર સાંભળીને હું આગ ઓલવવાના બંબા પાસે ગયો અને તેનાપરનાં કપડાં ઉપાડી મેં પહેરી લીધાં. કોલાહલમાં કોઈ મારો વિચાર સમજી શક્યું નહિ. બાદ હું દેવીદાસ પાસે ગયો અને મેં તેના કાનમાં કહ્યું:–"જો હું પાછો ના આવું તો મારી કમળા અને શ્યામને સાચવજો. તેમને આપના ભરોસે છોડું છું." આટલું કહી તેઓ મને કાંઇ પણ ઉત્તર આપે તે પહેલાં હું અગ્નિમાં કુદી પડ્યો. મારા કુદી પડવાથી લોકોમાં ભારે કોલાહલ મચ્યો "કોઇ પડ્યું, કોઇ પડ્યું."

પ્રકરણ ૬ ઠું.

વાંચક વૃંદ ! અદ્યાપિપર્યંત જ્યારે પણ તે દિવસનું દશ્ય મારી નજર સમક્ષ ખડું થાય છે, જ્યારે પણ હું તે દશ્યનો વિચાર કરૂં છું ત્યારે મારૂં હૃદય ધડકી ઉઠે છે. પ્રભુ ! પ્રભુ ! શાંત સ્વભાવ અને સરળ હૃદયવાળો તથા ધાર્મિક જીવન ગાળનાર દેવીદાસ એ દિવસે કેવો દુઃખી લાગતો હતો. હા ! હું ભૂલી ગયો, તે દિવસની મારી આત્મકથા તો હજી મેં આપને સંભળાવી નહિ.

ગયા પ્રકરણમાં જણાવ્યા પ્રમાણે હું આગમાં કુદી પડ્યો. તે વખતે મારી પ્રાણેશ્વરીનુંજ ધ્યાન મારા હૃદયમાં હતું. 'મારી પાછળ એને પ્રેમથી કોણ રાખશે ? તેનાં પ્રેમાશ્રુઓ કોણ લ્હોશે ? શ્યામને કોણ રમાડશે–ખેલાવશે–કુદાવશે ?' આવા વિચારમાં અને વિચારમાં હું આગળ વધ્યો. અગ્નિ સર્પની પેઠે મારી તરફ ફુંફાડા મારતો હતો. મારૂં આખું શરીર ધગધગતા અંગારામાં છે, અને મારા આખા શરીરનું લોહી ગરમ થઇ મારા માથે ચડે છે એમ મને લાગતું હતું. કોઇ

જગ્યાએ ઠોકર વાગશે અથવા બળતી છત મારાપર પડશે એવી મને ધાસ્તી લાગતી હતી. ભાગ્યે અર્ધી મિનિટ થઇ હશે. એટલામાંજ મેં મારી આંખો બંધ કરી હતી અને શ્વાસ રોક્યો હતો. તે પછી મને લાગ્યું કે હવે હું અગ્નિમાંથી બહાર આવ્યો છું. મેં આંખો ઉઘાડી તો ચારે બાજુ ધુમાડો જણાતો હતો. શ્વાસ લેતાંજ કડવો ધૂમાડો મારાં ફેફસાંમાં દાખલ થયો અને માથામાં તીક્ષ્ણ વેદના થવા લાગી, નાક અને આંખોમાંથી જળની ધારા વહેવા લાગી, ચક્કર આવવા લાગ્યાં; અને જો મેં સમયસૂચકતા વાપરી ના હોત તો હું જમીનપરજ પડી ગયો હોત. હું આગળ વધ્યો અને ચોકમાં પહોંચી ગયો. અહીં મને કાંઇક શુદ્ધ હવા મળી. હવે હું અહીંથી જનાનખાના તરફ ગયો. દિવાનખાનાના મોટા ઘડીઆળમાંથી ટન ટન અવાજ મારા કાનમાં પડયા. દેવીદાસનું હરણુ મને વળગી પડયું, પરંતુ મેં તેને પ્યારથી આઘું ખસેડયું. મને સમય હોત તો હું તેને બચાવત. હવે હું જનાનખાનામાં પહોંચ્યો. ત્યાં અનેક પ્રકારનાં પાળેલાં પક્ષિઓ પોતપોતાના સ્થળેથી અનેક પ્રકારના ઉત્તમ અવાજો કરી રહ્યાં હતાં. મારૂં હૃદય આ સુંદર મૃદુભાષિઓને જોઇ પીગળી ગયું પણ શું કરૂં ? મારી પ્રત્યેક ક્ષણુ અમૂલ્ય હતી. અગ્નિની જ્વાળા પ્રતિક્ષણુ ગગનમંડળમાં પહોંચતી હતી. અંતઃપુરમાં પ્રવેશ કરવા ગયો કે તરતજ 'કોણુ છે' એવા શબ્દો મારા કાનને અથડાયા.

મેં કહ્યું હું રામલાલ છું, જલદી નીચે ઉતરો, હવે વિલંબ કરો નહિ. વિલંબ કરશો તો અહીંથી નીકળવું મુશ્કેલ થઇ પડશે.

મેં કોઇ પણુ દિવસે લક્ષ્મીદેવીને જોઇ નહોતી પરંતુ હું તેના સ્વરથી અપરિચિત નહોતો. તે મારાથી પડદે રહેતી હતી પણુ હું તેના 'કોણુ છે ?' શબ્દથીજ સમજ્યો કે તે લક્ષ્મી દેવી છે. આજે લક્ષ્મીદેવીએ પડદાને તિલાંજલી દીધી. સત્ય છે કે જ્યારે સમુદ્રમાં મોટો

ુવાળ–ભરતી આવે છે ત્યારે આસપાસનાં ખેતરોમાં દ્રઢભાવે ખડાં
ફેલાં ઝાડ પણ પોતાની મેળેજ તુટી પડે છે. લક્ષ્મીદેવી સમજી કે
ા કાંઇ પડદાનો વખત નથી. આપત્તિકાળમાં સમાજનાં નાનાં નાનાં
ધનો આપોઆપજ તુટી જાય છે. તે નીચે ઉતરી અને બોલી
આ પુત્રીને લો.” મેં બંબાવાળાના લુગડાં ઉતાર્યાં અને તેને કહ્યુંઃ–
બ્હેન! આ કપડાં પહેરી લો. એ પહેર્યાં સિવાય તમારાથી બહાર
હિ જવાય. આપણે બળતી આગમાંથી જવાનું છે.”

લક્ષ્મીએ કહ્યુંઃ—અને તમે?

મેં કહ્યુંઃ—મારો વિચાર કરશો નહિ.

લક્ષ્મીએ કહ્યુંઃ—એમ બને નહિ.

લક્ષ્મીના આ શબ્દોમાં એક દ્રઢતા હતી, એક સંકલ્પ હતો.
નો આત્મા પ્રબળ હતો. આવા **વિપત્તિના સમયમાં પણ આર્ય-
ત્નીના–હૃદયમાં હલકો ભાવ સ્થાન મેળવી શકતો નથી.**
ગ્નિની જ્વાળાઓ પ્રબળતાથી વધવા લાગી. ધૂમાડો વધારે ધુંધવાવા
ગ્યો અને આસપાસથી બળતા કોયલા પડવા લાગ્યા. મેં કહ્યું
દેવી! મારી વિનતિ સાંભળો, આ હઠનો સમય નથી. હજુ હું
ને તમે બન્ને બચી જઇએ એ સંભવિત છે પણ વખત વહી
શે તો પસ્તાવો થશે. આ કપડાં પહેર્યાં સિવાય તમારાથી બહાર
કળાશે નહિ.” હવે લક્ષ્મી દેવીને ‘હું ખરૂં કહું છું’ એમ લાગ્યું.
ણે મરદનાં લુગડાં પહેર્યાં, તેની છોકરીને કોટમાં વીંટાળી અને હું
મને શીઘ્રતાથી ચોક સુધી લઇ ગયો; પરંતુ હવે આગળ વધવું
સંભવિત લાગ્યું. મેં કહ્યુંઃ–“લક્ષ્મીદેવી! તમે મારી બ્હેન છો,
તમને તમારા પતિ પાસે લઇ જઇશ. કદાચ હું અગ્નિમાં બળી
રૂં તો મારી કમળા અને શ્યામની ખબરઅંતર રાખજો.” આટલું
હી હું લક્ષ્મીદેવીને ઉપાડીને આગમાં કુદી પડ્યો. લક્ષ્મી નાના

બાળકની માફક મારે ગળે વળગી પડી હતી. .મારાં લુગડાં સળગી ઉઠયાં અને મારા પગ અંગારાપર પડી દાઝી ગયા. મારા આખા શરીરમાં અસહ્ય પીડા થવા લાગી. મારા પગ ડગમગવા લાગ્યા; પરંતુ મારે અગ્નિને સ્વાધીન થવા પહેલાં લક્ષ્મીદેવીને તેના પતિ પાસે પહોંચાડવાની હતી. ગમે તેટલી દ્રઢતા રાખી આગળ ધસવા છતાં પણ હવે હું આવી રહ્યો હતો, અને જમીનપર પડવાની તૈયારીમાં હતો એટલામાંજ પ્રભુની દયા મારી વહારે આવી પહોંચી. મારાપર પાણીની ધારા પડી, મારાં કપડાંની આગ ઓલવાઈ ગઇ અને હું લક્ષ્મીદેવીને લઇ બહાર નીકળી ગયો. ઇશ્વરની કૃપાથી તેનો અને તેની પુત્રીનો એક વાળ પણ વાંકો થયો નહોતો. બહાર જતાંજ મેં લક્ષ્મીને નીચે ઉતારી અને દેવીદાસને કહ્યું:-" લો, તમારી લક્ષ્મી." આટલું કહેતાંમાંજ મારી આંખો આગળ અંધારૂં થઇ ગયું અને ક્ષણભરમાં હું બેશુદ્ધ થઈ ગયો. પાંચ મિનિટ બાદ મને શુદ્ધિ આવી. હું ઘણી જગ્યાએ દાઝી ગયો હતો. મારામાં ઉભા થવાની શક્તિ નહોતી. દેવીદાસે મારાં બળી ગયેલાં લુગડાં ઉતારી-પાસે અન્ય કાંઇ લુગડું નહિ હોવાથી-બંબાવાળાનાં લુગડાં મને પહેરાવ્યાં. મને તરશ લાગી હતી તેથી મેં પાણી માગ્યું. એક માણસ સામેની દુકાનેથી થોડુંક દૂધ લઇ આવ્યો. દૂધ પીવાથી મારા શરીરમાં ચૈતન્ય આવ્યું. હું ફરી ઉભો થયો અને ઘર તરફ જવા લાગ્યો; એટલામાંજ લક્ષ્મી દોડતી દોડતી આવી અને તેના સ્વામીને ગભરાયલા અવાજે કહ્યું:-" કમળા બ્હેન અંદર રહી ગઈ."

આ સાંભળી મારા માથાપર વજ્ર તુટી પડયું, આંખો આગળ અંધારૂં છવાઇ ગયું, પગમાં ઉભા રહેવાની શક્તિ નહોતી, માથામાં ચક્કર આવતાં હતાં પણ મારા મને કહ્યું:-" રે કાયર ! હતાશ થવાનો અવસર નથી. જો આ વખતે તું તારી ફરજમાંથી પાછો હઠયો તો

તારે જીવનપર્યંત હાથ ઘસવા પડશે. સદૈવ સંસારમાં મનુષ્યો તારા તરફ આંગળી કરશે કે 'આ એક એવી સ્ત્રીનો પતિ છે કે જેના જીવનકાળમાંજ તેની સ્ત્રી સતી થઇ હતી.' જો, આ તારા પ્રેમની પરીક્ષાનો સમય આવી લાગ્યો છે." આથી કરીને મારા આખા શરીરમાં વિજળી દોડતી હોય એમ મને લાગ્યું. એક ક્ષણમાં મારી સર્વ દુર્બળતા જતી રહી અને દાઝયાની સર્વ પીડા બાજુપર રહી ગઈ. કમળાને બચાવવા માટે તરતજ ફરીવાર હું બળતા મકાનમાં દાખલ થયો.

દિવાનખાનામાં પહેલાં કરતાં અધિક ધુમાડો થયો હતો. અંતઃપુરમાં જવાનો નાનો રસ્તો ખોળતાં ખોળતાં હું ઘણી વખત દિવાલો સાથે અથડાઇ પડી જતો; પરંતુ મારા કાર્યમાં હું કટીબદ્ધ હતો. મારો નીશો આવી નાની નાની અડચણોથી ઉતરી જાય એવો નહોતો. થોડો સમય આમતેમ અથડાયા બાદ મને રસ્તો જડયો અને હું અંતઃપુરમાં ગયો. આ વખતે ત્યાંની દશા વિચિત્ર હતી. કુંડાંઓ અને ક્યારાઓમાં ખીલેલાં અનેક ફૂલગુચ્છો બળી ખાખ થઇ ગયાં હતાં. કોયલ અને પોપટે પણ સદાને માટે શાંતિ ધારણ કરી હતી. મને લાગ્યું કે કદાચ મારી હૃદયેશ્વરીની પણ એવીજ દશા થઇ હોય. અગ્નિની જવાળાઓ મારા તરફ આવવા લાગી. બળતી છતો ધડાક કરતી જમીનપર પડવા લાગી. ભયંકર પ્રાકૃતિક નૃત્યની વચમાંજ મારી જીવનસખી કમળાનો અવાજ મને સંભળાયો. મેં મોટેથી કહ્યું:—"મારી જીવન—સખી ! ગભરાઇશ નહિ. હું આવ્યો છું." આમ કહી હું એક કોટડાપર ચઢયો. પ્રત્યેક ઓરડામાં પ્રત્યેક ખુણામાં હું તેને ખોળવા લાગ્યો. હું જ્યાં જતો ત્યાં 'કમળા' 'દેવી' કહી કહીને બૂમ મારતો હતો; પરંતુ મારા શબ્દો સામેની દિવાલો સાથે અથડાઇ હાસ્યરૂપ ધારણ કરી મારા કાનમાં અથડાતા હતા. માથું અથડાતું, પગ ખસતો અને હું પડી પણ જતો હતો. જોડાનાં તળીઆં બળી લાલ થઇ ગયાં અને તેમાંથી

મારા પગમાંથી લોહી નીકળી તેનાં પગલાં પડવા લાગ્યાં, હું ખોળતાં ખોળતાં થાકી ગયો, મારા હાથપગ શિથિલ થઇ ગયા; પરંતુ કમળાનો પત્તો લાગ્યો નહિ. મારા હૃદયપર નિરાશાનો અધિકાર જામ્યો. સ્હેજ પણ અવાજ થતાં હું આમતેમ દોડવા લાગ્યો.

પાઠકો ! આ વખતની મારા મનની સ્થિતિ કેવી હતી તે હું કહી શકતો નથી. પ્રકૃતિનો પડદો ખસેડી મારી કમળાને જોઉં એવી મારી તીવ્ર ઇચ્છા હતી. ક્ષણમાં બેસી જતો, ક્ષણમાં દોડતો. જ્યારે કોઇપણ જગ્યાએ મારી કમળાનો પત્તો લાગતો નહિ ત્યારે હું ઇશ્વરની પ્રાર્થના કરતો “ હે ચરાચરસ્વામી ! જો તમે મને આ વખતે છોડી દેશો, મારી રક્ષા નહિ કરો તો પછી મને કોણ સહાયતા કરશે ? મને મારી કમળાનો મેળાપ કરાવો. ” જ્યારે આનો પણ ઉત્તર મળતો નહોતો ત્યારે હું ઇશ્વરને પાષાણહૃદયી માનતો હતો અને ફરીથી કમળાને આખા ઘરમાં શોધતો હતો. હવે આશાનાં સર્વ દ્વારો બંધ થઇ ગયાં અને મેં નિશ્ચય કર્યો કે ‘ અહીંજ બળી મરીશ. હું કમળા સિવાય દુનિયાને શું મોઢું બતાવીશ. પ્રેમપરીક્ષામાં ઉત્તીર્ણ નહિ થવાથી હું કોઇને પણ મારૂં મોઢું બતાવવાને લાયક રહ્યો નથી. ’ કમળાની પ્રેમમય વાતો એક પછી એક ખડી થઇ ગઈ. મારૂં મન ભરાઇ આવ્યું, હું રડવા લાગ્યો. મેં અગ્નિમાં પડી પ્રાણત્યાગ કરવાનો વિચાર કર્યો પરંતુ મને મારા સ્વામનો વિચાર આવ્યો. એટલામાં કોઇના રૂદનનો અવાજ મારા કાને અથડાયો. ચારે તરફ જોયું પણ ઉપર જવાનો રસ્તો જડયો નહિ.

પ્રકરણ ૭ મું.

સાયંકાળની કાળી ધ્વજા સંસારસાગરપર ફરકવા લાગી. સૂર્યદેવ પોતાની શક્તિનાં કિરણોના પ્રભાવને સમેટતા જઇ ચંદ્રમાને બોલાવવા લાગ્યા અને તેનું મુખ જોવા પહેલાંજ કોઈ આવશ્યક કાર્યવશાત્ વિદાય થઇ ગયા હતા. ચંદ્રમાએ પોતાનાં શાંતિમય કિરણોદ્વારા આ અગ્નિને શાંત કરવાના લાખો પ્રયત્નો કર્યા પણ આગ બોલવાઇ નહિ.

હું ગભરાયેલો તો હતોજ, અને તેવામાંજ રડવાનો શબ્દ સંભળાતાં છેકજ બહાવરો થઈ ગયો. મકાનની પાછલી બાજુએ બળતી આગની પાસે એક લાકડાની સીડી હતી. જેનો આકાર ધુમાડા અને અંધારાને લીધે ધુંધળો દેખાતો હતો, તે સીડી દૃષ્ટિગોચર થતાંજ હું દોડીને ત્યાં જઈ પહોંચ્યો. નિરાશારૂપી સમુદ્રમાં આશાની નાવ જણાતાંજ હું તે સીડીપર ચડવા લાગ્યો; પરંતુ પહેલાજ પગથીઆપર પગ મૂકતાં હું નીચે પડયો અને સીડી કે જે બળીને કોલસા થઇ ગઈ હતી તે પણ ધડ લઇને નીચે પડી. મારા માથામાં વાગ્યું, મારા દાઝેલા હાથપગ છોલાયા, પણ મેં આશાદેવીનો પાલવ છોડયો નહિ. મેં ઉપરના ઓરડામાંથી ખાટલો બહાર કહાડયો અને તેને દિવાલની સાથે મૂકીને તેના ઉપર ચડીને ઉપલે માળે પહોંચ્યો. હું ઉપર પહોંચ્યો તેજ વખતે કોઇ પીડિત હૃદયના નીચલા શબ્દો મારે કાને પડયા:—

'હે જગદીશ્વર! તારી એજ ઇચ્છા હતી કે હું મરણસમયે એમનાં દર્શન કરી શકું નહિ! પ્યારા શ્યામ! આવ, તને છેલ્લી વખત પ્યાર કરી લઉં. પ્યારા પ્રાણેશ્વર, મારા હૃદયેશ! એકવાર તો મળો! આ પ્રાણનાશક અગ્નિ તમારી કમળાનો ગ્રાસ કરવા ચાહે છે.' મારૂં હૃદય તુટીને ચૂર્ણ થઇ ગયું. હું દોડીને કમળા પાસે જઇને પડયો પણ હું બેહોશ થઈ ગયો. મને આવી દશામાં રહેવાનો સમય નહોતો.

કમળા એકદમ ડરી ગઇ પણ જ્યારે તેણે મને જોયો ત્યારે તે મને વળગી પડી. તેનાં ડુસકાં તેના હૃદયની કાતિલ વેદનાની સૂચનાઓ આપવા લાગ્યાં. તેનાં ડુસકાં હેડકીમાં ફેરવાઇ જશે એવી મને ધાસ્તી લાગી. તે સદાને માટે મારા હૃદયે વળગી તેનાં પ્રેમાશ્રુરૂપ મોતી મારાપર વરસાવતી રહેશે કે શું? એવો મને ભય થઈ આવ્યો. ક્ષણમાત્રને માટે સમસ્ત સંસાર મારી આંખો આગળથી દૂર ખસી ગયો. બળતું મકાન, શ્વાસ રૂંધાઈ જાય તેવો ધૂમાડો અને એવા ધૂમાડાની વચ્ચેની મારી દશા જોનાર માત્ર ચંદ્ર એ સર્વ દસ્ય મારી દૃષ્ટિમાંથી અદૃસ્ય થઇ ગયું. છત પડવાના શબ્દો, બંબાની સીસોટી, મનુષ્યોનો કોલાહલ વગેરેમાંનું કશુંજ હવે મને સંભળાતું નહોતું. સમસ્ત અસીમ બ્રહ્માંડમાંથી મને માત્ર મારી કોટે વળગી પડેલી કમળાજ દેખાતી હતી. મને માત્ર એક તેનોજ શબ્દ સંભાળાતો હતો અને તે શબ્દ તે તેની હૃદયવિદારક પ્રેમસૂચક હેડકીઓ હતી, પણ હવે હું તરતજ સાવધાન થઇ ગયો, ઉઠી ઉભો થયો અને મેં બંબાવાળાનાં કપડાં ઉતાર્યાં. તે કેટલીક જગ્યાએ મારા શરીરપર ચોંટી ગયાં હતા. તેથી ઉતારતાં ઉતારતાં કેટલીક જગ્યાએથી મારા શરીરની ખાલ ઉખડી ગઇ. અને તેમાંથી રૂધિર નીકળી મારા લુગડાં ભીનાં કરવા લાગ્યું. તેને બંધ કરવાનો મને સમય નહોતો. તરતજ મેં કમળાને ઉક્ત કપડાં પહેરાવી દીધાં અને મારાં કપડાં ઠીક કરી ઉતરવાનો પ્રબંધ કર્યો. આગ ઓલાવા લાગી. કમળાએ શ્યામને ગોદમાં લીધો અને લુગડામાં વીંટાળ્યો. હું બન્ને હાથે કમળાને સંભાળતો સંભાળતો એ બળતા મકાનમાંથી ઉતરવાના પ્રયત્ન કરવા લાગ્યો. છેવટે ઇશ્વરી કૃપાના બળથી જેમ તેમ કરી કમળા તથા શ્યામને લઇ બહાર આવ્યો; પરંતુ બહાર નીકળતાંજ મને અશક્તિ લાગવા માંડી. ત્યારબાદ શું થયું તે મને માલૂમ નથી.

કહે છે કે સાત દિવસ બાદ મને શુદ્ધિ આવી. મધ્યરાત્રિનો સમય હતો, કમળા મારી પાસે બેઠી હતી અને તેની આંખોમાંથી ગરમ આંસુઓ મારા મુખપર પડતાં હતાં. જેને તે રૂમાલથી લોઇ નાખતી હતી, મારી આંખો ઉઘડતાંજ તેણે કહ્યું:–" હું તમારા શબ્દો સાંભળવા માટે તલસી રહી છું. સાત દિવસ અને રાત મેં જેમ તેમ કરી કાઢયાં છે, હે પ્રાણેશ્વર મને આગમાંથી બચાવી આવી રીતે ભૂલી જાઓ નહિ. કંઇ બોલો તો ખરા, હૃદયેશ્વર બોલો ! મારા જીવનાધાર, મારી સાથે એક વાર તો બોલો."

મારી આંખોમાં પાણી આવ્યાં. મેં ધીમે સ્વરે કહ્યું:–" કમળા, રડીશ નહિ. હવે મને સારૂં છે." આથી કમળાના અશાંત હૃદયમાં શાંતિનો સંચાર થયો, આશાના સૂર્યથી તેની નિરાશારૂપ કાળી રાત્રિનો નાશ થયો, ચીમળાયલા ગુલાબોમાં જીવનરસનો સંચાર થયો. કમળાના કોમળ હોઠપર હાર્દિક આનંદનાં ચિહ્નો પ્રકટ થવા લાગ્યાં. મને સારૂં થતું ગયું, મારા ઘા રૂઝાઇ ગયા, મેં ડૉક્ટરના પ્રમાણપત્ર સાથે એક પ્રાર્થનાપત્ર મોકલી ઑફિસમાંથી બે માસની રજા માગી. હેડ-કલાર્કે મારી પાસે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર માગ્યું; પણ મારી પાસે સિવિલ સર્જનને આપવાની ફી નહિ હોવાથી મેં રાજીનામું આપી દીધું.

હું ત્રણ મહીના બાદ કામપર જવા લાયક થયો, ત્યારે એક દિવસે મેં કમળાને પૂછ્યું:–" પ્રિયે, તે દિવસે તે મકાનમાં તું સર્વથી પાછળ કેમ રહી ગઇ ?"

કમળાએ કહ્યું:—હું લક્ષ્મી બ્હેનને મળવા માટે ગઇ હતી. તે દિવસે તેની પુત્રીની વર્ષગાંઠ હોવાથી ઘણી સ્ત્રીઓ ત્યાં આવી હતી. શ્યામ મારી સાથે હતો. મેં તેને ઉપર જઈને સુવાડયો અને હું નીચે આવી. એવામાં આગ લાગી. લક્ષ્મી મને 'શ્યામને લઇ આવો' કહી તેની બધી ચીજો બાંધવામાં પ્રવૃત્ત થઇ. પ્રથમ તો હું તેને મદદ કરતી

હતી પણ આગ વધવા લાગી. "જલદી ચાલો, બહાર નીકળો"ના અવાજ આવવા લાગ્યા. હું શ્યામને લેવાને ઉપર ગઇ; પણ આગ વધી જવાથી નીચે ઉતરી શકી નહિ.

* * * *

એ મંદવાડમાંથી ઉઠયા પછીથી મેં એક મિત્રના ભાગમાં દેશી કાપડની દુકાન ખોલી છે. હાલ મારી માસિક આવક લગભગ ૧૦૦ રૂપીઆની છે. હું આખો દિવસ આનંદપૂર્વક દુકાનમાં કામ કરૂં છું અને સાયંકાળે દુકાન બંધ કરી ઘેર આવી સુખપૂર્ણ ઉંઘનો અનુભવ લઉં છું.

પ્રિય પાઠક બંધુ અથવા બ્હેન! જોયું આ પતિ અને પત્ની વચ્ચેના દિવ્ય, નિષ્કામ અને નિર્દોષ પ્રેમનું સાચું દશ્ય! 'મારી વ્હાલી' ને 'મારા વ્હાલા' એવા નાટકના ને નવલકથાના શબ્દોમાંજ પ્રેમ સમાઇ જતો નથી. બંધુઓ અને બ્હેનો, પોતપોતાનાં હૃદયો આ વાર્તા વાંચીને તપાસજો અને આવો અલૌકિક પ્રેમ કરતાં તમારાં જીવનસંગીઓ પ્રત્યે કાંઇપણ ઉણપ તમારાં હૃદયોમાં રહેલી જણાય તો તે તમારા જીવનસંગી તરફથી પૂર્ણ થવાની રાહ જોવા ન રહેતાં તમો પોતા તરફથીજ તે પૂર્ણતા કરવા ચૂકશો નહિ. હે દીનાનાથ! હે કૃપાસિંધો! આ દીન હીન ભારતવર્ષમાંથી નષ્ટવત્ થઇ ચૂકેલો એ પવિત્ર પ્રેમ સર્વ સજ્જનો અને સન્નારીઓમાં જાગૃત કરી તેમનાં જીવન, ગૃહ અને કુટુંબોને સ્વર્ગમય બનાવજો.

૨—સુકુમારી.

પ્રકરણ ૧ લું-માનિની.

" સાંભળો છો ! હવે મારાથી બધાંનાં ભેગું નહિ રહેવાય. જુદું થવામાંજ મારૂં અને તમારૂં સુખ સમાયલું છે, માટે જલદીથી જુદા રહેવાનો ઉપાય કરો. " માનિનીએ તેના પતિ મોહનલાલને કહ્યું.

મોહનલાલ—પણ થયું શું તે તો મને કહે !

માનિની—વાહ ! તમને ક્યાંથી સમજ પડે !

મોહનલાલ—વાહરે વાહ ! તમારા આગળ અમારી કાંઇ ગણત્રી છે ? રામ, રામ, આવી બેહુંદી વાત કહેવાનું પ્રયોજન શું ? આમ બાળકબુદ્ધિ શા માટે કરે છે ?

માનિની—તમને તો મશ્કરીજ આવડે છે. બસ બધીજ વાત આમ ને આમ ઉડાવ્યાજ કરવી. હવે ઠઠ્ઠા મશ્કરી કરશો તો હું મારે પિયેર ચાલી જઇશ.

મોહનલાલે વિચાર કર્યો કે આજ રંગ બદલાયો છે. પછી માનિનીને કહ્યું:-" કહેને. શું થયું ? "

માનિની—શું થયું ? શું કહું ? તે દિવસે સાધુ આવ્યો ત્યારે શેરેક લોટજ આપી દીધો. કાલે મેં મારા માટે થોડો શીરો કર્યો હતો. તે તમારા ભાઇનો છોકરો અવિનાશ રડવા લાગ્યો તેનેજ આપી દીધો. વળી આજે તેની છોકરી વાજા માટે રડી એટલે તેને આઠ આનાનું વાજું લાવી આપ્યું. આવી રીતે ઘરની સંપત્તિનો નાશ થશે તો ઘરમાં

શું રહેશે ? દ્વાર ખુલ્લાં છે, જેની નજરમાં જે આવે તે તે કરે.

મોહનલાલ—તેમાં શું થયું ? બાળક છે તે માગે તે લાવી આપવું પણ પડે. બાળક કોને આંગણે છે ? બાળકોને માટે તો માણસો હજાર બાધા–માનતાઓ કરતાં ફરે છે તેનું તને ભાન નથી ? બાળકો છે તો ખર્ચ કરવાનું મન થાય છે, એથી તો આપણે રાજી થવાનું છે. ભાઇનાં છોકરાં તે પણ આપણાંજ છેને.

માનિની—મારૂં કહેવું તમારે ગળે નહિ ઉતરે, પણ જ્યારે મોહિની મોટી થશે અને તેના લગ્નમાં ખર્ચ થશે ત્યારેજ આંખો ઉઘડશે. સમજ્યા ?

મોહનલાલ—બસ, છાની રહે. જીભને જરા વશ રાખ. તું શું કહેવા માગે છે તે હું સારી પેઠે સમજું છું, પણ તારેજ પુત્ર–પુત્રી હોત તો તેનાં લગ્ન કરત નહિ કે ?

"આ શું કહો છો ! હું જેને માટે મારો પ્રાણ આપવા તત્પર છું, તેજ મારા કહ્યામાં નહિ તો બીજાની તો આશાજ શી ? બસ હવે હું સમજી. જાઓ તમે તમારા વ્હાલા ભાઇની સાથે મોજ–મજાહ કરો અને મને મારે પિયેર જવા દો." આમ કહી માનિનીએ મહા મહેનતે આંખમાંથી આંસુ પાડયાં.

મોહનલાલનો સ્વભાવ સર્વ વાતે સારો હતો પણ તેનામાં એક મોટો દોષ એ હતો કે તે સબળ સ્ત્રીહઠ આગળ બકરી બની જતો. તે તેને વિશેષ કાંઇપણ કહી શકતો નહોતો. ઉપલાં વાક્યો પણ તેણે મહા મહેનતે કહ્યાં હતાં. તેમાં પણ પત્નીને રડતી જોઈ એટલે તેનું હૃદય ધડકવા લાગ્યું. તેણે ધ્રૂજતા અવાજે કહ્યું:–" વારૂ, રડ નહિ. તું કહે છે તેમ થશે, પણ ધીમે ધીમે થશે. ઉતાવળે આંબા પાકતા નથી. માટે ધીરજ રાખ."

માનિનીની આંખનાં આંસુ હવે સુકાઈ ગયાં. તરતજ માથું

હલાવી તેણે કહ્યું:–"પણ તમે એવી ઢીલ તે ક્યાં સુધી કર્યા કરશો ?"

મોહનલાલ—સર્વ કામ ધીરજથી કરવામાંજ મજાહ છે, તું શા માટે ગભરાય છે ? જ્યાં સુધી મદનલાલના વ્યવહારમાં મને કોઇપણ ત્રુટિ માલૂમ નહિ પડે ત્યાંસુધી હું તેને એક પણ શબ્દ કહેનાર નથી. તે કોઈ પણ સમયે મારૂં વચન ઉથાપતો નથી, તેની વહુ પણ કોઇ વખત એવું આચરણ કરતી નથી કે મારે તેને કહેવાની જરૂર પડે.

"એવાં લાંબાં લાંબાં ભાષણો રહેવા દો, ને હું કહું છું તે સવેળા સમજો." એમ કહી માનિની પોતાના મનને સંતુષ્ટ કરી બહાર ચાલી ગઇ.

પ્રકરણ ૨ જું–પરિચય.

મોહનલાલ અને મદનલાલ બન્ને સગા ભાઇ છે. મોહનલાલ મોટો અને મદનલાલ નાનો છે. તેમને એક બ્હેન છે જેનું નામ શારદા છે. તેની ઉમ્મર પંદર વર્ષની છે. તેના વિવાહ થઈ ગયા છે પણ લગ્ન થયું નથી. મોહનલાલની સ્ત્રીનું નામ આપ સર્વે જાણી ચૂક્યા છો. મદનલાલની સ્ત્રીનું નામ સુશીલા છે. માનિનીને કાંઇ સંતતિ નથી, પણ સુશીલાનો ખોળો બે બાળકોથી સુશોભિત છે. મદનલાલ સરકારી નોકર છે; અને તેને દર મહીને બસો રૂપીઆ મળે છે. મોહનલાલ નોકરી કરતો નથી. તે જમીન–જાગીરની દેખરેખ રાખે છે. જમીનો ખરીદવામાં મદનલાલનાજ અધિક રૂપીઆ રોકાયા છે. મદનલાલ અને મોહનલાલ બન્ને સજ્જન છે, પણ કોઈ કોઇ વખત પોતાની સ્ત્રીને લીધે મોહનલાલનો સ્વભાવ તીખો થઇ જાય છે. સુશીલા તો ખરેખરી સુશીલાજ છે; પરંતુ માનિની તેના નામ પ્રમાણેજ સોળ આની અભિમાની છે.

મદનલાલની માતા હજી જીવે છે, તેની એવી ખાસ ઇચ્છા હતી કે તેના જીવતાં તેનો પરિવાર વેરાઇ જુદો પડે નહિ; પરંતુ માનિની બહુ ટુંકા હૃદયની સ્ત્રી હતી. તેના મનનું સમાધાન કોઇથી થઇ શકતું નહિ.

મદનલાલ પોતાની સ્ત્રીને હમ્મેશાં સમજાવ્યા કરતો કે "ભાભી શ્રીનો વ્યવહાર જોતાં ઘરમાં શાંતિ નભે એ અસંભવિત છે. માતાની ઇચ્છા પરિપૂર્ણ થાય એવી મારી બહુજ ઇચ્છા છે; પરંતુ તેનો આધાર તારા ઉપર છે. તારી જેઠાણી પણ તારી વડીલ છે, માટે તારે તેની આજ્ઞા પ્રમાણે ચાલવું. તે ગમે તે કહે તે તારે શાંતિથી સાંભળવું, સામો ઉત્તર આપવો નહિ કે જેથી તેને ક્રોધનું કારણ મળે."

"વારૂ, હું તો આપની આજ્ઞા પ્રમાણે ચાલીશ, પણ દરેક વાતની હદ તો હોવીજ જોઇએ. કોઇ દિવસ થાળી પીરસી લઇ જતાં સહેજ વાર લાગી કે બસ આફત........" આમ નમ્રભાવે સુશીલાએ કહ્યું.

મદનલાલે કહ્યું:—"એમાં આફત શાની? તે જે કહે તે શાંતિથી સાંભળી લઇ તારે એમજ સમજવું કે ભાભીશ્રી એ સઘળું બીજા કોઇનેજ કહી રહ્યાં છે. તેનું કહેવું તને "ચોંટી જવાનું તો નથીજ" સુશીલા શાંત રહી. મદનલાલે આગળ ચલાવ્યું: "છતાં ચોંટે તો જે જગ્યાએ વધારે લાગે અને સહન ન થાય ત્યાં હાથ ફેરવજે એટલે સારૂં થઇ જશે." સુશીલાએ મંદહાસ્ય કરી મદનલાલ તરફ પ્રેમથી ભરપુર નજર કરી અને ત્યાંથી બહાર ગઇ.

પ્રકરણ ૩ જું—શારદા સાથે ખટપટ.

શારદાએ હસતાં હસતાં માનિનીને કહ્યું:—"ભાભી! જરા મારા કાનમાંથી વાળો કાઢો." માનિનીએ આંખો ચઢાવી જવાબ આપ્યો

"શું કાંઈ તું મને પગાર આપે છે કે? શું હું તારી ચાકરડી છું કે તારા કાનમાંથી વાળો કાઢું? આજકાલની છોકરી હુકમ કરતી આવી છે! ભાભીને ન્યાલ કરી દીધાં હશે તો!!"

જોકે શારદાએ તો તેના સરળ સ્વભાવ પ્રમાણેજ કહ્યું હતું, પણ "લડનારને બહાનાંની ખોટ હોતી નથી" એ કહેવત ચરિતાર્થ કરી માનિનીએ પોતાનું રૂપ પ્રકાસ્યું. શારદાએ કહ્યું:–"ભાભી! તમારે ના કાઢવો હોય તો ના કાઢો; પણ આમ નાહક ગુસ્સે શું કરવા થાઓ છો? હું નાની ભાભી પાસે કઢાવીશ અને હવેથી કોઇ પણ સમયે તમને નહિ કહું." માનિનીએ ચીઢાઈ જઇ કહ્યું:–"જા, જા, કઢાવી લે. તારી નાની ભાભી હતી ત્યારે મને હેરાન કરવા શામાટે આવી?" શારદાએ રડતે રડતે કહ્યું:–"તમે નાહક મને સતાવો છો. હું મોટા ભાઇને કહી દઇશ."

માનિનીએ જવાબ આપ્યો:–"ઓહો! મને કેદ કરાવજે. બસ!"

એટલામાંજ સુશીલા હાથમાં સીવવાની સોય લઇ આવી પહોંચી, અને શારદાને રડતી જોઇ બોલી "શારદા બ્હેન, શું છે? રડો છો કેમ?" શારદા રડતી બંધ પડી. શારદાના હાથમાં વાળી જોઇ સુશીલાએ કહ્યું:–"શું તમારે વાળો કાઢી વાળી પહેરવી છે? લાવો, હું પહેરાવું." એમ કહી હેતથી વાળો કાઢી વાળી પહેરાવી દીધી.

જોકે સુશીલા અને માનિની બન્નેને કાંઇ પણ બોલાચાલી થઇ નહોતી; પરંતુ તેને શારદા ઉપર હેત કરતી જોઇનેજ માનિની બળીને ભસ્મ થઈ જતી. શારદા ઉપર તેણે એજ કારણથી ઉપલાં વાક્યબાણ છોડયાં હતાં; પરંતુ ત્યારથી તો શારદા અને સુશીલા વચ્ચેનો પ્રેમ ઉલટો અધિક ઘાડો થતો ગયો.

પ્રકરણ ૪ થું-સુશીલા.

સાંજના ચાર વાગ્યા. સૂર્યદેવનું તેજ મંદ પડવા લાગ્યું. મકાનમાંથી મનુષ્યો બહાર નીકળવા લાગ્યાં. આવા સમયે એક સુસજ્જિત મકાનમાં એક શાંતિમય મનોહર દેવી જોવામાં આવે છે. તેનો હસતો ચહેરો, ચંચળ નેત્ર, કાળી કાળી કીકીઓ અને કોમળ કેશવડે બાંધેલી વેણી જેમાં ચમેલીનાં ફૂલ વળગેલાં હતાં; એવું તેનું ચંપા રંગનું એકવડું શરીર ઘણું મનોહર લાગતું હતું. આ સુંદરતા શૃંગાર ભાવયુક્ત જરાપણ નહોતી, તેના સામું જોતાંજ જોનારથી હાથ જોડાઈ જવાતા હતા, અને તેને એવું ભાન થતું કે જાણે તે વિશ્વજનનીની સામેજ ઉભો છે. તેની આંખો જેટલી સરળ છે તેટલી દયાથી ભરપુર છે. તેનું નવપલ્લવસમાન મુખ જેટલું સુંદર છે તેટલુંજ તે મીઠી વાણીથી ભરપુર છે. તેના હાથ જેટલા સુડોળ છે તેટલાજ તે દીન-દુઃખી તરફ લાંબા થવાને તત્પર છે. આ સુંદરી સરસ્વતી દેવીની માફક દૂધના જેવી ઉજ્વળ શય્યાપર વીણા વગાડી રહી છે. હવે વધુ સમય પર્યંત અમારા પાઠકોને ભ્રમમાં ન રાખતાં અમે કહી દઇએ છીએ કે ઉક્ત સરળ મૂર્તિ તે અન્ય કોઈ નહિ પણ મદનલાલની સ્ત્રી પરમસાધ્વી સુશીલાજ છે. સુશીલા બેઠી બેઠી વીણાની સાથે આલાપ કરી (ગાઇ) રહી છે. સુશીલાનો અવાજ હવામાં ચારે તરફ ફેલાઇ ગયો. એટલામાંજ સામે મદનલાલને ઉભેલો જોયો. સુશીલાએ ઉભી થઇ વીણા જમીન ઉપર મૂકી અને પતિને કહ્યું:—"ક્યારના ઉભા રહ્યા છો?"

મદનલાલ—"ઘણા વખતથી સરકાર. વીણાના તાનમાં બીજાનું ભાન ભાગ્યેજ રહે છે." સુશીલાએ ધીમેથી કહ્યું:—"બેસો, હાથ મોં ધોઈ પાણી પીઓ, પછી તમને એક સરસ ગાયન સંભળાવું." મદનલાલે જવાબ આપ્યો "ના, આજ હું મારૂં ગાણું સંભળાવીશ."

સુશીલા—બેસો તો ખરા !

મદનલાલ—"દેવી ! થાકી ગઇ છે કે ? ઠીક. તારા ભારથી તું તારી મેળેજ નમી ગઈ છે. લો, બેસીએ છીએ. પ્રથમતો આજ હું મારૂં ગાણું સંભળાવીશ; પછી બીજી વાત."

સુશીલા—વારૂ, કબુલ.

મદનલાલ—"સાંભળ ! અવિનાશ અને મોહિની બન્ને દિન-પ્રતિદિન મોટાં થતાં જાય છે. હવે તેમને માટે ભણવાનો પ્રબંધ કરવો ઇષ્ટ છે."

સુશીલા—હે ભગવાન ! આજ તમારૂં ગાણું કે ? હું તો સમજી કે બિહાગ ગાશો !!

મદનલાલ—ગાયા વિના સંસાર નભે છે પણ આના વિના કામ ચાલે એમ નથી. આ ગાણા તરફ તારે વધારે ધ્યાન આપવાનું છે.

સુશીલા—વારૂ, સંભળાવો.

મદનલાલ—એકવાર તો સંભળાવ્યું.

સુશીલા—પ્રથમ મારા તરફથી મળતું શિક્ષણ ખતમ થવા દો, ત્યારબાદ તેને નિશાળે મૂકીશું. હાલ તો હું ભણાવીશ. થોડી ઘણી શરૂઆત તો કરી દીધી છે.

મદનલાલ—કયા કયા ગ્રંથ પૂરા કર્યા ?

સુશીલા—પાછા તમે તો મશ્કરીજ કરવા લાગ્યા !

મદનલાલ—મશ્કરી કેવી ? હું તો પૂછું છું, મહેતીજી સાહેબા !

સુશીલાએ ચીઢાઇ જઇ કહ્યું:—"હવે હું જવાબ નહિ આપું."

મદનલાલ—લ્યો, બોલો, બોલો. સાંભળીશ.

સુશીલા—સ્વર પૂરા થયા. વ્યંજનની શરૂઆત કરી છે.

મદનલાલ—અરે ! આટલી બધી ત્વરાથી ? તેં તો માસ્તરના પણ કાન કાપી લીધા. શું મોહિની પણ શીખી ?

સુશીલા—હા, બન્ને. મેં થોડા લાડુ બનાવી રાખ્યા છે. જ્યારે અવિનાશ અથવા મોહિની માગે છે ત્યારે હું કહું છું કે પહેલાં ચાર અક્ષર યાદ કરી લાવો. તેઓ લાડુની લાલચે અઠવાડીઆનો પાઠ બે દિવસમાં તૈયાર કરે છે. થોડા દિવસ આવી રીતે ભણાવી પછી માસ્તરનું અનુકરણ કરીશ.

મદનલાલ—ખરેખર તું ગુણવતી સ્ત્રી છું. તારી મરજીમાં આવે ત્યાં સુધી તું બન્નેને તારી પાસે ભણાવજે. જ્યારે તારી અનુમતિ મળશે ત્યારેજ હું અવિનાશને નિશાળે મૂકી આવીશ. જો તારા જેવીજ સ્ત્રીઓ અને માતાઓ ભારતવર્ષમાં ઉત્પન્ન થાય તો દેશની કાયા પલટાતાં વાર લાગે નહિ.

સુશીલા—બેસો, બેસો. મારામાં તે એવા કેવાક ગુણ છે કે જેની તમે તારીફ કરો છો? હંમેશાં મશ્કરી?!

મદનલાલ—ના, ના. હું સત્ય કહું છું. કહેવત છે કે **એક સારી માતા સો શિક્ષકોની બરાબર છે.** વાસ્તવિક રીતે તું એ કહેવત સફળ કરી રહી છે. હું તારા જેવી સ્ત્રી મેળવી મને ભાગ્યશાળી માનું છું. એમ કહી મદનલાલે સુશીલાને ધન્યવાદ આપ્યો.

સદ્‌ગુણી માતાનો પ્રભાવ બાળકોપર સારો પડે છે. તે બાળકને જેવું બનાવવા માગે છે તેવું સરળતાથી બનાવી શકે છે. સુશીલાએ જ્યાં સુધી અવિનાશ અને મોહિની આઠ વર્ષની ઉમ્મરનાં થયાં ત્યાં સુધી જાતેજ તેમને શિક્ષણ આપ્યું. જ્યારે જ્યારે તેને ગૃહના કામકાજમાંથી અવકાશ મળતો હતો ત્યારે ત્યારે તે બન્ને બાળકોને સુંદર ઉપદેશ ભરેલી વાર્તાઓ કહેતી હતી; અને તેમના મગજમાં સારા સારા વિચારો ઠસાવતી હતી. તેણે અવિનાશને આઠવર્ષની વયે અંગ્રેજી શાળામાં દાખલ કરાવી દીધો અને મોહિનીને પણ કન્યાપાઠશાળામાં દાખલ કરાવી દીધી. સમયને જતાં વાર લાગતી નથી.

અવિનાશને અંગ્રેજી શાળામાં દાખલ થયે પાંચ વર્ષ થયાં છે. આજકાલ તે એન્ટ્રેન્સમાં છે. પરીક્ષા નજદીક આવી છે, એક દિવસે મા દીકરા-વચ્ચે નીચે પ્રમાણે વાર્તાલાપ થવા લાગ્યો.

અવિનાશ—મા ! મારી પરીક્ષા આવી પહોંચી.

સુશીલા—તેમાં શું થયું? શું તારો કોઇ વિષય કાચો છે? એમ હોય તો હું તારા કાકાને કહી તેનો પ્રબંધ કરાવું.

અવિનાશ—ના મા ! તમારા સર્વના આશીર્વાદથી વર્ગમાં મારો નંબર પહેલો છે.

સુશીલા—શાબાશ બેટા ! જો તું પાસ થઇશ તો તને એક સારી ઘડીઆળ મંગાવી આપીશ; અને આવીજ રીતે તું બી. એ. માં પાસ થઈશ તો એક સાઇકલ અપાવીશ.

અવિનાશ—પરમાત્માની કૃપા હશે તો સૌ સારા વાનાં થશે.

* * * * *

પરીક્ષા થઇ ગઇ. અવિનાશ તેના પુસ્તકાલયમાં બેઠો બેઠો એક ચિત્ર બનાવી રહ્યો છે. ચીતરવામાં તે એટલો બધો તલ્લીન થઇ ગયો છે કે તેની પાસે કોણ આવી ઉભું છે તેની પણ તેને ખબર નથી. એટલામાંજ કોઇએ પરિચિત મૃદુ સ્વરે કહ્યું:–"અવિનાશ !" અવિનાશે પાછળ જોયું તો મદનલાલ હાથમાં ઘડીઆળ લઈ ઉભો છે. તેણે કહ્યું:–"અવિનાશ ! આ ઘડીઆળ જો. સારી છે ને ?"

અવિનાશ—"હા, આશીર્વાદ આપો કે તમારા આજ કરકમળો-દ્વારા આવી રીતે મને સાઇકલ લેવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય" એમ કહી અવિનાશે ખીસામાં ઘડીઆળ મૂક્યું.

મદનલાલ—"એ સર્વ પરમેશ્વરને હાથ છે, પણ હું તને આશીર્વાદ આપું છું કે તારી ઇચ્છા પૂર્ણ થાઓ." આમ કહી મદનલાલ અંતઃપુર તરફ ચાલ્યો.

પ્રકરણ ૫ મું-વિવાહ.

"હવે અવિનાશ સત્તર વર્ષનો થયો" મોહનલાલે મદનલાલને કહ્યું.

"હા. આજે તેની પરીક્ષાનું પરિણામ પ્રકટ થઇ ગયું."

"પાસ થયો ને ?"

"હા" કહી મદનલાલે નીચું જોયું.

મોહનલાલે કહ્યું:—"આજે લક્ષ્મણપ્રસાદ આવ્યા હતા અને અવિનાશની સાથે તેની પુત્રીનો વિવાહ કરવાનો અનુરોધ કરતા હતા. તારી શી ઇચ્છા છે ?" મદનલાલે સંકુચિત ભાવથી કહ્યું:-"તમારા છતાં એ બાબતમાં મને બોલવાનો અધિકાર શો છે ? તમારી મરજીમાં આવે તે કરો; પરંતુ હાલ તેની શું વય વહી જાય છે." મોહનલાલે કહ્યું:-"હા, બરાબર છે; પણ માતાજી આગળ મારૂં નહિ ચાલે. લક્ષ્મણપ્રસાદના આવતાં પહેલાં તેણે ઘણી વખતે આ વિષયપરત્વે મને કહ્યું હતું."

મદનલાલ:—માતાજી કહે તે પ્રમાણે કરવું એ આપણો ધર્મ છે; પરંતુ આટલી બધી ઉતાવળ કરવાથી અવિનાશના ભણતરમાં ખલેલ પડવાનો સંભવ છે. મારૂં તો માનવું છે કે શરમને લીધે અવિનાશ કંઈ નહિ બોલે પરંતુ લગ્ન કરવાની તેની ઇચ્છા નથી.

મોહનલાલ:—હું પણ સમજું છું; પણ માતાજીને કેવી રીતે કહેવું તેની સમજણ મને પડતી નથી.

મદનલાલ:—કદાચ તેના ભણતરમાં થોડી ઘણી ખલેલ પડે તો ભલે પણ માતાને નારાજ કરતા નહિ.

સગાઇ નક્કી થઇ. લગ્નની તૈયારીઓ થવા લાગી. આસ્તે આસ્તે લગ્નનો દિવસ પણ આવી પહોંચ્યો. રામલાલ નામક એક પાડોશીએ મદનલાલને કહ્યું:-"કેમ, કાંઇ નાચરંગ થશે કે નહિ ?"

મદનલાલે કહ્યું:—"હા, ગાયન વિદ્યામાં કુશળ ઉસ્તાદો આવશે

તે ઉપરાંત મોટા ભાઇએ આતશબાજીનો બંદોબસ્ત પણ કર્યો છે. ”

રામલાલ બોલ્યોઃ—“વાહ ! બહુ જોર માર્યું. બે ચાર વેસ્યાઓને પણ નાચ માટે બોલાવી છે કે નહિ ? ”

મદનલાલઃ—પ્રભુ ! પ્રભુ ! આ શું કહો છો ? મેં નિશ્ચય કર્યો છે કે વેસ્યાઓને આપવાના જે રૂપીઆ બચશે તેમાંથી બે ચાર ઉપદેશકોને બોલાવી ઉપદેશ કરાવીશ અથવા તો તે રકમ અનાથાશ્રમોને દાનમાં આપી દઇશ. મારી ખરી કમાઇના પૈસા એવી વર્ણસંકર સ્ત્રીઓને આપવા હું ઇચ્છતો નથી.

“ આમ નહિ કરો તો બરાબર ધામધુમ નહિ દેખાય. ” એવું રામલાલે ગુસ્સે થઇને કહ્યું.

મદનલાલઃ—મને તેની પરવા નથી, પણ જોજો સાહેબ ! ભીડ એટલી બધી થશે કે ઉભા રહેવાની જગ્યાજ નહિ મળે.

રામલાલઃ—એવું કોઇ જગ્યાએ બન્યું છે ? વેસ્યા વિના લોકોનો જમાવ બરાબર નહિ થાય.

મદનલાલઃ—“ગાનારી નથી. ગાનારા તો છે,” એમ કહી મદનલાલ કામ પ્રસંગે ઘરમાં ગયો અને મહાત્મા (?) રામલાલ ઉદાસ થઇ પોતાને ઘેર ગયો. તેણે નિશ્ચય કર્યો કે જો વેસ્યા નહિ આવે તો તેને ત્યાં જવું નહિ. ધન્ય છે આવા જ્ઞાનશૂન્ય પામર પુરૂષોને ! પ્રથમ તો ભારતવાસી ધનવાનોના કોઇપણ ઉત્સવ વેસ્યાઓના નાચ સિવાય થતા જ નથી, છતાં કદાચ સૌભાગ્યવશ કોઇ માઇનો પુત નીકળી આવે તો આવા જ્ઞાનહીન મહાત્માઓ (!) તેને માટે ગમે તેમ બોલવા તત્પરજ હોય છે! આવી દશામાં ભારતવર્ષને ઉન્નતિના શિખરપર પહોંચતાં કેટલાં વર્ષો લાગશે તે કહેવું મુસ્કેલ છે. અસ્તુઃ રામલાલની ઇચ્છા પાર પડી નહિ અને લગ્ન વેસ્યા મહારાણીના આગમન વિનાજ પૂરૂં થયું.

* * * *

આજે પુત્રવધૂ આવવાની છે. સુશીલાના સર્વ આત્મીય જન પ્રસન્ન-ચિત્ત છે. માત્ર માનિનીનું ચિત્ત ઉદ્વેગથી ભરપુર છે. સુશીલાનો પુત્ર–વધૂ જોવાનો ઉત્સાહ જેમને આવો સુખમય અવસર જોવાનો પ્રાપ્ત થયો છે તેજ સમજી શકે. રાત્રિ પડી અને પુત્ર–વધૂ આવવાના સમાચાર મળ્યા.

માનિનીના માથામાં અકારણજ દર્દ થવા લાગ્યું તેથી તે તેના ઓરડામાં જઇ પડી રહી. સુશીલા સમજી કે ખરેખરજ ભોજાઇનું માથું દુઃખતું હશે તેથી તે સર્વ કામ પડતાં મૂકી માનિનીની પાસે આવીને બેઠી, અને નમ્રતાથી બોલી "ભાભીજી, બહુ માથું દુઃખે છે ?" એમ કહી સુશીલાએ માનિનીના માથાપર બરફનો કડકો મૂક્યો અને બોલી "ભાભીજી ! ગભરાશો નહિ. હમણાંજ સારૂં થઇ જશે." માનિની ઓશીકામાં મોઢું છુપાવી પડી રહી. કંઇ બોલી નહિ. ખરેખરૂં દર્દ હોય ત્યારે સારૂં થાય ને ! તે તો માત્ર મનનુંજ દર્દ હતું; માટે માથાપર બરફની પાટો મૂકવામાં આવે તોપણ તેના દર્દનો નાશ થવાનો નહોતો. સુશીલા તેનું માથું દાબતી હતી. થોડીવારમાં શારદાએ તેને બુમ મારી એટલે તે "હું હાલ આવું છું" કહી બહાર ગઇ. એટલામાંજ મોહનલાલ આવી પહોંચ્યો. તેણે યુવતિ–મંડળમાં પોતાની સ્ત્રી માનિનીને જોઇ નહિ તેથી તે ઓરડામાં આવ્યો. ત્યાં આવીને જોયું તો જણાયું કે તેની સ્ત્રી સૂઇ રહી છે. માનિનીને આ સ્થિતિમાં જોઇ તેણે જોસથી તાળી પાડી. માનિની આ અવાજ સાંભળી આંખો ઉઘાડી ચોળવા લાગી. મોહનલાલે કહ્યું:–"કેમ ! તબીયત કેમ છે ?"

માનિનીઃ—માથું બહુ દુઃખે છે. સ્ત્રીઓના ગાવાના ઘાંટાથી મને પીડા થાય છે, કોણ જાણે ક્યારેય બંધ થશે ! ને હું આ દુઃખમાંથી છુટીશ !

મોહનલાલ—વહુની પાલખી આવી છે. થોડો સમય સહન કરી લઇને સ્ત્રીઓમાં જઇ બેસો.

એકદમ આંખો ચઢાવી ક્રોધિત સ્વરે માનિનીએ કહ્યું:–"ખાડમાં પડી પાલખી! તમને પણ શું કહું? મારો તો જીવ નીકળી જાય છે. ત્યાં જઇ શું હું માથું ફોડું?"

હવે તેને કાંઇપણ કહેવું વ્યર્થ સમજી મોહનલાલ દિવાનખાનામાં ગયો.

વહુની પાલખી આવી. યથોચિત સર્વ રીતરિવાજ કર્યા અને વહુ ગૃહમાં આવી. ત્યારબાદ તે દિવસે કોઇ એવો બનાવ બન્યો નહિ કે જે ઉલ્લેખન કરવા યોગ્ય હોય. તે દિવસે સુશીલા બહુ થાકી ગઇ હતી, તેથી સર્વ કાર્યમાંથી પરવારી વહુને સાથે લઇ સૂઇ ગઇ. થોડીવારમાં તેને નિદ્રા આવી ગઇ.

પ્રકરણ ૬ ઠ્ઠું.–માતાનું મૃત્યુ અને તેનાં અંતિમ વચન.

આકાશ ચંદ્રહીન છે પણ તેમાં અનંત તારા ચમકી રહ્યા છે. સમસ્ત સંસાર શાંતિમય ભાસે છે. શીયાળ અને કૂતરાંઓના ભસવાના અવાજથી તેની શાંતિનો ભંગ થાય છે. આવા સમયે મોહનલાલના ઘરમાં ધીમો દીપક બળી રહ્યો છે. એક બાજુએ તેની માતા પલંગપર જ્વર અને માથાના દર્દથી પીડાયા કરે છે. રાત્રી ત્રણ પહોર ગઇ હતી. માતાને બોલતાં બોલતાં ફાકા પડતા હતા, તેથી તેણે મહામહેનતે તેની પાસે બેઠેલી સુશીલાને કહ્યું:–"બેટા સુશીલા! હવે હું આ અસાર સંસારમાંથી જાઉં છું. મારો અને તારો આ મેળાપ છેલ્લો છે. મને ભરોસો છે કે અદ્યાપિ પર્યંત તેં જેવી રીતે મારા મનને શાંતિ આપી છે તેવીજ રીતે તું સ્વર્ગમાં મારા આત્માને શાંતિ આપીશ." કમળનયની સુશીલાની આંખોમાંથી આંસુ નીકળ્યાં. તે રડતી રડતી બોલી:–"માજી! આ શું બોલો છો? તમારા વિના અમારી શી ગતિ થાય?"

મા:—ના બેટા ! હું સાચું કહું છું. મારા જીવનની બત્તી તૈલ-રહિત થઇ ગઇ છે. હવે માત્ર પવનનીજ રાહ જોવાની છે. મને હવે થોડીજ વાર છે.

સુશીલા:—ના, ના, માજી ! એના ઓલવાઇ જવાથી આપણા મકાનમાં અંધારૂ થઇ જશે.

મા:—ઇશ્વરેચ્છા. પણ બેટા ! મારી અને તારી આ અંતિમ મુલાકાત વખતે હું તને એક વાત કહેવા માગું છું. તારી જેઠાણી તારા ભેગી રહેવા ઇચ્છતી નથી, અને મારી ઇચ્છા એવી છે કે મારૂં ઘર જેવી રીતે ચાલ્યું હતું તેવીજ રીતે એકત્ર ચાલ્યા કરે.

સુશીલા:—માજી ! ભાભીજી ગમે તેમ કરશે તોપણ જ્યાં સુધી મારા દેહમાં જીવ છે ત્યાં સુધી હું જુદી નહિ થાઉં.

મા:—બેટા સુશીલા ! મારી નાની વહુ ! મારા ઘરની ચંદ્રા ! પ્રભુ તને અખંડ સૌભાગ્ય આપે. હવે હું શાંતિથી મરીશ. મારો સમય ભરાઇ આવ્યો છે. ઘરનાં સર્વ આદમીઓને એક વાર મારી પાસે લાવ.

આ વાતચિત થઇ રહી એવામાં મદનલાલ શારદાને લઇને આવી પહોંચ્યો. માતાએ ફરીથી કહ્યું:-" મોહનલાલ અને તેની વહુને બોલાવી લાવ. અવિનાશ અને તેની વહુને બોલાવી લાવ. હું એકવાર ફરીથી તેમને જોઇ લઉં."

મોહનલાલ આવ્યો. માનિની પણ આવી ગઈ. અવિનાશ અને તેની પત્ની સુકુમારી પણ આવ્યાં. મોહિની, અવિનાશ, સુકુમારી અને શારદા એક બાજુએ ઉભાં હતાં. માતાએ પોતાની નાની નવવધૂ તરફ મન ધરાયું ત્યાં સુધી જોયા કર્યું. શારદા અને મોહિની તરફ પણ સ્નેહપૂર્ણ આંખોએ જોયું અને અવિનાશનો હાથ પકડી તેને માથે હાથ મૂકી આશીર્વાદ આપ્યો. ત્યારપછી અલ્પ સમયસુધી શાંત રહી. માતાએ મોહનલાલને કહ્યું:-" બેટા મોહન ! ચિરંજીવ રહે, હવે તું તારા

મુખે એકવાર કહે કે તું મદનને કોઇવાર જુદો નહિ કરે" પરંતુ મોહનલાલ આનો હકારમાં ઉત્તર આપે તે પહેલાંજ "નારાયણ" શબ્દનો ઉચ્ચાર કરતાં કરતાં માતાનો પવિત્ર આત્મા શાંત થઈ ગયો. મદનલાલ અને સુશીલા ખુલ્લે મોઢે રોઇ પડયાં.

પ્રકરણ ૭ મું-કૉલેજ પ્રવેશ.

"માતાની ક્રિયાખર્ચમાં હમણાંજ સેંકડો રૂપીઆ ખર્ચાયા છે; તેટલામાંજ પાછો બીજો ખર્ચ ઉભો થયો છે." રાત્રિનો સમય હતો અને મોહનલાલ તેના ઓરડામાં બેઠો બેઠો તે દિવસનો હિસાબ લખી રહ્યો હતો, એવામાંજ માનિનીએ આવીને ઉપલા શબ્દો તેને સંભળાવ્યા.

"તેમાં થઇ શું ગયું તે તો કહે!" એમ કહી મોહનલાલે માનિની તરફ દૃષ્ટિ નાખી અને ઘણીવાર સુધી તેના તરફ જોઇ રહ્યો.

"મીજાજ તો ઠેકાણે છેને?"

"હા"

"તમે કોની સાથે વાત કરો છો તે માલૂમ છે કે?"

"હા. શ્રીમતી તાટકા દેવી–નહિ, નહિ, માનિની દેવી સાથે"

"મશ્કરી કરો નહિ."

"તને એવો તે કયો ખર્ચ વધારે સાલે છે?"

"ખર્ચ બીજો તો કયો, પણ મેં સાંભળ્યું છે કે અવિનાશ ભણવા માટે અલાહાબાદ જવાનો છે."

"બસ એજ?"

"શું તમારે મન તે કંઇજ નથી?"

"કંઈ નથી એમ નથી, પણ લોકો બાળકોને શા માટે ભણાવે

છે? એટલા માટેજ કે તે મોટો થાય ત્યારે આપણને મદદ કરે. ખરૂં કે નહિ?"

"બરાબર. પણ તે તેના માતાપિતાને મદદ કરશે કે તમને?"

"હું તો માનું છું કે તેના માતાપિતાથી વધારે આપણને માનશે."

"રહેવા દો. એ વખત ગયા. મારૂં કહ્યું માનો. પાછળથી પસ્તાશો.

"એવું બનેજ નહિ; અને માન કે બને તોપણ તેને ભણતાં અટકાવવાનો અધિકાર મને નથી; કારણકે તેનો બાપ પણ કમાય છે."

"અને તમે શું નથી કમાતા કે? છતાં જો તમારે ભેગાજ રહેવું હોય તો તમે તમારા ભાઇ સાથે રહો અને મને મારે પીયર જવા દો. મારાથી તો આ જોવાતું નથી."

"વારૂ, જોઇશું!" એમ કહી મોહને હિસાબ લખવામાં ધ્યાન પરોવ્યું; અને દેવી માનિની પલંગપર પડી ઘસઘસાટ ઉંઘવા લાગી.

ચંદ્રદેવના નિર્મળ અને શીતળ પ્રકાશે આખું વિશ્વ પ્રકાશમાન કરી દીધું છે. આ વખતે શાંતિનું અખંડ સામ્રાજ્ય વ્યાપી રહ્યું છે. સંપૂર્ણ જીવધારીઓ વિશ્વજનનીના ખોળામાં શયન કરી રહ્યા છે. પણ સુશીલાની આંખોમાં હજી ઉંઘ આવતી નથી. મદનલાલ સૂતો છે અને તે પગચંપી કરી રહી છે. થોડા સમયમાં મદનલાલની આંખ ઉઘડી ગઇ, તે સુશીલાને પગ દાબતી જોઇ બોલ્યો "હજુ સુધી જાગવાનું?"

સુશીલા—શું કરૂં? ઉંઘ આવતી નથી.

મદનલાલ—શા વિચારમાં છો?

"એજ વિચાર કરૂં છું કે કાલે અવિનાશને જવાનું છે; પણ હજી તેના જવાનો કાંઇ બંદોબસ્ત થયો નથી."

"થશે. ઉતાવળ શી છે?"

"અવિનાશના જવા વિષે મોટાભાઇ સાથે વાતચિત થઇ હતી?"

"કોની સાથે ? ભાઇ સાથે ?"

"હા."

"કહ્યું હતું, પણ લાગે છે કે ભાભી વિરૂદ્ધ છે."

"શા માટે ?"

"અવિનાશને ભણાવવા માટે. કહે છે કે ખર્ચ વધારે થશે."

સુશીલા બોલીઃ—"હરિ ! હરિ ! આવી કૃપણુતા ! તેને ભણાવવાનો ખર્ચ તમારે નહિ કરવો પડે. હું મારાં ઘરેણાં વેચીશ અને તેને ભણાવીશ. હવે તો વિઘ્ન નહિ નડેને ?"

મદનલાલે કહ્યુંઃ—"ના, કાંઈ નહિ, તારી આ ઉદારતા જોઇ મને અત્યંત હર્ષ થાય છે. કદાચ અવિનાશને ભણાવવામાં આથી પણ વધારે રકમની જરૂર પડશે તો હું ખુદ વેચાઇ જઇશ અને ..." સુશીલાએ મદનલાલનું મોઢું દાબ્યું અને બોલી "બસ, હવે છાનામાના સૂઇ રહો."

* * * * *

બીજે દિવસે અવિનાશ અલાહાબાદ ગયો.

પ્રકરણ ૮ મું–પ્રેમ–સંભાષણ.

સુકુમારીને શ્વશુરગૃહે આવ્યાને આજે પંદર દિવસ થયા છે. અવિનાશ પોતાના ઓરડામાં બેઠો બેઠો વિચાર કરે છે કે કાલે કૉલેજ જવું પડશે. આટલા દિવસનો અભ્યાસ ખોયો તે ગમે તે રીતે પુરો કરવો પડશે. આ વિચારસાગરના તરંગોમાં તે આમતેમ આંટા મારતો હતો. "આટલા બધા દિવસ સુધી સુકુમારીએ જવા દીધો નહિ. હવે ગમે તેમ થાય પણ કાલે તો જરૂર જઇશ." એટલામાંજ તેના ખભા ઉપર કોઇએ હાથ મૂક્યો. તે ચમક્યો. પાછળ ફરીને જોયું તો માલૂમ

પડયું કે કોઈ એક સોળ વર્ષની સુંદરી ઉભી ઉભી તેનો ચહેરો જોઈ જોઇને મંદહાસ્ય કરી રહી છે. તેનો કપોળ પ્રદેશ ગુલાબની માફક ખીલી રહ્યો છે. તે હરણના જેવી મોટી આંખો, નોકદાર નાસિકા, પાતળા પાતળા ગુલાબી પરવાળાં જેવા હોઠ કે જે દૂધ જેવી દાંતોની હારોને છુપાવી રહ્યા હતા, ઉન્નત વક્ષઃસ્થળ, તથા એકવડા પરંતુ સુડોળ શરીરવાળી, સાક્ષાત્ દેવીસ્વરૂપ હતી. અવિનાશનું હૃદય પ્રસન્નતાથી ખીલી ઉઠયું; કારણ કે તે યુવતી તેની સ્ત્રી સુકુમારી હતી. તેની મનોહર છબી જોઇ અવિનાશના કૉલેજના વિચારો જતા રહ્યા. સુકુમારીએ હસતાં હસતાં કહ્યુંઃ—“ તમારા હાથમાં હમેશાં પુસ્તક હોય છેજ. હું આટલું આટલું કહું છું પણ તમે સાંભળતાજ નથી. શું એની સાથે રાત–દિવસ આંખોને તસ્દી આપવી સારૂં છે ? ખરેખર આ પુસ્તકો તો મારી શોક્યની ગરજ સારે છે ! ! ”

અવિનાશ—એની સાથે રાતદિવસ નહિ માથું ફોડું તો પછી તું મામલતદારણ ક્યાંથી કહેવાશે ? ”

સુકુમારી—“ મારે મામલતદારી નથી જોઇતી. બસ; એલ. એલ. બી. ની પરીક્ષા પાસ કરવી અને સ્વતંત્રતાથી વકીલાત કરવી.”

અવિનાશ—“ હાં, વકીલણ થવાની ઇચ્છા છે, કેમ એજ ને!”

સુકુમારી નિરૂત્તર થઇ ગઇ. અવિનાશે કહ્યુંઃ—“ હું અલાહાબાદ જઇશ.”

સુકુમારી—“કેમ? હજુ તો તમારી રજામાં બે દિવસ બાકી છે ને?”

અવિનાશ—“ બાકી ક્યાં છે ? ઉલટા બે દિવસ વધારે થયા.

સુકુમારી—“ પરમ દિવસે પણ તમે એમજ કહેતા હતા. ”

અવિનાશ—“ પણ આજ સત્ય બોલું છું. કર્ત્તવ્યને લીધે મારે તારો સુખમય સહવાસ છોડવો પડે છે. હાલ ના જાઉં તો થોડા સમયની આ ભૂલનું પરિણામ ભયંકર આવે. ” સુકુમારીનો ચહેરો ઉદાસ

થઇ ગયો. તેની આંખો ભરાઇ આવી. તેણે તેના બન્ને હાથ અવિનાશના ગળામાં નાખ્યા અને તે બોલી " પ્રાણેશ્વર ! મારી એ તીવ્ર ઇચ્છા છે. કે સદૈવ રજનીપતિ ચંદ્રદેવની શીતળ ચંદ્રિકામાં બેસી હું તમારી સાથે હાસ્યવિનોદ કરૂં. હમ્મેશાં તમારી સાથે રહી એક પતિવ્રતા સ્ત્રીની માફક મારા ધર્મનું પાલન કરૂં અને તમારી સેવા કરી પુણ્યભાગી બનું; પરંતુ......" એક ઉંડો શ્વાસ નાખી તે ફરીથી બોલીઃ— " પ્રાણનાથ ! આ સર્વ આશાઓ હોવા છતાં પણ તમને કર્ત્તવ્યથી વિમુખ કરવા એ હું મહાપાપ સમજું છું. તમે ખુશીથી ભણવા જાઓ; પણ......" સુકુમારીનાં જે આંસુઓ આંખોમાં એકઠાં થયાં હતાં તે એકદમ નીચે આવ્યાં અને મોતીની માફક અવિનાશના મોં ઉપર પડયાં.—" કોઇની જાળમાં પડીને આ દાસીને છેક વિસરી જતા નહિ. આપને હું દૂરથી પણ સૂરજમુખી ફૂલની માફક પૂજતી રહીશ. "

અવિનાશ તેનાં આંસુ લુછતો બોલ્યોઃ—" રડે છે શા માટે ? આખર..." તે આટલું બોલ્યો એટલામાંજ કોઇએ નીચેથી તેને બોલાવ્યો. સુકુમારીને શાન્ત કરી તે નીચે ગયો. સુશીલાએ તેને ખાવામાટે બુમ પાડી હતી તેથી તે પાટલાપર બેઠો. જમી રહ્યો. વખત થયો, ગાડી પણ આવી પહોંચી. અવિનાશે સાથે લઈ જવાનો સરસામાન તૈયાર કર્યો હતો તે ગાડીમાં મૂકાવ્યો. સર્વને મળીને અવિનાશ અંતઃપુરમાંથી બહાર દિવાનખાનામાં આવ્યો અને કાકાની પાસે સવિનય ઉભો રહ્યો. મોહનલાલે કહ્યુંઃ—"અવિનાશ! સુખરૂપ પહોંચ્યાનો કાગળ લખજે."

અવિનાશ—" બહુ સારૂ. હવે આજ્ઞા આપો. ગાડીનો સમય થયો છે. " એમ કહી તેણે કાકાને અને પૂજ્ય પિતાને પ્રણામ કર્યા. વડીલોનો આશીર્વાદ લઇ ગાડીમાં બેઠો. કોચમેને ધીમેથી ઘોડાને ચાબુક મારી. ઘોડા ગાડી લઇને પવનવેગે દોડયો.

પ્રકરણ ૯ મું—અકસ્માત.

અવિનાશને વિદાય કરી મદનલાલ ઘરમાં જઇ પલંગ ઉપર સૂતો. સૂતો કે તરતજ તેના કલેજામાં સખ્ત દર્દ થવા લાગ્યું. ડૉક્ટરે ઘણા ઉપાય કર્યા પણ દર્દમાં કાંઇ ફેર પડ્યો નહિ. મદનલાલે સુશીલાને કહ્યું કે આ ચિહ્નો સારાં લાગતાં નથી. મોટા ભાઇને કહી અવિનાશને પાછો બોલાવો. હજુ તે સ્ટેશનપરજ હશે. સુશીલા ગભરાઇ ગઇ અને બોલી "ગભરાઓ છો શું કરવા? હમણાં સારૂં થઇ જશે." આમ કહ્યું ખરૂં પણ તે પોતે ગભરાવા લાગી. મદનલાલે ફરીથી કહ્યું "મારૂં કહ્યું માની અવિનાશને બોલાવી લાવવા મોટા ભાઇને મોકલ." સુશીલાએ તરતજ મોહિનીદ્વારા અવિનાશને તેડવા જવા મોહનલાલને કહેવરાવ્યું. મોહનલાલ પોતેજ સાઇકલ લઇને સ્ટેશન તરફ દોડ્યો. અવિનાશ ટીકીટ લેતો હતો એવામાંજ કાકાને આવતાં જોયા. ટીકીટ લેવાની પડતી મૂકી. કાકાની પાસે ગયો અને બોલ્યો "કાકા, શું છે? એકાએક કેમ આવવું પડયું?

મોહનલાલ—"મદનલાલની તબીયત એકદમ બગડી ગઇ છે માટે ઘેર ચાલો. ટીકીટ લીધી તો નથી ને?"

અવિનાશ—"ના, હજુ લીધી નથી." "ત્યારે જલદી કર" તે સાઇકલપર બેસી ઘર તરફ ચાલ્યો અને અવિનાશ પણ ગાડીમાં બેસી ઘર તરફ વળ્યો. ઘેર પહોંચ્યા. ત્યાં જઇ જુએ છે તો મોહિની મદનલાલને પંખો કરે છે. સુશીલા તેના પગ આગળ બેસી રહે છે. અવિનાશને જોતાંજ મદનલાલ બોલ્યો "ભાઈ! હું થોડીવારનો મહેમાન છું. તમારી રજા લઉં છું. હું દિલગીર એટલાજ માટે છું કે તમારી વધુ વખત સેવા કરી શક્યો નહિ. મારી અંતિમ એટલીજ પ્રાર્થના છે કે અવિનાશને કદાપિ અલગ કરતા નહિ. આશા

છે કે તમારા નાના ભાઇની આ અંતિમ પ્રાર્થનાનો સ્વીકાર કરશો. હવે હું જાઉં છું." અવિનાશ બોલ્યો "પિતાજી! તમે તો ચાલ્યા. મને કોને આશરે મૂકી જાઓ છો?" મદનલાલે પરાણે જવાબ આપ્યો "બેટા! ઇશ્વરને આશરે. તેના સિવાય બીજો કોણ છે?" નજદીકમાં-જ સુકુમારી ઉભી હતી. મદનલાલે તેના માથા ઉપર હાથ મૂક્યો અને કહ્યું "વહુ! સદા સુખી રહો. સદૈવ સૌભાગ્યવતી રહો." આથી વધારે સારો આશીર્વાદ સ્ત્રીઓને માટે હોતો નથી. મદનની આંખોનો રંગ બદલાવા લાગ્યો. હવે બધાં ઓરડામાંથી બહાર નીકળ્યાં. ત્યારે મદનલાલે સુશીલાને કહ્યું "હવે શું રહ્યું? હવે તારી સદાને માટે રજા લઉં છું. હવે આ જન્મમાં તારૂં મોઢું જોઇ શકીશ નહિ."

મદનલાલનું માથું પોતાના ખોળામાં લઇ હૃદયપર પત્થર મૂકી સુશીલા બોલી "પ્રાણાધાર! જીવિતેશ્વર! મારા શિરોમણિ! આવી કઠોરતા ક્યારે શીખ્યા?" સુશીલાની આંખોમાંથી દડદડ આંસુ ચાલ્યાં અને મદનલાલના મોઢા ઉપર પડયાં. તે ફરીથી બોલી "તમે મને એક દિવસે કહ્યું હતું કે 'મને તારો વિયોગ નહિ થાય' અને આજે આવા નિરાશાજનક શબ્દો બોલો છો." આમ કહી સુશીલા ડુસકાં ભરવા લાગી. તે મદનલાલને વળગી પડી અને બોલી "તમે મારી પાસેથી સદાને માટે વિદાય થવા ઇચ્છો છો પણ હું તમારાથી એક પણ ક્ષણ જુદી થઇશ નહિ. તમે મને છોડો છો પણ હું તમને છોડીશ નહિ. તમે કહ્યું હતું કે તમને મારા વિના સ્વર્ગમાં પણ સુખ નહિ મળે તેથી હું પણ સ્વર્ગમાં તમારી સેવા કરવા માટે તમારી સાથેજ આવું છું. ...." ત્યારબાદ સુશીલાના મુખમાંથી એક પણ શબ્દ નીકળ્યો નહિ. તે પતિવ્રતા તેના પતિની સેવા કરવા સ્વર્ગમાં પહોંચી ગઇ. મદનલાલ સમજ્યો કે સુશીલા દુઃખને લીધે બેહોશ થઇ ગઇ છે; તેથી કરીને તે ફરીથી બોલ્યો "સુશીલા! મારી

સુશીલા !" જવાબ મળ્યો નહિ. મદનલાલે સુશીલાના મુખ ઉપર ચુંબન કર્યું અને મર્મભેદી સ્વરે બોલ્યો " હાય ! પવિત્ર આત્માની શાંતિ થઇ ! એક અંધારા ગૃહનો દીપક સદાને માટે બુઝાઈ ગયો ! !"

પ્રકરણ ૧૦ મું-સમયનો રંગ.

સમયે સમયનું કામ કર્યું. દિવસ ઉપર દિવસ વહી ગયા. ધીરે ધીરે ભયંકર દુઃખ ભૂલાવા લાગ્યું. હા ! બે ત્રણ પ્રાણી એવાં છે કે જેને સુશીલા અને મદનલાલનું જન્મ સુધી વિસ્મરણ થયું નહિ. રાત્રિના અગીયાર વાગી ગયા. મોહનલાલના ઘરનાં સર્વ ખાઈ પીને નિશ્ચિંત થયાં. સુકુમારીએ પણ જે ભાવ્યું તે ખાધું. મોહિનીને ખવરાવી સુવાડી દીધી અને તે પોતે સૂવાનો પ્રબંધ કરવા લાગી, પરંતુ એવામાંજ માનિની આવી અને બોલીઃ—

" વહુ ! દાસીની તબીયત ખરાબ છે તે નહિ આવે. પગાર પણ તે બહુ લે છે, એટલે તે આવશે ત્યારે હું કહી દઇશ કે હવેથી આવે નહિ. હવે તારેજ બધું કામ કરવું પડશે; માટે એમાં ભૂલચૂક થાય નહિ તેની સરત રાખજે. જા, વાસણ-કુસણ માંજી નાખ. હું સૂઈ જાઉં છું." એ સાંભળી સુકુમારી બોલી " કાકીજી, આજ તો હું સર્વ કામ કરીશ, પણ દાસીને શું કરવા રજા આપો છો ? પાંચ રૂપીઆ તો પ્રથમથીજ આપ્યા કરો છો." માનિનીએ નાકપર આંગળી મૂકી કહ્યું:-" ચૂપ ! હવે એ ખર્ચ ક્યાંથી પૂરો પડશે ? એ દિવસો ગયા. હવે તો સર્વ કામ-કાજ હાથેજ કરવું પડશે. " સુકુમારી આ સાંભળી પોતાનાં આંસુઓ રોકી શકી નહિ. માનિનીની સમક્ષજ તેની આંખમાંથી આંસુની ધારા ચાલવા લાગી. આ જોઇ માનિનીએ કહ્યું "જો, આવી રીતે અમારા ઘરમાં કંકાસ નહિ ચાલે."

"સવારે સર્વ તૈયાર જોઇશે." આટલું કહીને માનિની ત્યાંથી ચાલી ગઇ. સુકુમારીએ રડતાં રડતાં સર્વ કામ-કાજથી પરવારી રાત્રિના બે વાગે મોહિની સૂતી હતી તેની પાસે જઇ તેને પોતાની છાતી સાથે ચાંપી પ્રાણનાથનું ધ્યાન ધરતી સૂઇ ગઇ.

છેવટે ઘરનું સર્વ કામ-કાજ કોમળ સુકુમારીને માથેજ પડયું. બિચારી પિયેરમાં ઘણાજ લાડપાડમાં ઉછરી હતી. અહીં પણ આજ સુધી તેને ઘણું સુખ હતું; પરંતુ સુશીલા અને મદનલાલની સાથે તેના સુખનો પણ અંત આવ્યો.

સુકુમારીથી આ પરિશ્રમ થઈ શકતો નહોતો. બન્ને સમય રાંધવું, વાસણ માંજવાં, ઘરમાંથી પુંજો કાઢવો, ખાંડવું, દળવું વગેરે સર્વ કામ તેનેજ કરવાનાં હતાં. એકલી તે કેટલાં કામ કરે? જોકે તેની નણંદ તેના કામકાજમાં તેને સહાયતા આપતી હતી પણ તે પુરતી નહોતી; અંતમાં તે બિચારી એટલી બધી બિમાર થઈ કે તેનાથી બિલકુલ કામ થઇ શકે તેમ રહ્યું નહિ. માનિની તો તેની સાથે બોલતી પણ નહોતી. એટલે પછી તેની હાલત તરફ તો તે ધ્યાનજ શાનું આપે? આ સ્થિતિમાં મોહિનીજ તેના જીવનનો આધાર હતી. તેજ તેની ખબર-અંતર રાખતી હતી; અને તેની સેવા-ચાકરી કરતી હતી. સુકુમારી માંદી પડી ત્યારથી દાસી પાછી આવવા લાગી; અને તેને માનિની પાસેથી માસિક પાંચ રૂપીઆ મળવા લાગ્યા. સુકુમારીની માંદગીની ખબર માનિનીએ અવિનાશને પણ આપી નહિ. તેની હાલત તદન ખરાબ થઇ ગઇ હતી. તેને હવે એમ લાગ્યું કે પોતે બચશે નહિ. તેના પ્રાણ કંઠ સુધી આવ્યા પણ બહાર નીકળ્યા નહિ. શામાટે? તેના સ્વામીનાં દર્શન કરવા માટે-તેને જોવાને માટે. સુકુમારીએ માનિનીથી છાનોમાનો અવિનાશને એક પત્ર લખ્યો હતો.

* * * * *

અલાહાબાદમાં અવિનાશની પરીક્ષા કાલેજ પૂર્ણ થઇ હતી. સવારમાંજ બોર્ડિંગ-હાઉસમાં તેના નામનો એક પત્ર આવ્યો. અક્ષર પરિચિત હતા. તેમાં શું લખ્યું છે તે જાણુવાને માટે તેણે કવર ઉઘાડી તેમાંથી પત્ર કાઢ્યો. તેમાં લખ્યું હતું:-

સુરબ્બી ભાઇશ્રી !

ભાભી સખ્ત બીમાર છે. અહીં કોઇ એમની દવા કરતું નથી. બિમારી વધવાનું કારણ પણ એજ છે. જેમ બને તેમ જલદી આવો અને સાથે કોઇ હોશીઆર ડૉકટરને લેતા આવો.

લી.

તમારી નાની બ્હેન-

મોહિનીના પ્રણામ.

ઉક્ત પત્ર વાંચતાં વાંચતાંજ અવિનાશની આંખે અંધારાં આવ્યાં. ટેબલપર માથું મૂકી તે લાંબા સમય સુધી રડ્યો. પછી ઉઠ્યો. ભૈયાને બુમ પાડી ગાડી લાવવા કહ્યું. ગાડી આવી એટલે તેમાં બેઠો અને ગાડીવાનને સ્ટેશનપર ગાડી લઇ જવા કહ્યું. સ્ટેશનપર જઇ, ટીકીટ લઇ તે ગાડીમાં બેઠો, અને ગાડી ચાલી.

પ્રકરણ ૧૧ મું-સ્વાસ્થ્ય-પરિવર્તન.

ભગવાન ભાસ્કર બરાબર માથે આવ્યા છે. તાપ સખ્ત પડે છે. ગલીઓ અને સડકોપર કોઇ દેખાતું નથી. મજુરો સુદ્ધાં આરામ લે છે. આ વખતે મોહનલાલને ત્યાં શાંતિ છે. માનિની સૂતી છે અને મોહનલાલ પોતાના કામકાજમાં ગુંથાયો છે. બાપડી મોહિની તેની ભોજાઇની પાસે બેસીને તેનું માથું દાબે છે. સુકુમારી બેહોશ છે. દુનીઆમાં શું થઇ રહ્યું છે તેનું હવે તેને ભાન રહ્યું નથી. એક-વાર તેને ભાન આવ્યું અને બોલી "હજુ નથી આવ્યા ?"

મોહિની—" ભાભી ! કોને પૂછો છો ? "

સુકુમારી—" કોઇને નહિ. " એમ કહી તેણે આંખો બંધ કરી. અને ભગવાનની પ્રાર્થના કરવા લાગીઃ–" હે ભગવાન ! જો મારો મારા સ્વામી પ્રત્યે સાચો પ્રેમ છે, જો હું સાચી પતિવ્રતા છું, જો મેં ભૂલથી પણ કોઇનું મન દુભવ્યું ના હોય, તો હે કમળનયન ! આ અંતિમ મંદવાડ વખતે મને એમનાં દર્શન આપ. પરમેશ્વર ! મારી આટલી વિનતિ સાંભળ. " આ પ્રાર્થના કરી તે આંખો બંધ કરીને પડી રહી. બાદ એકદમ હબકીને ઉઠી અને બોલીઃ–" મારા માથામાં દર્દ થાય છે. " આંખો ઉઘડી; અને જુએ છે તો ડૉક્ટરને લઇને અવિનાશ પરસેવો લો'તો તેના તરફ આવે છે. તેણે ઉઠવાનો પ્રયત્ન કર્યો પણ નિર્બળતાને લીધે ઉઠી શકી નહિ. અવિનાશના કહેવાથી ડૉક્ટરે તેની નાડી જોઈ અને કહ્યું:–" અવિનાશ ! ગભરાશો નહિ. કેસ ગંભીર નથી. આ શીશી લો, અને તેમાંથી લખ્યા મુજબ દિવસમાં ચાર વખત દવા પાજો. પહેલેથી કાળજી લેવાઇ હોત તો રોગ આટલી હદસુધી પહોંચત નહિ. " અવિનાશે કહ્યું:–" ડૉક્ટર સાહેબ ! ખબર કોણ આપે ? હું તો અલાહાબાદ હતો. આજે ત્યાંથી આવ્યો તેવોજ સ્ટેશનથી બારોબાર તમારી પાસે આવ્યો હતો. "

ડાક્ટર—" કેમ, તમારા કાકા હતાને ? "

અવિનાશ—" હા, પણ તેમણે કેમ દવા કરી નહિ તે મને માલૂમ નથી. " એમ કહી તેણે ડૉક્ટરને ફી આપવા માંડી.

ડાક્ટર—" અવિનાશ ! હું ફી નહિ લઉં. તમને ખબર નથી કે હું તમારા પિતાનો મિત્ર છું ! "

સુકુમારીને નિયમિત રીતે દવા આપવામાં આવી. મોહિની અને અવિનાશના જીવતોડ પરિશ્રમને લીધેજ કેટલાક દિવસો બાદ સુકુમારી સારી થઇ ગઇ.

પ્રકરણ ૧૨ મું-નિરાશા.

સુકુમારીનું સ્વાસ્થ્ય સુધર્યું. અવિનાશને કૉલેજમાં રજા હતી. અવિનાશનો વિચાર, એલ. એલ. બી.માં પાસ થઈ વકીલાત કરવાનો હતો; પરંતુ ઇશ્વિરને રૂચતું નહોતું. પરીક્ષાનું પરિણામ બહાર પડયું. અવિનાશ બી. એ. માં પાસ થયો. પરિણામની ખબર જાણી સુકુમારીને આનંદ થયો. એક દિવસે અવિનાશે મોહનલાલને કહ્યું:-" કાકા, હજુ મારે આગળ અભ્યાસ કરવાનો વિચાર છે. તમારી શું મરજી છે ? "

મોહનલાલે જવાબ આપ્યો:-" આગળ અભ્યાસ કરવાની કાંઇ જરૂર નથી. હવે નોકરી શોધી કાઢો " અવિનાશ કાંઇ બોલ્યો નહિ. શાંતિથી તે પોતાના ઓરડામાં ગયો, ત્યાં તેના પિતાનો ફોટો ટાંગેલો હતો, ત્યાં આગળ ઉભા રહી તેણે તે તરફ જોયાં કર્યું. તેની આંખમાંથી પ્રેમાશ્રુ નીકળ્યાં. તે દિવસ આવી રીતે વહી ગયો. બીજે દિવસે મોહિની અને માનિની વચ્ચે બોલાબોલી થઇ. અંતમાં માનિનીએ મોહિનીને અને સુકુમારી તથા અવિનાશને પણ તેની નજરમાં આવે તેવાં વેણ કહ્યાં. અવિનાશને સંબોધી માનિની બોલી " સાંભળ ! હવે હું કોઇનો પણ એક શબ્દ સાંભળવાની નથી. આજથી તને સ્પષ્ટ કહું છું કે તારો અને તારા કુટુંબનો બંદોબસ્ત કરી લે. "

અવિનાશ—કાકી ! કેવો બંદોબસ્ત કરવાનું કહો છો.

માનિની—હવે તારો, તારી વહુ અને મોહિનીનો પ્રબંધ તારે જ કરવાનો છે.

અવિનાશ—સારૂં. તમે મારી માતા સમાન છો. તમારી આજ્ઞાનું હું ઉલ્લંઘન નહિ કરૂં. હું આજેજ આ મકાનમાંથી જાઉં છું, મોહિની અને એને પંદર દિવસ અહીં રહેવા દેજો. તે દરમિયાન હું પ્રબંધ કરી શકીશ તો એ બન્નેને મારી સાથે લઇ જઇશ; અને કદાચ તેમ

નહિ બને તો પછી તમારી મરજી અનુસાર વર્તીશ."

એમ કહી અવિનાશ મોહનલાલની પાસે ગયો. તેને આશા હતી કે મોહનલાલ કાંઈ ફેંસલો આપશે; પણ તે તો માનિનીના હાથમાં રમકડાની માફક નાચતો હતો. એટલે તેનું હૃદય ક્યાંથી પીગળે? અવિનાશ સારી પેઠે સમજ્યો કે માનિનીએ કાકાના કાનમાં વિષ રેડયું છે. હવે તેમને કાંઇ વધારે કહેવું નિરર્થક છે. તે પોતાના ઓરડામાં આવ્યો અને સુકુમારીને કહ્યું:-" આજે હું અલાહાબાદ જાઉં છું."

સુકુમારી—કેમ ?

અવિનાશ—"નોકરીની શોધમાં. કાકીએ આજે આપણુને જુદા નીકળવાનું કહી દીધું. આજે હું અલાહાબાદ જઇશ. જો પંદર દિવસમાં કાંઇ પ્રબંધ કરી શકીશ તો હું આવીને તમને બન્નેને લઇ જઇશ; અને નહિ તો ત્યાંજ ત્રિવેણીના ગર્ભમાં સમાઇ જઇશ." સુકુમારીએ ઠંડો શ્વાસ લીધો અને કહ્યું:-" અમે..."

અવિનાશ વચમાંજ બોલી ઉઠયો:-" થોડા દિવસ તમે ઈશ્વર-ઉપર આધાર રાખીને રહો. એટલું ધ્યાનમાં રાખજો કે મોહિનીને કોઇ પ્રકારનું દુઃખ પડે નહિ."

સુકુમારી—મારા દેહમાં જીવ છે ત્યાં સુધી મોહિનીને કોઇપણ પ્રકારનું દુઃખ પડવા નહિ દઉં. મારાં ઘરેણાં વેચી થોડા રૂપીઆ મને આપતા જાઓ અને થોડા તમારી સાથે રાખો. કારણ કે કદાચ તમારા ગયા બાદ એની (કાકીની) મતિ બદલાઈ જાય અને તેજ દિવસે અમને ઘરમાંથી કાઢી મૂકે તો અમે શું કરીએ? તમારી પાસે પણ કાંઇ નથી. પાસે રૂપીઆ હશે તો ખાવા-પીવાની તકલીફ નહિ પડે.

અવિનાશ—"ના, મારી પાસે સો રૂપીઆની એક નોટ છે. તે મારા માટે પુરતા છે. જોજો તબીયત સંભાળજો અને મોહિનીની ખબર રાખજો." એમ કહી અવિનાશ અલાહાબાદ ગયો.

પ્રકરણ ૧૩ મું–મર્મભેદી શબ્દ.

થોડા દિવસ બાદ સુકુમારીની બાકી રહેલી આશાનો લોપ થયો. સુકુમારી અને મોહિનીને દુઃખ ઉપર દુઃખ પડવાં લાગ્યાં. રાંધવા અને ગૃહનું સર્વ કામકાજ કરવા સિવાય તેમનો બીજો કોઇ અધિકાર નહોતો. સાંજના માનિની દૂધ, પુરી, શાક, ચટણી અને અથાણા સિવાય વાળુ કરતી નહોતી અને સુકુમારી તથા મોહિનીને ઠંડો ભાત અને વધ્યુંઘટ્યું ભોજન વાળુ કરવા માટે મળતું હતું, તે પણ પેટ ભરીને નહિજ. પહેરવાને માટે એક સાલ્લો મળતો હતો. જ્યારે તે બીજો સાલ્લો માગતી ત્યારે માનિની કહેતી હતી કે ખર્ચ વધારે થાય છે માટે એકથીજ ચલાવો; પણ માનિની દિવસમાં આઠ વખત ભિન્ન ભિન્ન જાતનાં લુગડાં બદલતી હતી. સુકુમારીની પાસે તેના પોતાના દાગીના સિવાય એક કોડી પણ નથી.

એક દિવસે ફળ વેચનારો મોહનલાલના ઘરની પાસે થઇને જતો હતો. મોહનલાલ કંઇ કાર્યપ્રસંગે બહાર ગયો હતો. મોહિનીએ સુકુમારીને કહ્યું:–“ ભાભી, બે પૈસા આપો. હું દાડમ લઇ આવું. ”

સુકુમારી બોલી:—“ મોહિની ! તમે જાણો છો કે મારી પાસે ઘરેણાં અને મારા શરીર સિવાય કાંઇ નથી. અત્યારે મારી પાસે કોઇ હોત તો એકાદ ઘરેણું ગીરવી મૂકીને પણ તમને દાડમ અપાવત; પણ હાલ કોઇ હાજર નથી. કાલે જરૂર દાડમ મંગાવી આપીશ. ” આ સાંભળી મોહિની શાંત થઇ પણ તેના મને માન્યું નહિ. તે તેના કાકાના ઓરડામાં ગઇ. આમતેમ જોયું તો કોઇ જગ્યાએ પૈસા જોયા નહિ. ઉંચે મોહનલાલનો કોટ ટાંગેલો હતો. આ જોઇ મોહિનીએ વિચાર કર્યો કે એમાં પૈસા હશે; તેથી તે કોટ નીચે ઉતારવાનો વિચાર કરવા લાગી. મોહિની ખુરશીપર ચઢી અને કોટનાં ખીસાં

તપાસવા લાગી. ખીસામાં પૈસા નહોતા; પણ તેમાં ચાંદીનું એક ઘડીઆળ હતું. મોહિની સમજી કે તે પેસાની પોટલી છે; તેથી તેણે ઘડીઆળ બહાર કાઢયું. ઘડીઆળ હાથમાં લેતાંજ એકાએક તેના હાથમાંથી પડી ગયું. અને તેના ટુકડેટુકડા થયા.

ઘડીઆળ પડવાનો શબ્દ સાંભળી માનિની આવી પહોંચી. ઘડી- આળના ટુકડા જોઇ તે પગથી માથા સુધી બળી ગઇ. તેણે મોહિનીનો હાથ પકડી ખુરશી ઉપરથી નીચે ઉતારી અને બે તમાચા ખેંચી કાઢયા.

મોહનલાલ ઘરમાં આવ્યો ત્યારે માનિનીએ મીઠું મરચું મેળ- વીને ઘડીઆળની વાત કહી. મોહનલાલ બહારથી આવ્યો હતો, સખ્ત ગરમી હતી, અને ઘરમાં આવતાંજ આ વાત સાંભળી; એટલે તેનો મીજાજ હાથમાંથી ગયો. આંકણી લઇ તે મોહિનીને મારવા લાગ્યો. સુકુમારી બારણામાંજ ઉભી હતી. મોહનલાલે પાંચસાત આંકણી- ઓ મારી તો પણ મારતો બંધ થયો નહિ એ સુકુમારીથી સહન થયું નહિ. મોહિનીથી આ માર સહન થતો નહોતો તેથી બોલી "કાકા, હવે ના મારશો. હવેથી હું કોઇપણ દિવસ તમારા ઓરડામાં નહિ આવું." પણ તેણે મોહિનીના કહેવા ઉપર લક્ષ આપ્યું નહિ અને માર ચાલુ રાખ્યો. હવે સુકુમારી બોલી ઉઠી "કાકાજી! તેને તેની ભૂલની સજા મળી ગઇ. હવે માફ કરો. હવે કોઇ દિવસ અહીં નહિ આવે. જુઓ તો ખરા એના હાથ કેવા લાલ થઇ ગયા છે."

મોહનલાલના હાથ થંભી ગયા; પણ માનિનીએ કહ્યું:–"વાહ! એ બહુ સારૂં! બાળક નુકશાન કરે તોપણ તેને કંઇ કહેવાય નહિ!" સુકુમારીએ કહ્યું:–"કાકીજી! તમે તો ગજબ કરી નાખો છો. મારવાંથી શું ઘડીઆળ આખું થશે? તેને શિક્ષા થઇ ચૂકી. હવે છોડાવો" માનિની ગુસ્સાના આવેશમાં કંપવા લાગી અને મોહનલાલને કહ્યું:– "છોડી દો." બાદ મોહિનીને સુકુમારી તરફ હડસેલી દીધી. સુકુમારીએ

તેને પકડી લીધી અને જમીનપર પડતાં બચાવી લીધી. પછી માનિનીએ સુકુમારીને કહ્યું:—"બસ! આજે ને આજેજ તમે તમારો બંદોબસ્ત કરી લો. ખાવા પીવાનો પણ પ્રબંધ તમારેજ કરવાનો છે. મારા ઘરમાં તમારાં પગલાંજ જોઇએ નહિ." એમ કહીને તે ત્યાંથી ચાલી ગઈ અને નીચે જ્યાં સુકુમારીનાં આભૂષણોની પેટી હતી તે લઇને તેણે પોતાની પેટીમાં મૂકી તાળું વાસ્યું.

મોહિનીનો હાથ ઝાલી સુકુમારી નીચે આવી. તેમને આવતાં જોઈ માનિનીએ કહ્યું:—"બસ થયું. આજેજ તમે નીચેના ઓરડામાં તમારા બન્નેનો સામાન લઇને રહો. ઉપર આવવાની જરૂર નથી."

સુકુમારીએ ઓરડામાં જઇ જોયું તો તેની આભૂષણની પેટી નહોતી. તે તો સમજી કે એ માનિનીનું કર્ત્તવ્ય હતું તેથી તે વિષે કાંઇ બોલી નહિ. આવો રંગ જોઇ તેણે જરૂરી સામાન ઓરડામાં મૂક્યો અને ખોરાકની ચિંતા કરવા લાગી. પાસે ફુટી બદામ પણ નહોતી. આભૂષણોની પેટી પણ ગુમ થઇ હતી. તે મોહિનીને શું ખવડાવશે અને પોતે શું ખાશે તેની ફીકરમાં પડી. તેના ગળામાં મોતીની એક માળા હતી. તેની કિંમત આશરે ત્રણસો રૂપીઆ હતી. સુકુમારીએ એ માળા બસો રૂપીઆમાં વેચી નાખી; અને તેવડે પોતાનું કામ ચલાવી લીધું. આમ કરતાં કરતાં પંદર દિવસ વહી ગયા પણ અવિનાશ આવ્યો નહિ

પ્રકરણ ૧૪ મું—અહલબહલ.

નોકરીને માટે અવિનાશે ઘણા પ્રયત્નો કર્યા પણ તે સર્વેમાં તે નિષ્ફળ નિવડ્યો. સઘળા રૂપીઆ વપરાઇ ગયા. અદ્યાપિ પર્યંત માત્ર એનીજ ફીકર હતી તે હવે ત્રણની થઇ હતી. નોકરી વિના ખાલી

હાથે ઘેર પણ કેમ જવાય? ઘેર જાય તો પણ એજ દશા! આ વિચારોએ અવિનાશને વ્યાકુળ બનાવી દીધો. આખર એક દિવસ એવો આવ્યો કે તેની પાસે ખાવાનું પણ રહ્યું નહિ. સંસારપરથી તેનું મન ઉઠી ગયું. આ વખતે તેને સર્વ વાતની વિસ્મૃતિ થઇ ગઇ. સંધ્યાકાળ થયો હતો. તે નદીકિનારે ચાલ્યો ગયો. કિનારે જઈ ગંગા–જમનાનો સંગમ જોવા લાગ્યો. બાદ ઘણા મર્મભેદી શબ્દોથી ત્રિવેણીને સંબોધિત કરી તે બોલ્યો:–"દેવિ! હું એક અનાથ બાળક છું, મારા દુઃખનો અંત નથી. ગઇ કાલથી કડાકા થયા છે. અન્ન વિના કોણ જીવી શકે છે? સર્વ મનુષ્યોની અંતમાં જેવી દશા થાય છે તેવી દશા મારી પણ થનાર હોવાથી હું તારાજ ખોળામાં મારૂં મરણ થાય એ ઉત્તમ માનું છું. મને તારે શરણે લે અને બે નિર્દોષ અનાથ બાળાઓનું રક્ષણ કરજે." આટલું કહી તે ત્રિવેણીના ગંભીર પ્રવાહને નમસ્કાર કરી તેના ગર્ભમાં સમાવાને માટે ગળા સુધી પાણીમાં ઉતર્યો. તેનો વિચાર હતો કે આગળ વધી તે જલમગ્ન થઇ જાય; પરંતુ એટલામાંજ તેને કિનારાપરથી કોઈએ બુમ મારી કહ્યું:—

"સંસારના કષ્ટથી હતાશ થયેલ યુવક! આત્મહત્યા કરવી એ પાપ છે; માટે ધૈર્ય ધર. ભગવાન તારૂં ભલું કરશે." અવિનાશે પાછા ફરી જોયું તો તેને માલૂમ પડયું કે એક વયોવૃદ્ધ મનુષ્ય એક આંગ્લનિવાસી ગૃહસ્થની પાસે ઉભો રહીને તેને પાછો આવવા માટે ઇશારત કરી રહ્યો છે. અવિનાશ પાછો આવ્યો, અને તેણે તે વૃદ્ધ પુરૂષ તરફ દૃષ્ટિ કરી આંગ્લનિવાસીને સલામ કરી.

વૃદ્ધ પુરૂષે પૂછ્યું:—"યુવક! તમે શામાટે આત્મહત્યા કરોછો?

અવિનાશ:—મહાશય! કાંઈ પૂછશોજ નહિ. મારાથી મારૂં દુઃખમય વૃત્તાંત કહી શકાશે નહિ.

વૃદ્ધ:—કંઇક કહો તો ખરા!

અવિનાશે આદિથી અંત સુધી પોતાનું દુઃખમય વૃત્તાંત કહી સંભળાવ્યું. સાહેબ બહાદુરે આ વૃત્તાંત સાંભળી તેના તરફ કૃપાદષ્ટિએ જોયું. જો કે તે અંગ્રેજ હતો તોપણ તેનું હૃદય દયાથી ભરપુર હતું. તે એક મોટા કારખાનાનો માલિક હતો. તે હવા ખાવા માટે નદીતટપર આવ્યો હતો. એટલામાંજ અવિનાશ તેની પાસે થઇને આમ તેમ નજર કર્યા સિવાય ત્રિવેણી તરફ ચાલ્યો ગયો હતો. સાહેબને વિચાર આવ્યો કે આ યુવક આ સમયે ત્રિવેણી તરફ કેમ જતો હશે! તેને કાંઇ સંદેહ આવ્યો તેથી અવિનાશની પાછળ ધીમે ધીમે તે પણ આગળ ગયો; અને જે સમયે અવિનાશને તેણે આત્મહત્યા કરતાં જોયો કે તરતજ તેણે તેની સાથેના વૃદ્ધ પુરૂષને અવિનાશને બોલાવવા કહ્યું.

તે અંગ્રેજ ગૃહસ્થે કહ્યું:—"યુવક! તમે અંગ્રેજી જાણો છો?"

"જી હા! આજ વર્ષે હું બી. એ. માં પાસ થયો છું."

"તમે શિક્ષિત થઇ આવી નાદાની કરો છો તે શરમભરેલું છે. તમે ધૈર્ય કેમ છોડી દીધું?"

"ક્યાં સુધી ધૈર્ય ધરૂં? આખર હું પણ મનુષ્ય પ્રાણી છું. દુર્ભાગ્ય હોય છે ત્યારેજ ધૈર્યનો લોપ થઈ જાય છે."

"ખેર! જે થયું તે ખરૂં. જો તમારી નોકરી કરવાની મરજી હોય તો અમારી ઑફીસમાં એક જગ્યા છે. અમારી ઑફિસનો હેડ કલાર્ક પેન્શનપર ગયો છે. તે જગ્યા તમને મળશે. હાલ તમને માસિક દોઢસો રૂપિયાનો પગાર મળશે, પણ કામ સારૂં કરશો તો તમારો પગાર અઢીસો રૂપીઆ કરી આપીશ. હાલ તમે અમારી સાથે ચાલો. કાલે પહેલી તારીખ છે. કાલથીજ તમારી ડયુટીપર હાજર થઇ જાઓ."

અવિનાશને બીજું શું જોઇતું હતું? ઘણી ખુશી સાથે તેણે નોકરી સ્વીકારી અને સાહેબની સાથે તે તેને બંગલે ગયો. નોકરી કરતાં એક મહીનો થયા બાદ અવિનાશે સાહેબ પાસે પોતાની સ્ત્રી

અને બ્હેનને દેશમાંથી તેડી લાવવા માટે રજા માગી. સાહેબે તેમને તેડી જલદી પાછા આવવા સૂચના કરી. અવિનાશ બીજેજ દિવસે પોતાને ગામ જવા નીકળ્યો.

પ્રકરણ ૧૫ મું–દુષ્ટતાની અવધિ.

આજ કાલ કરતાં સુકુમારી અને મોહિનીને એક નાની ઓરડી-માં ગુજારો કરતાં કરતાં બે મહીના થઇ ગયા. "સર્વે રૂપીઆ ખર્ચાઇ ગયા, આભૂષણ પણ રહ્યાં નહિ, અદ્યાપિપર્યંત એમનો કાગળ પણ આવ્યો નહિ, એમની શી દશા હશે? એ શું કરતા હશે?" આવા આવા વિચારોએ સુકુમારીનું મન ભ્રમિત કરી દીધું.

સવારના પહોરમાં મોહિનીને તૃષા લાગી. બહારના ખંડમાં એક કાચનું પ્યાલું હતું કે જે માનિની તેને પીયરથી લાવી હતી. આસપાસ બીજું કોઇ વાસણ નહિ હોવાથી મોહિનીએ તે લીધું અને માનિની ના દેખે માટે ઉતાવળી ઉભી ઉભી પાણી પીવા લાગી. એવામાં કોણ જાણે ક્યાંથી માનિની આવી પહોંચી. મોહિનીને ફાળ પડી અને દહેશતને લીધે તેના હાથમાંથી કાચનું પ્યાલું પડી ગયું તેથી ફૂટી ગયું. બસ! હવે શું કહેવું! મોહિનીના ઉપર વાક્યબાણ-નો પ્રહાર થવા લાગ્યો. આ વખતે માનિનીની મૂર્ત્તિ મહા ભયંકર હતી. મોહિનીએ તેની સરળ મૂર્ત્તિ પણ જોઇ હતી, ચંચળ મૂર્ત્તિ પણ જોઇ હતી અને એક વખત તેની વિષાદિની મૂર્ત્તિ જોવાનો અવસર પણ પ્રાપ્ત થયો હતો; પણ આજના જેવી ભયંકર મૂર્ત્તિ તેણે કદી પણ જોઇ નહોતી. ક્રોધને લીધે તેના હોઠ કંપતા હતા. મોહન-લાલ પણ ત્યાં ઉભો હતો; પરંતુ તે કશુંજ બોલવાનું સાહસ કરી શક્યો નહિ. તે ચુપાચૂપ ત્યાંથી જતો રહ્યો.

માનિનીના ક્રોધને શાંત થતાં ઘણો સમય લાગ્યો. સુકુમારીએ નણંદને કહ્યું:-" શું કરવા તમે એમના પ્યાલામાં પાણી પીધું? શું આપણી ઓરડીમાં નથી? ત્યાંથી પીવું હતું. રડો છો શું કરવા?" એમ કહી તેણે પોતાના સાલ્લાના છેડાવડે તેનાં આંસુ લોહ્યાં; અને તેને શાંત પાડી.

ધીમે ધીમે બીજો પહોર વીત્યો, ત્રીજો પહોર થયો. સંધ્યાકાળ થયો અને રાત પણ પડી. ખાઈ પીને મોહિનીને લઇ સુકુમારી પથારીમાં બેઠી અને વિચાર કરવા લાગી. તેણે પોતાની ભૂત અને વર્તમાન દશાની તુલના કરી. તેની આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. થોડા સમય બાદ તે શાંત થઈ. મોહિની તેના ખોળામાં માથું મૂકી સૂઇ ગઇ હતી. સુકુમારી નીચે પ્રમાણે ધીમે ધીમે બોલતી હતી:—

"પ્રભુ! તારી લીલા અગાધ છે! કોઇના બારે દિવસ સરખી રીતે જતા નથી. રંકનો રાજા અને રાજાનો રંક કરતાં તને વાર લાગતી નથી. પ્રભુ!"

એવામાં તેની પાછળથી એક અવાજ આવ્યો:-" બરાબર દેવી! સર્વના એક સરખા દિવસો જતા નથી. તેં બહુ દુઃખ સહન કર્યું. હવે પરમેશ્વર તને સુખ આપશે."

સુકુમારીએ પાછળ ફરીને જોયું તો તેના પતિને ઉભેલો જોયો. મોહિની સૂઈ ગઇ હતી; તેથી તેણે તેનું માથું ઓશીકા ઉપર મૂકયું અને અવિનાશને પ્રણામ કર્યા. અવિનાશ તેને ઉઠાડીને ભેટયો. સુકુમારીએ પૂછયું:-" બોલો, શા સમાચાર છે? કાકાને મળી આવ્યા કે નહિ?"

અવિનાશ:—"હા, ત્યાંથીજ ચાલ્યો આવું છું. શું આજે તારે અને કાકીને લડાઈ થઇ છે?"

જ્યારે સુકુમારીએ સાચે સાચું કહ્યું ત્યારે તેણે કહ્યું:-" મને

પણ પાણીચું આપ્યું. તેઓ પણ ગુસ્સે થયા. શું કહું ? ”

સુકુમારીઃ—“પણ તેમણે કહ્યું શું ?”

અવિનાશઃ—“ ચોખ્ખે ચોખ્ખું કહી દીધું કે સવાર થતાંજ મારે સર્વને લઇને ઘરમાંથી ચાલ્યા જવું. મારૂં આવવું પણ તેટલા માટેજ છે; પણ જોતો હતો કે અત્યાચાર ક્યાં સુધી થાય છે. પરમાત્માની કૃપાથી મને સારી નોકરી મળી છે. એ સિવાય પણ અમે બન્નેએ બહુ વાતો કરી. ત્યાર બાદ એ નક્કી થયું કે કાલે પ્રાતઃકાળે આપણે સર્વેએ અહીંથી ચાલ્યાં જવું. ”

પ્રાતઃકાળ થયો, અવિનાશ કાકાની પાસે ગયો અને બોલ્યોઃ— “ કાકા ! તમારી આજ્ઞાનુસાર હું મોહિની વગેરેને અલાહાબાદ લઇ જાઉં છું. મારી એ પરમ ઇચ્છા હતી કે તે સદા તમારી પાસેજ રહી તમારી સેવા કરે. મારા પિતાની અંતિમ આજ્ઞાનું પાલન કરવું એવો મારો દૃઢ નિશ્ચય હતો; પરંતુ ઇશ્વરને તે ગમ્યું નહિ. અંતમાં આપને વિનતિ કરૂં છું કે જ્યારે પણ મારા લાયક કામ હોય ત્યારે વિના સંકોચે મને લખજો એટલે તરતજ હું હાજર થઇશ. તમે મારા પિતા સમાન છો; અને તમારા પ્રત્યે એજ પૂજ્ય દૃષ્ટિએ હું જોઉં છું. કાકીનો મારા માટે સારો અભિપ્રાય નથી એ હું મારા ઉપર ઇશ્વરનો કોપ સમજું છું. તેમના મનમાં મારા માટે ગમે તેમ હોય પણ હું તો તેમને મારી જનનીતુલ્ય ગણું છું. ” એમ કહી તેણે કાકાના ચરણકમળમાં પોતાનું મસ્તક મૂકી દીધું.

મોહનલાલનું હૃદય ગમે તેટલું કઠોર હશે, માનિનીએ તેનું હૃદય ગમે તેટલું નિષ્ઠુર બનાવ્યું હશે અને તેની નજરમાં આવે તેવી રીતે મોહનલાલના કાન ભંભેર્યા હશે તોપણ તે મનુષ્ય હતો. અવિનાશની આવી દીનતા જોઇ તેની આંખમાં આંસુ આવ્યાં. તેણે અવિનાશને ઉઠાડી કહ્યુંઃ—“ બેટા ! હુ શું કરૂં ? મારે કાંઈ સંતતિ નથી તેથી મારો

વિચાર હતો કે તારા જેવા ગુણી પુત્રને મારી છાતી આગળથી દૂર કરૂં નહિ; પરંતુ બેટા ! મારા ભાગ્યમાં તે સુખ લખ્યું નથી. હું શું કરૂં ? " એમ કહી મોહનલાલ જોરથી રડવા લાગ્યો. બાદ અવિનાશે કહ્યું: " કાકા ! રડો છો શા માટે ? હું કદી પણ આપની આજ્ઞાનું ઉલ્લંઘન કરીશ નહિ " આટલું કહી તેણે મોહનલાલને પ્રણામ કર્યા. ગાડી ઉભી હતી. સુકુમારી અને મોહિની માનિનીને પ્રણામ કરી ગાડીમાં બેઠાં. અવિનાશ પણ કાકીને પ્રણામ કરી ગાડીમાં બેઠો. ગાડી સ્ટેશન તરફ ચાલી.

પ્રકરણ ૧૬ મું—સુખ.

સમય બળવાન છે. તેને બદલાતાં વાર લાગતી નથી. જેના દ્વાર આગળ મોટા મોટા પુરૂષોને આંટા મારતા જોઇએ છીએ તેનાજ દ્વાર આગળ સમય બદલાતાં ગધેડું પણ આવતું જણાતું નથી. જે મનુષ્ય કાલે ભૂખને માટે તરફડતો હોય છે તેને આજે સમય બદલાવાથી રત્ન-સિંહાસન ઉપર બેઠેલો જોઇએ છીએ. અદ્યાપિ પર્યંત આ ભૂમંડળમાં સમયની ગતિને રોકી શકે એવો કોઇ પુરૂષ થયો નથી. મોટા મોટા વિજ્ઞાન—વેત્તાઓ અને વિદ્વાનો પણ તેની ગતિને રોકી શકયા નથી.

કેટલાક દિવસ પહેલાં જે અવિનાશ ભૂખથી વ્યાકુળ થઇ આત્મહત્યા કરવા ગયો હતો તેજ અવિનાશની આસપાસ આજે દાસ—દાસીઓ તેનો હુકમ બજાવવાને માટે હાજર રહે છે. તેને રહે-વાનું મકાન સાધારણ હતું તેને બદલે હવે તે સુંદર બંગલામાં રહે છે. સાહેબનું કામ તેણે સારી રીતે કરવાથી તેણે તેના ઉપર ખુશી થઇને પગાર અઢીસો રૂપીઆ કરી દીધો છે.

દર ત્રીજે દિવસે અવિનાશ પોતાની રાજી—ખુશીનો પત્ર મોહન-

લાલને લખ્યા કરે છે. મોહનલાલ પણ તેના પત્રોના જવાબ આપે છે; પરંતુ આજ કાલ કરતાં બે મહીનાથી મોહનલાલનો પત્ર નથી. કોણ જાણે શાથી?

આજે રવિવાર છે. બપોરના બે વાગ્યા હશે. અવિનાશ પલંગપર સૂતો છે, મોહિની બીજા ઓરડામાં બેસી "વનિતા સુબોધ" માસિક વાંચી રહી છે અને સુકુમારી અવિનાશની પાસે ખુરશી ઉપર બેઠી છે. અવિનાશની ઉંઘ ઉડી ગઈ અને સુકુમારીને પાણી લાવવા કહ્યું:–તેણે હાથ મોઢું ધોઇ કહ્યું:–"બોલો? શા વિચાર ચાલે છે?"

સુકુમારી—કંઇ નહિ.

અવિનાશ—કંઇ તો જરૂર.

"હુ એજ વિચાર કરૂં છું કે મોહિની મોટી થઇ."

"હું પણ ઘણા દિવસથી એજ વિચાર કરૂં છું."

"મોહિનીને લાયક કોઇ છોકરો છે?

"હજી સુધી કોઇ ધ્યાનમાં ઉતરતો નથી; પણ હા, એક છે. અને તેની સાથે નક્કી થાય એમ લાગે છે."

"ક્યારે?"

"જલદી. તું શ્યામચંદ્રને તો ઓળખે છે, જે એલ. એલ. બી. નો અભ્યાસ કરે છે; દેખાવડો પણ છે. તને યાદ હોય તો તે એક દિવસ આપણને મળવા આવ્યો હતો."

"હા, હા! બરાબર. હવે યાદ આવ્યું. વારૂ, એ કોનો પુત્ર છે?"

"તેનો બાપ ડેપ્યુટી કલેક્ટર છે, અને ઘરનો પણ સુખી છે."

"કેમ ના હોય? ડેપ્યુટી કલેક્ટરનો પુત્ર અને વળી સુંદર. હવે શાની રાહ જુઓ છો?"

અવિનાશે હસીને કહ્યું:–"માત્ર તારી સલાહ લેવાની."

પ્રકરણ ૧૭ મું-મોહનલાલનો પત્ર.

આજે ઘણે દિવસે મોહનલાલનો પત્ર આવ્યો. તેમાં લખ્યું છે કેઃ-

ચીરંજીવી અવિનાશ!

તમે સઘળાં ખુશી આનંદમાં હશોજ. આજે ઘણે દિવસે હું પત્ર લખું છું. શું કરૂં ? ઇશ્વરને ઘેર ન્યાય છે. તારી કાકીએ અન્યાય કરી તમને સઘળાંને દુઃખી કર્યાં. પરમેશ્વરે તેને અન્યાયનો બદલો આપ્યો છે. તેને લકવા થયો છે જેથી કરીને તેનાથી ઉઠાતું કે બેસાતું નથી. મને લાગતું નથી કે તે આ ભયંકર રોગમાંથી બચે. હું ઇચ્છું છું કે તેનું મૃત્યુજ થાય. તારા જેવા નિર્દોષ બાળકને જેણે દુશ્મન કરતાં પણ વધારે દુઃખ દીધું તે આ સંસારમાંથી રવાના થાય એજ બ્હેતર છે. પંદર દિવસપર આપણા ઘરમાં ચોરી થઇ છે. રૂપીઆ અને ઝવેરાતની પેટી ચોર લોકો ઉપાડી ગયા છે. અદ્યાપિ-પર્યંત તેમનો પત્તો નથી. ધન-દોલત વગેરે તો ગયું. હવે તારી કાકી જાય એટલે હું નિશ્ચિંત થાઉં. એક વખત તને મળી મારા હૃદયનો ઉભરો ખાલી કરૂં એમ મને થાય છે; તેટલા માટેજ આ પત્ર તને લખ્યો છે. એક વખત અહીં આવી મને મળી જા. ત્યાર-બાદ તારી નજરમાં આવે તો પાછો જજે અને મને ભૂલી જજે. મારી આ અંતિમ ઇચ્છા છે.

લી.

મોહનલાલના આશીર્વાદ.

અવિનાશે એક નિસાસો મૂકયો, અને સુકુમારીને ઉપર્યુક્ત પત્ર વાંચવા આપ્યો. સુકુમારીએ વાંચ્યો અને કહ્યુંઃ-" તમે આજે ને આ-જેજ દેશમાં જાઓ અને બન્નેને અહીં તેડી લાવો. લકવો એ અસાધ્ય રોગ નથી એટલે ગભરાવા જેવું કાંઇ નથી. પરમાત્મા કરશે

તો સૌ સારા વાનાં થશે."

* * * * *

આજે અવિનાશ પોતાની જન્મભૂમિમાં આવ્યો છે. તેના વિશાળ ભુવનમાં પ્રથમ જે રોનક, સફાઇ અને સુંદરતા હતી તે હવે રહી નથી. તે ઘરમાં દાખલ થયો. મોહનલાલ તેને જોતાંજ રડી પડ્યો. અવિનાશ તેની આવી દશા જોઇ રડવા લાગ્યો અને માનિનીને પગે લાગ્યો. માનિની કાંઇ બોલી શકી નહિ પણ તેની આંખમાં આંસુ આવ્યાં તેણે રડતાં રડતાં કહ્યું:–"અવિનાશ! તું અહીં કેમ આવ્યો? હવે મને મરવા દે!"

અવિનાશ—"કાકી! તમે આ શું બોલો છો? તમારી તબીયત સુધરી જશે. તમને અલાહાબાદ તેડી જવા માટે હું આવ્યો છું. હવા–ફેર થશે એટલે તમારી તબીયત સુધરતાં વાર નહિ લાગે."

માનિની—"બેટા! હવે મને જીવવાની ઇચ્છા નથી. તને મળી તારી વહુ અને મોહિનીને મળાત તો મારા મનની આશા પૂરી થાત. થોડી વાર પછી ફરીથી તે બોલી–"જેના તરફ મેં કદી પણ પ્યારની દૃષ્ટિએ જોયું નથી એ દેવીને હું મારૂં મોં કેવી રીતે દેખાડું?'

અવિનાશે જવાબ આપ્યો:–"ના, કાકી! આવું ના બોલો. તમે અમને કોઇ પણ પ્રકારનું દુઃખ દીધું નથી. અમારા નશીબમાં દુઃખ ભોગવવાનું લખ્યું હોય તે કોણ મિથ્યા કરી શકે? તેમાં તમારો દોષ નહોતો પણ અમારા કર્મનો દોષ હતો."

ત્યાં અવિનાશે રાત્રિ ગાળી. બીજે દિવસે પ્રાતઃકાળમાં તે માનિની અને મોહનલાલને લઇ અલાહાબાદ આવી પહોંચ્યો.

અવિનાશે એક પ્રખ્યાત ડૉકટરને બોલાવી માનિનીના રોગનો ઉપચાર શરૂ કર્યો. સુકુમારી અને મોહિની જીવજાનથી તેની ચાકરી કરવા લાગ્યાં. ધન્ય છે સુકુમારી! ધન્ય છે તારાં માતા–પિતાને અને

ધન્ય છે તારા પૂર્વજોને. જે સેવા કોઇ પણ પ્રકારની લાલચથી કરવામાં આવે છે તેનું ફળ તરત મળતું નથી; પણ જો પ્રેમ અને શ્રદ્ધાથી સેવા કરવામાં આવે તો તેના ચમત્કારનો પડઘો જલદીજ મળે છે. સુકુમારી અને મોહિનીની પ્રેમમય સેવાથી માનિનીને ધાર્યા કરતાં બહુ ત્વરાએ આરામ થવા લાગ્યો; અને થોડાજ સમયમાં તેની તબીયત એકદમ સારી થઈ ગઇ. મોહનલાલ આ જોઇને અત્યંત પ્રસન્ન થઇ ગયો.

હવે માનિની કાંઇ પહેલાંની માનિની નથી. તેનો સ્વભાવ ફેરવાઈ ગયો છે. તે સમજી કે સુકુમારી સાક્ષાત્ દેવીનો અવતાર છે અને પોતે ડાકણ છે. તેણે સુકુમારીને જે જે દુઃખ દીધું હતું તેનો તે પસ્તાવો કરવા લાગી, તેણે વિચાર કર્યો કે જો સુકુમારીએ તેની સેવા—ચાકરી કરી ના હોત તો આ દુનિયામાંથી તે ક્યારનીએ ચાલી ગઈ હોત. તે આભારના ભારથી દબાઈ ગઈ. તેણે એક દિવસે સુકુમારીને કહ્યું:—" વહુ ! બેટા ! મેં તને બહુ દુઃખ દીધું છે. તું મને ક્ષમા નહિ કરે ? "

સુકુમારી બોલી:—" કાકીજી ! તમે શું કહો છો ? હું તો તમારૂં છોરૂ છું. તમે મારાં મુરબ્બી છો. તમે મને કોઇ પણ પ્રકારનું કષ્ટ આપ્યું નથી. હવેથી આવી વાત કહો તો તમને મારા સમ." ત્યારબાદ માનિની કાંઇ બોલી નહિ. તેણે સુકુમારીને પોતાની પાસે બેસાડી કહ્યું:—" મારી વહુ, તું મારી દીકરી છે અને હું તારી મા છું."

મોહિની પાછળજ ઉભી હતી તે આ બન્ને વચ્ચે થતી વાત સાંભળી બોલી:—" કાકી ! ભાભી તો તમારી દીકરી બન્યાં પણ હું તો રહી ગઈ ! " આના પ્રત્યુત્તરમાં માનિનીએ તેને ખોળામાં બેસાડી પ્રેમથી ચુંબન કર્યું.

પ્રકરણ ૧૮ મું–મોહિનીનાં લગ્ન.

આજે મોહિનીનાં લગ્નનો દિવસ છે. જ્યાં જુઓ ત્યાં આનંદ પ્રસરી રહ્યો છે. સ્ત્રીઓ મંગળ ગીતો ગાઇ રહી છે. સિતાર અને અને હારમોનિયમના અવાજની સાથે ગાયન કળામાં કુશળ કોમળ બાળાઓના અવાજ કાનને મધુર લાગે છે. મોહિનીને તેની સખીઓએ સ્ત્રીનું રૂપ આપીને તેને સુંદર સુંદર આભૂષણો અને વસ્ત્રો પહેરાવ્યાં છે.

મંડપમાં આવતાં મનુષ્યોને અવિનાશ આદર આપી યોગ્યતાનુસાર આસનપર બેસાડતો હતો. કોઇને કોઇ પણ પ્રકારની અગવડ પડે નહિ તેનું ધ્યાન તે રાખતો હતો. મોહિનીના પતિનું નામ સ્યામચંદ્ર છે. સ્યામચંદ્રે આ સાલમાંજ એલ. એલ. બી. ની પરીક્ષા પાસ કરી છે. આ યુવક મોહિનીનો પતિદેવતા છે.

લગ્નનાં સર્વ કાર્ય શાંતિપૂર્વક પૂર્ણ થયાં. આજે મોહિનીને વળાવવાની છે. પ્રાતઃકાળથીજ સુકુમારી અને માનિની તેના પ્રબંધમાં રોકાયાં છે. વરઘોડીઉં વળાવવાનો સમય આવી પહોંચ્યો. મોહિનીની આંખોમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. તેની સખીઓ બોલી.

પહેલી સખીઃ—"મોહિની! રડે છે કેમ?"

બીજીઃ—"કંઇ નહિ! એતો લીલા!!"

ત્રીજીઃ—"શું તારે કંઇ કહેવું છે? મેં તો આવી લીલા ઘણા દિવસ થયાં પૂરી કરી દીધી છે."

ચોથીઃ—"અરે! એતો ઢોંગ છે."

પાંચમીઃ—"ના, ના. ઢોંગ નહિ. એતો સ્યામનું ધ્યાન ધરે છે."

મોહિની સર્વની વાતો સાંભળતી હતી, રડતી હતી અને સર્વની તરફ જોઇ નીચું જોતી હતી. આખર તેને પણ હસવું આવ્યું! બાદ કંઇક હસવાનો ને કંઇક રડવાનો ભાવ દેખાડી બોલીઃ–"ભાઇ...

પહેલી સખી બોલી ઉઠી:-"વાહ, આખર બોલી ખરી." વિદાય થતી વખતે શ્યામચંદ્ર અને મોહિની પાટલા ઉપર ઉભાં રહ્યાં. માનિનીએ આવી શ્યામચંદ્રના ઉન્નત લલાટપર કુમકુમનો ચાંલ્લો કર્યો. બાકીની ક્રિયા પૂરી કરી માનિની જવા લાગી એટલે યુવતીઓના ટોળામાંથી કોઈએ કહ્યું:-"શ્યામચંદ્ર! જાય નહિ. છેડો પકડો અને કહો કે સાસુ થયાં તેનો હક્ક આપતાં જાઓ." તેણે તરતજ માનિનીનો છેડો પકડ્યો અને કહ્યું:-"વાહ! તમે તો મને છેતર્યો."

માનિની:—"કેવી રીતે? વારૂ, તેના બદલામાં તમે શું લેશો?"

શ્યામચંદ્ર:—"તમારી મરજીમાં આવે તે આપો."

માનિની:—"તમે કહો તે આપું."

શ્યામચંદ્ર:—"ના, હું નહિ કહું."

વધારે વાદ-વિવાદમાં નહિ ઉતરતાં માનિનીએ સો સો રૂપીઆના ચાર નોટ આપ્યા; અને કહ્યું:-"ખુશ રહો." શ્યામે કહ્યું:-"ગળાનો કંઠો પણ આપો." તરતજ માનિનીએ કોઈ પણ પ્રકારની આનાકાની કર્યા સિવાય શ્યામચંદ્રના ગળામાં કંઠો પહેરાવ્યો અને કહ્યું:-"હવે કાંઈ?" શ્યામચંદ્રે કહ્યું:-"ના, બસ! જાઓ. થોડામાં પત્યું." એક યુવતી બોલી ઉઠી: "વાહરે વાહ! હજાર રૂપીયા તો લીધા; તોપણ કહો છો કે થોડામાં પત્યું!"


હવે વરઘોડીઉં વળાવવાનો સમય આવી પહોંચ્યો. પ્રથમ મોહિની મોહનલાલને મળી, પછી માનિનીને મળી. ત્યાર બાદ સુકુમારીના ગળે વળગી પડી અને ખૂબ રડી. સુકુમારીએ તેને સમજાવી શાંત પાડી અને ગાડીમાં બેસાડી. ત્યાર બાદ અવિનાશે શ્યામચંદ્રને કહ્યું:-"શ્યામચંદ્ર! હવે મારી બ્હેનને તમારે શરણે સોંપું છું. તે ફૂલ ચીમળાઈ જાય નહિ તેની સંભાળ હવે તમારે રાખવાની છે. તેને કોઈ પણ પ્રકારનું દુઃખ પડે નહિ તે બાબત ધ્યાન રાખજો. તમે

સમજુ છો એટલે કાંઇ વિશેષ કહેતો નથી."

શ્યામચંદ્રે જવાબ આપ્યો "આપ ચિંતા કરશો નહિ. આપની આજ્ઞાનું સદૈવ પાલન કરીશ."

વરઘોડીઉં વિદાય થવા લાગ્યું એટલે અવિનાશે એ સોવરેન મોહિનીના હાથમાં મૂકી બોલ્યો "મોહિની! સર્વની સાથે સલાહ સંપથી વર્તજે અને સર્વને પ્રસન્ન રાખવાની કોશીશ કરજે." વરઘોડીઉં ચાલ્યું.

મૂળ લેખકઃ-"બાનલક્ષ્મી બહુ."



૩—હું તો જઈશ.

૧

હરદ્વારનો કુંભનો મેળો વિશ્વવિખ્યાત છે. ગયા મેળા વખતે એપ્રિલની પહેલી તારીખથી ત્યાં યાત્રાળુઓનો જમાવ થવા લાગ્યો હતો. તેરમી એપ્રિલ પર્યંતમાં ત્યાં લાખો યાત્રાળુઓ આવી ગયાં હતાં. યાત્રાળુઓની એટલી બધી ભીડ હતી કે તલપુર જગ્યા ખાલી નહોતી. ગંગા મહારાણી શીતળ, પવિત્ર અને મધુર જળના વેગથી કલરવ કરતી, યાત્રાળુઓનું સ્વાગત કરતી હતી. યાત્રાળુઓની સંખ્યા એટલી મોટી થઈ ચૂકી હતી કે કોઇ પણ સ્થાનમાં બેસવા ઉઠવાની જગ્યા મળતી નહિ. આમ છતાં હજી પણ ઘડી બે ઘડીને અંતરે યાત્રાળુઓથી ભરપુર માલ–ગાડીઓ આવ્યે જતી. બાર વર્ષે કુંભનો મેળો ભરાતો હોવાને લીધે આ પ્રસંગે હરેક ધાર્મિક પુરૂષ અને સ્ત્રી એક વાર હરદ્વારના આ મેળા સમયે ગંગાસ્નાન કરવા ઉત્સુક હતાં. આ સ્થળે એપ્રિલની તેરમી તારીખે બનેલી એક ઘટનાનું વર્ણન કરતાં મને ઘણું દુઃખ થાય છે, પરંતુ તે નિવેદન કરવાની મારી ફરજ સમજું છું. આ હકીકત વાંચવાથી વાચકોને વિદિત થશે કે મોટાઓની શીખામણ નહિ માનવાથી કેટલું નુકશાન થાય છે અને સ્ત્રીઓને માટે આવા મોટા મેળાઓમાં જવું ઉચિત છે કે નહિ.

એક શેઠ:—જેનું નામ લખવું મારા ધારવા પ્રમાણે અનુચિત છે તે બપોરના બારને આશરે ભોજન કરવા માટે ઘેર આવ્યો હતો. ઘણા હેતથી તેની સ્ત્રીએ ભોજન પીરસ્યું અને તે શેઠની પાસે બેઠી.

શેઠાણીઃ—કાલે તો કુંભનો મેળો છે. તમે મેળાનાં દર્શન કરવા નહિ જાઓ ? જે ને તે જાય છે, કોણ જાણે તમારૂંજ દિલ આવું ક્યાંથી કે કોઇ જગ્યાએ જવુંજ નહિ ! એકાદ દિવસ દુકાન બંધ કરો તો શું વાંધો? કુંભનો મેળો કાંઈ વર્ષો વર્ષ તો આવતો નથી ! બાર વર્ષે આવે છે. કુંભ–સમયે ગંગામાં સ્નાન કરવાથી સર્વ પાપ નષ્ટ થઇ જાય છે. હું તો કહું છું કે તમે આવો તો હું પણ તમારી સાથે આવું, તીર્થ થશે અને હરદ્વાર પણ જોવાશે. હવે તો માત્ર આજનોજ દિવસ વચ્ચે છે.

શેઠઃ—અરે, ગાંડી તું તો સમજતી નથી. આવી ભીડમાં તે શું મરવા સારૂ જવું ? આજે રામલાલ હરદ્વારથી આવ્યો તે કહેતો હતો કે "ભીડ ઘણી છે, બેસવાની પણ જગ્યા મળતી નથી. કેટલાંએ આદમી કૉલેરાની બીમારીથી મરી ગયાં, અને કેટલાંક ભૂલાં પડી ગયાં; માટે એવામાં જવાની જરૂરજ નથી. હું તો કંઇ જતો આવતો નથી. ક્યાં રેલમાં ઘુસતો ફરૂં ? રેલવે ગાડીમાં પણ બેસવાની જગ્યા મળતી નથી; અને માલના તથા ઢોરોના ડબામાં માણસોને બકરાંની પેઠે પૂરે છે. તેમાં વળી મારૂં ભારે શરીર, માટે આપણે તો મેળામાં જવું નથી. કાલે આપણે બન્ને જણ અહીંજ નદીમાં સ્નાન કરીશું. કહ્યું છે કેઃ–"મન ચંગા તો કથરોટમાં ગંગા."

શેઠાણીઃ—ત્યારે શું જેઓ દૂર દૂરથી ગંગામાં સ્નાન કરવા આવતાં હશે તે બધાં ગાંડા હશે ? શું તેમનામાં બુદ્ધિ નહિ હોય ? તીરથ તે તીરથ ને ઘર તે ઘર. એમ કહોને કે પાઈ તોડવી એજ ગમતું નથી ! કહે છે કે પાપી માણસથી તીરથ જવાતું નથી. હું તો કહું છું કે "હું તો જઇશ." સર્વે આડોશી પાડોશીની સ્રીઓ જાય છે. તેમની સાથે અમે સાસુ વહુ જઇશું. તમે ગમે તેટલું કહેશો પણ તે હવે નહિ ચાલે; સમજ્યા ? મારૂં મન પાપી નથી, ગંગામાં સ્નાન કરવાનું ઘણું માહાત્મ્ય છે.

શેઠ:—તારાથી મારી રજા સિવાય જવાય ?

શેઠાણી:—ભમે તે થાય પણ આપણે તો બસ જવાનાંજ.

શેઠ ગુસ્સાને લીધે લાલચોળ થઇ ગયા; પણ શું કરે ? બડબડતા દુકાને ચાલ્યો ગયા. ત્યાં જઈ મોટી ચિંતામાં પડ્યા કે સ્ત્રી કોઇ પણ ઉપાયથી માને એમ લાગતું નથી. ઉલટી 'ચોર કોટવાલને દંડે' તેમ મનેજ પાપી બનાવે છે. ખેર, સમજે તો ઠીક. નહિતો પછી ફીકર નહિ. બીજી સ્ત્રીઓની સોબત છે.

૨

સાંજના પાંચના અરસામાં શેઠાણી સહિત આઠ દશ સ્ત્રીઓ પોત પોતાની ગાંસડી બગલમાં લઈ સ્ટેશન તરફ ચાલી. ટીકીટો લીધી. ગાડી આવવાનો સમય થઈ ગયો; પરંતુ તેમને સ્ટેશનના પ્લેટફોર્મ-ઉપર જવાનો પ્રસંગ મલ્યો નહિ. ગાડી આવી પહોંચી પણ પ્લેટફોર્મ ઉપર તેમને કોઇએ જવા દીધાં નહિ.

શેઠાણી:—અરે માસ્તર સાહેબ, અમને જવા દો. લો (એક રૂપીઓ કાઢી) મીઠાઈ ખાજો.

એક વોલંટીયરે:—સ્વયંસેવકે આ જોયું કે તરતજ કહ્યું:—કેમ આ શું આપો છો ? થોભો, થોભો. (ટીકીટ જોનારને) તમને શરમ આવતી નથી કે આવા ધર્મના પ્રસગંમાં પણ મુસાફરોને લૂંટો છો ! શરમ છે શરમ ! કેમ દાખલ થવા દેતા નથી ?

સ્વયંસેવક (શેઠાણીને):—માજી, આવો મારી સાથે આવો. ચાલો ગાડીમાં બેસાડું.

શેઠાણી:—ચાલ બેટા, તારૂં રામજી ભલું કરશે.

સ્વયંસેવકની કૃપાથી જેમ તેમ કરી સર્વ સ્ત્રીઓને ગાડીમાં સ્થાન મળ્યું. ઘણી વાર સુધી પશુની પેઠે ગાડીમાં પુરાઈ રહી, મહામહેનતે શેઠાણી સર્વ સાહેલીઓની સાથે હરદ્વાર પહોંચી. ગૅસ અને

વિજળીની રોશનીથી રસ્તા ઝગમગી રહ્યા હતા. મધ્ય રાત્રિ થઇ ગઇ હતી તોપણ લોકોનો અવર જવર કમી થયો નહોતો. આ સઘળી સ્ત્રીઓ આ સઘળો દેખાવ જોઇ ખુશી થઇ ગઇ. બાદ કાંઇક ભોજન આદિ કરી વિશ્રામ લેવાના અનેક પ્રયત્નો થયા. વિચાર કરતાં કરતાં કોઇએક ધર્મશાળામાં જવાના શેઠાણીના વિચાર સાથે સર્વે સહમત થયાં. ધર્મશાળામાં ગયાં, પરંતુ ત્યાં પણ ઓરડી મળી નહિ, તેથી ઓસરીમાં પથારી કરી સર્વે સૂઇ ગયાં. રાત્રિ જેમ તેમ કરી ગાળી. પ્રાતઃકાળનો સમય ઘણો રળીયામણો હતો; પરંતુ શોક કે એજ પ્રાતઃ-કાળે અનેક યાત્રાળુઓનાં ભીડમાં બલિદાન થયાં.

આઠ વાગવાનો સમય થયો છે, સર્વે યાત્રાળુઓ ગંગાસ્નાન માટે તૈયાર થઇ રહ્યાં છે. શેઠાણી પણ તેની વહુ, પુત્રી અને સર્વે સ્ત્રીઓ સાથે કપડાં બાંધી ગંગાસ્નાન કરવા માટે જવા લાગી. ધર્મશાળામાંથી નીકળતાં તેમને લાગ્યું કે લોકોની ભીડ ઓછી છે, તેથી તેઓ સઘળાં આગળ ચાલ્યાં, પણ આગળ જતાં ભીડ ઘણીજ દેખાઇ. રસ્તો બંધ થયો હોય એમ લાગ્યું, પરંતુ સાવધાની રાખી સર્વેએ આગળ ચાલવા માંડયું. હવે તો આદમીઓની ભીડ એટલી બધી જામી હતી કે સૌ સૌને પોતાના જીવનીજ ચિંતા થઇ પડી, સોબતીનો વિચાર કોઇને રહ્યો નહિ. કોઇ કયાં તો કોઇ કયાં, એમ સર્વે છુટાં પડી ગયાં. શેઠાણીએ તો તેની વહુ અને પુત્રીના હાથ જોરથી પકડી રાખ્યા હતા, તેથી તે ત્રણ જણ છુટા પડયાં નહિ; પણ ભીડ વધી જતાં તે પણ ગભરાવા લાગી.

શેઠાણીઃ—કિરણ ! (પુત્રીનું નામ) હાય, હવે શું કરૂં ? આપણો સંગાત તો કોણ જાણે કયાં જતો રહ્યો. મારાથી તો હવે શ્વાસ પણ લેવાતો નથી. શેઠ ખરૂં કહેતા હતા કે ભીડ ઘણી છે. તેમણે તો ચોખ્ખી ના કહી હતી, પણ મારીજ બુદ્ધિ મારી ગઈ હતી. હવે

ખબર પડી. દમ તો લેવાતો નથી. આવી ભીડમાં કેમ જીવાશે? ખેર, રામજી માલિક છે. તું રડીશ નહિ. કદાચ આગળ ભીડ ઓછી હશે. ઓ ગંગા મહારાણી! જો અમે બધાં સહીસલામત રહીશું તો તમને એક રૂપીઆની થાળ ધરાવીશ.

પાછળથી એક ધક્કો આવતાંજ રેલાની માફક શેઠાણી આગળ જતી રહી. જ્યારે દમ બંધ થઇ જતો ત્યારે તે બુમ પાડતી હતી, પણ ત્યાં તે તરફ કોણ લક્ષ આપે? આમ કરતાં કરતાં સ્નાન કરવાના ઘાટ આગળ શેઠાણી આવી પહોંચ્યાં; પરંતુ એટલામાંજ પાછળથી એક એવો ધક્કો આવ્યો કે કોઇ પણ પોતાના શરીર ઉપર કાબુ રાખી શકયું નહિ.

"અરે વહુ! શું પડી? સંભાળ! અરે કોઈ બચાવો, બચાવો. વહુ પડી." પણ ત્યાં કોણ સાંભળે? દરેકને પોતપોતાનો જીવ બચાવવાની પડી હોય ત્યાં બીજાની બુમો પ્રત્યે લક્ષ કોણ આપે? વહુ ભીડમાં દબાવાથી બેહોશ થઈ ગઇ અને નીચે પડી ગઇ. સેંકડો યાત્રાળુઓ તેના ઉપર થઇને ચાલી ગયા. ગમે તેવા મજબુત પુરૂષનો પણ હિસાબ નહિ ત્યાં બિચારી વહુનું તે શું ગજું? શેઠાણી વહુને ઉઠાડવા સારૂ નીચી નમી એટલામાંજ પાછળથી બીજો ધક્કો આવવાથી તે પણ પડી ગઇ અને રામશરણ થઇ ગઇ. બેશુમાર આદમીઓ તેમના ઉપર થઇને નીચે ઉતર્યાં. બન્ને કચરાઇ મુવાં અને તેમનાં હાડકાં—પાંસળાંનાં ચુરેચુરા થઇ ગયા. શેઠાણી અને તેની વહુ બંને સ્વર્ગમાં સીધાવ્યાં, માત્ર કિરણ જીવતી રહી; પરંતુ તે પણ બેહોશ થઇ ગઇ હતી. કોઇ એક દયાળુ પુરૂષે ઉપાડી મેદાનમાં આણી ના હોત તો તેના હાલ પણ તેની માતા અને ભોજાઇના જેવાજ થાત. તેને વાગ્યું તો ખરૂં પણ તે એટલું બધું ગંભીર નહોતું. તેને ભાન આવ્યું ત્યારે પૂછવામાં આવ્યું કે તે કોણ છે? તેણે પોતાના બાપનું

ઠામ ઠેકાણું આપ્યું અને માતાને બૂમો પાડવા લાગી, પણ તેની મા તો કયાં હોય તે બોલે ? તેથી તે રૂદન કરવા લાગી. એક વોલં-ટીયરે તેના પિતાને તાર કર્યો:–

"તમારી સ્ત્રી અને પુત્રવધૂ કચરાઇ મરી ગયાં છે માટે જલદી આવો."

અહીં સ્નાનની જગ્યાએ હવે બહારથી વધુ આદમીઓને આ-વતાં રોકવામાં આવ્યાં અને આ બે સિવાય અન્ય કોઇ મર્યું છે કે નહિ તેની તપાસ કરવામાં આવી; તો એક નહિ, બે નહિ, પણ ૪૧ લાશો મળી આવી ! ! સર્વની બુરી દશા થઈ હતી. આ લાશમાં બે લાશો ઉપર્યુક્ત બે સ્ત્રીઓની હતી, ૨૬ અન્ય સ્ત્રીઓની હતી, અને ૧૩–૧૪ મજબૂત યુવકોની હતી. આ સર્વ લાશોને બહાર લાવ વામાં આવી અને દરેકને અગ્નિસંસ્કાર માટે પ્રત્યેકનાં સગાંવહાલાંને સોંપવામાં આવી.

શેઠની પુત્રી કિરણુ પોતાની માતા અને ભોજાઇની આવી દશા જોઇ રડતી હતી પણ ધૈર્ય ધર્યા સિવાય બીજો ઉપાય ન હતો.

તારવાળો—શેઠ ! ઓ શેઠ ! લો, તાર છે.

શેઠ—કેમ ભાઇ ? શું છે ? જરા હિંમત રાખી તારવાળાનેજ તાર બતાવીને મતલબ પૂછી. ત્યારે તારવાળાએ કહ્યું કે–"તમારી સ્ત્રી અને પુત્રવધૂ મરી ગઇ છે" ત્યારે શેઠ પોકે પોક મૂકીને રડવા લાગ્યો. "હાય ! મારૂં ઘર બરબાદ થઇ ગયું. મેં એને પહેલેથીજ કહ્યું હતું કે ના જઇશ, પણ તેણે માન્યું નહિ. હું શું કરૂં ? મારૂં કહ્યું માન્યું હોત તો આમ થાત નહિ. હાય ! તને શું થયું કે તેં મારૂં માન્યું નહિ." આવી રીતે વિલાપ કરતો અને મેળા પ્રત્યે તિરસ્કાર દર્શાવતો શેઠ પુત્ર સાથે હરદ્વાર જવા માટે સ્ટેશનપર ગયો.

હરદ્વાર પહોંચી તે બહુ રડ્યો. પુત્રી પણ પિતાને ગળે બાઝી પડીને ખૂબ રડી. આખર રડી કકળીને સર્વ ઘેર ગયાં.

મોટાની આજ્ઞાનુસાર નહિ વર્તવામાં ઘણું નુકસાન છે એમાં કાંઇ સંદેહ નથી. આવા મોટા મેળાઓમાં ધર્મઘેલી સ્ત્રીઓનીજ સંખ્યા વધારે હોય છે. આવા મેળાઓમાં અત્યાચાર પણ પુષ્કળ થાય છે, કારણ કે ત્યાં હરેક પ્રકારના મનુષ્યો આવે છે. બદમાશોની સંખ્યા પણ અધિક હોય છે. સ્ત્રીઓના સાંભળતાં તેઓ અનેક પ્રકારનાં બુરાં વચનો બોલે છે, અને તે સ્ત્રીઓને મુગે મોંએ સાંભળવાં પડે છે તથા તેથી તેમના મન ઉપર પણ એક પ્રકારની ખરાબ અસર થાય છે, માટે બને ત્યાં સુધી સ્ત્રીઓએ આવા મેળાઓમાં જવુંજ ન જોઇએ; અને કદાચ જવુંજ હોય તો ઘરના પુરૂષોની સાથેજ જવું. જઇને પણ માણસોની ભીડને વખતેજ સ્નાન કે દર્શન કરવા જવાનો આગ્રહ તો નજ રાખવો. સ્નાન માટે અમુકજ સમય ઉત્તમ ગણીને બધાજ યાત્રાળુઓ તેજ વખતે તુટી પડે છે અને અનેક જીવોનું તેમાં જોખમ થઈ જાય છે. વળી પાછળથી ભીડ મટયા પછી હૃદયના ખરા ભાવથી સ્નાન દાન ઇત્યાદિ કર્યું હોય તો તે પણ પ્રભુની અજાણમાં જતું નથી. તીર્થયાત્રાદિનું ફળ ચિત્તની નિર્મળતા થવામાં રહેલું છે, પણ વિના વિચારનું કોઈ પણ ધર્મકાર્ય તેવું ફળ ન આપતાં આ વાર્તામાં જણાવ્યા પ્રમાણે ઉલટું નુકશાનકારક થઇ પડે છે. વળી ઉપર જણાવ્યા જેવી સ્ત્રીઓ તો પતિની આજ્ઞામાં રહેવા રૂપી મુખ્ય ધર્મ ઉપર પ્રથમથીજ પગ મૂકે છે એટલે પછી એવી યાત્રાનું ફળ પણ તેમને શું થનાર હતું !

મૂળ લેખકઃ—હરસ્વરૂપ માથુર.

૪—માયા.

"मैं और मोर तोर यह माया." तुलसीदास.

૧

કોઇએ બરાબરજ કહ્યું છે કે:—"હે પરમાત્મા, કોઇને મોટો કર્યા પછી નાનો કરીશ નહિ. તેનાં પાપ વધારે હોય તો ભલે તેને મૃત્યુ આપજે; પરંતુ સંસારમાં તો એથી ઉલટુંજ થતું જણાય છે." કોઇએ કહ્યું છે કે:-" Man proposes, God disposes." "આદર્યા અધુરાં રહે, હરિ કરે સો હોય." આ કથનાનુસાર શેઠ જમનાદાસને રૂના વ્યાપારમાં ત્રણ લાખ રૂપીઆની ખોટ ગઈ છે. તે ખાલી થઈ ગયો છે. ઘરબાર, બાગ–બગીચા, મકાન દુકાન આદિ સર્વ દેવામાં ગયું છે. તેની પાસે હતું ત્યારે સર્વ કાંઈ હતું પણ આજે ઉદરનિર્વાહને માટે પણ એક પાઇ સરખી રહી નથી. 'પડતાપર પાટુ' એ કહેવત અનુસાર આ વખતે તેના પ્રથમના દુશ્મનો કમ્મર કસીને તૈયાર થયા અને તેઓ પહેલાંનો બદલો વ્યાજ સાથે લેવાના ઇરાદાથી મૂછો મરડવા લાગ્યા. જ્યારે ઘણા દિવસના ઉપવાસો તેનો પ્રાણ લેવા લાગ્યા અને તેના દુઃખની સીમા રહી નહિ ત્યારે તે નિરૂપાય થઈ પોતાની ગર્ભવતી સુશીલા ભાર્યાને એક દયાળુ પાડોશીને ઘેર સોંપીને પોતે દૂર દેશાવર ચાલી નીકળ્યો.

દુઃખી સુશીલા ઘણા કષ્ટથી નિર્વાહ કરવા લાગી. યથાસમય તેને પુત્રપ્રસવ થયો. દયાળુ પાડોશીએ તેને ઘણી મદદ કરી અને તેના લાલન–પાલનમાં તે બનતી મદદ કરતો રહ્યો.

આવી રીતે દુઃખ સુખથી નિર્વાહ કરતાં કરતાં એક પછી એક સોળ વર્ષ વીતી ગયાં; પરંતુ અભાગી સુશીલાને જમનાદાસના કાંઇ પણ સમાચાર મળ્યા નહિ. પતિવિયોગથી તે બિચારીની ઘણી દુર્દશા થઈ હતી અને વખતોવખત તે અધીર બનીને નાના બાળકની માફક રડી પડતી હતી. બાળક શંકરદાસ હવે બાળક નથી પણ ભણી ગણીને સારૂં નરસું સમજવા લાગ્યો છે. માતાના શોકનું કારણ જાણવામાં આવતાં તેને ઘણું લાગી આવ્યું અને મનમાં ને મનમાં એક પ્રતિજ્ઞા પણ લીધી.

આવી રીતે બીજો પણ થોડો સમય વીત્યો પણ માતાના દિનરાતના રૂદનથી શંકરદાસની વ્યાકુળતા વધવા લાગી. એક દિવસે સુઅવસર જોઇ તેણે મહા મહેનતે પિતાને શોધી કહાડવા માટે માતાની રજા લીધી અને ઘરમાંથી પિતાની શોધ માટે નીકળી પડ્યો.

૨

આજે વિજયગઢની ધર્મશાળામાં કોલાહલ થઇ રહ્યો છે. ઘોડાનો હણહણાટ, પાલખીઓવાળાની વાતચીત તથા નોકરો અને ગુમાસ્તાઓની દોડધામથી ત્યાં એક નાનાસરખા ગામ જેવું લાગે છે; કારણ કે આજે એક ઘણા મોટા શાહુકારે આવી ત્યાં પડાવ નાખ્યો છે. ધર્મશાળાના રખવાળો પણ સારા ઇનામની આશાથી હુકમ પ્રમાણે દરેક તજવીજ કરી રહ્યા હતા.

રાત્રિ પડી, સર્વેએ ખાઇ પરવારીને શયન કર્યું. એક મોટા સ્વચ્છ ઓરડામાં શાહુકારનો પલંગ બીછાવેલો છે. પહેરેદારો હાથમાં બંદુક લઇ પહેરાપર હાજર થયેલા છે. શાહુકાર પલંગપર આવી સૂતો, પરંતુ આસપાસ ગરબડ થતી હોવાથી તેને ઉંઘ આવી નહિ. તેણે ધર્મશાળાના રખવાળને બોલાવી હુકમ કર્યો:—“ધર્મશાળામાં થતી ગરબડ બંધ કરાવો. જે ના માને તેને બહાર કહાડી મૂકો.”

રખવાળે માથું નમાવી ત્યાંથી બહાર જઇને શાહુકારની આજ્ઞાનું

પાલન કર્યું; પરંતુ એક ઓરડીમાંથી બહાર આવી તેણે શાહુકાર પાસે જઈ કહ્યું કે:–"એક દીન યુવક કે જે આજેજ દૂર દેશથી આવ્યો છે તેને એકાએક "કૉલેરા" થયો છે જેથી કરીને તે કષ્ટને લીધે રડે છે; માટે દયા કરીને તેને ધર્મશાળામાં રહેવા દો."

આ સાંભળતાંજ શાહુકારનાં નેત્રો લાલચોળ થઇ ગયાં અને ચીડાઇ જઇને બોલ્યો:–"ઓહ! આવી માંદગીવાળાને તો હાલ ને હાલ કહાડી મૂકવો જોઇએ. એવા ચેપી રોગવાળાને રખાયજ કેમ?"

શોક! લાલચુ રખવાળ લાલચમાં ફસાયો અને તે ગરીબ રોગી યુવકને તરતજ ધર્મશાળામાંથી બહાર કહાડયો.

પ્રાતઃકાળ થયો અને શાહુકારની સ્વારી આગળ ચાલી. માર્ગમાં એ દીન હીન યુવકને કષ્ટમાં પડેલો જોઈ ઘણાઓ મોં ફેરવી જલદીથી ઘોડા હાંકી ગયા. એક સ્વાર કે જે પાછળ પડી ગયો હતો તે તે યુવક પાસે થઇને આગળ જતો હતો. તેને દયા આવવાથી તેણે ઘોડો થોભાવ્યો અને તે યુવકની હાલત જોવા લાગ્યો. યુવકે ઘણા કષ્ટ સાથે કહ્યું:–"ભાઈ, હું મરૂં છું. મને થોડું પાણી પા. ઇશ્વર તારૂં ભલું કરશે." દયાળુ સિપાઇ યુવકની આવી સ્થિતિ જોઇ ગદગદ થઈ ગયો અને તરતજ તેણે યુવકનું માથું ખોળામાં લઈ પાણી પાયું. બાદ તેને દિલાસો દેવા લાગ્યો. યુવકે સ્વસ્થ થઇ કહ્યું:—"ભાઇ, મારી આવી દશામાં તમે મારા ઉપર જે ઉપકાર કર્યો છે તેને માટે ઇશ્વર તમારૂં ભલું કરશે. હું હવે મરણના મુખમાં છું. મારી માતાનું દુઃખ દૂર કરી શકયો નહિ. એટલુંજ કષ્ટ મને છે."

સિપાઇ:—ભાઈ, શા માટે નિરાશ થાય છે? તું સાજો થઇ માતાનું કષ્ટ દૂર કરી શકીશ.

યુવક:—ના, હવે આશા નથી. હાય! મારા પિતાના વિયોગથી તે બિચારી અડધી મરવા જેવી થઇ ગઇ છે. હવે મારા સિવાય કોણ તેની ખબર અંતર લેશે? આ વિચારથીજ મારી છાતી ફાટે છે.

સિપાઇ:—ભાઇ, તું તારા મનની સઘળી વાત મને કહી તારા હૃદયનો ભાર હલકો કર. તેમ કરવાથી તારો રોગ અને શોક બન્ને ઘટશે અને હું યથાસાધ્ય તને મદદ કરીશ.

આ સાંભળી યુવકે અધીરાઇથી સઘળી વાત કહી સંભળાવી.

૩

પાઠકવૃંદ! એક વાર ફરીથી વિજયગઢની ધર્મશાળા તરફ નજર કરશો? જુઓ આજે પહેલાં કરતાં વધારે દોડધામ છે અને પ્રત્યેક આદમી ઉતાવળો ઉતાવળો હુકમનો અમલ કરે છે. આમ કેમ? તે શાહુકાર અચાનક અહીં પાછો આવ્યો છે. આ વખતે પહેલાંના જેવા ધૂમ ધડાકા નથી, પણ તેને બદલે આક્રંદ અને શોક છવાઇ રહ્યો છે અને લખતાં આશ્ચર્ય થાય છે કે તેજ દીન દુઃખી યુવક ચોગરદમ વૈદ્ય ડાક્ટરોથી ઘેરાયલો એક મખમલના કોચપર અચેતનાવસ્થામાં પડયો છે.

વાચકવૃંદ, આપ સમજ્યાજ હશો કે તે શાહુકાર અને દીન યુવક કોણ છે? ના સમજ્યા હો તો સાંભળો. એ શાહુકાર તો આપણો પૂર્વપરિચિત શેઠ જમનાદાસ છે જે આટલા બધા દિવસ બાદ વિદેશમાંથી અપાર સંપત્તિ મેળવીને ઘર તરફ આવતો હતો; અને એ દીન યુવક તે તેનો પુત્ર છે જે શેઠના ગૃહત્યાગ વખતે પોતાની માતાના ગર્ભમાં હતો અને જે શેઠનીજ શોધમાં ઘરમાંથી નીકળ્યો હતો અને બિમાર થઇ જવાથી ધર્મશાળામાંથી બહાર કહાડી મૂકવામાં આવ્યો હતો.

પેલા દયાળુ સિપાઇદ્વારા યુવકની દુઃખમય કહાણી સાંભળીને તરતજ શેઠ જમનાદાસ માર્ગમાંથી વિજયગઢની ધર્મશાળામાં પાછો આવ્યો, અને જે યુવકને ધર્મશાળામાં રાખવો તેને ઠીક લાગ્યો ન હોતો, તેનેજ તે વળગી પડીને આક્રંદ કરવા લાગ્યો. ગઇ કાલે જેને કોઇ પાણી પાનાર પણ નહોતું તેને માટે આજે સેંકડો દાસ—દાસીઓ વૈદ્ય—ડૉક્ટરોને બોલાવી લાવવા માટે દોડાદોડ કરી રહ્યાં છે;

અને નિર્દય જમનાદાસ કે જે તેને કહાડી મૂકાવનાર હતો તે આજે યુવકની આવી દશા જોઇ બેશુદ્ધ થઇ ગયો છે. આ બધું શા માટે? માત્ર એજ વિચારથી કે એ "મારો" પુત્ર છે.

અફસોસ, 'હું અને મારૂં'! તારૂં સત્યાનાશ જાય. તેંજ અમારા—હિંદુઓના—સર્વ સ્વર્ગીય ગુણોનો નાશ કર્યો છે. ભારત આ દશાએ પહોચ્યું એ તારોજ પ્રતાપ છે! દુષ્ટ મમતા! જગતમાંથી તારો જડમૂળથી નાશ કરવો એ અમારા જેવા નિર્બળ મનુષ્યોનું કામ નથી. પરમ પિતા પરમેશ્વર! જુઓ! આજે તમારી ભારત ભૂમિનો "હું અને મારૂં" એજ આટલો બધો નાશ કર્યો છે. જગદાધાર! હવે અમારો અવાજ સાંભળો અને ડુબતા વહાણને ઉગારો. આ વખતે આપ શાંત છો એ અમારાથી સહન થઇ શકતું નથી. નિઃસંદેહ; ભગવાન! અમે તમારી પાસે દયાની ભિક્ષા માગવાને માટે પણ યોગ્ય રહ્યા નથી.

ઉપર જણાવ્યું તેમ "મારા" ની માન્યતા જાગતાંજ શેઠની સર્વ હરકત છુમંતર થઇ ગઇ હતી; અને હરેક પ્રકારે પુત્રનો પ્રાણ બચાવવાને તેઓ ગાંડા બની ગયા હતા. ડૉકટરોના સતત પરિશ્રમ અને દવાદારૂના પ્રભાવથી છેવટે શંકરદાસના પ્રાણ બચી ગયા. હવે તેના પિતાનો હર્ષ સમાતો નથી. પતિ ઘેર પહોંચ્યા પછી સુશીલાએ પુષ્કળ પુણ્યદાન કર્યું; અને જે પાડોશીએ તેને આશ્રય આપ્યો હતો તેને તથા પેલા દયાળુ સિપાઇને પતિપત્ની બન્નેએ થઇને પુષ્કળ ધન આપ્યું. જેવા જમનાદાસના દિવસો ફર્યા એવા શુભ દિવસો પરમાત્મા સમગ્ર ભારતવાસીઓને બતાવે. પરમાત્માને ત્યાં સુખવૈભવનો ટોટો કે કંજુસાઇ નથી, પણ તેને મેળવવા સારૂ મારા તારાના વધારા પડતા ભેદભાવ તથા દીન દુઃખીઓ પ્રત્યેની બેદરકારીને અમારે દૂર કરવી જોઈએ. હે દીનાનાથ! એવી યોગ્યતા મેળવવાની આકાંક્ષા અને બળ અમારામાં ઉદ્‌ભવો.

મૂળ લેખકઃ—લક્ષ્મીનારાયણ ગુપ્ત.

૫—ભયંકર અનુતાપ.

૧

દયાશંકર સુંદર અને દેખાવડો યુવક છે; પણ ચિંતાની છાયા તેના મુખમંડળની છાયાને સદાનિસ્તેજ રાખે છે. સદા તે કોઇ ગંભીર ચિંતામાં નિમગ્ન રહે છે. જ્યારે જ્યારે તેની મિત્રમંડળી આમોદ પ્રમોદને માટે તેને નિમંત્રણ આપે છે ત્યારે ત્યારે તે તબીયત સારી નથી એવું બહાનું કાઢી તેમાં ભાગ લેતો નથી. મંદ હાસ્યે જાણે તેની પાસેથી સદાને માટે રજાજ લીધી હોય તેમ તે કદી પણ મંદ હાસ્ય કરતો નથી. પુસ્તક ઉઘાડી તે વાંચવા બેસે છે પણ ચિત્ત તેમાં ચોંટતું નથી. જે ચિત્ત ચિંતાના સાગરમાં ડુબકાં ખાતું હોય તે પુસ્તકમાં ક્યાંથી ચોંટે ? ટાવરના ઘડીઆળમાં ટન્ ટન્ અવાજ થતાં તે ચોંકી ઉઠે છે અને મનસ્વી બોલે છે "હાય! આટલો બધો સમય વ્યતીત થઇ ગયો." તેનું જીવન તેને બોજારૂપ લાગે છે. તે કોઇને પોતાની ચિંતાનું કારણ કહેતો નથી. તે બી. એ. કલાસમાં અભ્યાસ કરે છે. આ વર્ષે તેને પરીક્ષામાં પાસ થવાની આશા હતી; પણ પરિણામ છપાતાં તેનું નામ જણાયું નહિ તેથી તેને વજ્રપાત સમાન દુઃખ થયું. બિચારો દયાશંકર ધૈર્ય ધારણ કરી ચિત્ત શાંત કરી બીજી વખત ફર્સ્ટ કલાસમાં પાસ થવાનો દૃઢ નિશ્ચય કરી અલાહાબાદ ગયો. ગત વર્ષમાં વિદ્યાલયની પાસેજ બે ત્રણ મિત્રોએ થઇને એક ભાડાનું મકાન રાખ્યું હતું. આ વર્ષે તેના મિત્રો પરીક્ષામાં પાસ થયા તેથી તે એકલો પડ્યો. આ વર્ષે તે હોસ્ટેલમાં રહ્યો. હોસ્ટેલનું જીવન ઘણું આનંદદાયક

હોય છે; પરંતુ તે તો ચિંતાની ચિતામાં બળતોજ રહ્યો. કેટલાંક વર્ષ પહેલાં તે હૃષ્ટપુષ્ટ હતો પણ તેની હાલની સ્થિતિ જોતાં તેના ઓળખીતા મનુષ્યોને દુઃખ થઇ આવે છે. તેઓ તેને આનું કારણ ઘણી વખતે પૂછે છે, પણ દયાશંકરના મુખમાંથી એક પણ શબ્દ નીકળતો નથી, પણ તેનાં નેત્રોમાંથી અશ્રુધારા વહે છે. અત્યાર સુધીમાં તેના દુઃખનું કારણ આપણે જે કાંઇ સમજી શકયા છીએ તે બી. એ. ની પરીક્ષામાં તે નિષ્ફળ થવાનુંજ છે.

૨

પાઠશાળાના છાત્રાલયના એક ઓરડામાં હાથમાં પુસ્તક લઈ દયાશંકર ખુરશી ઉપર બેઠો છે. તેનું ચિત્ત પુસ્તકમાં નથી. તેના મસ્તિષ્કમાં એક પછી એક વિચારની પરંપરા ચાલી રહી છે. ઘડીઆળમાં દશ વાગ્યા છે. નોકર દૂધ લઈને ઘણા સમયથી ઉભો રહ્યો છે. તેણે નોકરને દૂધ મૂકવાનું સ્થાન બતાવી વિદાય કર્યો. તેને ઘેરથી આવ્યાને એક માસ વ્યતીત થઇ ગયો છે. ઘેરથી ખર્ચને માટે આણેલા ૪૦) રૂપીઆ ખર્ચાઇ ગયા હતા. હજુ ફી આપવાની છે, છાત્રાલયની ઓરડીનું ભાડું આપવાનું છે, તેથી તેણે પિતાજીને બે ત્રણ પત્રો લખ્યા પણ તેમના તરફથી કાંઇ સહાયતા મળે એવી આશા નહોતી. આજે તેની ધર્મપત્નીનો પત્ર આવ્યો છે. તેણે તે વાંચ્યો અને વાંચતાંજ તે વધારે ઉત્તેજિત અને દુઃખી થઇ ગયો. તેની આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેવા લાગી. તે પત્રમાં નીચે પ્રમાણે લખેલું છે:—

પ્રાણનાથ,

આપની ચરણકિંકરીથી હવે આ અસહ્ય યંત્રણા સહન થઇ શકતી નથી. આ અસાર સંસારમાં આપના ચરણકમળની સેવા સિવાય અન્ય કોઇ વસ્તુ મને પ્રિય નથી. આપ અહીં આવી મને

તેડી નહિ જાઓ તો ના છુટકે હું ત્યાંજ ચાલી જઇશ કે જ્યાંથી કોઇ પણ મનુષ્ય હજુ સુધી પાછું ફર્યું નથી.

લી.
આપની ચરણસેવિકા
સુશીલા.

દયાશંકરે ઉક્ત પત્ર વારંવાર વાંચ્યો, પણ તે કોઇ પણ નિશ્ચય-ઉપર આવી શકયો નહિ. કદી કદી તેના મનમાં એવા વિચારો આવે છે કે ભણવાનું છોડી દઇ કોઇ ઑફીસ-કલાર્ક થઇ જાઉં અથવા પાઠ-શાળામાં અધ્યાપક થઈ જાઉં; કારણ કે રૂપીઆ વિના ભણવું અશક્ય છે એમ તેને લાગ્યું. અભાગ્યવશ તે બિચારાને પ્રયત્નો કર્યા છતાં ટ્યુશન પણ કોઈ સ્થળે મળ્યું નહિ. રાત્રિ આમ તેમ પાસાં બદલતાં વીતી ગઈ પણ તે કોઇપણ એક નિશ્ચયપર આવ્યો નહિ. અંતમાં પત્રની બીનાથી વિહ્વળ થઇ તેણે ઘેર જવાનો નિશ્ચય કર્યો. તેણે તેના એક મિત્ર પાસેથી થોડા રૂપીઆ ઉધાર લઇ મોદીનું ઋણ ચૂકાવી પ્રાતઃકાળની ગાડીમાં ઘર તરફ પ્રયાણ કર્યું.

૩

દયશંકરના પિતા એક પ્રતિષ્ઠિત સજ્જન અને ડેપ્યુટી કલેકટર છે. દયાશંકરની માતાનો દેહાંત થયા બાદ તેના પિતાએ એક રૂપ-વતી કન્યા સાથે લગ્ન કર્યું છે. આજ કાલ કરતાં દયાશંકરનાં લગ્ન થયે ચાર પાંચ વર્ષ નીકળી ગયાં છે. તેની પત્ની કુલીન અને ગુણ-વતી છે. તેને એક પુત્ર થયો છે. દયાશંકરની સાવકી માતાના પુત્રને મીઠાઇ, દૂધ, સુંદર સુંદર રમકડાં અને સારાં સારાં વસ્ત્રો મળે છે; પરંતુ દયાશંકરના પુત્રને વખતસર ભોજન પણ મળતું નથી. દાસી પણ તેમનો અનાદર કરે છે. દયાશંકરની પત્ની પોતાના પુત્રને ઘર-માંથી કંઇ ખાવા આપે તો તરતજ તેની સાવકી મા મ્હેણાં મારવામાં

બાકી રાખતી નથી. દયાશંકરની સાવકી માતાને માટે સુંદર રેશમી સાડીઓ, પોલકાં, તેલ, અત્તર વગેરે પુષ્કળ સાધનો તૈયાર હોય છે; પણ સુશીલાને માટે સાલ્લાનું પણ ઠેકાણું નથી. કામકાજ-માં કાંઈ દોષ રહી જાય તો સાસુજીની ગાળોનો પાર રહેતો નથી. સુશીલા ધનવાન માતાપિતાની એકની એક પુત્રી છે. જે કામકાજ તેણે આજ સુધી કર્યાં નથી તે તેને આજ કરવાં પડે છે. તે બિચા-રીનું આરોગ્ય છેક લથડી ગયું છે. આજ સુધી તેણે સર્વ દુઃખો સહન કર્યાં; પરંતુ હવે તેનામાં સહનશક્તિ રહી નથી. જ્યારે તેને પ્રતિદિનની ઝાટકણી અસહ્ય લાગી ત્યારે તેણે પતિ દેવને તે પત્ર લખ્યો હતો. સુશીલાનો એક પણ દિવસ આંસુ વિના જતો નથી. સાસુજી પોતાના પતિના કાન વહુની વિરૂદ્ધમાં ભંભેરે છે. કોઇ કોઇ વખતે કહે છે કે "જુઓ, વહુની વાતો માની માનીને આ વર્ષે પણ પુત્ર નાપાસ થયો. પોતાના ધણી આગળ જ્યારે ત્યારે મારી નિંદા કર્યા કરે છે. પાડોશીઓમાં પણ તે મને હલકી પાડે છે. રોજ ને રોજ કોણ જાણે તેના ધણીને શુંએ લખ્યા કરે છે. ઘરનું કામકાજ કાંઈ કરતી નથી. આખો વખત છોકરાને લઇનેજ બેસી રહે છે. જાણે કે હું તેની દાસી હોઉં, તેમ મારેજ સઘળું કામ કરવું પડે છે." પાઠકો! જોયું કે? બિચારી વહુ આખો દિવસ ઘરનું વૈતરૂં કરીને મરી જાય છે તોપણ તેને આવોજ જશ મળે છે. તેની નણંદ યશોદા પણ ભાભીને હજારો વાતો સંભળાવે છે. સુશીલાને હવે ઘરમાં તો શું પણ સંસારમાં રહેવું પણ અસહ્ય થઈ પડયું છે. એક વાર તો તેણે આત્મહત્યા કરવાનો વિચાર પણ કર્યો હતો; પરંતુ તોતડું તોતડું બોલતા રમેશને જોઇ તેનું ધૈર્ય છુટી જવાથી તેણે એ ખરાબ વિચાર ત્યજી દીધો હતો.

૪

દયાશંકર ઘેર આવ્યો. ઘણા મનુષ્યોને ઘર સ્વર્ગના કરતાં પણ

વધારે આનંદદાયક હોય છે પણ દયાશંકરને માટે તો તે નરકથી પણ વધારે દુઃખદાયક હતું. સાવકી માતા જમવા સમયે તેની વહુ વિરૂદ્ધ તેના કાનમાં વિષ રેડે છે અને કમાવાની શીખામણ આપે છે. પિતાજી કદી પણ હૃદયના ઉમળકાથી તેની સાથે વાત કરતા નથી. રાત્રિએ સ્ત્રીની રામકહાણી સાંભળી તેનો જીવ બળીને ખાખ થઈ જાય છે અને તેને સર્વત્ર અંધકાર દૃષ્ટિગોચર થાય છે. ડેપ્યુટી કલેકટરનો પુત્ર હોવાથી તે હલકા પગારની નોકરી કરતાં શરમાય છે. આવી રીતે દુઃખ સહન કરતાં કરતાં તેના હૃદયના ટુકડે ટુકડા થઇ ગયા. સંસાર હવે તેને છેકજ અસાર અને દુઃખમય પ્રતીત થવા લાગ્યો. છેવટે આ સર્વ બંધનોથી છુટવાને માટે તેણે આત્મહત્યા કરવાનો નિશ્ચય કર્યો.

આજે સંધ્યાકાળનો સમય થયો છે. દયાશંકરે રમેશને લઇ ચુંબન કર્યું. તેની આંખો અશ્રુપૂર્ણ થઈ ગઈ. બાળકને સારી રીતે રમાડી તેણે સ્ત્રી તરફ જોયું. તેને પણ આલિંગન દીધું. બન્નેની આંખો મળી. દયાશંકરે પોતાનું ખેદથી ભરપુર મોઢું ફેરવી લઇ કહ્યું:- "હું હવા ખાવા જાઉં છું." આટલું કહીને તે ચાલ્યો ગયો. સુશીલા તેના હૃદયનો મર્મ સમજી કંપી ઉઠી. જાણે તેના હૃદયમાં કોઇ કહેતું હોય કે:-"સુશીલા ! જલદી પ્રબંધ કર, નહિ તો દયાશંકર આ સર્વ દુઃખોમાંથી મુક્ત થવા માટે આત્મહત્યા કરશે." સુશીલાનું હૃદય ધડકવા લાગ્યુ. તેની સાંસારિક શરમ એ સમયે કોણ જાણે ક્યાંએ ચાલી ગઇ. તેને માટે સર્વ દુઃખોની શ્રેષ્ઠ ઔષધિરૂપ એકજ વ્યક્તિ હતી. એ વ્યક્તિજ સંસારમાં ન હોય તો પછી બિચારી સુશીલા કોને શરણે જાય ! કોને દુઃખની વાત કહે ! રમેશ કોનું મોઢું જુએ ! તરતજ સુશીલાએ દયાશંકરનાં કપડાં પહેરી લીધાં. ટોપીની જગ્યાએ ફેંટો બાંધી લીધો અને હાથમાં લાકડી લઇ આમતેમ ફેરવતી ફેરવતી દયાશંકરની પાછળ પડી.

વિશ્રામઘાટપર આરતીનો સમય છે, ત્યાં બહુ ભીડ છે. દેશ-દેશના યાત્રીઓ શ્રાવણ માસ હોવાથી રાસ જોવા એકઠા થયા છે. દયાશંકર પણ મંદિરમાં જઈ દર્શન કરી નદીમાં હાથ પગ ધોઇ પોતાની સર્વે ચિંતાઓને નદીમાં સમાવવાને ઘાટ ઉપર આમતેમ આંટા મારવા લાગ્યો.

એક નવયુવક ફેંટો બાંધી છાયાની માફક દયાશંકરની પાછળ પાછળ ચાલે છે, પણ દયાશંકરને તે વાતની ખબર નથી. તે તો તેનીજ ધૂનમાં મસ્ત છે. ધીમે ધીમે ભીડ ઓછી થઇ અને યાત્રીગણ પોતપોતાના નિવાસ સ્થાન તરફ જવા લાગ્યા. પંડયા લોકો પણ પોતપોતાના ઘેર ગયા. રાત્રિની શાંતિમાં માત્ર કાલિંદીના કલરવ શબ્દ સિવાય કંઇ પણ સંભળાતું નથી. આવે સમયે દયાશંકર પોતાનાં દુઃખોમાંથી છુટવાને માટે પોતાની સ્ત્રી અને બાળકને નિઃસહાય છોડી યમુનાજીમાં શરણ મેળવવાની ઇચ્છાથી કુદી પડવાને માટે આગળ વધ્યો. તે કુદવા જતો હતો કે તરતજ પાછળથી કોઇ ફેંટાવાળા પુરૂષે—વેષધારી સુશીલાએ—દયાશંકરને કમ્મરમાંથી પકડયો. દયાશંકર ચોંકયો અને તેને પકડનાર પુરૂષના તરફ ફરીને કહ્યું:—" ભાઇ, તમે કોણ છો? તમે મને રોકવામાં મોટી ભૂલ કરો છો. મિત્ર! મારાં દુઃખો પારાવાર છે. આ યમુના મૈયા સિવાય મારાં આંસુઓ ધોનાર કોઇ નથી. જાઓ, તમે તમારૂં કામ કરો; અને મને દુઃખમાંથી મુકત થવા દો." પુરૂષવેષધારી સુશીલા બોલી:—" મિત્ર! હું તમારા દુઃખથી અજ્ઞાત નથી. તમને અત્યંત દુઃખ છે એ વાત ખરી, પણ તમે યમુનાજીમાં પડીને સુખી થશો, તો પછી તમારો અબોધ સુકુમાર બાળક રમેશ શું કરશે? અને તમારી પતિપ્રાણા પત્નીની શી દશા થશે? શું તમારા જવાથી તેમનું કષ્ટ ઓછું થશે? શું તેમનાપર " પડતાપર પાટુ " મારવા જેવું નહિ થાય? તે બિચારાંઓની જીંદગી કેવી રીતે જશે? " આ

સાંભળી દયાશંકરની આંખો ઉઘડી ગઇ. તેણે તેનો વિચાર બદલી નાખ્યો અને કહ્યું:—"મિત્ર! તમારા આ ઉપદેશ માટે ધન્યવાદ! આજે તમે માત્ર મનેજ નહિ પણ મારી સાથે બીજાં બે મનુષ્યોને બચાવ્યાં છે. હું આજથી તમારો કૃતજ્ઞ રહીશ. હું હવે ઘેર જઇ મારી સ્ત્રી-પાસે આ મહાન અપરાધ માટે ક્ષમા માગીશ." પુરૂષ-વેશવાળી સુશીલા બોલી:—"તમારા વિચાર પણ કેવા ક્ષુદ્ર છે? હલકી નોકરી કરવી નહિ. ડેપ્યુટી કલેકટરના પુત્ર હોવા છતાં પણ તમે તમારૂં ગુજરાન ચાલે એવી નોકરી કરશો તો કોઇ તમારી આવી હાલત જોઇ ખોટું નહિ કહે. તેમાં શરમ શાની? શું મનુષ્ય નહિ સમજે કે ડેપ્યુટી કલેકટર સાહેબ પોતાના સંતાનની સાથે કેવી રીતે વર્તે છે! માટે આવા વિચારો છોડી દો અને નોકરી કરી તમારા બાળકને સુખી કરો. ફરીથી આવું કૃત્ય કરવાની કોશીશ કરતા નહિ. તમે આત્મહત્યા કરી આત્મહત્યાનું પાપ કરત અને તમારી સ્ત્રી કે જે તમારામાં સંપૂર્ણ રીતે વિશ્વાસ રાખે છે, તેની સાથે વિશ્વાસઘાત કરવાનું ભયંકર પાપ પણ તમને લાગત. જાઓ, તમારી સ્ત્રીના દુઃખિત હૃદયપર અમૃતવર્ષા કરી તેને સુખી કરો."

સુશીલા ચાલી ગઇ. દયાશંકર ઘેર આવ્યો. સુશીલા પોતાનાં વસ્ત્રો પહેરીને કામકાજમાં ગુંથાઇ હતી. દયાશંકરને ઘેર આવેલો જોઈ તે બોલી:—"આજ ઘણી વાર લાગી; શું હતું?" દયાશંકરે કહ્યું:—"કંઈ નહિ. કાલથી હું નોકરીને માટે યત્ન કરીશ. હલકી કે ભારે ગમે તેવી હશે તોપણ નોકરી શોધી કહાડીશ."

દયાશંકરને પ્રયત્ન કરવાથી માસિક પચાસ રૂપીઆના પગારની નોકરી મળી ગઈ. તેના પિતાએ તેને જુદો કાઢ્યો, પણ દયાશંકર હવે સુખી હતો. સુશીલા પગારમાંથી દર મહિને પંદર વીશ રૂપીઆ બચાવતી હતી. બે ત્રણ વર્ષ બાદ સારૂં કામ કરવાથી તેનો પગાર

વધ્યો અને તેને માસિક દોઢસો રૂપીઆ મળવા લાગ્યા. હવે તેના દિવસો સુશીલા અને રમેશની સાથે સુખમાં જાય છે. હવે તેણે આત્મહત્યાનો પ્રયત્ન કરેલો તે વાત સુશીલાને કહી. સુશીલા બોલી. “કેમ, તે વખતે તમને શું થયું હતું?”

દયાશંકરે કહ્યું:—“ભયંકર અનુતાપ”

અદ્યાપિપર્યંત દયાશંકર તેના ઉદ્ધારકર્તાને ઓળખી શક્યો નથી.

મૂળ લેખક:—શ્યામસુંદરલાલ.

૬—પાર્વતી અને યશોદા.

પ્રકરણ ૧ લું.

सकल विघ्न व्यापहिं नहिं तेही!
राम कृपा करि चितवहिं जेही ॥ तु. रा.

"તું તો અહીં બેઠી બેઠી પાનનાં બીડાં વાળે છે અને હું તો તને આખા ઘરમાં શોધી વળ્યો. હાલજ મને માતાએ કહ્યું કે તું વચલા ઓરડામાં બેઠી છે." આમ બોલતાં બોલતાં રામનાથ તે સ્ત્રીની પાસે બેઠો અને બોલ્યોઃ—"જોઉં, એક બીડું તો આપ; તું કેવાં બીડાં બનાવે છે?"

પાર્વતીએ રામનાથના મુખ તરફ જોયા વિનાજ એક બીડું ફેંક્યું.

રામનાથ પાનનું બીડું મોઢામાં મૂકી પછી પાર્વતીનો હાથ પકડી બોલ્યોઃ—"કેમ વળી શું થયું? બોલતી કેમ નથી?" પાર્વતીએ તેનો કાંઇ પણ જવાબ આપ્યો નહિ, ત્યારે રામનાથે ફરીથી પૂછ્યુંઃ— "આજે થાક બાક લાગ્યો છે કે શું? માતાએ મને કહ્યું કે આજે તેં ઘણું કામ કર્યું છે! મા તારાપર ઘણાં ખુશ થયાં છે."

પાર્વતી ગુસ્સામાંજ બોલીઃ—"ખુશ કેમ ના થાય? રાત દિવસ ચાકરની માફક કામ કરીએ તોજ તમારાં મા ખુશ થાય છે. બીજાની કોને પડી છે?" સ્ત્રીનાં માર્મિક વચનો સાંભળી રામનાથના મુખઉપર ઉદાસીનતા પ્રસરી ગઇ; તોપણ તે સહનશીળતા રાખી પ્રેમપૂર્વક બોલ્યોઃ—"વ્હાલી, આમ રીસ ચઢાવવાનું પ્રયોજન શું છે? શું તું

નથી જાણુતી કે સંસારમાં ધનવાન અને ગરીબ, ઉંચ અને નીચ, સર્વને ત્યાં સ્ત્રીઓને ઘરનું કામકાજ કરવું પડે છે? છતાં તું કાંઇ પણ કામ કરતી નથી અને માતા તથા યશોદાજ સર્વ કામ કરે છે. તું બેસી રહે અને તેઓ કામ કરે તેમાં તારા કરતાં મારે વધારે નીચું જોવા જેવું છે. આજે જ્યારે માતાએ મને કહ્યું કે તેં તેને કામ કરવા લાગ્યું છે ત્યારે મને ઘણોજ આનંદ થયો અને શેર લોહી ચઢ્યું. થોડું ઘણું પણ કામ કરવાથી મને તેમજ માતાને આનંદ થાય છે અને તારૂં દુનિયામાં સારૂં દેખાઇ મારી વડાઇ વધે છે."

પાર્વતી બોલીઃ—"પણ એમાં મારૂં શું વળ્યું? રાત દિવસ હાથ પગ તોડી કામકાજ કરવાથીજ વડાઇ થતી હશે કેમ!" રામનાથ મસ્કરીમાં બોલ્યોઃ—"તારી વાત સાંભળી મને તો હસવુંજ આવે છે!" મને માતાએ કહ્યું કેઃ—"આજે સવારમાં તેં દાળચોખા વીણી શાક સુધારી આપ્યું હતું. ત્યાર બાદ જમીને તું સૂઇ ગઇ; અને ઉઠયાને હજુ થોડોજ સમય થયો છે એટલામાં તો તેં ઘરમાંથી પુંજો કાઢી પાનનાં બીડાં બનાવવા માંડયાં છે. આટલુંજ કામ કરવાથી તો દુર્બળ અને અશક્ત હોય તેજ થાકી જાય છે. તું તો તંદુરસ્ત છું. કહે તો ખરી તને કયાં દર્દ થાય છે?"

પાર્વતી સ્વામીના પ્રેમ અને વર્તન તરફ કાંઇપણ ધ્યાન આપ્યા સિવાય ક્રોધમાં બોલીઃ—"દુઃખ થતું હશે તોય તમારે તો તમારી માતાનાજ સુખમાં સુખ છે, મારી શી પડી છે?"

પાર્વતીનાં આવાં કટાક્ષમય વચનો સાંભળી રામનાથને ઘણું માઠું લાગ્યું, અને દુભાતા અંતઃકરણે બોલ્યોઃ—તારા આજના કામની વાત સાંભળી મને જે આનંદ થયો હતો તે તારી કડવી વાતો સાં-ભળી નષ્ટ થઈ ગયો. હજુ પણ તું આમ કયાં સુધી કર્યા કરીશ? તારી બાળકબુદ્ધિનો અંત કયારે આવશે? આમ કરવામાં તું પણ

સુખી નહિ થાય તેમજ મને પણ સુખી નહિ થવા દે. ગઇ રાત્રે તેં જુદા રહેવાની વાત કાઢી ત્યારે મેં તને કેટલી સમજાવી હતી; છેવટે તેં મને તથા માતાને સુખી કરવાના પ્રયત્ન કરવા વચન આપ્યું ત્યારે મને એટલો બધો આનંદ થયો હતો કે હું પરમાત્માનો ઉપકાર માન્યા સિવાય રહ્યો નહિ. હું તને ફરીથી પણ એજ કહું છું કે આમ ના કર. પોતાના સુખમાં સુખ માનવાના સ્વાર્થને ત્યજી દે; અને મને તથા માતાને દુઃખી કર નહિ. સાંભળ, રામાયણમાં કહ્યું છે કેઃ—

मातु पिता गुरु प्रभुकी बानी ।
बिनहिं बिचार करिय शुभ जानी ॥

ઉપલી શીખામણ પાર્વતીને ગળે ઉતરી નહિ, તે વધારે ચીઢાઇ કહેવા લાગી કેઃ—હું સ્વાર્થી છું અને તમે નથી કે? તમે મારૂં સુખ જુઓ છો કે તમારી માતાના સુખમાં સુખી થવા ઇચ્છો છો? ત્યારે શું તમે પણ સ્વાર્થી નથી કે? માતાથી જુદા થવાની વાત તમને આટલી બધી કડવી લાગે છે, તો મેં મારી માતાને તમારા માટે છોડી તેનું મને પણ કંઇ લાગતું નહિ હોય કે? રામાયણમાં નથી લખ્યું? કેઃ—

सुत मानहि मात पिता तब लौं ।
अबलानन दीख नहीं जब लौं ॥

વળી જુદા રહેવામાં તમને કાંઇ નુકસાન નથી અને મને ફાયદો છે. એક નોકર રાખી લઇશું તે ઘરનું સર્વ કામ કરશે.

રામનાથઃ—"આમ બોલવું તને શોભતું નથી. નોકર હાલ પણ ક્યાં નથી? ગૌરીની મા કોણ છે?"

પાર્વતીઃ—"ગૌરીની મા તો માત્ર ઘરનું કામ કરે છે, પણ રાંધે છે કોણ?"

રામનાથઃ—"હા, બરાબર. કોઇ રસોઇઓ તો નથી, પણ ખરૂં

જે કે તેં અહીં આવ્યા પછી કેટલા દિવસ રસોઇ કરી ? "

પાર્વતીઃ—" તેથી તો આટલી પંચાતી થાય છે. "

રામનાથઃ–"કામ નહિ કરવાથી કોઇએ તને કદી મે'ણું માર્યું છે ?"

પાર્વતીઃ—"મે'ણું તે શું બોલીનેજ મરાતું હશે ? આજે ઉઠતાં ા વાર થઈ એટલામાં તો માતા તથા યશોદા એવા ભાવથી ા તરફ જોવા લાગ્યાં કે જાણે કે મેં તેમનો મોટો અપરાધ કર્યો ! યશોદાએ મને કહ્યું:–' ભાભી યદુનાથને મોઢું ધોવાને પાણી પજો, હું માતાના ઓરડામાં પુંજો કાઢવા જાઉં છું.' મેં કહ્યું:– ' મારા બાપને ઘેર કદી પણ કોઇને મારા હાથે પાણી આપ્યું ા; મારા બાપને ત્યાં તો દાસીજ પાણી આપે છે.' ત્યારે યશોદા- હસીને કહ્યું:–' વારૂ, ભાભી, હું યદુનાથને પાણી આપું છું, તેથી યદુનાથની દાસી બની બસ; પણ જ્યારે કોઇ વખત મોટા ભાઇ ને પાણી લાવવાનું કહેશે ત્યારે તમને એ વાતનું ખોટું તો નહિ ાને ? ' આવી રીતે યશોદાએ મને તમારી દાસી બનાવી ! શું મને દાસી બનાવવા માટે મારી સાથે વિવાહ કર્યો છે ? હું ત- ો દાસી થવા નથી આવી, સમજ્યા ? આવી વાતોથી તો મારા માં ભડકા થાય છે. "

આમ વાતો કરતાં કરતાં પાર્વતી મોઢાપર સાલ્લાનો છેડો નાખી થી રડવા લાગી. પાસેના ઓરડામાં તેની સાસુ કામ કરતી હતી, પાર્વતીનું રૂદન સાંભળી વચલા ઓરડામાં આવી જોયું તો રામ- . નીચું માથું ઘાલી માથા ઉપર હાથ મૂકી બેઠેલો છે; પાર્વતી ડીપર બેસી રડી રહી છે; પાનનાં કેટલાંક બીડાં પડયાં છે; કેટ- પાન, સોપારી, એલચી, જે પાર્વતીએ ગુસ્સાના આવેશમાં ફેંકી ાં હતાં તે ચારે તરફ વિખરાયલાં પડયાં છે.

આ જોતાંજ સાસુ સર્વ ભેદ સમજી ગઇ; પણ બીજી સ્ત્રીઓની

માફક વહુને તિરસ્કાર અથવા ઠપકો આપ્યા સિવાય પુત્રનો હાથ ઝાલી કહ્યું:—" ઉઠ, બહાર આવ."

રામનાથ આસ્તેથી ઉઠી માતા તરફ દયાના ભાવથી જોવા લાગ્યો, જાણે કે તે એવું કહેતો હોય કે " મારી છાતી ફાટી જાય છે." માતા તેનો આંતરિક ભાવ જાણી ગઇ અને ગંભીરતાથી બોલી "બેટા, નિરાશ થઇએ નહિ, બહાર ચાલ." રામનાથ ઓરડાની બહાર જઇ માતાની રાહ જોતો ઉભો રહ્યો. સાસુ પાર્વતીની પાસે આવી બોલી:—" વહુ, બેટા, રડો નહિ, હવે વધારે બીડાં બનાવશો નહિ. શાક થઇ ગયું છે એટલે હવે ગરમ રોટલી ખાઇ લો. આજે તમે ઘણું કામ કર્યું છે. ઉઠો બાકીનાં બીડાં યશોદા બનાવશે."

પાર્વતી સાસુના આ મીઠા શબ્દોથી શરમાઇ અને પોતાના ઓરડામાં ચાલી ગઇ.

સાસુ યશોદાને બાકીનાં બીડાં બનાવવાનું સોંપી છોકરાની પાસે ગઇ.

રામનાથે કહ્યું:—"મા, એનું મન કદી પણ ફરવાનું નથી; મારો જીવ તો ઘણો બળે છે."

માતા:—"હાલ એ સર્વ વાત રહેવા દે, ચાલ, હાથ મોઢું ધોઇ કાંઇ ખાઇ લે. એમાં જીવ બાળવા જેવું કાંઇ નથી. પરમાત્મા અસંભવને પણ સંભવ બનાવે છે, માટે તેનામાં વિશ્વાસ રાખ."

પ્રકરણ ૨ જું.

सांसति करि पुनि करहिं पसाउ।
नाथ प्रभुन कर सहज सुभाउ॥ तु. रा.

રામનાથ જળપાન કરી આગળના ખંડમાં ગયો: કોઇને નહિ

જોવાથી અને એકાંત મળવાથી રામાયણ ઉઘાડી વાંચવા લાગ્યો; વાંચતાં વાંચતાં નીચલાં બે પદોએ તેનું ધ્યાન ખેંચ્યું:—

जप हिं नाम जन आरत भारी।
मिट हिं कुसंकट हो हिं सुखारी॥
राम हिं केवल प्रेम पियारा।
जानि लेहु जो जानन हारा॥

રામનાથ રામાયણ બાજુએ મૂકી માથું નમાવી ઈશ્વરનું ધ્યાન ધરવા લાગ્યો. ઈશ્વરનું ધ્યાન ધરવાથી મનમાં કાંઈ ધીરજ આવી; એટલામાં યદુનાથ નિશાળેથી આવ્યો અને થોડીવાર બાદ મોટા ભાઈના કહેવાથી તેની સાથે ફરવા ગયો. માતા યશોદાને લઈ રસોડામાં રસોઈ કરવા ગઈ.

પાર્વતી જમી રહ્યા બાદ કાંઈ પણ કામ કર્યા સિવાય સૂવાના ઓરડામાં જઈ બેસી રહી. જ્યારે તેને માલૂમ પડ્યું કે સૌ સૌના કામે લાગ્યાં છે ત્યારે તેણે પોતાની પેટી ઉઘાડી નવલકથાનું પુસ્તક કાઢી વાંચવા માંડ્યું. આવાં પુસ્તકોનું અવલોકન કરવાની સાસુની તેમજ સ્વામીની મનાઈ હતી; કારણ કે તેમાં લખેલાં સ્ત્રી-પુરૂષોનાં અલૌકિક અને વિચિત્ર ચરિત્ર વાંચવાથી કોમળ મનનાં સ્ત્રી-પુરૂષોનાં ચિત્ત ચંચળ થઈ જાય છે અને સાંસારિક કામો તરફ અનિચ્છા ઉત્પન્ન થાય છે. પાર્વતીની માતા આવાં પુસ્તકોના વિષયમાં તેને એમ કહેતી હતી કે:—" તે વાંચવાથી બુદ્ધિ તીક્ષ્ણ થાય છે અને આ કળિકાળમાં લોકોની સાથે કેવા પ્રકારનો વ્યવહાર કરવો જોઈએ તેનું શિક્ષણ આવાંજ પુસ્તકોદ્વારા મળે છે " એ ખરેખર શોકજનક હતું.

નિર્બોધ પાર્વતીને માતાના ઉપલા કથનપર પૂર્ણ વિશ્વાસ હતો. આ વખતે સર્વ પોતપોતાના કામમાં વળગી ગયેલાં હોવાથી અમે પાઠકોને તેઓ સર્વેનો પરિચય કરાવવાની તક ગુમાવીશું નહિ.

રામનાથ અને પાર્વતીનો સંબંધ તો પાઠકોને જણાઇ ચૂક્યો હશેજ. રામનાથ ડોશીનો જ્યેષ્ઠ પુત્ર છે, તેની ઉમ્મર ૨૫ વર્ષની છે. તે સ્વભાવે ધીર અને બુદ્ધિમાન તથા તેનો બાંધો વીર પુરૂષના જેવો છે.

યશોદા રામનાથની બ્હેન થાય છે. તેની ઉમ્મર ૧૪ વર્ષની છે. તે ગૌરાંગી અને સુંદર છે. યદુનાથ સર્વથી નાનો છે. તેની ઉમ્મર માત્ર ૧૦ વર્ષની છે. બાળસ્વભાવને લીધે તે ઘણો ચંચળ છે અને સર્વને વ્હાલો છે. વિશેષતઃ યશોદાનો તેનાપર અધિક પ્યાર છે. આખા કુટુંબને ધર્મ ઉપર ઘણી શ્રદ્ધા હતી.

રામનાથનાં લગ્ન થઈ ચૂક્યાં છે; પરંતુ વિવાહમાં વિવેકનો પુરે-પુરો ઉપયોગ કરવામાં આવ્યો નહોતો. પાર્વતીના રૂપ અને ઉન્મરનો પરિચય તો તેને કોઇક રીતે થઇ ગયો હતો; પરંતુ તેની વિદ્યા, બુદ્ધિ ગુણ, સ્વભાવ અને ધર્મશિક્ષા વિષે તે કાંઇ પણ માહિતી મેળવી શ' ક્યો નહોતો. આપણામાં આવી અંધપરંપરા ચાલી આવે છે તે ખરે-ખર દુઃખમયજ છે. કદાચ ભાગ્યવશાત્ વરકન્યાનું કોઈ દૂષણ માતા પિતાના જાણવામાં આવે છે, તોપણ તેઓ–' એ દૂષણ ઘરનો બોજો માથે પડવાથી સુધરી જશે અથવા અમે પોતેજ પાછળથી સુધારી લઇશું, '–એમ વિચારી તે પરત્વે આંખ આડા કાન કરે છે; પરંતુ આમ મન વાળવાથી પાછળથી કેટલા બધા મનુષ્યોનાં જીવન દુઃખ-મય બની જાય છે તે પ્રત્યક્ષજ છે. આવાં દંપતીઓના શરૂના થોડા દિવસ કદાચ સુખમાં જાય છે, પરંતુ જ્યારે એક બીજાના દોષ જ-ણાવા લાગે છે ત્યારે પરસ્પર ઘૃણા ઉત્પન્ન થાય છે; અને વરકન્યા ધર્મશિક્ષણહીન હોય છે તો તેમનો કલહ દિનપ્રતિદિન વધી અંતમાં તેમના મનમાં દુઃખ, વિલાપ, અશાંતિ અને વિવાદનો વાસ થઇ જાય છે અને બન્ને પ્રાણી જીવતાં હોવા છતાં મૃતકતુલ્ય બની જાય છે. જો કે રામનાથનો વિવાહ પુરાણા રિવાજ મુજબ થયો હતો, તોપણ

જે ધર્મ-સમાજમાં તે ઉપદેશક હતો, તેના આચાર્ય પ્રભાકર શાસ્ત્રીજી પાસેથી તેણે કેટલીક વાતોની સલાહ લીધી હતી. એ શાસ્ત્રીજી અંગ્રેજીના પુરા વિદ્વાન અને હિસાબ-કિતાબમાં પ્રવીણ હતા. દેશની સર્વાંગ ઉન્નતિમાં તેમનું મન સદા લાગી રહેતું અને સર્વ લોકો તરફ તેમનો ભ્રાતૃભાવ હતો. તેને પુરાણી તેમજ નૂતન સભ્યતાની આવશ્યક અને યથાર્થ વાતો ઘણીજ પસંદ હતી, તેઓ એટલા અનુભવી હતા કે કદાચ તેમને આજકાલનું ઉચ્ચ રાજનૈતિક શિક્ષણ આપવામાં આવે તો તે એક મહાન રાજ્યના પ્રધાન મંત્રી બની જાય. રામનાથે પોતાના વિવાહની સર્વ વાત સભાપતિ મહાશયને કહી હતી, કારણ કે તેના તરફ તેના પરિચિત લોકોની ગુરૂ-જન જેવી ભક્તિ હતી. શાસ્ત્રીજી બોલ્યાઃ-" તમને કન્યાની અને કન્યાને તમારી અનેક આંતરિક બાબતોનો પરિચય થવો બહુજ આવશ્યક હતો. ખેર, જે થઇ ગયું તે થયું. હવે તમે વ્યવહારમાં અને જમણવારમાં એટલો બધો ખર્ચ ન કરતા કે જેથી તમારે દેવું કરવું પડે." રામનાથને વિવાહબાદ એક માસે પાર્વતીના ખરા સ્વભાવનો પરિચય થવા લાગ્યો. હવે અમે ઘરડાં સાસુજીનો પણ થોડો ઘણો પરિચય કરાવીશું.

સાસુ વિધવા છે, હાલ તેની ઉમ્મર ૫૦ વર્ષની છે. તે રૂપમાં કાંઇ સુંદરી નથી. તેનો ઉત્તમ સ્વભાવ તેજ તેની સુંદરતા છે. સાસુમાં સર્વ સારા ગુણો-પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીળતા, દયા, સજ્જનતા, નમ્રતા અને પવિત્રતા-નો વાસ છે. રામનાથના પિતાએ પોતાની ૨૮ વર્ષની ઉમ્મરે તેની સાથે પાણિગ્રહણ કર્યું હતું, તે વખતે તે શિક્ષક હતા. શિક્ષકોનો પગાર તેમની મહેનતના પ્રમાણમાં કેટલો ઓછો હોય છે એ તો જાણીતી વાત છે; આથી સાસુને સદા એ વાતની ચિંતા રહેતી હતી કે જેમ બને તેમ રામનાથના પિતાની સાંસારિક અવસ્થામાં ઉન્નતિ થાય. તેણે એક એક કરી ઘરનો

સામાન વધાર્યો અને ઘરની ચારે બાજુ આંબા, લીંબુ, નાળિયેર, જામફળ અને અનારના છોડ વાવી દીધા. ઘરના વાડામાં શાક અને યોગ્ય ફળ—ફૂલનો એક નાનો સરખો બગીચો પણ તૈયાર કર્યો હતો.

રામનાથના પિતા કોઈ કોઇ વખત પોતાની સ્ત્રીને ગુણસુંદરી કહી બોલાવતા હતા. આડોશી—પાડોશી પણ તેને તેજ નામથી બોલાવતા હતા. આ વાર્તાની શરૂઆતના સમયની સાત વર્ષ આગમચ રામનાથના પિતા પરલોક સિધાર્યા હતા. મરણના બેત્રણ દિવસ પહેલાં એક દિવસે પોતાની સ્ત્રીને તેમણે કહ્યું કેઃ—" ગુણસુંદરી ! હવે મને લાગે છે કે મારા અંતની ઘડીઓ ગણાવા લાગી છે. મારે તારાથી સદાને માટે અલગ થવું પડશે, અફસોસ ! "

ગુણસુંદરી સ્વામીના ચરણોપર હાથ મૂકી બેઠી હતી, તે સ્વામીની આ વાત સાંભળી તેમની છાતીપર પોતાનું માથું મૂકી રડતી રડતી બોલીઃ—" આપને છોડવા કરતાં મારો પ્રાણ છોડવો મારે માટે ઉત્તમ છે."

રોગી ધાર્મિક મહાશય વ્યથિત થઇ થોડીવારમાં બોલ્યાઃ— "ઇશ્વરે આપણને પ્રત્યેક સંકટમાં સહાયતા આપી છે અને તે મારા માટે જે મંગળકારી હશે તેજ આ સમયે કરે છે. હવે તેના ચરણોમાં મારી અંતિમ પ્રાર્થના એ છે કે તે સર્વાંતર્યામી તને અને બાળબચ્ચાંઓને સુખી અને કુશળ રાખે."

આ સાંભળી ગુણસુંદરીનું હૃદય વધારે વ્યાકુળ થયું; વળી વધારે રડીને બોલીઃ—" સ્વામી, આપની હયાતીમાં બાળકોનું લાલન—પાલન અને તેમને ધર્મશિક્ષણ જેવી રીતે મળતું હતું તેવું આ દાસીદ્વારા નહિ થઇ શકે ! અદ્યાપિપર્યંત ઇશ્વરની કૃપાથી થોડામાં પણ સંતોષ માની આપણે કોઇની પાસેથી કદીપણ એક ફુટી બદામ પણ લેવાની ઇચ્છા કરી નહોતી; પરંતુ હવે અમારે લોકોની સામે દીનતા દેખાડવી પડશે; અને સર્વ પ્રકારે અપમાન સહન કરવું પડશે. તોપણ

આપના અચાનક વિયોગથી જેટલું કષ્ટ થાય છે તેટલું ધનનું નથી થતું, કારણ કે આપ બાળકોનું સાંસારિક સુખ જોઇ શક્યા નહિ તેમજ તેમની સેવાનો લાભ ભોગવી શક્યા નહિ. ઇશ્વર જે કાંઈ કરે છે તે તો આપણા સર્વના કલ્યાણને માટે કરે છે, પરંતુ આપના પહેલાં મારૂં મૃત્યુ ન થયું તેથી મને જન્મભર દુઃખ રહેશે!"

આટલું કહી ગુણસુંદરી સર્વ બાળકોને બોલાવી તેમને મરવા પડેલા પિતાના ચરણોમાં મૂકી વિલાપ કરવા લાગી. બાળકો પણ માતાની સ્થિતિ જોઈ રોવા લાગ્યાં. પાડોશીઓ અને જ્ઞાતિજનોને ખબર પડતાંજ સર્વ દોડી આવ્યાં અને ગુણસુંદરી અને બાળકોને સમજાવી ધીરજ આપવા લાગ્યાં. મૃત્યુ–શય્યાપર પડેલા સાધુ મનુષ્યે એક વખત સર્વ તરફ જોયું અને આંખો ફાડી રામનામનું ઉચ્ચારણ કરી પરલોક તરફ પ્રયાણ કર્યું.

પ્રકરણ ૩ જું.

लहत न प्रभु चित्त चूक किये की।
करत सुरत सौ बार हिये की ॥ तु. रा.

ગૌરીની મા કામ કરીને ચાલી ગઇ. મા દીકરી રસોઇ વગેરે કામથી પરવારી રામનાથ અને યદુનાથની રાહ જોતાં બેઠાં. યશોદાએ પોતાનું ગુંથેલું મોજું લાવી માને આપ્યું અને પોતે સીવવા બેઠી. પાર્વતી તો પોતાના ઓરડામાંથી બહાર આવીજ નહિ. અલ્પ સમયમાં બન્ને ભાઇઓ ઘેર આવી પહોંચ્યા.

યદુનાથ આવતાંજ માની સોડમાં ભરાયો, અને યશોદાએ સીવવાનું બાજુએ મૂકી બન્ને ભાઇઓને તેમની પાવડીઓ, રૂમાલ અને જળપાત્ર આણી આપ્યાં; પછી રસોડામાં ગઇ.

ભાઇઓને ખવડાવી–પીવડાવી યશોદા પાર્વતીને ખાવા બોલાવવા ગઈ અને તેના ઓરડાના બારણા આગળથી બૂમ પાડી, પણ કાંઇ જવાબ મળ્યો નહિ; તેથી અંદર ગઇ ત્યારે તેને માલૂમ પડ્યું કે પાર્વતી જાગતી પડી રહી છે. યશોદાએ બૂમ મારી કહ્યું:–"ભાભી, થાળી પીરસી છે. બા તમારે માટે બેસી રહ્યાં છે."

પાર્વતી:—હું પગ ધોઇને બેઠી છું. રસોડામાં આવતાં કચરો લાગે માટે હું નહિ આવું.

આ સાંભળી યશોદા મનમાં ને મનમાં હસી; અને મનસ્વી વિચાર કરવા લાગી:–'શું કચરો વળગશે તો તેનો ઉપાય નથી કે? શું ઘરમાં પાણી નથી?' પણ એ મોટા ભાઈની સ્ત્રી છે એમ વિચારી હસવું દાબી દીધું અને મનની વાત મનમાં રાખી બોલી:–"લો હું પાણી લાવું છું, તમે ટુવાલ લાવો."

પાર્વતી:—ટુવાલ ક્યાંથી લાવું? કયાં છે? બાપને ત્યાંથી એક લાવી હતી તે તો ફાટી ગયો.

યશોદા:—એમ કેમ? ભાઇએ પેલો ટુવાલ આપ્યો હતો તે કયાં ગયો? તેનો હજુ સુધી ઉપયોગ થયો હોય એમ મારી જાણમાં નથી.

પાર્વતી:—"એને શું કરૂં? આગ મૂકું? એવા મોટા ટુવાલ નહિ વાપરૂં; પગ લહોતાં લહોતાં વાળ ટૂટી જાય છે." ઘણુંએ સમજાવી છતાં જ્યારે યશોદાએ જોયું કે તેની આવવાની મરજી નથી ત્યારે નિરાશ થઇ રસોડા તરફ ગઇ. રામનાથ ગુપચૂપ ઉત્કંઠાપૂર્વક બારણાં તરફ જોઇ રહ્યો હતો, પણ જ્યારે યશોદાને એકલી આવતી જોઈ ત્યારે દિલગીર થઇ તેણે નીચું મોઢું કરી એક ઠંડો શ્વાસ લીધો. ભોજન કરી રહ્યા બાદ વાસણકુસણ એકઠાં કરી બાકીના કામકાજથી પરવારી યશોદા આગલા ખંડમાં આવી; મા તથા ભાઇઓને પાન આપી બેઠી. રામનાથે કહ્યું:–"બ્હેન, રામાયણ લાવો. આજે હું થાકી

ગયો છું માટે થોડુંક વાંચી સૂઇ જઇશ." યશોદાએ ભાઇને રામાયણ આપી. રામનાથે ઉતરેલ ચ્હેરે બ્હેનને કહ્યુંઃ—" શું રામાયણ સાંભળવા પણ તમારી ભાભી અહીં નહિ આવે ?"

રામનાથના આ શબ્દો સાંભળતાંજ માતા મનમાં વિચાર કરી પાર્વતીના ઓરડામાં ગઇ. પાર્વતીને સૂતેલી જોઈ તેના પલંગ પાસે જઇ તેનો હાથ પકડી કહ્યુંઃ—" વહુ, રામાયણનો પાઠ થાય છે માટે ઉઠો, આગલા ખંડમાં ચાલો."

પાર્વતીનો ક્રોધ શાંત થયો નહોતો. તે સાસુની સામે કાંઇ બોલી શકતી નહોતી; કારણ સાસુ એટલી બધી મધુરભાષિણી હતી કે તેનાં વચનો સાંભળી કોઇનો ક્રોધ પણ વધારે સમય સુધી ટકતો નહોતો. વળી પાર્વતીનું અંતઃકરણ પણ તેના શબ્દોથી કોમળ બની જતું હતું. સાસુના સ્નેહે અને વિવેકે તેના મનમાં અજવાળું પાડયું. સાસુ સમક્ષ પોતાનો દોષ કબૂલ કરી ક્ષમા માગવાનો મનમાં તે વિચાર કરવા લાગી; પરંતુ તેના મન ઉપર અહંકાર અને પાપની પ્રબળતા હોવાથી તે પોતાનો વિચાર દર્શાવી શકી નહિ. સાસુનું માન રાખી તે આગલા ખંડમાં ગઈ. ત્યાં પણ સ્વામી, સાસુ અને યશોદાને ઉદાસ જોઇ તે પસ્તાવા લાગી; પરંતુ અહંકારને લીધે એક પણ શબ્દ હોઠ બહાર કાઢી શકી નહિ.

રામનાથે રામાયણ ઉઘાડી અરણ્યકાંડમાંની અત્રિકૃત સ્તુતિ ગાયા બાદ વિનય પત્રિકામાંનું નિમ્નલિખિત ભજન ગાયુંઃ—

हरि तुम बहुत अनुग्रह कीन्हों ।
साधन-धाम विबुध-दुर्लभ-तनु मोहि कृपा कर दीन्हों ।
कोटिहु मुख कहि न जांय न प्रभु के एक एक उपकार ॥
तदपि नाथ कछु और माँगिहौं; दीजे परम उदार ॥
विषय बारि मन मीन भिन्न नहीं होत कबहुँ पल एक ।
तातें सहिय विपति अति दारुण, जन्मत योनि अनेक ॥

कृपा डोर बनसीपद अंकुश, परम प्रेम मृदु चारो ॥
यहि विधि वेग हरहु मेरो दुख, कौतुक राम तिहारो ॥
है श्रुति विदित उपाय सकल सुर केहि केहि दीन निहोरे।
तुलसिदास एकजीव मोह रज्जु जेइ बांधे सोइ छोरे॥

યદુનાથ અને યશોદાએ પણ ઉપર્યુક્ત ભજન ભાઇની સાથે ગાયું. રામનાથ સારી રીતે ગાઇ શકતો હતો, અને જે કાંઇ ગાતો હતો તે ખરા અંતઃકરણથી ગાતો હોવાથી તેનું ગાણું કર્ણને ઘણુંજ મધુરૂં લાગતું હતું. ભજન સાંભળી માતાનાં લોચન અશ્રુપૂર્ણ થઇ ગયાં. પાર્વતી પણ અધીરી થઇ વિચારવા લાગી કેઃ—"આવી સાસુ અને નણંદ; તથા આવો પતિ અને દીયર ભાગ્યેજ બધી સ્ત્રીઓને મળતાં હશે. આવા ધર્મનિષ્ટ લોકોના મનને અકારણ ઉદ્વેગ કરાવું છું તે મારો કેટલો મોટો અન્યાય છે? એ પાપમાંથી હું ક્યારે છુટીશ?"

ભજન સમાપ્ત કરી રામનાથે ફરીથી પરમાત્માની પ્રાર્થના કરી; જેમાં પોતાની દુર્બળતા, અધીરતા અને અયોગ્યતાનો સ્વીકાર કરી શાંતિ અને સહનશીળતા માટે વિનતિ કરી. ત્યારબાદ રામનાથની માતાએ પોતાના દરેક બાળકનું નામ ઉચ્ચારી પ્રભુને વિનતિ કરી કેઃ—"હે નાથ! આપ અમારા તરફ કૃપાદષ્ટિ રાખો કે જેથી હું મારાં સંતાનોને નમ્રતા, ધીરજ અને પ્રેમથી ધર્મ-શિક્ષા આપી શકું અને તેઓ આપના સાચા ભક્તો થાય." આ સઘળું જોઇ પાર્વતીનું હૃદય પીગળી ગયું; તે પણ આંખમાં પાણી લાવી વિચારવા લાગી કેઃ—'આ લોકો જ્યારે પોતપોતાના દોષો સ્વીકારે છે ત્યારે હું કેટલી બધી કમનશીબ?' પોતાના ભક્તોની પ્રાર્થના સાંભળી જાણે પરમાત્માએ પાર્વતીના મનમાં સુમતિ ઉત્પન્ન કરી હોય એમ ભાસવા લાગ્યું. હરિભજન થઇ રહ્યા બાદ યદુનાથ માના ખોળામાં બેસી તેની છાતી પર માથું મૂકી બોલ્યોઃ—"મા, હું તારી આજ્ઞાનું ઉલ્લંઘન નહિ કરૂં,

અને કદી પણ તને દુઃખ નહિ દઉં." આ સાંભળી આખરે પાર્વતી-થી રહેવાયું નહિ. તે તરતજ સાસુની પાસે જઈ નમ્રતાથી બોલીઃ- "મા, મેં મોટો અપરાધ કર્યો છે, મને પણ ક્ષમા આપો." આ જોઈ રામનાથ ખુશી થયો અને સાસુએ પાર્વતીને પોતાના ખોળામાં લઇ તેના મોઢાપર ચુંબન કર્યું અને બોલીઃ-"ઇશ્વર તમને સદ્બુદ્ધિ આપો. ટુંકો જીવ કરવાથી કાંઇ ફાયદો નથી. આસ્તે આસ્તે સૌ સારાં વાનાં થશે, જાઓ, જઈને જમી લો. ભૂખ્યા પેટે સૂવું સારૂં નહિ."

પાર્વતી સાસુની રજા લઇ વાળુ કરી સૂવા ગઇ. રામનાથ આ-નંદિત હૃદયે બોલ્યોઃ-"મા, પ્રભુનો મહિમા અગાધ છે. તે અસાધ્યને સાધ્ય બનાવવાની પણ શક્તિ ધરાવે છે." માતા પ્રેમપૂર્વક પુત્રના મુખ તરફ જોઇ બોલીઃ-"આપણે તો તૃણસમાન છીએ એ વાત તે સારી રીતે સમજે છે." થોડા સમય બાદ રામનાથ પણ સૂવા ગયો, પરંતુ પાર્વતીને વળી પાછી અજ્ઞાન અને અહંકારને વશ જોઇ દુઃખી થયો. પાર્વતી મનસ્વીપણે પોતાના ભરેલા પગલા માટે પશ્ચાત્તાપ કરવા લાગી અને વિચારવા લાગીઃ-"શું હું તદ્દન સાહસ-હીન છું કે મેં ક્ષમા માગી અને આધીનતા સ્વીકારી? અને હવે પાછી શું હું સ્વામી પાસે ક્ષમા માગું?" આવી રીતે દુષ્ટતાને વશ થયેલી પાર્વતી કઠણ મન કરી એક બાજુએ બેઠી હતી.

સર્વ કામ આટોપી યશોદા પણ પોતાના શયનગૃહમાં ગઈ. અહીં માતા અને યદુનાથ એકલાં રહ્યાં. સૂતી વખતે યદુનાથે માતાને પૂછ્યુંઃ-"મા, ભાભી આટલાં બધાં હઠીલાં કેમ છે?" માતાએ કહ્યુંઃ- "હજી તેમનું મન રામજીની ભક્તિમાં લાગ્યું નથી તેમાં."

યદુનાથઃ—રામજીની ભક્તિથી લોકો કેવી રીતે ભલા થાય છે?

માતાઃ—સર્વ લોકો પાપમાં ફસેલા છે. જેમાંથી બચવાની શક્તિ લોકોમાં હોતી નથી. રામજી સર્વને પાપમાંથી બચાવી જ્ઞાન આપે છે.

યદુનાથઃ—તો શું રામચંદ્રજીના ભક્ત બનવાથી સર્વે સારા બને છે અને પછી તેઓ પાપ નથી કરતા ?

માતાઃ—રામચંદ્રજીના ચર્ણોમાં ચિત્ત લગાડો તો તે અવશ્ય ખરાબ કૃત્યોમાંથી દૂર રાખશે; અને અંતમાં મુક્તિ પામશો.

આ વાત સાંભળી બાળક માતાને ગળે બાઝી સહજમાં ઉંઘી ગયો.

પ્રકરણ ૪ થું.

માતાના ઓરડાની લગોલગ યશોદાની ઓરડી છે. માતાના ઓરડા સિવાય તેમાં જવાનો બીજો રસ્તો નથી. એ ઓરડીમાં બે બારીઓ છે. એ બે બારીઓની પાસે યશોદાએ અને યદુનાથે ફૂલનાં બે ઝાડ—એક ગુલાબનું અને બીજું ચંપાનું—રોપેલાં છે. બન્ને ભાઇ-બ્હેન ઝાડને નિયમિત રીતે પાણી સીંચતાં હતાં, અને જ્યારે ફૂલ આવતાં હતાં ત્યારે આનંદને લીધે નાચતાં કુદતાં હતાં. વાંચકવૃંદ! આપે જો એકજ વખત યશોદાને જોઇ હોય તો આપને ખબર પડે કે તે ઘરકામમાં કેવી ચતુર છે અને તેની સર્વે ચીજો કેટલી સાફસુફ રહે છે. એ ઓરડીમાં એક ખાટલો છે, તેના ઉપર પાથરેલ ચાદર તદ્દન સ્વચ્છ છે. ઓરડીની બે બાજુની દિવાલોમાં બે તાકાં છે. એકમાં તખ્તો અને તેની પાસે કાંસકી છે, અને બીજા તાકામાં પુસ્તકો મૂકવાની કાષ્ટની ઘોડી અને તેના ઉપર કેટલાંક પુસ્તકો ગોઠવેલાં છે. એ પુસ્તકોપર સહેજ પણ ધૂળ લાગેલી નથી. તદ્ઉપરાંત ત્યાં એક પેટી છે જેના ઉપર એક કાગળની પેટી છે. આ બન્ને વાનાં પણ તદ્દન સાફ છે. પેટીની પાસે એક પ્યાલો, લોટો અને લોટી પડેલાં છે એ પણ માંજેલાં છે. લોટાની પાસે એક સફેદ ટુવાલ પડેલો છે. માતાએ સર્વેને બબ્બે ટુવાલ આપી મૂક્યા હતા કારણ કે જ્યારે એક ધોબીને ત્યાં જાય

ત્યારે બીજે કામમાં આવે. જો કે આપણા દેશની સ્ત્રીઓ ખાટલાના પાયે, બારણા ઉપર અને દિવાલોપર મેલવાળા હાથ ઘસે છે તોપણ યશોદાની ઓરડીમાં આવો એક પણ ડાઘ માલૂમ પડતો નથી.

તેની માતા તેને એક સાવરણી પાસે રાખવાની શીખામણ આપતી હતી; તેથી તેની ઓરડીમાં આટલી બધી સુઘડતા રહેતી હતી. એ ઓરડીમાં એક કપડાં સૂકવવાની વળગણી હતી જેના ઉપર કપડાં સૂકવવામાં આવતાં હતાં. એ વળગણી ઉપર સૂકવેલાં સર્વ કપડાં સ્વચ્છ હતાં. અહીં કદાચ પાઠકો પ્રશ્ન પૂછશે કેઃ—" શું કદી યશોદાનાં કપડાં મેલાં થતાં નહોતાં ? " હા, થોડાં ઘણાં મેલાં કપડાં સર્વને ત્યાં હોય છે, પરંતુ યશોદાને ધોએલાં કપડાંમાં મેલાં કપડાં નહિ મૂકવાની શીખ પહેલેથીજ તેની માતાએ આપી હતી. યશોદાના ખાટલા નીચે એક પેટી છે, તે ખોલવાથી માલૂમ પડશે કે તે મેલાં કપડાં કેવી રીતે રાખતી હતી ? જ્યારે યશોદા નવ વર્ષની થઈ હતી ત્યારથી પોતાને અલગ ઓરડી આપવાનું માને વારંવાર કહ્યા કરતી હતી. ઘરમાં ત્રણ મોટા ખંડ હતા. એકમાં રામનાથ બેસતો ઉઠતો હતો, બીજામાં માતા રહેતી હતી અને ત્રીજો આગલો ખંડ મળવા આવનારની સાથે બેસવા ઉઠવાને માટે રાખ્યો હતો. માતાના ઓરડાની સાથેજ એક નાની ઓરડી હતી જેમાં રામનાથના પિતા લખતા—વાંચતા હતા. માતાએ તેજ ઓરડી લીંપી ગુંપી યશોદાને આપી હતી અને આપતી વખતે કહ્યું હતું કેઃ—"જે દિવસથી આ ઓરડીની સુઘડતામાં ઘટાડો થશે તેજ દિવસથી આ ઓરડી ઉપર તારો હક્ક રહેશે નહિ." પુત્રીએ માતાની આજ્ઞાનું પાલન કેટલે દરજ્જે કર્યું છે તે પાઠકો જોઈ ગયા છે. તેમાં જે કાંઇ છે તે સર્વ યશોદાનુંજ છે. એ સર્વ યશોદાએજ પોતાના સારા વર્તનદ્વારા પ્રાપ્ત કર્યું છે. ઘરનું એક એક કામ શીખતી વખતે માતા યશોદાને એક એક વસ્તુ આપવાનું કહેતી હતી, અને જ્યારે યશોદા તેમાં

પારંગત થતી ત્યારે માતા તેને કહેલી વસ્તુ આપતી હતી. આવા પ્રકારના ઉત્સાહથી યશોદા તેની ઉમ્મરની બાળકીઓથી વધારે ચતુર થવા લાગી. બીજે દિવસે યશોદા સર્વથી વહેલી ઉઠી પ્રથમ પોતાની ઓરડીમાંથી પુંજો વાળી હાથ મોઢું ધોઈ મા અને ભાઇઓને માટે દાતણ, પાણી અને રૂમાલ હમ્મેશના સ્થાને મૂકી પોતાની ઓરડીમાં આવી બેઠી. તેણે વિનયપત્રિકામાંનાં કેટલાંક પદ ગાયાં પછી કંઇક વીણવા લાગી.

ત્યારબાદ યશોદા બહાર આવી તો માલૂમ પડયું કે પાર્વતી સિવાય ઘરનાં સર્વ માણસો ઉઠી પોતપોતાનાં કામે લાગ્યાં છે.

રામનાથ સ્નાન, ધ્યાન અને નાસ્તો કરી પોતાના કામે ગયો. યદુનાથ લેસન કરવા બેઠો. માતા ગૌરીની માને લઇ ઘરનું કામ કરવા લાગી. યશોદા માતાની પાસે જઇને બોલીઃ—" મા, તું કહે તો હું બુઢ્ઢીને ઘેર જાઉં." માતાએ જવાબ આપ્યો કે " આવે વખતે બુઢ્ઢીને ત્યાં જઇ તું શું કરીશ?"

યશોદા—" ગૌરીની મા કહેતી હતી કે બુઢ્ઢીના હાથ પગ ફૂલી ગયા છે; અને તેનાથી કામકાજ થતું નથી; તેથી તું કહે તો હું ત્યાં જઇ એનું કામ કરી આવું." આ સાંભળી ગૌરીની મા બોલી " હા બ્હેન, બુઢ્ઢી ઘણીજ દુઃખી થાય છે. કાલે બપોરે મેં એક ઘડો પાણી ભરી આપ્યું હતું અને થોડા ચોખા રાંધી આપ્યા હતા તે ખાઇને બુઢ્ઢીએ ચલાવ્યું હતું." માતાએ યશોદાને જવાની રજા આપી અને કહ્યુંઃ—" જા, અને બુઢ્ઢીને કહેજે કે આજે હું ખાવાનું ઢાંકી જઇશ."

યશોદા ખુશી થતી થતી ગઇ.

બુઢ્ઢી કોણ છે, એ જાણવાની પાઠકોને આકાંક્ષા થઈ હશે. તે આ લોકોની કાંઇ સગી થતી નથી. ઘણા વર્ષથી એમના ગામમાં રહે છે. તેની ઉમ્મર લગભગ ૮૦ વર્ષની છે. બુઢ્ઢીનાં પુત્ર, પુત્રીઓ અને સગાંવહાલાં સર્વ એક પછી એક પરલોક સીધાવ્યાં હતાં, તેથી તે

એકલી નિરાધાર થઇ ગઇ હતી. તેને એક સંસ્થા તરફથી માસિક માત્ર બે રૂપીઆ મળતા હતા, તે ઉપર તે પોતાનું ગુજરાન ચલાવતી હતી.

રામનાથના ઘરની પાસેજ બુઢ્ઢીનું ઘર હોવાથી માતાએ યશોદાને એકલી જવા દીધી.

યશોદા બુઢ્ઢીને ઘેર ગઇ અને જોયું તો તેનું ઘર બંધ દીઠું. યશોદાએ બૂમ મારી કે તરતજ બુઢ્ઢીએ જવાબ આપ્યો "કોણ છે! બાઇ ઉભાં રહો. બારણું ઉઘાડું છું." બારણું ઉઘાડતાં ઉઘાડતાં બુઢ્ઢીને ઘણું દુઃખ થયું. બુઢ્ઢીને જોતાંજ યશોદાએ તેની ખબર અંતર પૂછી અને કહ્યું:—"હું તમારી માંદગીની વાત સાંભળી તમને જોવા આવી છું. માએ તમારી ખબર પૂછી છે. તમે અહીં બેસો, હું બધું કામ કરૂં છું"

બુઢ્ઢીની આંખમાં પાણી આવ્યાં; તે બોલી:—"ઇશ્વર તને સુખી રાખો. તું જેવી રીતે હું અનાથની આંતરડી ઠારે છે તેવી રીતે ઇશ્વર તારૂં ભલું કરશે." તેનું ઘર નાનકડું છે; બારણું ઘરના પ્રમાણમાં નાનું છે. નાની ઓરડીમાં રસોઇ કરવામાં આવતી અને મોટા ખંડમાં સુવા બેસવાનું રાખ્યું હતું. યશોદાએ પ્રથમ ઓસરીમાંથી પુંજો કાઢી ચટાઇ પાથરી બુઢ્ઢીનો હાથ ઝાલી ધીમે રહીને તેને ચટાઇ ઉપર બેસાડી. ત્યારબાદ મોઢું ધોવા માટે પાણીનો લોટો ભરી તેની પાસે મૂક્યો. પછી પોતે વાસણ માંજી બાજુએ મૂકી નજદીકના કુવામાંથી પાણી ભરી લાવી. બુઢ્ઢી તેને કામ કરતી જોઇ પ્રેમથી બોલી:—"ઇશ્વરની કેવી દયા છે? જુઓ, મારૂં સગુંવહાલું તો કોઈ કાંઇ કરતાં નથી, પણ મારે કોઈ વાતની ખોટ પડતી નથી એટલે મારે મન તો સર્વ છે." કામકાજ કરી રહ્યા બાદ યશોદાએ પૂછયું:— "તમારે કાંઈ જોઇએ છે? જે જોઇતુ હોય તે કહેજો, ગભરાશો નહિ."

બુઢ્ઢી—બેસ, બ્હેન, બેસ. સાંભળ, મને કોઈ વાતની ઉણપ આવતી નથી. મને જે જે ઇચ્છા થાય છે તે સર્વ પરમાત્મા સમય-પર હાજર કરે છે. વાથી મારા એકેએક સાંધા રહી ગયા છે તેથી મારાથી કંઇ બનતું નથી. તોપણ પ્રભુકૃપાથી થોડું ઘણું ભોજન મળી રહે છે. કાલે સવારે ઉઠી ત્યારના આ પગ રહી ગયા છે. પગ ઉપડી શકતો નહોતો; મહા મહેનતે પુંજો કાઢી વિચાર કરતી દુઃખમાં બેઠી હતી કે:—"હે ભગવાન ! આજે શું થશે ?" તોપણ મને વિ-શ્વાસ હતો કે દયાળુ પ્રભુ મને ભૂખી તો નહિજ રાખે. આખરે એમજ થયું. કાલે બપોરે ગૌરીની મા આ રસ્તેથી જતી હતી. મને સૂતેલી જોઇ એણે બૂમ પાડી, પણ તે વખતે હું ઉંઘતી હોવાથી જવાબ આપી શકી નહિ તેથી તે સમજી ગઇ કે મેં ખાધું નથી તેમજ રાંધ્યું પણ નથી. તરતજ તે રસોડામાં પેઠી અને ચોખા રાંધી આપી મને ખવડાવી પછી ગઈ. બેટા યશોદા ! જો મારાં છોકરાં જીવતાં હોત તોપણ તેઓ આથી કાંઇ વધારે કરી શકત નહિ. વળી આજે મારા જીવને સારૂં નથી તેથી ભગવાને તને મોકલી." આવું બોલતાં બોલતાં બુઢ્ઢીનું મન પ્રભુના ધ્યાનમાં લીન થઇ ગયું. યશોદા પણ તેની પ્રભુભક્તિ જોઈ પ્રભુનો મહિમા યાદ કરવા લાગી.

યશોદાએ જતી વખતે કહ્યું:—" હું બાર વાગે ખાવાનું લઇને આવીશ."

યશોદા ઘેર આવી. માતા સ્નાન કરી પરવારી છે પણ પાર્વતી હજી ઓરડામાંથી બહાર આવી નથી. યશોદાએ વિચાર્યું કે ભોજાઇ ગઇ કાલે બનેલી ઘટનાથી લજ્જિત થઇ હશે, માટે જ્યાં સુધી કોઇ નહિ બોલાવે ત્યાં સુધી બહાર આવશે નહિ. આમ વિચારી તેણે બૂમ મારી "ભાભી નહાવા ચાલો."

પાર્વતી:—મને તળાવમાં નહાવાની ટેવ નથી, હું હમ્મેશાં ઘેર

.રમ પાણીથી નહાતી હતી. તમારા કહેવાથી થોડા દહાડા તળાવમાં .હી, પણ હવે નહિ આવું.

યશોદાઃ—શું તમને તળાવનું પાણી નડે છે ?

પાર્વતીઃ—ના, નડતું તો નથી, પણ મને ત્યાં આવવું ગમતું નથી.

યશોદાઃ—તળાવમાં નહાવાથી ઘણો આરામ થાય છે. હું એકલી તઉં છું, તેથી ચાલો, સોબત થશે. હું તમારે માટે તેલ લાવીશ અને .ડો પણ હું લઇશ.

પાર્વતીઃ—હું પાણીએ નહિ લાવું અને નહાવાએ નહિ આવું.

યશોદાઃ—ભાભી, મેં એક ઘડા સિવાય બીજા ઘડાનું નામ ણુ લીધું નથી. પછી તમે કેમ જાણ્યું કે હું તમને પાણી લાવવાનું હું છું ? પાણી ન લાવીએ તોપણ ચાલે એમ છે; કારણ કે ગૌરીની .એ પાણી ભર્યું છે, તોપણ મને ટેવ પડેલી હોવાથી પાણી લાવવા ચ્છા કરૂં છું, કાંઇ બારે માસ સરખા જાય છે ?

પાર્વતીઃ—દાસીનું કામ કરવાને તમારો જીવ ભલો ચાલે છે ?

યશોદાઃ—દાસીનું કામ કેમ ? એ તો ઘરનું કામ છે. કદાચ ારીની મા માંદગી અથવા એવા કોઇ કારણથી ન આવે તો આપ- ૄજ પાણી લાવવું પડે ને ? અને ટેવ ન હોય તો પછી આપણને વું લાગે ? એમ વિચારીનેજ મા અને હું રોજ એક બે ઘડા પાણી ાવીએ છીએ. વળી માએ તો મને કહ્યું છે કે જો હું એકાદ .ડીનો રોજ પાણી ભરી લાવું તો મને તે એક નાનકડી ગાગર ાઇ આપશે.

યશોદાની ડાહી ડાહી વાતો સાંભળી પાર્વતી ચૂપ થઇ. પાર્વતી શોદાને ચાહતી હતી પણ અજ્ઞાન અને અહંકારને વશ થઇ કઠણ ાન કરતી હતી. તેને એટલી બધી રીસ ચઢી હતી કે જ્યારે ગઈ ાલે રાત્રે રામનાથ ઓરડામાં સૂવા ગયો ત્યારે તે તેની સાથે એક

પણ શબ્દ બોલી નહોતી. તે વખતે રામનાથને આશા હતી કે પાર્વતી પોતાના દોષનો સ્વીકાર કરી માફી માગશે, પરંતુ તે આશા નિરાશા નીવડી. યશોદાની સાથેની વાતોના અંતમાં પાર્વતીએ કહ્યું:— "તમે જાઓ, હું તો નહિ આવું. ગૌરીની માને કહેજો કે ખાળમાં નહાવાનું પાણી મૂકે."

જે તળાવમાં યશોદા નહાવા જતી હતી ત્યાં એવો પ્રબંધ હતો કે એક ઘાટપર માત્ર સ્ત્રીઓજ નહાય અને પુરૂષોને માટે અલગ ઘાટ હતો. યશોદા ઉદાસ થઇ એકલીજ નહાવા ગઇ.

પ્રકરણ ૫ મું.

યશોદા તળાવેથી આવી પાર્વતીને નાસ્તો કરાવી રાંધવા બેઠી. રસોડામાં એક બાજુએ બેસી માતા મોજાં ગુંથતી હતી અને શાક વગેરે કેવી રીતે બનાવવું તેની યશોદાને સમજણ પાડતી હતી. સર્વે ભોજન કરી રહ્યા બાદ યશોદા બુઢ્ઢીને માટે ખાવાનું ઢાંકવા જવા તૈયાર થઈ તે જોઇ પાર્વતી બોલી:—"ડોશીને માટે તે આવા સખ્ત તડકામાં જવાથી શો લાભ થશે?" યશોદાએ હસતાં હસતાં કહ્યું:— "શું ભાભી તમે નથી સાંભળ્યું?

परहित लागि तजै जो देही ।
सन्तत सन्त प्रशंसहिं तेही ।

આ માયિક દુનિયામાં આથી વધારે કયો લાભ જોઇએ? બુઢ્ઢી અને આપણે સર્વે એકજ પ્રભુનાં સંતાન છીએ."

પાર્વતીએ હસીને કહ્યું "બસ, આટલેથીજ બંધ રાખો. એ તે વળી લાભ કહેવાય?"

યશોદાએ મશ્કરીમાં કહ્યું:—"વારૂ ભાભી, હું જાઉં છું."

યશોદાને જતી જોઈ યદુનાથ દોડતો આવ્યો અને બોલ્યોઃ– “બ્હેન, તમારા હાથમાંની થાળી મને આપો, હું પણ તમારી સાથે આવીશ.”

બુઢ્ઢીને ખવરાવ્યા પછી યશોદાએ વાસણ માંજી નાખ્યાં. પછી બુઢ્ઢીએ કહ્યુંઃ–“બેટા, તારે ઉતાવળ ન હોય તો ભરત–મેળાપની કથા સંભળાવ.” યશોદા તરતજ ઘેરથી રામાયણ લઇ આવી અને બુઢ્ઢીને કથા સંભળાવી પછી પોતાને ઘેર ગઇ.

આજે સાંજે ધોબણ આવવાની હોવાથી ચાર વાગે યશોદા સર્વે કામ આટોપી મેલાં કપડાં એકઠાં કરવા લાગી. યશોદા આ કામ કેવી રીતે કરે છે તે જાણવાની પાઠકોને જિજ્ઞાસા હશે એમ ધારી અમે કેટલુંક વર્ણન કરીશું. યશોદાએ મેલાં કપડાં એકઠાં કર્યાં. પછી તેમાંનાં ફાટેલાં કપડાં તે સીવવા બેઠી. આથી ધોબીને ત્યાં કપડાં વધારે ફાટતાં નથી. નહિતો હોય તેના કરતાં દશગણાં ફાટી કપડાંની આવરદા ઓછી થાય છે. ત્યારબાદ સર્વે કપડાં એક ચોપડીમાં લખી લીધાં અને જ્યારે ધોબણ આવી ત્યારે તેને તે પ્રમાણે ગણીને આપ્યાં. ધોબણ જે કપડાં ધોઇ લાવી હતી તેને પહેલાંની યાદી પ્રમાણે સરખાવી જોયાં, અને દરેક કપડાં ઉકેલી જ્યાં સીવવા જેવું હતું ત્યાં સીવીને ઠેકાણે મૂક્યાં. પાર્વતી અને રામનાથનાં કપડાં પાર્વતીની પાસે રહેતાં હતાં; પણ તે યશોદાની માફક કપડાંની સંભાળ રાખતી નહિ હોવાથી તેને સીવવા સાંધવાનું પણ કામ યશોદાનેજ કરવું પડતું હતું. આવી રીતે માતાએ સર્વે કામનો ભાર બે વર્ષથી યશોદાને માથે નાખેલો હતો. પ્રથમ તો તે તેની પાસે બેસીને સર્વે કામની સમજણ પાડતી હતી. યશોદા પોતાનું કામ પૂરૂં કરી રામનાથ અને પાર્વતીનાં કપડાં લઇ પાર્વતીની પાસે ગઈ. પણ ઉંબરામાંથીજ રામનાથ અને પાર્વતીને અરસ્પરસ વાતો કરતાં જોઇ પાછી ફરી. તેમની વાતચીત-

ઉપરથી તેને માલૂમ પડયું કે રામનાથ પાર્વતીને ધમકીની સાથે શીખા-મણુ આપી રહ્યો છે, પાછી આવી બાજુપર કપડાં મૂકી યશોદા કામમાં ગુંથાઇ.

કાલે રામનવમી છે. જે રામચંદ્રજીએ આપણો કર્તવ્ય, સુખ, દયા, પ્રેમ અને મુક્તિનો માર્ગ સુલભ કરી આપ્યો છે, તેમનો આવતી કાલે જન્મદિવસ હોવાથી ઠેર ઠેર આનંદ આનંદ થઈ રહેશે. મહોલ્લાના નાના મોટા સર્વ મળી તેમનાં યશોગાન ગાઇ, રામાયણનો પાઠ તથા પ્રેમાલાપનું અસીમ સુખ ભોગવી પોતપોતાના જીવનનું સાર્થક કરશે. જન્મસમયે શ્રદ્ધાળુ લોકો ઘણી શ્રદ્ધાથી પ્રભુનું પૂજન કરી, વૈરભાવ છોડી એક બીજાને ભેટી આગામી વર્ષ પર્યંત મિત્રતાપૂર્વક વ્યવહારનું પણ લઇ પોત પોતાને ઘેર જશે. આપણે પણ થોડો રામાયણ—પાઠ કરી આ અધ્યાયની ભક્તિભાવથી સમાપ્તિ કરીશું.

ओहि दिन रामजन्म श्रुति गावहिं।
तीरथ सकल तहां चलि आवहिं॥
असुर नाग खग नर मुनि देवा।
आय करहिं रघुनायकसेवा॥
जन्ममहोत्सव रचहिं सुजाना।
करहि राम कल कीरति गाना॥

પ્રકરણ ૬ ઠું.

उघरहिं विमल विलोचन ही के।
मिटहिं दोष भव रजनी के॥

રામનાથ અને પાર્વતી અત્યાર સુધી કેવી વાતો કરતાં હતાં તે જાણુવાની પાઠકોને ઇચ્છા થઇ હશે. એ દિવસે યશોદા અને યદુનાથ

નીતિસુધાતરંગિણી વાંચતાં હતાં ત્યારે પાર્વતી એક બાજુએ બેસી સાંભળતી હતી. યશોદા વાંચીને ગઇ ત્યારે રામનાથે પાર્વતીને કહ્યુંઃ— " જોયું, યશોદા વાંચવા લખવામાં કેવી હોશિયાર થઇ છે ? તું પણ તારો અભ્યાસ આગળ વધાર એવી મારી ઇચ્છા છે. "

પાર્વતીઃ—એ ભણ્યું ગણ્યું શા કામમાં આવવાનું છે ? લીંપવા ગુંપવામાં, ચૂલો ફૂંકવામાં કે રાંધવામાં ?

રામનાથઃ—હા, રસોઈ બનાવવામાં પણ ભણતર બહુ ઉપયોગી થઇ પડે છે. આપણી ભાષામાં પાકશાસ્ત્રનાં ઘણાં પુસ્તકો છે જે વાંચી જાણવાથી જુદી જુદી જાતનાં ભોજન બનાવતાં શીખી શકાય છે.

પાર્વતીઃ—એવાં પુસ્તકોમાં દાળ, ભાત, રોટલી અને શાક બનાવવાની રીત નથી પણ રાજા મહારાજાઓનાં મિષ્ટાન્ન વર્ણવેલાં હોય છે, કે જે આપણે સ્વપ્ને પણ જોઇ શકવાનાં નથી.

રામનાથઃ—રાજા મહારાજાઓના રસોઇઆઓ ઘણાજ ચતુર હોય છે તેથી તેઓ સારી રસોઇ બનાવી શકે છે. આપણે પણ એમની રીતથી વાકેફ થઇએ તો થોડાજ ખર્ચમાં સારા સારા ખાદ્ય પદાર્થો બનાવી શકીએ.

પાર્વતીઃ—આવા નાના મકાનમાં રહી અને સાદાં કપડાં પહેરી એવું ઉત્તમ ભોજન સારૂં લાગતું હશે કે ?

રામનાથઃ—તું કોઇ દિવસ એવી રસોઇ બનાવી સર્વને ખવડાવ તો તને માલૂમ પડશે કે તે આ નાના ઘરમાં પણ સ્વાદિષ્ટ લાગે છે કે નહિ ?

પાર્વતીઃ—બળ્યું, તમે તો હંમેશા મારી વાત હસવામાંજ કાઢી નાખો છો. આટલું બોલી પાન આપી મોઢું ફેરવી બેઠી અને સાલ્લાનો છેડો મોઢા ઉપર નાખી રડવા લાગી.

રામનાથઃ—આ શું, રડે છે કેમ ?

પાર્વતી—કોણ જાણે મારો જીવ ગભરાય છે; અને તે ઉપર તમે હસો છો તેથી મને વધારે દુઃખ થાય છે. આખો દિવસ એક-કુંજ પડી રહેવાનું તેથી મને તો ગભરામણ થાય છે; હવે હું તો પીયર જઇશ. બહુ દિવસ થયાં મારી માને પણ મળી નથી.

રામનાથ—હજુ તો તને આવ્યાને બેજ માસ થયા છે.

પાર્વતી—તમે પણ માતા, બ્હેન અને ભાઇની સાથે સુખચેન-માં રહેવાને બદલે જો મારી પેઠે બીજાંઓની સાથે રહો તો ખબર પડે કે બે મહિના બે વર્ષ જેવા લાગે છે કે નહિ?

'બીજાની સાથે?' આ શબ્દોથી રામનાથને ઘણું ખોટું લાગ્યું.

પાર્વતીને નાનપણથીજ શીખામણ મળી હોત કે સ્વામીનો પરિવાર પારકો નથી તો તે કદાપિ પણ આવી વાત કહેત નહિ. વળી તેથી ઉલટું કેટલીક માતાઓ તો લાડમાં ને લાડમાં બોલે છે કે 'અમારી પુત્રીઓ તો શેઠાણી થઇ પલંગમાં સૂઈ; નોકર–ચાકરપર હુકમ ચલાવશે.' આવી વાતો કરવાથી પુત્રી પોતે તેમ તેનાં સાસરીયાં, ઉભય દુઃખી થાય છે.

રામનાથ મનનું દુઃખ મનમાં રાખી ધીમેથી બોલ્યોઃ—"વિચાર તો કર કે દરેક સ્ત્રીઓને એમ થાય છે! હું અને મારો પરિવાર એ તારે માટે જરા પણ "પારકાં" નથી. વળી હું એક ગરીબ ઉપદેશક છું; તારા વારંવાર જવા આવવાથી નાહક ખર્ચના બોજામાં ઉતરવું પડે છે. છતાં જવું હોય તો યશોદાનાં લગ્ન એક મહિનામાં થનાર છે તે થઇ જવા દે, પછી જજે.

પાર્વતી—ત્યાં સુધી મારાથી તો રહેવાશે નહિ. મારા જવા આવવાનો ખર્ચ તમને ભારે પડે છે અને યશોદાના લગ્નમાં તો જાણે કશો ખર્ચજ નહિ કરવો પડે, ખરૂં ને?

રામનાથ ગંભીરતાથી બોલ્યોઃ—તને સુખી જોવાની મારી કેટલી

મરજી છે તે તો પરમાત્માજ જાણે છે; પરંતુ તારૂં સુખ તારાજ હાથમાં છે. ધર્મ અને નીતિ સમજ્યા સિવાય કદી પણ સુખ મળતું નથી.

સ્વામીનું ઉપર્યુક્ત કથન સાંભળી થોડી વાર સુધી તો પાર્વતી શાંત રહી. તે મનમાં સમજતી હતી કે સ્વામી જે કાંઇ કહે છે તે બરાબર છે; અને સ્વામીની પાસે રહેવાથી તેને જે કાંઇ થોડું ઘણું ધર્મ-શિક્ષણ મળ્યું હતું તે પણ પીયેર જવાથી ભુંસાઈ જશે. તેના મનમાં અહંકાર અને વિવેકનું યુદ્ધ થવા લાગ્યું. છેવટે અજ્ઞાન પાર્વતીએ અહંકારવશ થઇ રામનાથને કહ્યું:—" હું તો જઇશેજ. મારો જીવ અહીંથી ઉડયો છે. જો તમે નહિ જવા દો તો હું મજુર કરી ચાલી જઇશ. "

રામનાથ નિસાસો મૂકી બોલ્યો:—કાલે મારે હરિકીર્તનમાં જવાનું છે; તેથી કાલે તો તારાથી નહિ જવાય. પરમ દિવસે માને કહી સર્વ પ્રબંધ કરીશ; એને બીજે દિવસે જજે.

પાર્વતી—તમે સાથે આવશો કે નહિ ?

રામનાથ—જો તેં મારી વાત માન્ય રાખી હોત તો હું આવત! તે સિવાય તારી સાથે આવું તે બને નહિ. હા, જ્યારે તું કાગળ લખીશ અને તેમાં તારા પીયર જવાથી તેં અન્યાય કર્યો છે એ વાતનો સ્વીકાર કરીશ ત્યારે હું તને મળવા અને તેડવા આવીશ.

આટલું કહી રામનાથ બહાર ગયો. માતા રસોડામાં હોવાથી તેણે રામનાથને બોલાવ્યો. માતાની બૂમ સાંભળતાંજ રામનાથ રસોડામાં ગયો. પુત્રના મોઢા તરફ જોઈ સર્વ મર્મ સમજી માતાએ યશોદાને કહ્યું:—" ભાઇ સાથે મારે કાંઇ વાત કરવી છે, માટે આજે તું એકલી રોટલી બનાવ. "

માતાએ રામનાથને શાંત પાડી પાર્વતીને પીયર જવા દેવાની સંમતિ આપી.

પાર્વતીની પીયર જવાની વાત સાંભળી સાસુને ઘણો ખેદ થયો. તે વહુને ચાહતી હતી અને તેને જે કાંઇ કહેતી હતી તે ઘણા સ્નેહથી કહેતી હતી. હવે તેને એ ફીકર થવા લાગી કે પાર્વતી પીયરમાં જઇ ખરાબ સોબતમાં પડી વધારે ધર્મરહિત થઇ જશે. તેથી તે ઇશ્વરને વિનતિ કરવા લાગી "હે ઇશ્વર! મને એવી બુદ્ધિ આપ કે વહુને તેના ઉપર પડનાર દુઃખની સૂચના આપી શકું." જાણે કે ઇશ્વરે તેની પ્રાર્થના સાંભળી હોય તેમ તે વખતે યદુનાથ માતાની પાસે આવી કહેવા લાગ્યોઃ–"મા, મને તે દિવસે રાતના એક અધુરી વાત કરી હતી તે કહો." માતા બોલીઃ–"બેટા, એ વાત સાચી છે. આવ અહીં બેસ." યદુનાથ માતાની સોડમાં ભરાયો.

માતા બોલી—બેટા, તારા બાપને મર્યાને આજકાલ કરતાં ઘણાં વર્ષ થયાં. જ્યારે મરી ગયા ત્યારે તું બહુ નાનો હતો. આજકાલ એકાદશીને દિવસે જેવી રીતે રામનાથ રામાયણ વાંચે છે અને ધર્મોપદેશ કરે છે તેવી રીતે તારા બાપ પણ કરતા હતા અને કોઇ કોઇ વખત આ વાત પણ કહેતા હતા. એક દિવસે કોઇ અમુક કામસારૂ તે અજમેર ગયા હતા. ત્યાં જેને ઘેર ઉતર્યા હતા તેના પાડોશમાં એક વાણીઓ રહેતો હતો. તેની વહુ મરવાની અણી ઉપર હતી મિત્રના આગ્રહથી તારા પિતા વાણીઆની વહુને જોવા ગયા. અંદર જઇ તેમણે જોયું તો તે સ્ત્રીની અવસ્થા કાંઇ મોટી નહોતી અને મંદવાડમાં પણ તે સુંદર લાગતી હતી. તારા બાપ ખાટલાની પાસે બેઠા. તે સ્ત્રી ઘસઘસાટ ઉંઘતી હતી. એમણે તેના કાન પાસે જઇને કહ્યુંઃ—

रामनाम कलि अभिमत दाता ।
हित परलोक लोक पितु माता ॥

આ વચન સાંભળતાંજ તેની આંખ ઉઘડી ગઇ અને તેણે ગમ-

રાઇ પૂછ્યું:-" આ કોણ બોલ્યું ? " પછી તે મનમાં વિચારવા લાગી; " હવે હું શું કરૂં ? મારૂં શું થશે ? હવે મારા માટે કોઇ રસ્તો નથી ! સુખના દિવસોમાં તો હું રૂપ અને અહંકારના મદમાં રહેતી હતી. તે વખતે હું વિચારતી હતી કે હું ઘડપણમાં પરમાર્થ કરીશ; પણ ઇશ્વરે મને વૃદ્ધાવસ્થા આપીજ નહિ. સારી તંદુરસ્ત અવસ્થામાં મેં કાંઇ પણ પરમાર્થ કર્યો નહિ, સાસુ સસરાની સેવા કરી નહિ, પતિની પ્રેમ-પાત્ર બની નહિ, તેમજ ઇશ્વરભક્તિમાં મન પરોવ્યું નહિ. હાય ! મેં નાહક જીવન ગુમાવ્યું-રે કલંકિત કર્યું." આમ બોલતાં બોલતાં તેણે એક મોટી ચીસ પાડી અને આંખો બંધ કરી. તે પછી તેનો પ્રાણ ચાલ્યો ગયો. ત્યાર પછી તેનાં ઘરનાં સર્વને ધીરજ આપી તારા પિતા ત્યાંથી ચાલી નીકળ્યા, પરંતુ જીવતાં સુધી તેઓ એ વાત ભૂલ્યા નહોતા.

આ વાત સાંભળી યદુનાથે માતાને કહ્યું:-" મા, હું સદા તારી આજ્ઞા પ્રમાણેજ ચાલીશ, અને તું જેમ કહીશ તેમ ઇશ્વરની આરાધના કરીશ." પાર્વતી પોતાના ઓરડાના દ્વારમાં બેઠી બેઠી આ વાત સાંભળી રહી હતી. વાત પુરી થતાંજ તેનું મન અસ્થિર લાગવાથી તે અંદર ચાલી ગઇ. જતી વખતે સાસુને માલૂમ પડ્યું કે તેની આંખોમાં આંસુ હતાં.

પાર્વતી ઓરડામાં જઇ વિચાર કરવા લાગી કે હું પીયર જાઉં કે અહીં રહું ? પાર્વતી વધારે ભણી-ગણી નહોતી તેમજ તેને પુરી ધર્મ-શિક્ષા પણ મળી નહોતી એટલે તેને બિચારીને ક્યાંથી માલૂમ હોય કે:-

कोमल चित अति दीन दयाला ।
कारण बिन रघुनाथ कृपाला ॥

આખરે પાર્વતીએ નિશ્ચય કર્યો કે આ બાબતમાં માની સલાહ લેવી.

પ્રકરણ ૭ મું.

રામનાથના ગામમાં એક મામલતદાર રહેતો હતો તેને સરકાર-તરફથી પેન્શન મળતું હતું; તે ગૃહસ્થ ઘણોજ શિક્ષિત, અનુભવી, પરોપકારી અને સજ્જન હતો. તે આ ગામમાં રહી ખેતી અને દેશી કારીગરીને ઉત્તેજન આપતો અને અને અવકાશનો સમય સાહિત્ય-સેવામાં ગાળતો હતો. એક દિવસે તેની શિક્ષિત સ્ત્રી રામનાથને ઘેર મળવા ગઈ. રામનાથની માતાએ તેનો ઘણો આદર-સત્કાર કર્યો. ત્યાર-બાદ એકમેકની સુખ-દુઃખની વાતો થઈ. માતાએ યશોદાના ગુણની વાત કહેવા માંડી તે તેણે ધ્યાનપૂર્વક સાંભળી, તેથી તેને યશોદાના ભણ-તર ગણતરની અને તેની ઘરના કામકાજમાં પ્રવીણતાની વાત જાણવા-ની ઉત્કંઠા થઇ. તે ઉપરથી માતાએ યશોદાને તેની નીતિસુધાતરં-ગિણી અને તેના ભરત અને ગુંથણ કામના નમુના લાવવા કહ્યું. તરતજ યશોદા જઇને સર્વે લઈ આવી.

પ્રથમ તો મામલતદારની સ્ત્રીએ યશોદાની વાંચનમાં પરીક્ષા લીધી. યશોદાએ તેનો પસંદ કરેલો પાઠ ઘણી સારી રીતે વાંચી બ-તાવ્યો જેથી તે ઘણીજ ખુશી થઇ ગઇ. ત્યારબાદ માતાની આજ્ઞા-થી યશોદાએ પોતાના ભરત અને ગુંથણ કામના નમુનાઓ બતાવ્યા.

મામલતદારની સ્ત્રીઃ-"વાહ વાહ, ઘણુંજ ખુશી થવા જેવું છે."

હવે તેણે પાર્વતી કે જે શાંત બેસી રહી હતી તેના તરફ જો-ઇને પૂછ્યું:-" શું તમે પણ તમારી કારીગરીના નમુના બતાવશો ?" પાર્વતીએ કાંઈ કર્યું હોય તો બતાવે ને ? તેણે જવાબ આપ્યોઃ-" મારી પાસે દેખાડવા જેવું કાંઇ નથી."

મામલતદારની સ્ત્રીઃ—" ઘરના કામકાજનો બોજો હોવાથી ત-મને ફુરસદ નહિ મળતી હોય." આથી પાર્વતી શરમાઇ ગઈ. તેણે

કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ તેમજ માતા તથા યશોદા પણ કાંઇ બોલ્યાં નહિ. આ વખતે યદુનાથ પાસેજ બેઠો હતો તે બોલી ઉઠયો; "ભાભી તો કાંઇ કામ કરતાં નથી."

મામલતદારની સ્ત્રીઃ—"શું તમે કાંઇ પણ કામ કરતાં નથી?"

પાર્વતીઃ—"મને ટેવ નથી, અને એવું કામ મેં કદી પણ મારે પીયર કર્યું નથી."

મામલતદારની સ્ત્રીઃ—"ખરી વાત છે! પરંતુ ટેવ તો પાડી પડે છે, ટેવ પાડશો એટલે થોડી મુદતમાં સર્વ સહેલું લાગશે. સાસુના પછી ઘરનો સર્વ ભાર તમારેજ ઉપાડવો પડશે, માટે અત્યારથીજ તેમાં ભાગ લેશો તો પછી પાછળથી તમનેજ અઘરૂં પડશે નહિ."

એ પછી વખત થઇ જવાથી મામલતદારની સ્ત્રી પ્રેમ સહિત રજા લઇને ઘેર ગઈ. તે મહિનામાં ત્રણ ચાર વખત રામનાથને ઘેર આવતી હતી અને સર્વની સાથે પ્રેમપૂર્વક વાર્તાલાપ કરી સારી સારી શીખામણની વાતો કહેતી હતી અને રામનાથના ઘરનાં સર્વ માણસોને તેની વાતોમાં વિશ્વાસ હતો.

પ્રકરણ ૮ મું.

"અલી ઓ! ખબર પડી? પાર્વતી આવી છે. હજી તો બેજ મહીના પર સાસરે ગઇ હતી!" આમ વાતો કરતી કરતી પાર્વતીની હકીકત જાણવા સારૂ ઇંદુમતી અને સરોજિની એકમેકના હાથ ઝાલી તેના ઘર તરફ જતી હતી.

વાંચકવૃંદ, આ બન્ને યુવતિઓ પાર્વતીના પીયર પહોંચે તે પહેલાંજ આપણે પાર્વતીના પીયરની વ્યવસ્થાથી વાકેફ થઈ જઇએ. સામે જે મકાન દેખાય છે તેજ પાર્વતીનું પીયર છે. તેની પાસે જે

નાનું સરખું મકાન છે તે રસોડું છે. તે મકાન તરફ જોતાંજ વિચાર આવે છે કે તેમાં રહેતાં મનુષ્યોને સુઘડતાઈથી રહેવું એ જીવનની જંજાળરૂપ થઇ પડ્યું છે. આટલો બધો દિવસ ચઢયો છે છતાં ઘરમાંથી હજી પુંજો પણ નીકળ્યો નથી. કેટલાએ દિવસોથી આંગણુંમાંથી પણ પુંજો કાઢયો નથી. આંગણામાં એઠાં વાસણો ધોયેલાં પાણીના રેલા ચાલી રહ્યા છે. કચરો, રાખ, શાકનાં છોડાં વગેરે આમતેમ પડ્યું છે. દરેક ખંડના ખુણામાં કચરાની ઢગલીઓ પડેલી છે. વાંચકવૃંદ! આંગણામાં ઉભા રહી શકાય તેમ નહિ હોવાથી ચાલો આપણે અંદર જઈએ. ઘરમાં પણ સાફ જગ્યા મળવી દુર્લભ છે, રસોડામાં પણ એઠાં વાસણ, શાકનું પાણી અને એઠું અન્ન વગેરે ચારે બાજુ વિખરાયલું પડેલું છે. દિવાલોપર પાનની પીચકારીઓ અને ચુનાના ડાઘ; પલંગ, ખુરશી વગેરેમાં માંકડના અને ધુળના થર; કમાડ અને બારીઓપર થુંક અને બળખાના થર જામેલા છે. લગભગ આખા ઘરમાં ગંદકીનો વાસ અને સુઘડતાઇની ગેરહાજરી માલૂમ પડે છે.

પાઠકો! તમને આ ઉપરથી ખ્યાલ આવશે કે, આ ઘરમાં રહેનાર ગૃહકાર્યમાં કેવાં કુશળ હશે?

ઇંદુમતી અને સરોજિનીએ આવીને જોયું તો પાર્વતી પરસાળમાં સાબુ ચોળી મોઢું ધોઈ રહી છે, અને એક દાસી તેના હાથ ઉપર પાણીની ધાર કરી રહી છે.

પાર્વતીની મા પલંગપર બેઠી બેઠી ચ્હા પીએ છે. પાસેજ હાથમાં ચાંદીની બંગડીઓ અને મેલાં કપડાં પહેરેલી એક નીચ જાતની દાસી ઉભી રહી છે. પાર્વતીને એક ભાઇ છે, તેની ઉમ્મર સત્તર અઢાર વર્ષની છે. તે પાટલુન અને ખમીસ પહેરી આંગણામાં ઉભો ઉભો સીટી વગાડતો કબુતર ઉડાવી રહ્યો છે. ઇંદુમતી અને

સરોજિનીને જોઇ પાર્વતી હાથ મોઢું ધોઇને જલદી ઉઠી અને તેમને અંદર લઈ જઇ ખાટલાપર બેસાડી.

સરોજિની:—બ્હેન, તને ગયાને બે માસ તો થયા નથી એટલામાં પાછી કેમ આવી ? શું કાંઇ ખટપટ તો થઈ નથી ને ?

પાર્વતી:—માને નહિ મળવાથી ચેન પડતું નહોતું તેથી મળવા આવી છું.

માતા:—મારી ખાત્રીજ છે કે પાર્વતી મારાથી દૂર રહી શકશે નહિ.

ઇંદુમતી:—શું મા સિવાય કોઇ રહેતું નથી ? જો એમ હોય તો સ્ત્રીઓ પતિને ઘેર કેમ રહે છે ? શું તેઓ પોતાની માથી દૂર રહેતી નથી ?

માતા:—સ્વામીનું ઘર કેમ માંડે નહિ ? સર્વ કોઈ માંડે છે. શું મેં નથી માંડયું ? પણ આજકાલની સાસુ નણંદની તાબેદારી કોણ ઉઠાવે ? નથી જાણતી કે અંગ્રેજ લોકોમાં તો લગ્ન થયાં કે તરતજ જુદું રહેવાનું.

સરોજિની:—ઠીક, ત્યારે આજથી હું જળ મૂકું છું કે જ્યાં સુધી મારો ધણી જુદું ઘર માંડવાનું કબૂલ નહિ કરે ત્યાં સુધી હું તેમને ઘેર નહિ જાઉં.

ઇંદુમતી:—તેથીજ તારો પતિ આજ સાત સાત માસ થયાં તેડવા નહિ આવતો હોય !

સરોજિની:—આવીને શું મોઢું દેખાડે ? મેં ચોખ્ખું પરખાવી દીધું છે કે જો મને ચાહતા હો તો મા, ભાઇ અને બ્હેનને ત્યજી દેજો, અથવા તેમને ચાહતા હો તો મારી આશા છોડી દેજો. કેમ પાર્વતીની મા, ખરૂં કે નહિ ?

મા:—એમજ કરવું જોઇએ. હું પણ પાર્વતીને એમજ કહું છું

કે તું ઘરની સર્વે વાતોમાં હાજી હા શું કામ કર્યા કરે છે? સાસુના કહેવા પ્રમાણે ચાલવાથી તે કાંઇ ઘરમાં પોતાનું ચલણ થાય ખરૂં? આજકાલ કરતાં આઠ મહિના થયા અને આટલી શીખામણો આપી તોય પાર્વતી સાસુનો પગ ટાળી શકી નહિ!

પાર્વતીઃ—મા, તું સમજતીજ નથી. કદાચ બીજી સાસુ નણંદ જેવી મારી સાસુ નણંદ હોત તો હું ઘડીના છઠ્ઠા ભાગમાં તેમનો પગ ટાળત; પણ હું મારી સાસુના જેવી ધાર્મિક અને સુશીલ સ્ત્રી બીજી કોઇ જોતી નથી. ઓ મા! તેમની સામું બોલવા જતાંજ મને એટલી બધી ધાસ્તી લાગે છે કે રખેને તેમના મનને ખોટું લાગશે તો પરમાત્મા મને દુઃખ દેશે.

માઃ—ગાંડી રે ગાંડી! તારા જેવી મૂર્ખ છોકરી મેં તો બીજી કોઇ જોઇ નહિ. શું મેં તારી સાસુને જોઇ નથી કે? તે ધાર્મિક અને સુશીલ! રે એના જેવી પાખંડી તો કોઇ નથી.

પાર્વતીઃ—નહિ, નહિ! મા, એવી અસત્ય વાત બોલ નહિ. એનામાં કપટનો તો વાસજ નથી. એવી પવિત્ર સાસુ સાથે લડી હું પાપમાં કેમ પડું? હું ઘણાએ અપરાધ કરૂં છું પણ તે મારા અપરાધની એક પણ વાત મારા ધણીને કાને નાખતી નથી, અને પોતે પણ જયારે મારા અપરાધ માટે કંઇ મને કહે છે ત્યારે એવું તો મીઠું મીઠું બોલે છે કે મારાથી તેનો કાંઇ પણ ઉતર આપી શકાતો નથી અને શરમાઇ નીચું જોવું પડે છે.

ઈંદુમતીઃ—ખરેખર! આવી સાસુના તો પગ ધોઇ પીવા જોઇએ.

સરોજિનીઃ—છાની મર, હજી લગ્ન તો થયાં નથી એટલે સાસુ નણંદની તને તે શી ખબર? સાસુ નણંદના હાથ નીચે અટવાઇશ ત્યારેજ બધી ખબર પડશે.

પાર્વતીઃ—હવે એકડાં રડેવામાં તને શું નુકસાન છે?

માઃ—જા મર! મને કહે છે કે તને શું નુકસાન છે? હું તો

તારા ભલાને માટે જુદાં રહેવાની સલાહ આપું છું. ભલે, તને સાસુ નણંદનાં તાબેદાર રહેવાનું પસંદ હોય તો ભેગી રહે; અમારૂં શું જવાનું છે? એવી પરતંત્ર સ્થિતિમાં રહેવાથી વાડી, ગાડી, બંગલા, ધન–દોલત હોવા છતાં પણ શું તું તારા હાથે કોઇને એક મુઠ્ઠીભર અન્ન પણ આપી શકીશ? પોતાની ઓળખાણવાળા માણસને શું તું રહેવાનું કહી શકીશ અથવા રાખી શકીશ? હું તારી મા થાઉં છું તોપણ હું આવી શકતી નથી તો બીજાું તો ક્યાંથીજ આવે!

પાર્વતીઃ—મા! આમ કેમ બોલે છે! જ્યારે તું ગઇ હતી ત્યારે તે લોકોએ તને કેટલા માનથી રાખી હતી તે ભૂલી ગઇ?

માઃ—મુઇ, પણ તું જુદી હોય તેની તે વાત થાય? આમ ને આમજ ચાલશે ત્યાં સુધી દાસ–દાસીઓ થોડાંજ તારા કહ્યામાં રહેવાનાં છે. ઉલટું તારેજ નણંદ સાસુને તાબે રહેવું પડશે. મારે શું? હું તો તારા સુખને સારૂ કહું છું. પણ વારૂ, જુદા રહેવામાં રામનાથનો શો વિચાર છે?

પાર્વતીઃ—તે તો વાત કહેતાં કહેતાંમાં દીલગીર થઈ જાય છે. અહીં આવવા પહેલાંજ જુદાં રહેવાની વાત મેં કહાડી હતી તેથી તેમનું મન બહુ દુભાયું હતું; પણ તે છતાં તેમણે ધીરજ રાખીને મને બહુ પ્રેમથી સમજાવી હતી. મને સાથે બેસાડી રામાયણનો પાઠ કર્યો; તેથી મને બહુ પસ્તાવો થયો અને હું રડવા લાગી. મને તો જાણે હવે એમજ થયા કરે છે કે તેમનું મન દુભવીને હું કયા ભવે છુટીશ?

માઃ—તેઓ ક્યારે આવશે?

પાર્વતીઃ—તેમણે કહ્યું હતું કે હું જ્યારે બોલાવીશ ત્યારે તેઓ આવશે.

માઃ—ત્યારે તો હાલજ કાગળ લખ કે કાગળ વાંચી તરત અહીં આવે. હું તેમને બધું સમજાવી દઇશ; પરંતુ આજે તારા બાપ

આવવાના છે તેમને આ વાતની ખબર ન પડે તેમ કરજે. માત્ર એક દહાડો મળી જાય એટલે બસ.

પાર્વતી સખીઓને સાથે લઇ કાગળ લખવા બેઠી.

પાર્વતીના પિતા મેરઠમાં નોકરી કરતા હતા. દર મહીને પચાસ રૂપીઆ મળતા તેમાંથી ત્રીસ રૂપીઆ તેઓ ઘેર મોકલતા હતા; છતાં પણ કોઈ કોઇ વખત તો દેવું થઇ જતું હતું. પાર્વતીના પિતા તેનો હિસાબ માગતા ત્યારે પાર્વતીની મા ઘણાં કડુ વેણ કહીને રડવા બેસતી હતી, તેથી હિસાબ માગવાનું તેમણે બંધ કર્યું હતું; અને તેની સાથે વખતો વખત ઘેર આવવું પણ બંધ કર્યું હતું. માત્ર મહીને બે મહીને એકાદ વખત આવતા, પરંતુ સ્ત્રીના ત્રાસને લીધે વધુ વખત રહી શકતા નહોતા. પાર્વતી આ ઉપરથી કેટલુંક સમજી ચૂકી હતી પણ માતાના ખરાબ સ્વભાવ અને શિક્ષણની અસર તેનામાંથી જતી નહિ. માતાપિતાનાં આચરણદ્વારાજ બાળકોનાં મન ઉપર સારી કે નરસી રીતભાતનું બીજ રોપાતું હોવાથી બાળકોનાં આચરણ સારાં—નરસાં થવાની જવાબદારી માતાપિતા ઉપરજ રહેલી છે. અનેક માતાપિતા આ જવાબદારી સમજી શકતાં નથી એ બહુ દુઃખની વાત છે.

પ્રકરણ ૧૦ મું.

कर्म प्रधान विश्व करी राखा।
जो जस कीन्ह सो तस फल चाखा॥ तु. रा.

રામનાથને ઘેર આવતાંજ સાસરીઆંના નોકરે આવી તેને પ્રણામ કરી એક કાગળ આપ્યો. રામનાથે ઘરમાં જઈ માતાને ખબર કહી. માતાએ બહાર આવી, વેવાણે મોકલેલી મીઠાઈ લીધી અને તેના

કુશળસમાચાર પૂછ્યા; તથા યશોદાને કહ્યું કેઃ—“ આ મનુષ્યને જળપાન કરાવ અને નાસ્તા માટે બે આનાના પૈસા આપ.” એ પછી કાગળ વાંચી રામનાથે કાગળમાંની પોતાને તરતમાં આવી જવાની હકીકત માને કહી. જરૂરનું કામ છે; આ વાત સાંભળી માતાનું મોઢું ઉતરી ગયું, અને તે કહેવા લાગીઃ—“ આટલી બધી ઉતાવળથી બોલાવવાનું કારણ શું ? ”

રામનાથ ભોજન કરી માતા અને બ્હેનની રજા લઇ સાસરી તરફ રવાના થયો. સાંજ પહેલાં રામનાથ સાસરે જઈ પહોંચ્યો. ભોજન થઇ રહ્યા બાદ પાર્વતીની મા જમાઇની પાસે આવી અને કહેવા લાગીઃ—“ પાર્વતી ઘણીજ સૂકાઈ ગઇ છે; એણે ઘરનું કામકાજ કરેલું નહિ ને ત્યાં તો સાસુ અને નણંદના હુકમ પાળવા પડે તેથી જ બિચારીને આ સર્વ દુઃખ ભોગવવું પડે છે; માટે જુઓ, મારી સલાહ પ્રમાણે ચાલશો તો બંને સુખી થશો અને પાર્વતી પણ તમારી સાથેજ આવશે.”

રામનાથઃ—શી સલાહ ?

સાસુઃ—જુદા રહેવાની.

રામનાથઃ—એ તો ઠીક. અમારા સુખને અર્થે તમે આટલી બધી ચિંતા કરો છો; પરંતુ તમારા સુખને માટે તમે શું કર્યું છે ? તમારી પુત્રવધૂ તમારી સાથે કેવો વ્યવહાર રાખશે ? એ વિષે તમે કદીપણ વિચાર કર્યો છે ?

સાસુઃ—તમારા જુદા રહેવાને અને આ વાતને સંબંધ શો છે ?

રામનાથઃ—રામાયણ લાવો ! સંબંધ છે કે નહિ તે બતાવું. પાર્વતી ઉઠી આમતેમ રામાયણ ખોળવા લાગી. આખરે ધૂળનો થર જામી ગયેલી રામાયણ ઝાપટી સાફ કરીને તેને આપવામાં આવી. રામનાથે રામાયણ લઈ નીચલી કડીઓ વાંચી સંભળાવી.

कर्म प्रधान विश्व करी राखा।
जो जस कीन्ह सो तस फल चाखा॥
पर उपदेश कुशल बहुतेरे।
जे आचरिहं ते मरन घनेरे॥
मात पिता बालकन बुलावहिं।
उदर भरे सोई कर्म सिखावहिं॥

આટલું વાંચ્યા બાદ રામનાથે સાસુને કહ્યું:–"જુઓ સાંભળ્યું ? ગોસાંઇજીનું વાક્ય કદાપિ મિથ્યા થતું નથી. તમે જેવું બીજાને શીખવશો તેવુંજ ભવિષ્યમાં તમારી પુત્ર–વધૂ પણ કરશે." પાર્વતીની માએ નીચું ઘાલ્યું; ખરેખર, અદ્યાપિપર્યંત તેને પોતાની વહુ પણ પોતાનું અનુકરણ કરશે તેનો ખ્યાલજ આવ્યો નહોતો. અંતમાં તે કહેવા લાગી:–"મારે તો તમને જે કાંઇ કહેવું હતું તે કહી દીધું; તમે તો બાળક છો; એટલે તમારી સાથે ધર્મની વાતોમાં તકરાર શી?"

પાર્વતીની મા ઉઠીને પોતાના કામે લાગી. તે મનમાં વિચારવા લાગી કે પાર્વતી સાચુંજ કહેતી હતી; જમાઇ ઘણો ચતુર છે; એકજ વાતમાં તેણે મારૂં મોઢું બંધ કરી દીધું; તો પાર્વતી તો બિચારી હજુ બાળક છે. તેના ગયા પછી રામનાથે પાર્વતીને કહ્યું:–"શું આજ તારૂં જરૂરનું કામ છે કે?" પાર્વતીએ વિચાર કર્યો કે આ વખતે મારે જે કાંઇ કહેવું હશે તે કહી શકીશ, ફરીથી આવો સમય નહિ મળે. પાર્વતીએ કહ્યું:–"મારી માએ ખોટું તો કહ્યું નથી ને?" રામનાથ વિકળ થઇ કહેવા લાગ્યો:–"જુદા રહેવાની તારીજ મરજી છે કે બીજા કોઇની શીખવણીથી કહે છે? જો તું તારી માની સલાહથીજ કહેતી હશે તો હું તને હાલજ મારી સાથે પાછી લઇ જઇશ અને ફરીથી તને કોઇ દિવસ અહીં મોકલીશ નહિ. તુંજ કહે કે મારી સ્નેહાળ માતાએ તને કોઇ પણ દિવસે કડુ શબ્દ કહ્યો છે?" બોલતાં બોલતાં રામનાથનો

અવાજ ખોખરો થઇ ગયો; આ સઘળું જોઇને પાર્વતી પણ પીગળી ગઈ. પાર્વતી સ્વામીને ચાહે છે; પરંતુ કુશિક્ષા અને અહંકારના આવરણને અંગે તેના સર્વસ્વનો નાશ થાય છે. વિજયી પાર્વતીએ કહ્યું:–"જ્યાં સુધી જુદા નહિ રહો ત્યાં સુધી હું નહિ આવું." આ સાંભળી રામનાથ ઉભો થયો, જોડા પહેરી અને કપડાં લઇ કહેવા લાગ્યો:–"જુદા રહેવાનો તારો પાકોજ નિશ્ચય છે ?"

પાર્વતી:—હા.

રામનાથે તરતજ ચાલવા માંડયું. પાર્વતીએ હાથ પકડી રાખ્યો પણ તે તેનો હાથ તરછોડી ચાલતો થયો.

આ વખતે રામનાથની માતા પોતાના ઘરમાં શું કરી રહી છે? તે હવે જોઇએ. તે સર્વેને ખવરાવી પીવરાવી નિયમાનુસાર પાઠ કરી સૂઇ રહી હતી. નિશ્ચિંત બાળક અને પુત્રી જલદી ઉંઘી ગયાં; પરંતુ માતાની આંખમાં ઉંઘ આવતી નથી. માતાનું મન વિચારમાં હોવાથી તેનું ચિત્ત અસ્થિર છે. કોઈ કોઇ વખત વ્યાકુળ થઇ યદુનાથને છાતી સાથે ચાંપી રડે છે અને કોઇ કોઇ વખત શાંતિને માટે પ્રાર્થના કરે છે; એટલામાંજ કોઇએ કમાડ ખખડાવ્યું. માતાએ બનતી ત્વરાએ બારણાં ઉઘાડયાં. પગ ધોઈ રામનાથ માતાની પાસે બેઠો.

માતા:—આટલી બધી રાતે કેમ ચાલ્યો આવ્યો ?

રામનાથ કાંઇ પણ બોલી ન શકતાં ગળગળો થઇ ગયો. પછી ધીમે ધીમે તેણે સઘળું માતાને કહી સંભળાવ્યું.

ઘણા વખત સુધી વિચાર કર્યા પછી માતા અને પુત્ર બન્નેએ બહુજ દીલગીરી સાથે નિશ્ચય કર્યો કે જુદા થવામાંજ ભલું છે.

પ્રકરણ ૧૧ મું.

शठ सुधरहिं सत संगत पाई।
पारस परसि कुधातु सुहाई॥ तु. रा.

કાલે યશોદાનો લગ્ન દિવસ હોવાથી ઘરમાં સર્વત્ર આનંદ આનંદ વ્યાપી રહ્યો છે. રામનાથની માતા મનમાં દીલગીર છે પરંતુ બહારથી આનંદિત માલૂમ પડે છે. પુત્રી માતાને છોડી સાસરે જશે તેથી દીલગીર છે, પરંતુ આજે પુત્રીના લગ્નનો દિવસ છે તેથી આનંદિત છે. યદુનાથ સારાં સારાં કપડાં પહેરી મિષ્ટાન્ન ખાઇ રમ્યા કરે છે. પાર્વતી પણ જુદા રહેવાની વાત હાલ તરતને માટે દૂર મૂકી એક સપ્તાહને માટે લગ્નમાં મહાલવા આવી છે.

લગ્નની ધમાલ હોવાથી આજે માતા ઘણાજ કામકાજમાં રોકાયલી છે. અહીં તહીં જઇ સર્વ ઠીકઠાક કરે છે. આવતા મહેમાનોના કુશળ-સમાચાર પૂછી તેમને માટે સર્વ પ્રકારનો પ્રબંધ કરે છે; હસમુખી યશોદા પણ નવી સાડી પહેરી, માતાને સહાય કરવા અહીં તહીં ફરે છે પણ માતા તેને વારે છે અને કહે છે:-"બેટા! આજે તારે કામ કરવાનો દિવસ નથી; પરંતુ તેનું મન અસ્થિર હોવાથી વધારે વખત માતાથી દૂર રહી શકતી નથી. એટલામાં એક હાથમાં લાકડી અને બીજા હાથમાં સફેદ રૂમાલમાં બાંધેલું એક પુસ્તક લઇ એક વૃદ્ધ સ્ત્રી આવી પહોંચી.

યશોદાએ આસ્તે રહીને બુઢ્ઢીનો હાથ પકડયો અને તેને પાથરણાપર બેસાડી અને પોતે પણ એક બાજુએ બેઠી. બુઢ્ઢી યશોદાના માથાપર હાથ ફેરવતી ચારે બાજુ જોઇ કહેવા લાગી:-"આજે અહીં આનંદ આનંદ લાગે છે. યશોદાનાં લગ્ન જોવાની મને પ્રબળ ઇચ્છા હતી તે આજે પુરી થઇ." યશોદાની માતા આવી પહોંચી.

તે બુઢ્ઢીને જોઇ ખુશ ખુશ થઇ ગઇ; અને આદરથી રામ રામ કરી બુઢ્ઢીની પાસે બેઠી. પછી બુઢ્ઢીએ પોતાના બન્ને ધ્રૂજતા હાથ ઉપાડી મા–દીકરીના માથે મૂકી ધ્રૂજતા સ્વરથી આશીર્વાદ આપી કહ્યું:– "તમારાપર ઇશ્વરની કૃપા અખંડિત રહો." ત્યાર બાદ બુઢ્ઢીએ રૂમાલ છોડી એક પુસ્તક કાઢયું. તે એક સારી મજબૂત બાંધણીથી બાંધેલી ગીતાનું પુસ્તક હતું અને તે યશોદાના હાથમાં મૂકી બુઢ્ઢીએ કહ્યું:–"યશોદા ! લગ્નની ભેટમાં તને આ એક ગીતાજીનું પુસ્તક આપું છું. તેની શિક્ષા અનુસાર તું ચાલીશ તો તને કોઇ પણ વાતથી દુઃખ નહિ થાય. જગતના લોક જે શાંતિ નથી આપી શકતા અને નથી લઇ શકતા તે શાંતિ આમાંથી તને મળશે." યશોદાએ પુસ્તક પ્રેમપૂર્વક લઇ ડોશીમાને નમસ્કાર કર્યા.

વાંચકવૃંદ ! શું યશોદાના પતિના વિષયમાં પણ કંઇ જાણવાની તમારી ઇચ્છા છે? લગભગ બે વર્ષ ઉપર બનારસની નજદીક કોઇએક ગામમાં બે ઉપદેશક ઉપદેશ કરવાને ગયા હતા. ત્યાં એક મોટું વૃક્ષ જોઈ તેની નીચે ઉભા અને તેમણે ધાર્મિક ગાયન લલકારવા માંડયું. તેઓ બન્ને સારી રીતે ગાઇ શકતા હતા. ગાયનથી આકર્ષિત થઇને ઘણા લોકો તે સ્થળે આવી પહોંચ્યા. ભજન સમાપ્ત થયા બાદ એક ઉપદેશકે પુસ્તક ઉઘાડી કંઇક વાંચવાની શરૂઆત કરી અને પછી તેણે કુમાર્ગે ચાલવાથી શું નુકસાન થાય છે એ વિષયપર વ્યાખ્યાન આપ્યું. ગ્રીષ્મકાળના સખ્ત તડકાને લીધે લોકો વધારે વખત સુધી ઉભા રહી શકયા નહિ તેથી એક એક કરી સર્વે લોક વેરાવા લાગ્યા. છેવટે તેઓમાંથી માત્ર એક તરૂણજ ઉભો રહ્યો. તેનું નામ વ્રજમોહન હતું. તેની સુંદર કાંતિ અને મુખના ભાવ આદિ જોઇ ઉપદેશકોએ તેને પૂછયું:–"આપ કયાં રહો છો?" તેણે ઉત્તર આપ્યો:–"હું આ ગામમાં રહું છું અને લખનૌની મેડીકલ કૉલેજમાં

અભ્યાસ કરૂં છું. હાલ ગરમીના દિવસો હોવાથી રજા પડી છે તેથી ઘેર આવ્યો છું. મારૂં નામ વ્રજમોહન અવસ્થી છે. જો આપનો આરામ લેવાનો વિચાર હોય તો કૃપા કરી મારે ઘેર ચાલો. બન્ને ઉપદેશકો તેની વાતનો અંગીકાર કરી તેને ઘેર ગયા. વાંચકવૃંદ સમજી ગયાં હશે કે આજ યશોદાનો વર છે. વ્રજમોહન પણ ઉપદેશકોને ઘેર જવા લાગ્યો અને ત્યાં ઘણાં ખરાં ધર્મ—પુસ્તકોનું અવલોકન કરવા માંડ્યું. વ્રજમોહન ડૉકટર થયેલો હોવાથી બુઢ્ઢીની માંદગીની વાત સાંભળી તેને જોવા ગયો હતો. ત્યાં યશોદાને જોઇ ડોસી પાસેથી તેની ચાલચલગતની વાતથી વાકેફ થઇ તેની સાથે વિવાહ કરવાનો તેણે નિશ્ચય કર્યો હતો. વિવાહ પહેલાં યશોદાની સાથે વાતચીતનો પ્રસંગ પાડવાની તેની ઇચ્છા હતી પણ તે ઇચ્છા કોઇ પણ રીતે પાર પડી નહિ.

પ્રકરણ ૧૨ મું.

जो जैसी करनी करे सो तैसो फल पाय।

પાર્વતીને જુદાં રહેવાનું નક્કી થયા પછી પાડોશમાંનું એક મકાન છ માસને માટે ભાડે રાખ્યું હતું. એ ઘરમાં પાર્વતી જુદી રહી ત્યારે તેણે માન્યું હતું કે મારા સુખની હવે સીમા નથી; પરંતુ ખરેખર તે કેટલે અંશે સુખી થઇ તે હવે આપણે જોઇશું.

તેણે એક દાસી રાખી છે. પોતે ઘરનું કાંઇ પણ કામકાજ ન કરતાં ખાટલામાં સૂતી સૂતી આખો દિવસ પુસ્તક વાંચે છે તો પણ તે સુખી નથી. આખા ઘરમાં કચરાનો તો હિસાબ નથી, આંગણામાં કાદવ છે અને બારી બારણાં ઉપર ધૂળ જામી ગઇ છે, ઘરમાંનો સર્વ સામાન કચરાથી ભરપુર છે. રામનાથ આ જોઈ સદા ઉદાસ રહેતો હતો તેથી પાર્વતી પણ શોકગ્રસ્ત રહેતી હતી.

કહેવત છે કે ' આપ મુઆ વિના સ્વર્ગે જવાતું નથી.' જે ઘરની ધણીઆણી આળસુ હોય તે ઘરનાં દાસ–દાસી પણ બરાબર કામ કરતાં નથી. પાર્વતીની માએ તેની સાથે પીયરથીજ એક દાસી મોકલી હતી; એટલે પછી તે કામકાજમાં એવી હોય એમાં નવાઈ પણ નથી.

એક દિવસે એક પાડોશણ પાર્વતી કેવી રીતે ઘર ચલાવે છે તે જોવાના ઇરાદાથી ઘરમાં આવી; અને સર્વ ગંદું જોઈ પાર્વતીને ઠપકો દેવા લાગી, ત્યારે પાર્વતીએ કહ્યું:–"હું શું કરૂં? દાસીને બહુએ કહું છું પણ તે સાફસુફ રાખતી નથી." આ સાંભળતાંજ દાસી રસોડા-બહાર આવી મોટેથી કહેવા લાગી:–"હું એકલી તે કેટલાં કામ કરૂં? પાણી ભરૂં, વાસણ માંજું, ઘરમાં સાફસુફ કરૂં કે ચોખા ખાંડું? શું શું કરૂં? એક વખત કરી તો જુઓ એટલે ખબર પડશે."

એક દિવસે રામનાથે પણ કચરા વિષે પાર્વતીને કહ્યું.

પાર્વતીએ વિચાર્યું કે વધુ કહેવાથી દાસી ચાલી જશે અને આપદા પડશે, તેથી આજે તેણે પોતેજ સર્વ સાફ કર્યું.

અફસોસ! જે પાર્વતીને સાસુ નણંદનાં પ્રેમપૂર્ણ વચનો પણ કડવાં લાગતાં હતાં તેજ પાર્વતી હવે દાસીનાં કડવાં વેણ સાંખી રહી છે! એક દિવસે પાર્વતી દાસીને પુરીઓ બનાવવાનું કહી પુસ્તક વાંચવા બેઠી, ત્યારે દાસીએ કહ્યું કે પાણી પછી કઈ વખત ભરૂં? છેવટે પાર્વતી પોતેજ રસોઇ કરવા પેઠી. પહેલાં કોઇપણ વખતે રાંધવાનો પ્રસંગ પડયો નહોતો તેથી ચુલો પણ સળગાવતાં આવડયું નહિ; અને કંટાળી બહાર આવી રડવા લાગી. કોઈ કોઈ દિવસ યશોદા ભાભીને મળવા આવતી હતી તે આજે પણ ત્યાં આવી પહોંચી. પાર્વતી રસોડાની બહાર રડતી હતી અને રસોડામાં લાકડાં વગેરે ચુલા આગળ પડયું હતું તેથી યશોદા સર્વ સમજી ગઇ અને ભોજાઈને આશ્વાસન આપતી કહેવા લાગી:–"દાસી જતી રહી છે? ત્યારે

મને કેમ બોલાવી નહિ." એવું કહી જોતજોતામાં ચુલો સળગાવી ભાતનું વાસણ મૂકી દીધું અને પાર્વતીને કહ્યું:—"ભાત ચઢી ગયો છે તેથી તેને ઓસાવી, શાક કરી લો." પાર્વતીએ કદી પણ કર્યું નહોતું તેથી ભાત ઓસાવતી વખતે ઓસામણના હાથે પગે છાંટા ઉડવાથી દાઝી. જેમ તેમ કરી શાક બનાવ્યું; પરંતુ તે સ્વાદરહિત બન્યું. રામનાથે કેવળ એક બે કોળીઆ ખાઇ રહેવા દીધું. યશોદાએ માતાને ઘેર જઇ પાર્વતીની થયેલી સ્થિતિ માતાને કહી સંભળાવી તેથી માતાએ તેમને ત્યાં ભોજન મોકલાવ્યું; બન્નેએ માતાને ત્યાંથી આવેલી રસોઇ ખાધી. છેવટે પાર્વતી ઘણીજ પસ્તાઇ અને મનમાં વિચાર્યું કે હવે સાસુ ભેગાં રહેવાનું સહેજ પણ કહેશે તો તરતજ ભેગી રહીશ. આમ છતાં હજુ સુધી તે સાસુ પાસે ક્ષમા માગીને એકઠાં રહેવાની વિનતિ કરે એટલી નમ્ર નહોતી થઇ.

પ્રકરણ ૧૩ મું.

निज प्रतिबिम्ब मुकुर गहि जाइ !
जानि न जाय नारि गति भाइ ॥ तु. रा.

વ્રજમોહનની મા ગૃહ—કાર્યમાં નિપુણ હતી. વ્રજમોહનનું ઘર પાકી બાંધણીનું નહોતું; ગામડાંનાં મકાનો જેવું હતું; પરંતુ વ્રજ-મોહનની મા તેને એટલું બધું ચોખ્ખું રાખતી હતી કે કદાચ જમીન-ઉપર રસોઈ પીરસવામાં આવે તો તે પણ ખાઈ શકાય. વ્રજમોહનની મા જેવી ગુણવતી હતી તેવી સુંદર પણ હતી. તેની ઉમ્મર માત્ર ૩૮ વર્ષની હતી. આ સર્વ ગુણો હોવા છતાં તેનામાં ગર્વરૂપી એક મોટો દોષ હતો. તે જેને તેને ઘણી કડવી વાતો કહેતી હતી; તેથી મહોલ્લાનાં સર્વ સ્ત્રી પુરૂષ અને બાળકો તેનાથી નારાજ રહેતાં હતાં.

વ્રજ આજ ઘેર આવશે, વહુને સાથે લાવશે એ વિચારથી વ્રજની માનું મન આનંદપૂર્ણ હતું; અને પુત્ર અને પુત્ર–વધૂની રાહ જોતી હતી. એટલામાં પાલખીમાંથી વ્રજમોહન અને વહુ નીચે ઉતર્યાં; એટલે તેમના ઉપર પુષ્પવૃષ્ટિ થઇ. દેશાચાર મુજબ વ્રજની મા વહુને ભેટી ઘરમાં લઇ ગઈ, અને "ચિરંજીવી થાઓ" એવો આશીર્વાદ આપ્યો.

વ્રજની મા એ પછી પાસેના મકાનમાં ગઇ. ભોજનનું કાર્ય સમાપ્ત થયું અને લોકોને વિદાય કરતાં કરતાં બે વાગી ગયા. હજુ સુધી યશોદાએ કાંઇ ખાધું પીધું નથી. સાસુએ કહ્યું:–"કાંઇ ખાઈ લે?" યશોદાએ જવાબ આપ્યો "હું તો તમારી સાથેજ ખાઇશ." ઘણી સ્ત્રીઓ ત્યાં બેઠી હતી તે આ ઉત્તરથી બહુજ રાજી થઇ અને બોલી ઉઠી કે:–"ખરેખર, ગુણસુંદરીની પુત્રી ગુણવાનજ હોય." વ્રજની મા બોલી:–"ગુણ તો બહુજ મોટા, જુઓને છોકરાને પરણ્યે છ માસ પણ પુરા થયા નથી એટલામાં તો વહુને જુદી કાઢી."

યશોદા માતૃ–ભક્ત હોવાથી માતા ઉપરનો મિથ્યા દોષ સહન કરી શકી નહિ; તેથી તે મનમાં પ્રાર્થના કરવા લાગી:–"હે ઇશ્વર મને સહનશીલતા આપજે." સાસુને તેણે કાંઇ કહ્યું નહિ. ત્યારબાદ આડોશીપાડોશી વિદાય થયા પછી યશોદા અને સાસુ બન્ને જમવા બેઠાં; પરંતુ યશોદાનું ચિત્ત માતાથી દૂર થવાથી અને પહેલેજ દિવસે સાસુનું આવું વર્તન જોવાથી દીલગીર થયું હતું, તેથી તે બરાબર ખાઇ શકતી ન હતી. સાસુ તે ઉપરથી ગુસ્સે થઈ બોલી:—'મારી પાસે આમ નહિ ચાલે, આમ ભૂખી રહીશ તો મને બદનામી લાગશે. આમજ કરવું હોય તો તમે બન્ને ધણી ધણીઆણી જુદાં રહો. માતાએ આવીજ કેળવણી આપી છે કે શું?" આ સાંભળી યશોદા ચૂપ રહી શકી નહિ. તે બોલી:–"માજી! મારી માતાએ મને કદી પણ ખરાબ શિક્ષણ આપ્યું નથી." આથી સાસુ ઉઠીને ચાલી

ગઇ અને બડબડવા લાગી "જોયું, ઘરમાં પગ મૂકતાંજ સામા જવાબ આપે છે, તો થોડા દિવસ પછી કોણ જાણે શું એ કરશે?" વ્રજ પાસેનાજ ઓરડામાં સૂતો હતો. તેણે આ સર્વ વાતચિત સાંભળી હતી. યશોદા રસોડાનું સર્વ કામકાજ પરવારીને સાસુને પાન સોપારી આપવા ગઇ અને બોલીઃ–"માજી, હું તો તમારૂં બાળક છું. જો મારા બોલવાથી તમને ગુસ્સો ચઢયો હોય તો મને માફ કરો." એવું કહેતાં કહેતાં યશોદાની આંખમાંથી અશ્રુ વહેવા લાગ્યાં. સાસુએ મોઢું ફેરવી કહ્યુંઃ–"મારે ને તારે શું છે? મારી પાસે શું કરવા ક્ષમા માગે છે?"

યશોદા વીલે મોઢે બહાર નીકળી ત્યારે વ્રજ તેના ઓરડાના બારણામાં ઉભો હતો; તેણે યશોદાને પોતાની પાસે બોલાવી; યશોદા પતિ પાસે જઇ ઉભી. વ્રજ યશોદાનો હાથ પકડીને કહેવા લાગ્યોઃ– "શું એકજ દિવસમાં થાકી ગઇ?" યશોદા રડતી રડતી પતિની પાસે બેસી કહેવા લાગીઃ–"ના, ના, થાકી નથી. તમે કાંઇ પણ મનમાં લાવશો નહિ. મને માતા સાંભરી આવી તેથીજ જરા ઉદાસી લાગે છે."

પ્રકરણ ૧૪ મું.

राम नाम को कल्पतरु, कलि कल्याग निवास ।
जो समिरत भये भाग्य से, तुलसी तुलसीदास ॥

યશોદાના લગ્નસમયે પાર્વતી સાસુ સાથે આઠેક દિવસ ભેગી રહી હતી. આટલા સમયમાં પણ સાસુની ઇશ્વિર પ્રત્યેની ભક્તિ અને સર્વની સાથેનો સારો વ્યવહાર તથા ઘરકામમાં કુશળતા જોઇને તેના મનમાં પોતાની અયોગ્યતાનો વિચાર દૃઢ થયો હતો. દાસીની તકરાર અને ખટપટથી પણ પાર્વતી ખૂબ કંટાળી ગઇ હતી. રામનાથ રોજ

તેને સાથેજ રાખીને પ્રાર્થના કરતો હતો તેથી તેનું મન બદલાઈ ગયું હતું; અને તેનો જુદાં રહેવાનો નિશ્ચય પણ હવે ફર્યો હતો.

એક દિવસ રામનાથ બહારથી આવી જુએ છે તો પાર્વતી રસોઇ બનાવી રહી છે. તેણે પૂછ્યું:–"દાસી ક્યાં છે?" પાર્વતીએ ઉત્તર આપ્યો "મરી ગઈ." રામનાથે કહ્યું:–"એમ કેમ?" પાર્વતી બોલી:–"પીવાના પાણીમાં પોરા પડયા હતા, તેથી મેં એને માટલી ધોવાનું કહ્યું; એટલામાં તો તે બડબડવા લાગી, ત્યારે મેં કહ્યું ચાલી જા. તે તરતજ ચાલી ગઈ." રામનાથે પૂછ્યું:–"ત્યારે આ સર્વ કોણે કર્યું?" પાર્વતી આનંદથી સ્વામી તરફ જોઇ બોલી "કેમ! તમારી દાસીએ." રામનાથે કહ્યું:–"આવું સુખ મેં કદાપિ જોયું નહોતું."

પાર્વતી:—મને પણ આવું સુખ કદાપિ મળ્યું નથી.

રામનાથે કહ્યું:—તારા મનનો ભાવ બદલાઈ ગયો તેથી હું ઇશ્વરને ધન્યવાદ આપું છું.

પાર્વતી:—હું પહેલાં અજ્ઞાત હતી કે સ્વામીની સેવા કરવામાં આવું સુખ છે. હવે ઇશ્વરે મારી આંખો ઉઘાડી છે. આજે તમને ખુશી થયેલા જોઇને મને જે આનંદ થયો છે તેવો આનંદ મને કદી પણ થયો નહોતો. મેં તમને અને સાસુને દુઃખી કર્યાં છે તેથી મને ઘણો ખેદ થાય છે. પછી રડતી રડતી કહેવા લાગી "તમારે મને ક્ષમા આપવી પડશે."

રામનાથઃ—મેં સર્વ માફ કર્યું છે. આ સાંભળી માતા કેટલી આનંદિત થશે? આજ માતા પાસે જઇશ ત્યારે રોજની પેઠે આપણા બંનેના ખુશ ખબર તે પૂછશે તે વખતે તારા તરફની આ સર્વ હકીકત સાંભળીને તેને કેટલી બધી શાંતિ વળશે?

પાર્વતી:—અરે રામ, બિચારાં દેવ જેવાં માતાને પણ મેં થોડું રીતાડયું છે? હે ભગવાન મને માફ કરજે અને મારાં સાસુજી-

પાસે પગે પડીને માફ માગવાનું બળ આપજે. છેલ્લું વાક્ય બોલતાં બોલતાં પાર્વતી બહુજ ગળગળી થઇ ગઇ. તેને ડુમો ભરાઇ આવ્યો, તેની આંખોમાં ચોધાર આંસુ ચાલવા લાગ્યાં, અને પતિના ખોળામાં પોતાનું માથું નાખી દઈ તે પોતાનું હૃદય ખાલી કરવા લાગી.

વાંચકવૃંદ ! જોયું ? હવે પ્રથમની પાર્વતી રહી નથી. અહંકારના ખાડામાંથી હવે તે બહાર નીકળી છે. પીયર અને સાસરામાં શો ફેર છે અને સાસરાનાં સર્વ આદમી ઇશ્વિર—ભક્ત છે તથા પોતાની માતાની સર્વ શિખામણ ખરાબ છે અને તેણે પોતાને ઘરકામની કેળવણી નહિ આપીને કેટલું બધું નુકસાન કર્યું હતું, એ સર્વ વાત તે હવે સમજી ચૂકી છે.

પતિની અને સાસુની સેવા તથા ઇશ્વિરની ભક્તિ કરીને તેમાંથી મળતો ખરો આનંદ ભોગવવાની હવે તેને ઇચ્છા થઇ આવી છે.

પાર્વતીને કેટલુંક આશ્વાસન આપ્યા પછી પતિ પત્નીએ જમી લીધું. વાસણ પણ આજ પાર્વતીએ માંજ્યાં હતાં. ઉત્તમ રીતે માંજવાને લીધે વાસણોનો ચકચકાટ પણ આજ તેણે જોયો તેવો આગળ દાસીના વખતમાં કદી જોયો નહોતો; જેથી એ ચકચકાટથી પણ તેના—હૃદયમાં આનંદ થયો. એવામાં રામનાથની દૃષ્ટિ પણ વાસણો તરફ પડી, અને તેને પણ તે જોઈને બહુ આનંદ થયો. તેણે કહ્યું કે:—"આજે જેવાં આ વાસણ સર્વ મેલ ઘસાઈ જવાથી ચોખ્ખાં થયાં છે; તેવુંજ મારી પાર્વતીનું હૃદય પણ મારી તેમજ માતુશ્રીની પ્રાર્થના સાંભળીને પ્રભુએ નિર્મળ કર્યું છે."

પાર્વતીએ કહ્યું:—બસ્યું, એવી વાત શું કહ્યા કરો છો ? હવે તો ચાલો, આજ તમને પણ છુટ્ટીનો દિવસ છે એટલે માજીની પાસે જઇ તેમની સાથેજ બેસીને રામકથાનું પાન કરીએ.

રામનાથ:—હા ચાલો, તે બિચારીનું મન આપણા તરફથી દુઃખી

રહે છે તે પણ આપણા જવાથી આનંદ પામશે અને આપણા ભલા માટે તેમજ પાછાં આપણે તેની ભેગાં જઇ રહીએ તે માટે તે રોજ રોજ ભગવાનની પ્રાર્થના કર્યા કરે છે તે બાબતની પણ તેને વધારે આશા બંધાશે.

પાર્વતીઃ—હવે વળી આશા કેવી? ત્યાં જઇને તેમની પાસે ક્ષમા મેળવ્યા વિના નિરાંતજ કોને વળનાર છે! અને પછી ત્યાંથી અહીં પણ કોને આવવું છે!

રામનાથના આનંદનો પાર રહયો નહિ. પ્રભુની કૃપા માટે તેનાં નેત્ર સજળ થઇ આવ્યાં અને મનવડે તે કૃપાળુના ચરણમાં હજારો પ્રણામ અને ધન્યવાદ અર્પણ કર્યા.

પ્રકરણ ૧૫ મું.

एकै धर्म एक व्रत नेमा।
काय वचन मन पति पद प्रेमा॥

યશોદા શાંત થઇ મનમાં વિચારવા લાગી કે પહેલેજ દિવસે આમ થયું તો આગળ ઉપર શી વલે થશે? વ્રજપણ આવાજ વિચારોમાં મશગુલ હતો. આંખો લોહી હસતા મોઢે પતિ તરફ જોઇ કહ્યું:— "હવે હું કદાપિ રડીશ નહિ."

યશોદાને સાસરે વળાવતી વખતે માતાએ જે જે શીખ-વચનો કહ્યાં હતાં તેમાંનું એક એ પણ હતું કે સાસુની વિરૂદ્ધ પતિને કાંઇ પણ કહેવું નહિ. નમ્રતા અને ધૈર્યપૂર્વક તેની વાત સાંભળવામાંજ ભલાઇ છે. પતિની વાત સાંભળતાંજ યશોદાને માતાની ઉપલી શીખનું સ્મરણ થઇ આવ્યું હતું તેથીજ તેણે ઉપર મુજબ ઉત્તર કહ્યો હતો. એ પછી યશોદા પતિ સાથે પ્રફુલ્લિત ચિત્તે અને હસતે મુખે વાતો કરવા લાગી, જેથી વ્રજના મુખ ઉપરથી પણ શોકરૂપી વાદળ ધીમે ધીમે વિખરાવા લાગ્યું.

વ્રજઃ—યશોદા, તારી વાતો અને હસતા મુખથી મને પણ આનંદ થાય છે; પરંતુ મને એમ લાગે છે કે મેં વિવાહ કરવામાં તને અન્યાય કર્યો છે; કેમકે મા કજીઆખોર છે. માનાં કડુ વચન મારે તો સહેવાનાંજ હતાં, પરંતુ એ ભાર બીજા ઉપર નાખવામાં મેં ખોટું કર્યું છે.

યશોદાઃ—ચિંતા ન કરો; તમારો ભાર ઉતારવાને માટેજ ઇશ્વરે મને મોકલી હશે. તમારા દુઃખમાં હવે હું ભાગીદાર થઇછું, માટે એ વાતની હવે ચિંતા કરશો નહિ.

બધા દિવસ કાંઈ સરખાજ રહે છે? શું માતાનું મન કદી પણ નહિ ફરે? ભગવાનની દયાથી તે પણ ફરશેજ. માતાનું મન ફેરવવા આપણે બન્ને પ્રાર્થના કરીશું.

વ્રજઃ—પ્યારી, તારો વિશ્વાસ જોઇ અને તારી વાત સાંભળી મને નવું જીવન આવે છે. હવે હું કદી પણ આવી ચિંતા નહિ કરૂં; એ પછી અભરાઇ ઉપરથી રામાયણ લઇ વ્રજ વાંચવાને બેઠો. યશોદાએ કહ્યું:—"માતાને બોલાવો."

વ્રજઃ—તે નહિ આવે.

યશોદા હસી પડી અને બોલીઃ—"બોલાવી તો જુઓ. આપણે આપણી ફરજ બજાવવી; પછી તેમાં યશ મળવો ન મળવો ઇશ્વરાધીન છે."

વ્રજ ઉઠી માના ઓરડામાં ગયો તો તેને માલૂમ પડ્યું કે તે પથારી પાસે ઉભી છે. વ્રજે નમ્રતાથી કહ્યું:—"મા, આટલે દિવસે ઇશ્વરે તારી ઇચ્છા પૂર્ણ કરી, તેથી તેને ધન્યવાદ આપવો જોઇએ."

વ્રજની મા બોલીઃ—"ઇચ્છા તો તારી પૂર્ણ થઈ; એમાં મારૂં શું થયું? હું તો નહિ આવું. વહુ હજી આજજ આવી એટલામાં તો મને જુદી બનાવી."

"હું તો મારે કાલેજ આ ઘરમાંથી જુદી રહીશ. મારૂં હવે શું ચલણ છે?"

વ્રજ નિરાશ થઇ ત્યાંથી ગયો. યશોદાએ આ સર્વ સાંભળ્યું. તે સમજી ગઇ કે સાસુ ગુસ્સામાં છે.

વ્રજે ઓરડામાં આવી કાંઇ કહ્યું નહિ અને રામાયણનું વાંચન શરૂ કર્યું. પાઠ થઇ રહ્યા બાદ યશોદાને સ્તુતિ કરવા કહ્યું.

યશોદાએ સ્તુતિ ગાઇ; નમ્રતા, ધૈર્ય, શાંળતા અને પ્રેમને માટે પ્રભુપ્રાર્થના કરી. પછી સાસુ તરફ પ્રેમ કરવા અને તેની સર્વ વાતો અને કટુ વચનો સહન થાય તે માટે પ્રાર્થના કરી. વ્રજની મા આ સર્વ છુપાઇને જોતી હતી. તે મનસ્વીપણે કહેવા લાગી કે આ તે કેવી વિચિત્ર સ્ત્રી હશે? તેના મનમાં યશોદા ઉપર બહુ પ્રેમ આવ્યો.

લગ્નબાદ બે દિવસ યશોદા સાસરે રહી, ત્રીજે દિવસે વ્રજ તેને તેના પીયર મૂકવાને ગયો. વાંચકવૃંદ, આપ યશોદાનો પોતાની માતાની સાથેનો આદરપૂર્વક વ્યવહાર જોઇ ગયા છો અને એ પણ જોયું કે તેણે સાસુના પ્રેમરહિત વ્યવહારમાં પણ દિવસો ગાળ્યા. વાંચનાર! એક વહુ હેતાળ સાસુની ભક્તિપૂર્વક સેવા કરતી નહોતી ત્યારે બીજી બાજુએ એક વહુ વઢકણી સાસુનાં નિષ્ઠુર વચનો સહન કરી પતિ અને સાસુનું પ્રેમપાત્ર બની એનું કારણ શું? પાર્વતી ઇશ્વરભક્ત ન હોવાથીજ એકવાર પોતાનું સુખ ખોઇ બેઠી હતી; અને યશોદા ઇશ્વરભકત હોવાથીજ સુખી થઈ હતી.

પ્રકરણ ૧૬ મું.

बिन सत्संग विवेक न होई ।
राम कृपा बिन सुलभ न सोई ॥ तु. रा.

મન ફર્યું કોને કહે છે? મારૂં મન ફેરવવા યશોદાએ શા માટે પ્રાર્થના કરી? આ તો નવાઇની વાત! વ્રજની માતાનું મન આવા વિચારમાં પડી ગયું હતું.

યશોદાએ પ્રાર્થના કરી હતી કે "હે ઇશ્વિર ! જેવી રીતે મારૂં અને મારા સ્વામીનું મન તેં શુદ્ધ આપ્યું છે તેવુંજ મારી સાસુનૂં મન પણ શુદ્ધ કરજે. હે કૃપાસાગર પ્રભુ! જ્યારે પણ સાસુ મારાપર નારાજ થાય અને હું દુ:ખી થાઉં ત્યારે મને તેમની સાથે નમ્રતાપૂર્વક બોલવા અને વર્તવાની શક્તિ આપજે કે જેથી હું સૌ સહન કરી શકું અને તારો મહિમા વધારૂં."

વ્રજની માતાના મનમાં આવ્યા કરતું કે "હું આટલી મોટી થઇ, બીજું સર્વે સમજું છું પણ આ વહુની વાત સમજી શકતી નથી. આવી વિનતિ તો મેં કદાપિ સાંભળી નથી. છેવટે તેણે નક્કી કર્યું કે હવે હું તેને બરાબર કસોટીપર ચઢાવીશ. કાલથી વધારે ગુસ્સાથી વાત કરીશ અને પછી જોઇશ કે તે કેવીક નમ્રતાથી વર્તે છે! જો તે શાંતિથી સાંભળી રહેશે તો હું સમજીશ કે વહુનું મન નિર્મળ થયું છે. તેને આખી રાત ઉંઘ આવી નહિ." વાંચકવૃંદ, જે વાતનો વ્રજની માતા સ્વપ્ને પણ વિચાર કરતી નહોતી તેના ઉપર તે આજે આટલો બધો વિચાર કેમ કરે છે? યશોદા! પ્રથમ દિવસેજ ઇશ્વિરનો મહિમા તેં વધાર્યો છે.

ઇશ્વિરે યશોદાને નવું બળ અને શાંતિ આપી છે. પરીક્ષામાં યશોદામાં સર્વ સારા ગુણો સાસુને માલૂમ પડયા; તેનાં બીજ સાસુના મનરૂપી ખેતરમાં પડયાં, અને તેનું ફળ યશોદાને પણ મળ્યું. તેની સાસુનું મન શુદ્ધ થયું એટલુંજ નહિ પણ વ્રજનું મન પણ નવા ઉત્સાહથી પરિપૂર્ણ થયું. "હે ઇશ્વિર! હવે હું એકલો નથી. તેં મને મારા સુખદુ:ખની ભાગિયણ આપી છે;" એમ વિચારી વ્રજ ઇશ્વિરને વારંવાર ધન્યવાદ દેવા લાગ્યો. સાચી શ્રદ્ધા અને પ્રાર્થનાનું બળ અદ્દ્ભુત છે એમાં સંદેહ નથી.

વ્રજની માતાએ રાતે જેવો વિચાર કર્યો હતો તેવુંજ કર્યું, યશોદા જે કાંઇ કરતી–કારવતી હતી તેમાં તે ભૂલો કાઢવા લાગી. જો યશોદા કોઇ કામ કરવાનું ભૂલી જતી તો સાસુ હજારો વાતો સંભળાવતી

હતી. યશોદા હંમેશાં સવારના પહોરમાં ઉઠી ઘરનું સર્વ કામ કરતી હતી. કોઇ દિવસે ઉઠતાં વાર લાગતી હતી ત્યારે સાસુ અનેક કઠોર શબ્દ કહેતી હતી. યશોદા પોતાની અક્કલ મુજબ કોઇ કામ કરતી તો તે કહેતી "મારો કાંઇ હિસાબ છે? તું ઘરની ઘણીઆણી એટલે તારી નજરમાં આવે તેમ તું કરે, કેમ?"

આડોશીપાડોશી બેસવા આવતું ત્યારે પણ જ્યાં સુધી યશોદા ત્યાં બેઠી હોય ત્યાંસુધી તેનાં પીયરીઆંની નિંદા કર્યા કરતી હતી.

યશોદા પ્રતિદિન ઇશ્વરનું ચિંતન કરીને પોતાના હૃદયના ઘાને પુરતી હતી. યશોદાને એ પરીક્ષામાં પાસ થવાને પરિણામે બહુજ સુખ મળ્યું.

પતિની સાથે કથા-વાર્તા કરવામાં તેને સુખ મળતું હતું. વ્રજ રોગીઓની પરિચર્યા કરી દરરોજ બપોરે ઘેર આવતો હતો. તે વખતે યશોદા ચાતકની માફક તેની રાહ જોતી હતી. ભોજન કર્યા બાદ બપોરે યશોદા પતિ સાથે વાર્તાલાપ કરતી હતી અને સાંજના વ્રજ પાછો બહાર જતો હતો. યશોદા ઉપર વ્રજનો ઘણો પ્રેમ અને વિશ્વાસ હતો; તેથી યશોદાને શાંતિ મળતી હતી.

ભોજન થઇ ગયા બાદ જે દિવસે વ્રજની માતા તેના ઓરડામાં આવી વાતચીત કરતી હતી તે દિવસે યશોદા ઘણી ખુશી થતી હતી. યશોદાને પીયરમાં માતા અને ભાઈ સાથે વાતો કરવામાં જે આનંદ પડતો હતો તેજ આનંદ તે અહીં પણ લૂંટતી હતી. આ વખતે સાસુ મીઠા શબ્દો કહેતી હતી. કોઇ કોઇ વખત વ્રજ રોગીઓની સ્થિતિ કહેતો હતો. ઔષધોપચાર કરતી વખતે વ્રજ રોગીઓને ઇશ્વરમહિમા સંભળાવતો અને દિલાસો આપતો કે ઇશ્વરની કૃપાથી રોગ જલદી નષ્ટ થઈ જશે.

કોઇ કોઇ વખત રોગીઓના પરમેશ્વર પ્રત્યેના અચળ પ્રેમ અને વિશ્વાસની વાતો પોતાની માતા અને સ્ત્રીને તે કહેતો હતો. આ સર્વ

વાત તેની માતા ધ્યાનપૂર્વક સાંભળતી હતી. માતાએ પણ હવે તેની પ્રાતઃકાળની પ્રાર્થનામાં અડચણ નાખવી છોડી દીધી હતી અને તે પોતે પણ તેમની સાથે પ્રાર્થનામાં જોડાતી હતી, અને તેમની સાથે વાતો તથા વિચાર કરવામાં સામીલ થતી હતી. વ્રજ અને યશોદા આવો ફેરફાર તેનામાં થએલો જોઇને વારંવાર પ્રભુને ધન્યવાદ આપતાં હતાં.

પ્રકરણ ૧૭ મું.

गई बहोरि ग़रीब निवाजू।
सरल सबल साहिब रघुराजू ॥

વ્રજ કોઇ કોઇ વખત રોગી સ્ત્રીઓની સેવા કરવા સારૂ યશોદાને પણ લઈ જતો હતો. યશોદા પણ એ કામ બહુજ પસંદ કરતી હતી. જ્યારે વ્રજ તેને વિશ્વાસપૂર્વક કોઇ ભારે કામ કરવાનું કહેતો હતો ત્યારે તે અધિક પ્રસન્ન થતી હતી. પહેલે દિવસે જ્યારે વ્રજે યશોદાને આવા કામપર મોકલવાનો નિશ્ચય કર્યો ત્યારે વ્રજની માતાએ કહ્યું:—"હું તો વહુને બહાર નહિ મોકલું." યશોદા શાંતિથી પતિની પાસે ઉભી રહી. જ્યારે માતા શાંત પડી ત્યારે વ્રજે ધીમેથી કહ્યું:—" મા ! યશોદાના ગયા સિવાય એ કામ થાય એવું નથી. તે સ્ત્રી ગરીબ છે અને તે તેની માતાની એકનીએક પુત્રી છે. મા અને દીકરી બન્ને વિધવા છે. પુત્રીને બે પુત્ર છે. મહેનત કરી તેઓ જે કાંઈ કમાય છે તેમાં દુઃખે—સુખે એ બધાં બિચારાં ગુજરાન ચલાવે છે. જો તે સ્ત્રી મરી જશે તો ડોસી અને બન્ને બાળકો રવડી મરશે. દુઃખ વધારે છે. કલાકે કલાકે દુઃખ વધતું ઘટતું જોઇ દવા આપવાની છે. અભણ માણસથી આ કામ થઇ શકે એમ નથી; આજે બે દિવસ થયાં હું સુતો નથી તે તારાથી અજાણ્યું નથી. જો આજે પણ હું ઉજાગરો

કરીશ તો પછી જરૂર બિમાર પડી જઇશ. તે દર્દીનું સ્થળ અહીંથી દૂર નથી, માટે પાલખી મંગાવું છું; અને એમ નહિ તો તમે બંને જણ જઇને આટલું કામ કરી આવો. મારો ધંધો હજી નવોસવો છે. યોગ્ય ઉપચાર વિના તે સ્ત્રી મરી જશે તો મારી જગતમાં પણ અપકીર્તિ થશે; અને ઇશ્વિરના આગળ પણ હું દૂષિત ઠરીશ."

પુત્રની આ સર્વ વાત સાંભળી માતા પણ યશોદા સાથે જવાને તૈયાર થઈ. ભોજનાદિથી પરવાર્યા બાદ વ્રજે માતાને અને યશોદાને વિદાય કર્યા. તેમણે રોગીને ત્યાં જઈ જોયું તો ઘર માત્ર નાની સરખી ઝુંપડી જેવું છે. ઘરમાં ૩૦ વર્ષની સ્ત્રી જ્વરથી પીડાતી બેશુદ્ધ હાલતમાં પથારીમાં પડી છે. તેની પાસે એક વૃદ્ધ સ્ત્રી અને બે અજ્ઞાન નાનાં બાળકો બેસી રડી રહ્યાં છે. યશોદાને પાલખીમાંથી ઉતરતી જોઈ ડોસી ચમકી અને તેમની પાસે જઇ પૂછવા લાગી:—" આપ કોણ છો ?" યશોદાએ જવાબ આપ્યો:—"અમે ડૉકટર બાબુને ઘેરથી આવ્યાં છીએ." ડોસી વ્રજની માતા તરફ જોઇ બોલી:—" શું આપ ડૉકટર બાબુની મા થાઓ છો ?" યશોદાએ જવાબ આપ્યો:—"હા, એ મારાં સાસુ છે." ડોસી આશીર્વાદ દઈ કહેવા લાગી:—"ભગવાન તમારૂં ભલું કરજો. ડૉકટર બાબુ જતી વખતે કહી ગયા હતા કે જાગવાને માટે એક માણસ મોકલીશ, તે ક્યાં છે ?" યશોદા બોલી:—" અમેજ તમારી પુત્રીની સેવા કરવા આવ્યાં છીએ." ડોસી ચકિત થઇ બન્ને તરફ જોવા લાગી અને બોલી:—"મારા જેવી ગરીબપર આટલી બધી દયા ! આપ મારી ઝુંપડીમાં આવશો એવો ખ્યાલ તો મને સ્વપ્ને પણ નહોતો. આપને શો આશીર્વાદ આપું ? આપનો પુત્ર ચિરંજીવી થાઓ. આહા ! જેવી બાબુની દયા છે તેવું માતાનું મન કેમ ના હોય ? જેવી માતા તેવાં સંતાન !"

વ્રજની માતા તો શરમાઇ ગઇ, પરંતુ યશોદાએ જોયું કે તે ડોશી

ગળગળી થઇ ગઇ છે. વ્રજની આજ્ઞાનુસાર યશોદા ઘેરથી કપડાં વગેરે લાવી હતી. થોડી વારમાં યશોદાએ દીવો સળગાવી જમીન સાફ કરી પથારી પાથરી દીધી; પછી રોગીનું મોઢું ધોઇ ચોખ્ખાં કપડાં પહેરાવી તેને પથારીમાં સુવાડી અને બીજી ધોએલી ચાદર ઓઢાડી. રોગીને ધોએલાં કપડાં પહેરાવવાથી અને બિછાનું ઠંડું લાગવાથી તે ઉંઘી ગઈ. યશોદાએ આ સર્વ ડોશીની મદદથી કર્યું. વ્રજની માતા એક બાજુએ બેઠી બેઠી સઘળું જોયા કરતી હતી. ડોશી યશોદાને સાવધાનીથી સેવા કરતી જોઈ નિશ્ચિંત થઇ સૂઈ ગઇ. રાતોના ઉજાગરાથી અને કામને લીધે થાકી જવાથી તે સૂતાંવારજ ઉંઘી ગઈ. વ્રજની મા સુઘડ હોવાથી તેને મેલી પથારી વગેરેને લીધે ઉંઘ આવશે નહિ, એમ સમજીને પ્રથમથીજ યશોદા ઘેરથી ધોએલી ચાદર તથા પથારી વગેરે સાથે લઇ ગઇ હતી. ઘરમાં એક બાજુએ સાફસુફ કરી પથારી પાથરી યશોદાએ સાસુને કહ્યું:–" મા, પથારી તૈયાર છે. સૂઇ જાઓ." યશોદા પોતાની ચિંતા કરી ઘેરથી પથારીનો સામાન લઇ આવી છે, એ જોઇ વ્રજની મા પ્રસન્ન થઇ સૂઈ ગઇ. યશોદા એકલી બેઠી બેઠી રોગીની સેવા કરવા લાગી. વ્રજની માતા સૂઇ ગઇ હતી પણ તેને ઉંઘ આવતી નહોતી. તેના મનમાં અનેક વિચારો આવતા હતા. તે પોતે પણ બહુ મહેનતુ હતી; પરંતુ તે માત્ર પોતાના સુખને માટેજ. બીજાને માટે કષ્ટ સહેવું તેને રૂચતું નહોતું. કોઇ કોઇ વખત પોતે અથવા વ્રજ માંદાં પડતાં આડોશી–પાડોશી તેના ડરથી તેના ઘરમાં આવતાં નહોતાં; અને તે પોતે પણ અહંકારી હોવાથી કોઇને બોલાવતી નહોતી. આજે તે પોતાની દષ્ટિસમીપ તેથી એક ઉલટુંજ દશ્ય જોઇ રહી છે. પરોપકાર કરવાથી જે મોટું સુખ થાય છે તેનો આજે થોડો ઘણો અનુભવ મળવાથી તેના અંતઃકરણમાં એક નવીજ ઇચ્છા ઉત્પન્ન થઇ. રાત વ્યતીત થતાંજ રોગી સ્ત્રી પોતાની પાસે તરૂણ યશોદાને જોઇ પૂછવા લાગી:–" તમે કોણ છો ? "

યશોદાઃ—" હું તમારી સેવા કરવા આવી છું." રોગી સ્ત્રી કાંઇ વિચાર કરી બોલીઃ–" આપને કોણે મોકલ્યાં છે?" યશોદાએ જવાબ આપ્યોઃ–" ઇશ્વરે!" રોગીએ પૂછ્યુંઃ–" ઇશ્વર કોણ છે?" યશોદાએ કહ્યુંઃ–" મારો, તમારો અને સર્વે પાપીઓનો ઉદ્ધારક છે." યશોદાની વાત સાંભળી રોગી સ્ત્રી આંખ વીંચી વિચાર કરવા લાગી. વ્રજની માતા જાગતી હતી, તેને આશ્ચર્ય લાગ્યું કે યશોદા રોગીને ઇશ્વરના યશ કહી રહી છે; અને તે શાંતિથી સાંભળી રહી છે. થોડા સમય બાદ રોગી સ્ત્રી બોલીઃ–"મા ક્યાં છે? મારે ઉઠવું છે." યશોદાએ જવાબ આપ્યોઃ–" તમારી મા થાકી જવાથી ઉંઘી ગઇ છે. હું તમને ઉઠાડી બેઠાં કરૂં?" યશોદાની મદદથી તે સ્ત્રી બેઠી થઇ. વ્રજની માતા દીવાની નજદીક સૂતી હતી. દીવાના પ્રકાશથી તેનું રૂપ ચમકતું હતું. રોગી સ્ત્રીએ તેને જોઇ પૂછ્યુંઃ–" આ કોણ છે?"

યશોદાઃ—મારાં સાસુ છે.

રોગી સ્ત્રીઃ—તમે ક્યાંથી આવ્યાં છો?

યશોદાઃ—ડૉક્ટર બાબુના ઘેરથી.

રોગી સ્ત્રીઃ—શું તમે ડૉક્ટર બાબુનાં ઘરના માણસ છો?

યશોદાઃ—હા.

રોગી સ્ત્રીઃ—તમારૂં ઘર છોડી આ ગરીબની ઝુંપડીમાં તમે ક્યાંથી?

યશોદાઃ—જે અનાથનો નાથ છે તેણે અમને મોકલ્યાં છે.

રોગી સ્ત્રીઃ—અનાથનો નાથ કોણ?

યશોદાઃ—ઇશ્વર.

રોગીએ ફરીથી એકવાર આંખો બંધ કરી. આવો સુયોગ જોઇ યશોદાએ મનવડે બહુજ પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક વિનતિ કરીઃ–" હે ઇશ્વર, હે અનાથના નાથ, આ સ્ત્રી પર દયા કરો! તેની માતા અને બાલકોપર દયા કરી તેને સાજી કરો!" રોગી સ્ત્રી થોડી વાર બાદ કહેવા લાગી

"મારે મોઢું ધોવું છે." યશોદાએ તેનું મોઢું ધોવરાવી પછી ડોશીને ઉઠાડી. સવાર થવા આવ્યું હતું, આજે બરાબર નિદ્રા આવવાથી ડોશી પ્રફુલ્લિત વદને ઉઠી યશોદાને અને તેની સાસુને આશીર્વાદ દેવા લાગી.

વ્રજે રાતે મજુરોને કહી મૂક્યું હતું, તેથી તેઓ સવારના પહોરમાં યશોદાને અને વ્રજની માને લેવાને ગયા. પાલખી આવતાંજ યશોદા રોગી પાસેથી વિદાય થતી વખતે બોલી:—"હવે અમે જઈએ છીએ, જરૂર પડે તો મારાં સાસુને ખબર મોકલજો. તમારી આરોગ્યતા માટે હું રોજ ઇશ્વરની પ્રાર્થના કરીશ."

રોગી:—મા અને બાળકોને લીધેજ જીવવાની ઇચ્છા થાય છે.

યશોદા:—હું ઇશ્વરની પ્રાર્થના કરીશ. તે જરૂર તમારૂં ભલું કરશે.

યશોદા અને વ્રજની મા ઘેર આવ્યાં. સ્નાન ભોજન વગેરેથી પરવાર્યા પછી યશોદા સૂઈ ગઈ. તેને ઉંઘ ખૂબ આવી ગઈ. વ્રજની માતાએ તેને ઉઠાડી નહિ. જ્યારે પાછલા પહોરે તે જાગી ત્યારેજ તેને ખબર પડી કે ઉંઘમાં વખત વધારે નીકળી ગયો. ઉંઘમાંથી તેને ઉઠેલી જોઇને વ્રજની માતા પ્રેમપૂર્વક બોલી:—"સારૂં કર્યું કે તું સૂઇ ગઇ, નહિ તો ઉજાગરાથી માંદી પડત." સાસુનાં આવાં પ્રેમપૂર્ણ વાક્યોથી યશોદાનું મન આનંદ પામ્યું, અને તેણે કહ્યું:—

"માજી! તમારી કૃપા હશે તો દશ રાત જાગરણ કરવા છતાં પણ માંદી નહિ પડું." વ્રજની માતા પ્રસન્ન થઈ ત્યાંથી ચાલી ગઇ. યશોદાની કોમળ અને પ્રેમભરી વાણીથી તેના હૃદયમાં પણ પ્રેમ અને કોમળતા વ્યાપી ગયાં.

હવેથી જ્યારે જ્યારે વ્રજ કોઇપણ રોગીની સારવાર કરવા યશોદાને મોકલતો હતો ત્યારે ત્યારે માતા પણ તેની સાથે આનંદથી જતી હતી અને આખી રાત યશોદાની સાથે રહી રોગીની સારવાર કરતી હતી. હવે તેનું મન બહુજ કોમળ થઈ ચૂક્યું છે; હવે તે ઘણો વખત

રામાયણ વાંચવામાં ગાળતી હતી. કડવાં વેણ અને ક્રોધનું સ્થાન હવે મધુર વચને અને પ્રેમભાવે લીધું હતું. વાંચકવૃંદ ! તમે કદાચ પૂછશો કે રામાયણ વાંચવાથી અને પ્રભુપ્રાર્થના કરવાથી તેને શો લાભ થયો ? રામાયણ વાંચવાથી તેને માલૂમ પડયું કે પોતે પાપી છે અને અહંકાર કરવો વૃથા છે. પ્રથમ તે ધર્મના વિષયથી તદ્દન અજ્ઞાત હતી. હવે જ્યારે કોઇ ઉંડી ધર્મની કે વ્યાહવારની બાબતમાં તેને સમજ પડતી નહોતી ત્યારે કહેતી કે "હે ઇશ્વર ! હું મૂર્ખ છું. મને સમજવાની શક્તિ આપો." ભક્તાધીન ભગવાન પ્રત્યેની ખરા હૃદયની તેની પ્રાર્થના નિષ્ફળ જતી નહિ, અને દિવસે દિવસે તે વધારે ને વધારે નિરાભીમાની અને ભક્તિપરાયણ થવા લાગી. પાપની શિક્ષા મૃત્યુ અને મૃત્યુબાદ નરક છે, તથા સર્વ પાપ અને અવગુણથી છુટવાનો ઉપાય માત્ર પ્રભુની ભક્તિ અને દીન દુઃખી પ્રાણીઓની સેવા કરવી એજ છે; એ વાત હવે તેને બહુ સારી રીતે સમજાઇ ચૂકી છે. હવે તે તેજ પ્રમાણે વર્તે છે અને સર્વભાવે ઇશ્વરને શરણ થઈ પૂર્ણ શાંતિ તથા આનંદપૂર્વક પોતાના પુત્ર તથા પુત્રવધૂ સાથે આયુષ્ય ગાળે છે.

વાંચકવૃંદ ! તમે પણ વ્રજની માતાની માફક ખરા હૃદયથી અને શ્રદ્ધાથી ઇશ્વરની ભક્તિ, રામાયણનો પાઠ અને દીન દુઃખીઓ તરફ દયા કરતા રહેશો તો ઇશ્વર તમને પણ એવીજ શાંતિ અને આનંદ આપશે, કે જે શાન્તિ અને આનંદ આ સંસારના બીજા ગમે તેવા વૈભવ પણ આપી શકતા નથી.

વાંચક બંધુઓ અને બ્હેનો ! સાસુનો વિશ્વાસ, રામનાથનું ધૈર્ય, યશોદાની નમ્રતા, અને વ્રજમોહનનો પરોપકાર જોઇને તમારા મનમાં તેવા ગુણો મેળવવા અથવા વધારવાની કાંઇ પણ ઇચ્છા નવી જાગૃત થઇ છે? અથવા પ્રથમ જાગી ચૂકેલી ઇચ્છા મજબૂત થઇ છે ? જો થઇ હોય તો ધન્યવાદ !

શ્રીયુત કામતાપ્રસાદ ગુરૂ.

૭-બે બંધુ.

૧

ગોવિંદલાલને બે પુત્ર-રામલાલ અને હરિલાલ-હતા. રામલાલ-તરફ તેના પિતાનો સ્નેહ વધારે હતો. મોટા પુત્ર હરિલાલના જન્મ બાદ જે કાંઈ સંતતિ થઇ તે સર્વ જીવવા પામી નહોતી; તેથી વૃદ્ધાવસ્થામાં રામલાલને જોઇ ગોવિંદલાલ શાંતિ પામતો હતો. આવા સમયમાં તેની ધર્મપત્નીનો સ્વર્ગવાસ થયો. સ્ત્રી વિનાનો ગૃહસંસાર સુનો જોઇ ગોવિંદલાલે મોટા પુત્ર હરિલાલનાં લગ્ન કરી દીધાં. હરિલાલની સ્ત્રી કાત્યાયનીપર સંસારવ્યવહારનો ભાર પડતાંજ તેની ઉમર નાની હોવા છતાં પણ તે ગૃહકાર્યમાં પ્રવીણ થઇ ગઇ. કાત્યાયનીને સંતતિ થઈ તોપણ તે પોતાના દીયેર રામલાલનું માતા પ્રમાણે લાલનપાલન કરતી હતી. આવી રીતે પિતા અને ભોજાઇના લાલનપાલનમાં રામલાલ બાર વર્ષનો થયો. એજ વર્ષમાં તેના પિતાનું મૃત્યુ થયું. તેણે મરતી વખતે હરિલાલને કહ્યું હતું કેઃ-" રામલાલને મનુષ્ય બનાવવો તારે હાથ છે. તારી વહુનો તેનાપર અત્યંત સ્નેહ છે એટલે તેને કાંઇ કહેવું નિરર્થક છે, પણ તારે તેને મનુષ્ય બનાવવો એ તારૂં પરમ કર્ત્તવ્ય છે." જોકે હરિલાલ વધારે ભણ્યો-ગણ્યો નહોતો તોપણ પિતાના ઉપલા ઉપદેશ પછી રામલાલ સારી રીતે ભણી-ગણીને હોશીઆર થાય અને તેની સારા માણસોમાં ગણત્રી થાય એવી તેની મરજી હતી. રામલાલને સદાચારનું શિક્ષણ મળે તે તરફ હરિલાલની નજર હતી. છોકરાઓનો રમત-ગમતમાં વધુ સમય જવાથી તેઓ બગડી જાય છે એવી તેની માન્યતા હતી. તેને તો રામલાલને

ઉચ્ચ કોટીનો મનુષ્ય બનાવવો હતો. હરિલાલને આ કાર્ય કઠણ ભાસતું હતું. રાત્રિ–દિવસ ભણવાથી બાળકનું મ્લાન મુખ જોઇ તેને કષ્ટ થતું હતું, પણ તે વખતે તેને એ વિચાર આવતો હતો કે હાલમાં થોડું ઘણું દુઃખ સહન કરવાથી તેનું ભવિષ્ય સુધરી જશે.

આટલી બધી દેખરેખ રાખવા છતાં પણ રામલાલના અભ્યાસમાં વિશેષ ઉન્નતિ થતી નહિ. તે મોટા ભાઇના ડરથી પુસ્તક લઇને બેસતો ખરો, પણ તેનું મન તેમાં લાગતું નહોતું. નિશાળના શિક્ષકને પૂછતાં પણ હરિલાલને જણાયું કે રામલાલ બરાબર અભ્યાસ કરતો નથી. આટલા બધા પ્રયત્નો કર્યા પણ તેનું કાંઈ ફળ આવ્યું નહિ ત્યારે હરિલાલને લાગ્યું કે રામલાલની બુદ્ધિ તીવ્ર નથી, તેની આવી રીતે ખાતરી થઈ તોપણ તેણે રામલાલનો અભ્યાસ બંધ કરાવ્યો નહિ. તેણે વિચાર કર્યો કે જેમ જેમ રામલાલ મોટો થતો જશે તેમ તેમ તેની બુદ્ધિ ખીલતી જશે. હવેથી તેણે રામલાલને સવારસાંજ રમવા જવાની મના કરી.

એક દિવસે સંધ્યાકાળે રામલાલ રસોડામાં તેની ભોજાઇ પાસે બેઠો હતો; થોડા સમય બાદ હરિલાલ કાર્યવશાત્ રસોડામાં આવતાં ત્યાં રામલાલને બેઠેલો જોઇ ક્રોધથી બોલ્યો:–"રસોડામાં શું કરે છે? તારે રસોઇઓ થવું છે?" આ સાંભળી કાત્યાયની કહેવા લાગી:– "રામલાલ સવારથી ચોપડી લઈ બેસે છે. થોડો સમય મારી પાસે આવી બેઠા તેમાં તમારૂં શું જતું રહ્યું?" હરિલાલ બોલ્યો:–"એમાં શું થઈ ગયું? તેને તો હજુ ડેપ્યુટીમેજીસ્ટ્રેટ થવાનું છે. તેને આપણી માફક ખેતી કરવાની નથી. તેને જાતે કમાઇ ગુજરાન કરવું પડશે."

રામલાલ ત્યાંથી બહારના ખંડમાં જઈ ચોપડી લઇ વાંચવા બેસી ગયો અને જેણે પ્રથમ ભણાવવા–ગણાવવાની રીત શોધી કહાડી હોય તેને માટે મનમાં આવે તેમ ખરૂં ખોટું કહેવા લાગ્યો.

'ડેપ્યુટી મેજીસ્ટ્રેટ થવા માટે ભણવું પડશે' એ વાત આખા ગામમાં ફેલાઇ ગઇ. જ્યારે જ્યારે રામલાલને તેના સરખી ઉમ્મરના સાથીઓ જોતા હતા ત્યારે તેઓ કહેતા કે "અરે મેજીસ્ટ્રેટ સાહેબ આવે છે. એ બાપરે! તે શું કરશે?" આવાં કટાક્ષમય વચનો સાંભળી રામલાલ શરમાવા લાગ્યો. તેણે એક દિવસ રાત્રિએ સૂવા જતી વખતે ભોજાઇનો હાથ પકડયો અને રડતાં રડતાં કહ્યું:—"ભાભી, ભાઇને કહેજો કે હું મેજીસ્ટ્રેટ નહિ થાઉં, હું પણ ભાઇની માફક આપણો ધંધો કરીશ." કાત્યાયનીએ તેની પીઠપર હાથ ફેરવી કહ્યું:—"ભાઇ, એમાં મારૂં શું ચાલશે? પણ ચિંતા ન રાખશો હું તમારા ભાઇને કહીશ."

રામલાલના માથાપર એક બીજી પણ મુસ્કેલી આવી પડી. કાત્યાયનીને પિતા—માતા કોઇ નહોતું, તેને માત્ર એક નાની બ્હેન હતી જેનું નામ સિદ્ધેશ્વરી હતું અને તેનું લાલન પાલન તેના મામાને ઘેર થતું હતું. એક દિવસે કાત્યાયનીને ખબર મળી કે તેની બ્હેન ત્યાં દુઃખી થાય છે, તેથી તેણે હરિલાલને પૂછ્યું:—"સિદ્ધેશ્વરીને અહીં બોલાવી લઇએ તો કેમ? તેને મોસાળમાં બહુ દુઃખ છે."

હરિલાલે કહ્યું:—"જો તારા મામાને ખોટું ના લાગે તો ખુશીથી તેને અહીં રાખો." તેના મામાને પત્રથી પૂછાવ્યા પછી હરિલાલ પંડેજ સિદ્ધેશ્વરીને લઇ આવ્યો.

૨

આ પછી બીજાં બે વર્ષ નીકળી ગયાં. દિનપ્રતિદિન રામલાલ અભ્યાસમાં પાછો પડતો ગયો. રામલાલ તેના ભાઇથી ઘણોજ ડરતો હતો. દરેક કામમાં તેને શિક્ષા થતી હતી તેથી તે સારાસારનો વિચાર કરવા અશક્ત હતો.

કનૈયાલાલ નામનો એક માણસ તેની પડોશમાં રહેતો હતો તે એક દિવસે એક મેજીક લેન્ટર્ન લાવી સર્વને તમાશો દેખાડવા લાગ્યો;

આવું એક લેન્ટર્ન ખરીદવાની ઇચ્છા રામલાલને થઈ. તે તેની ભાભી પાસે ગયો અને કહેવા લાગ્યો:-"ભાભી, જુઓ તમે મને માત્ર પાંચ જ રૂપીઆ આપો તો હું તમને એક આશ્ચર્યજનક ચીજ બતાવું." આ ઉપરાંત તેણે મેજીકલેન્ટર્નની સર્વ હકીકત કહી. કાત્યાયનીએ નિરૂપાય થઈ તેના પતિદેવને સર્વે હકીકત કહી. હરિલાલે ગુસ્સે થઇ રામલાલને એક તમાચો ખેંચી કહાડ્યો અને કહ્યું:—"ખર્ચ કેટલો થાય છે, તેનું તને ભાન છે ?" આ ઉત્તર સાંભળી રામલાલને બહુજ ખોટું લાગ્યું, જેથી હવે તેણે જેમ બને તેમ તેના ભાઇને હેરાન કરવાનો નિશ્ચય કર્યો.

બીજે દિવસે પ્રાતઃકાળે હરિલાલે ગભરાઇને પોતાની સ્ત્રીને કહ્યું:-"મારા ખેસને છેડે દશ રૂપીઆ બાંધેલા હતા તે નથી." કાત્યાયનીને આ સાંભળી નવાઇ લાગી.

હરિલાલને છેવટ રામલાલ ઉપરજ પાકો શક ગયો, જેથી તે ક્રોધમાં આવી જઈ રામલાલને શોધવા નીકળ્યો. રામલાલ કનૈયાલાલને રૂપીઆ આપી પોતાને ઘેર આવતો હતો. હરિલાલે તેનો હાથ પકડ્યો અને કહ્યું:-"તેં રૂપીઆનું શું કર્યું ?" રામલાલે કહ્યું:—"એક મેજીકલેન્ટર્ન ખરીદયું છે." બાદ હરિલાલ તેને હાથ પકડી ઘરમાં લઇ ગયો. ત્યાં એક લાકડી પડી હતી તેનાવતી તે રામલાલને મારવા લાગ્યો. કાત્યાયનીએ રડતાં રડતાં કહ્યું:-"બાળકનો અપરાધ થઈ ગયો. હવે તેને આટલો બધો મારવો ઉચિત નથી. જવા દો." હરિલાલે કહ્યું:-"બાળકને એટલા માટે માર્યો છે કે તેને શીખામણ મળે, નહિ તો મોટો થાય તોપણ ચોરી કરતાં શીખે. મારને લીધે રામલાલ ગ્નાનરહિત થઇ બકવા લાગ્યો:-"એમાં ચોરી શાની ? પિતાજીની સઘળી મિલ્કત તમારી પાસેજ છે, તમેજ મારો ભાગ પચાવી બેઠા છો અને હું માંગું છું ત્યારે મને એક પણ પૈસો આપતા નથી."

આ સાંભળતાંજ હરિલાલના હાથમાંથી લાકડી પડી ગઇ અને તે ગંભીર ભાવથી કહેવા લાગ્યોઃ–"તારી બુદ્ધિ આટલી બધી તીવ્ર હશે તેનું મને ભાન નહોતું. હું તો તારા ભલા માટેજ આ સર્વે કરૂં છું." આટલું કહી હરિલાલ ખેદ પામી ત્યાંથી ચાલ્યો ગયો. રામલાલનો બરડો સૂજી ગયો હતો તેથી તે રડવા લાગ્યો. કાત્યાયની તેની પાસે આવી અને બેઠી. રામલાલનો હાથ પકડતાંજ તે હાથ તરછોડી ત્યાંથી જતો રહ્યો. કાત્યાયનીએ તેને પાછો આવવા માટે બહુ બૂમો મારી પણ તે જતો રહ્યો. ઘણો સમય રાહ જોયા બાદ કાત્યાયનીએ તેના પતિને કહ્યું:–"રામલાલ હજુ સુધી પાછો આવ્યો નથી." હરિલાલે કહ્યું:–"ગયો તો તેની મરજી." સંધ્યાકાળ થયો તોપણ રામલાલ આવ્યો નહિ ત્યારે હરિલાલ ફાનસ લઈ તેને શોધવા નીકળ્યો. તેણે ઘેર પાછાં આવી જોયું તો તેને માલૂમ પડ્યું કે કાત્યાયની રામલાલની વાટ જોતી બેઠી હતી. હરિલાલને હવે ફીકર વધવા લાગી; તે કોઇને કાંઇ પણ કહ્યા સિવાય ઓટલાપર બેસી ગયો. દિન પર દિન અને માસપર માસ જવા લાગ્યા, પણ રામલાલનો પત્તો લાગ્યો નહિ. કાત્યાયની રડી રડીને દિવસ ગાળવા લાગી. હરિલાલ ગંભીર થઇ ગયો. તેનું શરીર ધીમે ધીમે ક્ષીણ થવા લાગ્યું.

૩.

રામલાલે દૃઢ નિશ્ચય કર્યો હતો કેઃ–"રસોઇઓ થઇને રહીશ તે કબૂલ, પણ હવે મોટા ભાઇને આધીન નહિ રહું." તેણે ગમે તેમ કરી કલકત્તે પહોંચવાનો ઇરાદો કર્યો. રસ્તામાં ચાલતાં ચાલતાં તે થાકી ગયો અને બાજુપર સૂઈ ગયો. એટલામાં ત્યાં આગળ એક ઘોડાગાડી આવી પહોંચી. તેને જોઈને ગાડીવાળાએ ગાડી થોભાવી અને તેને બૂમ પાડી. રામલાલે તરતજ ઉઠીને જોયું તો તેને માલૂમ પડયું કે ગાડીમાં કોઈ એક સજ્જન બેઠો હતો. તે આદમીનાં લુગડાં–

લત્તાં જોઇ તેને લાગ્યું કે તે કોઇ મોટો પુરૂષ છે. કોણ જાણે એકાએક તેના મગજમાં શું વિચાર આવ્યો કે તે દોડીને ગાડી પાસે ગયો અને કહેવા લાગ્યો:—"શેઠ સાહેબ, આપને રસોઇઆની જરૂર છે? મને રાખી લો." તે તેની વાત પુરી કરે તે પહેલાં જમીનપર પડી ગયો. ભોજન નહિ મળવાથી અને થાક લાગવાથી તેનામાં ઉભા રહેવાની શક્તિ નહોતી. તે સજ્જને તેની આવી શોચનીય અને ગાંડાના જેવી સ્થિતિ જોઇ ગાડી ઉભી રાખી તેને ગાડીમાં બેસાડી લીધો અને તેનું નામ ઠામ પૂછી લીધું; ત્યાર બાદ કહ્યું કે:—"તેં શા માટે તારૂં ઘર છોડયું?" રામલાલે કહ્યું:—"હું અનાથ છું. ઘેર મારૂં કોઇ નથી."

ઉક્ત સજ્જનનું નામ રતનલાલ હતું. તે કલકતામાં વકીલાત કરતો હતો. તે કાંઇ કાર્યવશાત્ તેની જન્મભૂમિમાં આવ્યો હતો. આ બાળકની આવી દીન દશા જોઇ તેને દયા આવી અને તે કહેવા લાગ્યો કે વારૂ, મારી સાથે ચાલ, રસોઇઆની મને જરૂર નથી પણ કલકત્તે પહોંચ્યા પછી તારા માટે કાંઇ બંદોબસ્ત કરીશ. તે વખતથીજ તે રતનલાલને ત્યાં રહેવા લાગ્યો. એક દિવસે તેણે વાતવાતમાં રતનલાલની સ્ત્રીને પોતાની ખરી હકીકત કહી દીધી. તે બોલી કે ભાઇ મોટાભાઇ ઉપર દુ:ખ લાવીએ નહિ. તારા ભલાને સારૂજ તેમણે તને શિક્ષા કરી હશે. હશે થયું તે ખરૂં.

અહીં રતનલાલનાં બાળકોને ભણતાં જોઇ રામલાલનું લક્ષ ભણવા તરફ દોરાયું. મોટા ભાઇના મારની બીક છતાં ભણવું એ પ્રથમ તેને વિષસમાન લાગતું હતું, તેને બદલે હવે ભણવામાં તેને અમૃત જેવો આનંદ મળવા લાગ્યો. રતનલાલની સ્ત્રીએ તેની એવી વલણ જોઇને પોતાનાં બાળકો સાથે તેને પણ નિશાળે મોકલવાનું શરૂ કરી દીધું.

રામલાલે હવે પૂરૂં મન દઇને ભણવા માંડયું. વર્ગમાં કોઇ પણ વિદ્યાર્થી તેની બરાબરી કરી શકતો નહિ. મેટ્રીક્યુલેશનમાં પાસ થવા

ઉપરાંત તેને છાત્રવૃત્તિ પણ મળી જવાથી રતનલાલે તેને કૉલેજ-પાઠશાળામાં દાખલ કરાવ્યો. એક દિવસે રતનલાલે તેની સ્ત્રીને કહ્યું:- "આપણે આપણી પુત્રી શૈલના વિવાહ રામલાલ સાથે કરીએ તો કેમ? તે આપણીજ જ્ઞાતિનો છે અને તેના રૂપ-ગુણની આપણને માહિતી છે." રતનલાલની સ્ત્રીએ કહ્યું:-"એવું થાય તો ઘણું સારૂં. એમ થવાથી આપણી શૈલનો વિયોગ કેટલોક વખત સુધી આપણને નહિ વેઠવો પડે."

એક દિવસે રતનલાલે રામલાલનો આ વિષે શું વિચાર છે તે જાણી લેવા તેની સાથે આ વાત છેડી. રામલાલે સાંભળીને માથું નીચું કર્યું. રતનલાલ સમજી ગયો કે તેની સંમતિ છે, જેથી વિવાહની સર્વ તૈયારીઓ તેણે કરવા માંડી.

૪.

કેટલાંક વર્ષ વ્યતીત થઇ ગયાં, રામલાલને મેટ્રીકમાં પાસ થયા પછી એક સારી નોકરી મળી ગઈ હતી. એક દિવસ એક બહુજ સારા વક્તાના "યુવકોની રીતભાત" એ વિષયના ભાષણમાં તેનું જવું થતાં દેશનાં દરેક ઘરોમાં ચાલતા કુટુંબક્લેશો ઉપર બહુ ભાર મૂકીને તે વક્તાએ કહ્યું. રામલાલને એ વાતની બહુજ અસર થઇ; તેને પોતાનો હિતસ્વી વડીલ બંધુ અને હેતાળ ભાભી આ વખતે યાદ આવ્યાં. પોતે ઘેરથી નીકળી જવાથી તેમને કેટલું બધું દુઃખ થયું હશે તેનો વિચાર આવતાં તેની આંખોમાં પાણી આવી ગયાં. ઘેર ગયા પછી જમવાનું તેને ભાવ્યું નહિ અને રાત્રિએ ઉંઘ પણ આવી નહિ, તેને યાદ આવ્યું કે "પિતાના મરણ પછી હું ઉદાસ રહ્યા કરતો હતો અને કોઇ કોઇ વખત રડી રડીને સૂઈ જતો હતો, ત્યારે હરિલાલ મને ઉંઘી ગયેલો સમજીને મારા માથા આગળ બેસી કેટલા બધા સ્નેહથી મને ચુંબન કરતા હતા, અને મારાં ભાભીની સાથે

મારા ભલા માટે કેટલી બધી કાળજીથી વાતો કરતા હતા ! તે પ્રત્યક્ષમાં મારી તરફ વહાલ બતાવતા નહિ તેથીજ મેં માની લીધું હતું કે તેમનો મારાપર સ્નેહ નથી; પરંતુ હવે કાંઇ હું અણુસમજુ બાળક નથી. તેઓ મારા ભલા માટેજ મારાપર ધાક રાખતા હતા; એ વાત હવે હું સમજી શક્યો છું. હે પ્રભુ ! મારી કેટલી બધી મૂર્ખતા ! એવાં ભલાં ભાઇ ભોજાઇથી નાશી જઈને ઉલટાં તેમને દુઃખી કર્યા ! લોકો પણ તેમને માટે કેવું હલકું બોલતા હશે. બસ હવે એકદમજ મારે તેમની પાસે પહોંચી જઇને તેમને સુખી કરવાં જોઇએ અને તેગની ક્ષમા માગવી જોઇએ. ”

ઉપલા વિચારોમાં ને વિચારોમાં છેક પાછલી રાત્રે રામલાલ ઉંઘી ગયો; અને સવાર પડતાંજ ભાઇ તરફ જવા માટે સર્વની રજા લઇ તે નીકળી પડ્યો.

ઘેર પહોંચતાંજ તેને માલૂમ પડયું કે પહેલાંના જેવી હવે ઘરની શોભા રહી નથી. ઘરના બારણા આગળ જઇ તેણે કહ્યુંઃ–“ ભાઈ ! ” પણ આનો કશો ઉત્તર મળ્યો નહિ. ફરીથી તેણે સહેજ મોટા અવાજે કહ્યું:–“ ભાભી ! ”

કાત્યાયની ઘરમાંથી બહાર નીકળી, પણ તે રામલાલને ઓળખી શકી નહિ. રામલાલે તેની ચરણરજ માથે મૂકીને કહ્યું:– “ ભાભી ! તમારા ગુન્હેગારને હવે ઓળખ્યો ? ” ઓળખતાંવારજ કાત્યાયનીનાં નેત્રોમાં હર્ષનાં આંસુ આવી ગયાં. રામલાલે પૂછ્યું:– “ ભાભી ! મારા ભાઈ ક્યાં છે ? ” કાત્યાયનીએ ઉત્તર આપ્યો:– “ બહાર ગયા છે. તેઓ હમણાંજ આવશે. તમારા વિયોગની ચિંતાથી અમારી કેવી દશા થઇ ગઇ છે તે જુઓ છો ને ?” એમ કહેતાં કહેતાં કાત્યાયનીનાં નેત્રોમાં ફરીથી જળ ભરાઈ આવ્યાં. રામલાલે પણ મોઢું ફેરવી લીધું. એ વખતેજ હરિલાલ પણ ઘર તરફ આવતો જણાયો.

રામલાલ દૂરથી તેને જોતાંજ દોડીને લાંબો થઈને તેને પગે પડયો, અને ખુલ્લે મોઢે રોઇ પડયો. તેણે કહ્યું:–" ભાઈ, મને ક્ષમા આપો." હરિલાલના હૃદયમાં આ વખતે આશ્ચર્ય અને હર્ષ સમાતાં નહોતાં. તેણે રામલાલને ઉભો કરી ભેટી પડીને કહ્યુંઃ–" ભાઇ, તુંજ અમને ક્ષમા કર, અમારી ભૂલ થઇ હતી."

રામલાલ ઘેરથી જતો રહયો હતો તે દિવસે જેમ કોઈને ઉંઘ આવી નહોતી તેમ આજે પણ કોઇને ઉંઘ આવી નહિ.

છેવટે રામલાલની સ્ત્રીને પણ હરિલાલ જઈને તેડી લાવ્યો, અને આ સદ્‌ગુણી કુટુંબ પૂર્ણ સુખમાં પોતાના દિવસો ગાળવા લાગ્યું.

આપણા દેશમાં ભાઈ ભાઈ વચ્ચે આવાં તેમજ બીજાં અનેક સામાન્ય કારણોને લીધે કુસંપ–કલેશ અનેક સ્થળે ચાલતો જોવામાં આવે છે. તેઓ સર્વ પણ રૂડી સમજણ મેળવીને આ કુટુંબની પેઠે સુખી થાય અને બચપણમાં રમતમાં જીવ રહેવાથી રામલાલ જેવા જે છોકરાઓને પોતાના વડીલોપર દ્વેષ રહેતો હોય તેઓ રામલાલની પેઠે મોટી ઉમ્મરે સમજવાને બદલે આ વાર્તા વાંચીને વડીલોનો સ્નેહ પ્રથમથીજ સમજે તથા તેમને પોતાનાં પરમહિતસ્વી સમજીને તેમની આજ્ઞાનું ખરા હૃદયથી પાલન કરે એમ અમે તેમની પાસે અને પ્રભુની પાસે. માગીએ છીએ.

બાબુલાલ શર્મા.

૮—એક દુઃખમય ઘટના.

વાંચકવૃંદ ! આજે હું આપની સમક્ષ એક હૃદયભેદક વાત રજુ કરૂં છું તે ધ્યાન દઈ સાંભળો.

આજકાલ જયાં હું રહું છું તેનાથી થોડે દૂર એક નાનું પણ સુંદર ગામ આવેલું છે, તે આસપાસની જમીન કરતાં ઉંચી જમીન-પર આવેલું છે. તે ગામની આજુબાજુ ખજૂરનાં પુષ્કળ ઝાડો છે. તે ઝાડોપર રંગબેરંગી ફળોના અત્યંત સુંદર ગુચ્છા લટકે છે. ઇશ્વરે ખજૂરના કાનમાં સુવર્ણના તારથી જવેરાતનાં ઝુમખાં લટકાવી દીધાં હોય એવું લાગે છે. જેવી રીતે આ ફળ દેખાવમાં આંખને સારાં લાગે છે તેવી રીતે ખાવામાં પણ સ્વાદિષ્ટ હોય છે. આ ગામની પાસેજ એક મોટી નદી આવેલી છે. એ નદીમાં શ્રાવણ–ભાદરવામાં એટલું બધું પૂર આવે છે કે જેથી તેનું પાણી ગામની આસપાસ ફરી વળે છે અને ગામના લોકો એવા દિવસોમાં હોડકાં સિવાય આવજાવ કરી શકતા નથી. ઘણું કરીને અહીં હિંદુઓની વસ્તી વધારે છે. તેઓ ખેતીવાડી અને વેપાર કરી અસલી રીતભાતથી રહે છે. હજી તેમને નવા જમાનાના સુધારા–વધારાની અસર વધુ થઈ નથી. એનું કારણ એ હતું કે હજી સુધી રેલ દેવીએ આ ગામની આસપાસની ધરતીને પવિત્ર કરી નહોતી, અને તેથી કરીને ફૅશન કે જેનો પ્રચાર ઘણું કરીને રેલદ્વારા થાય છે તે આ સ્થાનથી દૂર છે.

આ ગામમાં ચંદ્રશંકર નામે એક ધનવાન પુરૂષ રહેતો હતો, જેની પાસે લગભગ લાખ રૂપીઆ નગદ હતા. તે ઉપરાંત તેની પાસે

સ્થાવર અને જંગમ મિલ્કત પણ હતી. જમીનોની વ્યવસ્થા કરવાને માટે તેની પાસે સેંકડો નોકર ચાકર હતા. તેને ત્યાં ચાર પાંચ ગુમાસ્તા હતા, અને તે ધીરધારનો ધંધો કરતો હતો. ધનની સંપત્તિ સાથે પરમાત્માએ તેનાપર સંતાનની બક્ષીસ પણ કરી હતી. તેને સંતતિમાં પરમાનંદ નામે એક પુત્ર અને બે કન્યાઓ હતી. ધનવાન હોવા છતાં પણ ચંદ્રશંકર તેનાં વસ્ત્રોપરથી એક સાધારણ દુકાનદાર જેવો લાગતો હતો. તેણે ઘરકામ માટે હજી એક પણ નોકર રાખ્યો નહોતો.

પરમાનંદ છ વર્ષનો થયો ત્યારે એક રાધાનામે કન્યાની સાથે તેની સગાઇ કરવામાં આવી. આ વખતે રાધા ચાર વર્ષની હતી. જ્યારે રાધાની ઉમ્મર દશ વર્ષની થઇ ત્યારે તેનાં લગ્ન કરવાનું નક્કી થયું, પણ દુર્ભાગ્યવશ તે વખતે રાધાને બળીઆ નીકળવાથી તે વર્ષે લગ્ન બંધ રહ્યાં. પરમાત્માની કૃપાથી રાધા એમાંથી બચી તો ગઇ પણ તેની એક આંખમાં ફૂલ પડયું અને તેના મોઢાપર કાળા ડાઘ પડી જવાથી તેના અત્યંત સુંદર રૂપમાં મોટી ખામી આવી. એ પછી ત્રણ વર્ષ સુધી લગ્નનું મુહૂર્ત્ત નહિ આવવાથી રાધા ચૌદ વર્ષની થઇ ત્યારે લગ્ન કરવાનો યોગ આવ્યો.

પરમાનંદ હવે ખરૂં ખોટું સમજવા લાગેલો હોવાથી તેણે તેની માતાને કહ્યું:–" હું રાધા જેવી બદસુરત છોકરી સાથે નહિ પરણું." પરંતુ ચંદ્રશંકરને ગળે આ વાત ઉતરે એમ નહોતું; લગ્નનો દિવસ નક્કી થયો. લગ્નને દિવસે વાજાં વાગ્યાં, જ્ઞાતિ–જમણ થયું, આનંદ મનાયો અને લગ્નક્રિયા સમાપ્ત થઇ. લગ્ન થયાં પણ પરમાનંદ ખુશી થયો નહિ. તેનાં માતા–પિતા, સગાં–વહાલાં, જ્ઞાતિજનો અને અન્ય સર્વ ખુશી થયાં પણ તે પોતે તો દુઃખ અને ચિંતાના સમુદ્રમાં ડૂબ્યો હતો.

લગ્ન પછી બે વર્ષ વીતી ગયાં. રાધા સાસરીમાંજ રહે છે. શિયાળાની ઋતુ ચાલતી હતી, એક દિવસે બપોરના સમયે રાધા તેની પાડોશણ સખી જમનાના મકાનની અગાશીમાં તડકે બેસી જમના સાથે સુખ દુઃખની વાતો કરી રહી હતી.

રાધાઃ—ભલી બ્હેન ! મારા જેવી કમનસીબ સ્ત્રીને પ્રભુ કેમ ઉપાડી લેતો નથી? મેં એવાં તે શાં પાપ કર્યાં હશે? અહીં આવ્યાને આટલા બધા દિવસ થયા છે તોપણ મારા સ્વામીએ એક વખત પણ મારા તરફ હસીને જોયું નથી. આખો દિવસ મજુરની માફક ઘરનું કામ કર્યાં કરૂં છું, છતાં કોઇ શાબાશી તો ક્યાંથી આપે પણ ઉલટો સવારથી સાંજ સુધી ગાળોનોજ વરસાદ વરસતો રહે છે. આજથી આઠ દિવસ પહેલાં હું મારા સ્વામી માટે ચુલાપર પાણીની દેગડી મૂકી ચોકડી સાફ કરતી હતી એટલામાં બુમ પડી કે— "જલદીથી ગરમ પાણી ચોકડીમાં મૂક." હું તેથી ગભરાઈને દેગડી ઉપાડી ચોકડીમાં મૂકવા ગઇ, પરંતુ ચોકડી ભીની હોવાથી પગ ખસી ગયો અને ગરમ પાણીની દેગડી મારા પગપર પડી. ગરમ પાણી પડવાથી મારા પગ સખત દાઝ્યા અને મારાથી ચીસ પડાઇ ગઇ. હું મારા પગ પકડીને રડતી હતી એટલામાંજ મારા પતિ દેવ આવી પહોંચ્યા. તેમણે પગમાંથી પાવડીઓ કહાડી, કાંઇ પણ વિચાર કર્યા વિના મને ખુબ મારી અને ગાળોનો વરસાદ વરસાવ્યો. છેવટે તેમણે કહ્યું:—"કૂતરી, પાણી ઢોળી દીધું; ને પાછી ઢોંગ કરી પગ પકડીને બેસી રહી છે. તું અમને સર્વને દુઃખ દેવાને માટે આવી છે. તું મરી જાય તો આ હંમેશનો ઝઘડો ખતમ થાય. ચાલ જલદી કર, બીજું પાણી ગરમ કર. ઘડી પછી આવું છું."

જમનાઃ—એ તો સઘળું મેં સાંભળ્યું પણ તારા પગે કેમ છે?

રાધાઃ—બ્હેન ! ઠીક છે, ઘા જરાતરા રૂઝાય છે પણ આરામ

મળતો નથી. પગવાળીને બેસવાની ફુરસદ મળતી નથી, એટલે કેવી રીતે ઘા રૂઝાય? શું કહું બ્હેન? આજે સવારે લીંપવાને માટે છાણ લઇને ઘેર આવતી હતી એટલામાંજ મારા પતિ દેવ બારણામાં મળ્યા. તે કોઇ કામ પ્રસંગે બહાર જતા હતા. સવારના પહોરમાં તેમનાં દર્શન થવાથી હું તો મનમાં ખુશી થઈ પણ મને જોઇને તેઓ ક્રોધે ભરાયા અને બોલ્યાઃ-" રે! તેં સવારના પહોરમાં તારૂં મોઢું કેમ બતાવ્યું? પ્રભુ જાણે કે આજે શું મુશીબત નડશે, ભોજન મળશે કે નહિ?" આટલું કહીને તેણે છાણની ડોલ મારા માથાપર ઉંધી વાળી અને કહ્યું:-" તેં મને મોઢું બતાવ્યું તેની સજા." મારૂં માથું, મોઢું અને કપડાં સર્વે છાણવાળું થઈ ગયું. હું દોડતી દોડતી ગોસાંઈવાળા કૂવાપર ગઇ ત્યાં મેં સ્નાન કર્યું, કપડાં ધોયાં અને સૂકવ્યાં અને જલદી જલદી બીજું છાણ લઇ ઘેર આવી. મેં ગમે તેટલી ઉતાવળ કરી તોપણ એકાદ કલાક તો થઇ ગયો. ઘેર આવતાંજ સાસુજીએ મોઢું ચઢાવી કહ્યું:-" રાધા, હવે તો તારા રંગ ઢંગ જુદા લાગે છે. આજે સવારની કયાં ગઈ હતી? આ વખતે તે નહાવા ધોવાનું કેવું? મોઢું કાળું કરીને તો નથી આવીને? બોલ હત્યારી! કેમ બોલતી નથી?" જમના બ્હેન! આવાં વચનો સાંભળી મારી શું સ્થિતિ થઇ તે હું કહી શકતી નથી. જો તે વખતે ઇશ્વરે મને ધરતીમાં માર્ગ આપ્યો હોત તો હું સમાઈ જાત. ઇશ્વર પણ સાંભળતો નથી. મારી સાસુનાં આવાં માઠાં વચનો સાંભળીને હું ખૂબ રડી. મારી આંખોમાંથી આંસુની નદીઓ વહેવા લાગી.

સાસુ પાસે સ્વામીની ફરીઆદ કરવાનું મને મારા ધર્મથી વિરૂદ્ધ લાગવાથી મેં સાસુને જૂઠું કહ્યું કે મારો પગ ખસી જવાથી મારા શરીર અને કપડાંપર છાણ પડયું હતું તેથી મને નહાતાં ધોતાં વાર લાગી હતી; પણ મારા કહેવાપર કોણ વિશ્વાસ રાખે? સાસુએ

અને એવાં વચનો કહ્યાં કે જેવાં વચનો કોઇ પુરૂષ પણ પોતાની સ્ત્રીને કહે નહિ.

આ વાત કરતાં કરતાં રાધા રડતી હતી. રડતાં રડતાં તેનાથી બોલી શકાયું નહિ. જમના પણ તેનું દુઃખ સાંભળીને રડવા લાગી. જમના રાધાને આશ્વાસન આપવા ઇચ્છતી હતી એટલામાંજ રાધાની સાસુએ ગાળો દઈ રાધાને બોલાવી. બિચારી રાધા આંસુ લો'તી લો'તી ઉઠી ઉભી થઇ.

સારાંશ એજ કે રાધા અત્યંત દુઃખી સ્ત્રી હતી. તેને બિચારીને કોઇ દિવસ પહેરવાને માટે ઉજળું કપડું કે ખાવા માટે પેટ પુરતું અન્ન પણ મળતું નહોતું, તો પછી ઘરેણાં તો ક્યાંથીજ મળે? તે આખો દિવસ ઘરનો ધંધો કરે છે અને બદલામાં ગાળો ખાય છે. તે છતા પતિએ બાલવિધવા જેવી હતી. વાંચક વૃંદ ! તેનાં દુઃખનું વધારે વર્ણન કરી અમે આપને દુઃખી કરવા માગતા નથી. હવે સાંભળો. બિચારી રાધાને માટે આટલું આટલું દુઃખ પણ ઓછું હોય એમ તેના લગ્ન પછીને ચોથે વર્ષે તેના પર બીજી આપત્તિ આવી પડી. પરમાનંદનાં માતા પિતાએ આખરે તેના અભાવથી લાચાર થઇ તેની મરજી અનુસાર તેને બીજી કન્યા લીલાવતી સાથે પરણાવ્યો. લીલાવતી રૂપાળી હતી અને તે તેના પતિને વહાલી હતી; તેથી આખા ઘરમાં તેનો દોર ચાલવા લાગ્યો. તેને માટે એક દાસી રાખવામાં આવી જે તેનું સઘળું કામ કરતી હતી. તે આખો દિવસ પલંગપર પડી રહેતી અને ઘરનાં સર્વ લોકો કામકાજ કરતાં. લીલાવતીને પરણ્યા બાદ પાંચ છ માસ વીત્યા હતા. એક દિવસે તે જમવા બેઠી હતી, તેની દાસીએ પલંગપરની મેલી ચાદર કહાડી નાખી તેનાપર સફેદ ચાદર પાથરી. લીલાવતી જમ્યા પછી પલંગપર જઇને બેઠી. તેને પગે લાગેલો કચરો લુછ્યા વિનાજ તે પલંગપર ચડી

એટલે તે કચરો ચાદરપર ચોંટયો; જેથી તેની સાસુએ કહ્યું:—" વહુ ! કંઇક રીતભાત શીખો. ચાદર બગડી તે તો ધોવાશે; પણ કોઈ જુએ તો તમારી કિમ્મત કરે. " આટલું સાંભળતાંજ વહુનો મિજાજ ગયો તે કોઇની સાથે સીધી વાત કરતી નહોતી. સાંજે પરમાનંદ ઘેર આવ્યો ત્યારે લીલાવતીએ ઘુંઘટ કહાડી તેની પાછળ પાછળ મેડી પર જઇને પરમાનંદના કાનમાં ઝેર રેડયું. પરમાનંદે ગુસ્સાથી રાતા પીળા થઇ જઇ બહાર આવીને પોતાની માતાને કહ્યું:—" શું હવે ચાદર ધોવાનો એક પૈસો ખર્ચ કરવા જેટલો પણ મારો હક્ક નથી ? જરા કચરાનો ડાઘ લાગ્યો એમાં તે શું જતું રહ્યું ? અમારૂં મોઢું ન ગમતું હોય તો અમને જુદાં કરો. " આવા બનાવ આ પછી વખતોવખત આ ઘરમાં બનવા લાગ્યા.

પરમાનંદના બીજા લગ્ન પછી રાધાના દુઃખમાં વધારો થતો રહ્યો. દાસી જેટલી પણ તેની કદર થતી નહોતી. એક દિવસે લીલાવતી તેને પીયરથી સાંજના આવી ને પલંગપર સૂતી. રાધા એ સમયે કામકાજથી પરવારીને બેઠી હતી તેથી તે લીલાવતીની પગચંપી કરવા ગઇ; પણ લીલાવતીએ તેમ કરવા ના પાડી. રાધાએ કહ્યું:— " બ્હેન ! બહુ ફરી હોઇશ તેથી તારા પગ થાકી ગયા હશે. જરા દબાવવા દે. " એટલું કહી તે લીલાવતીના પલંગની પાંગતે બેસી તેના પગ દબાવવા જતી હતી એટલામાંજ ' બહુ ફરી હોઇશ ' એ શબ્દો- થી ગુસ્સે થઇને લીલાવતી બોલી:—" શું બોલી ? ફરી હોઇશ તું ને તારી મા. રાંડ, ઉઠ અહીંથી. " આટલું કહી તેણે તેને બહુજ જોરથી લાત મારી, પણ એટલામાં રાધા ખસી ગયેલી હોવાથી પલં- ગના પાયાને તેનો પગ વાગ્યો અને તેથી તેના પગનું હાડકું ભાંગી ગયું. બિચારી રાધા એક બાજુએ મૂર્તિની માફક ઉભી રહી હતી. લીલાવતીએ એક ચીસ પાડી અને ' હાય ! હાય ! ' કહી બૂમો

પાડવા માંડી. એટલામાં પરમાનંદ ત્યાં આવી પહોંચ્યો અને તેની સાસુ, નણંદ પણ આવી પહોંચ્યાં. પરમાનંદે લીલાવતીની આવી દશા જોતાંજ રાધાને તેનું કારણ પૂછ્યું. રાધાએ જે કાંઇ બન્યું હતું તે કહ્યું. પરમાનંદે કહ્યુઃ–" ત્યારે એમ કેમ ભસતી નથી કે આનું કારણ તુંજ છે." એમ કહીને તેણે રાધાનો ચોટલો પકડી તેને ધક્કો માર્યો. ત્યાં આગળ એક લોખંડની પેટી પડી હતી તેના ઉપર પડવાથી તે બેહોશ થઇ ગઇ. તે બિચારીની કોને પડી હોય ? સર્વેનું લક્ષ લીલાવતી તરફ હતું. ચંદ્રશંકરના ઘરમાં ડૉક્ટરને તો કોઇ વખત બોલાવતાંજ નહિ. હાડવૈદ્યનું કામ જાણનાર એક હજામને બોલાવવામાં આવ્યો. તેણે કહ્યું:–" હાડકું તુટયું છે પણ પરમેશ્વરની કૃપાથી સંધાઈ જશે." હાડકાનો સાંધો મેળવતાં મેળવતાં લીલાવતીને બહુજ દુઃખ થયું. તે બેહોશ થઈ ગઇ. પાટો બાંધ્યા પછી એક કલાકે તેને ભાન આવ્યું તોપણ તેને ઘણું દરદ થતું હતું. દરદને લીધે બુમો પાડવાથી તેનું ગળું બેસી ગયું. તે ફરીથી બેહોશ થઈ ગઇ. મધ્ય રાત્રિનો સમય થઇ ગયો હતો તો પણ બિચારી રાધાની શી દશા થઇ હતી તે તરફ હજી કોઈએ લક્ષ આપ્યું નહોતું. હવે તેને જરા ભાન આવ્યું અને " પાણી " એવો શબ્દ તેના મોઢામાંથી નીકળી ગયો.

આ વખતે માત્ર લીલાવતીની દાસી જાગતી હતી. તેણે રાધા પાસે આવીને જોયું તો તેને માલૂમ પડયું કે પેટી આગળ જમીનપર રાધા પડી છે, તેનું માથું ફૂટી ગયું છે અને તેના લોહીમાં તેનું માથું અને મોઢું લદબદ થઈ ગયું છે. દાસીને જોઇને રાધાએ પાણી માગ્યું. દાસીએ તેના મોઢામાં પાણી મૂકયું. ત્યાર બાદ રાધા કાંઇક કહેવા ઇચ્છતી હતી પણ તેનાથી બોલી શકાયું નહિ. એટલામાંજ લીલાવતીએ દરદને લીધે ચીસ પાડવાથી સર્વ ઉઠીને બેઠાં થઇ ગયાં. થોડી વાર પછી સવાર પડતાં રાધાનું શબ પડેલું જણાયું. સર્વને

ચિંતા થઇ કે કદાચ આ વાતની ચોળાચોળ થશે અને પોલિસને ખબર પડશે તો પંચાત થશે; તેથી જલદી જલદી તેને સ્મશાન-ભૂમિમાં લઇ જઈ બાળી મૂકી અને તેના મરણનું બનાવટી કારણ જાહેર કર્યું.

લીલાવતીનો ઉપાય પણ જોઇએ તેવો ન થવાથી તેનો જ્વર દિનપ્રતિદિન વધતો ગયો. થોડા દિવસમાં તેના પગમાં ચાંદાં પડયાં અને એક માસની સખ્ત પીડા ભોગવીને તે પણ સંસારમાંથી ચાલી ગઇ. હવે પરમાનંદની ઉદાસીથી આખું ઘર સુનું ભાસવા લાગ્યું. લીલાવતીને મર્યાને ઘણો સમય થયો નહોતો એવામાંજ એક દિવસે પડોશમાં જાન આવતી હતી. આતશબાજી છુટવા માંડતાં જોનારાઓની ભીડ વધી ગઇ. આતશબાજી ઘણી સારી હોવાથી લોકો તે જોઈને ઘણા ખુશ થતા હતા. પરમાનંદ પણ મેડીની અગાશીમાંથી આતશ-બાજી જોતો હતો. દુર્ભાગ્યવશ એક હવાઇ આડી થઈ જવાથી તે ફરફર કરતી પરમાનંદના ધોતીયામાં આવી ભરાઇ; ઘણો પ્રયત્ન કર્યા છતાં પણ આગ ઓલવાઇ શકી નહિ અને પરમાનંદ આખા શરીરે દાઝયો. તેને મેડીમાં લઇ જવામાં આવ્યો, ઘણા ઇલાજો કર્યા પણ કશાથી ફાયદો થયો નહિ; તેની પીડા વધતીજ ગઈ, તેના શરીરમાં કીડા પડયા અને અંતમાં તે તેનાં માતા પિતાને સંસારમાં એકલાં મૂકીને તથા જાતે પણ અત્યંત દુઃખ અને કલેશ સહન કરીને પરલોકમાં ગયો.

ચંદ્રશંકર અને તેની સ્ત્રીને આ સંસાર દુઃખમય દેખાવા લાગ્યો તેમણે રડી રડીને નેત્રો ખરાબ કર્યાં પણ કયાં સુધી? કાળના વહેવા સાથે પુત્રવિયોગનો ઘા રૂઝાતો ચાલ્યો.

પરમાનંદના મૃત્યુને બે વર્ષ વીતી ચૂકયાં હતાં અને તેની બ્હેન કમળા કે જેને બારમું વર્ષ જતું હતું તેના લગ્નની તૈયારી થઇ રહી

હતી. જાન આવવાને ચાર દિવસજ બાકી હોવાથી ચંદ્રશંકર રાત્રિ-દિવસ કામ-કાજ કર્યા કરતો હતો. એક દિવસે તે ઘણો થાકી ગયો હતો. રાત્રિએ જરા આડો થયો કે તરતજ તેને ઘસઘસાટ ઉંઘ આવી ગઇ. રાત્રિએ ચંદ્રશંકરે એક સ્વપ્નું જોયું તેમાં તેણે જોયું કે:—

સ્વર્ગમાં ધર્મરાજાનો દરબાર ભરાયો છે. દરબારનો ઠાઠમાઠ એવો છે કે તે તરફ આંખ ઉંચી કરીને જોઇ શકાતું નથી. જોતજોતામાં એક મોટો અવાજ થયો. અવાજની સાથેજ ઉપરથી એક તખ્ત નીચે ઉતર્યું. આ તખ્તનો પ્રકાશ ઘણોજ હતો. તેના તરફ જોતાં અંજાઇ જવાતું હતું. તખ્તની વચ્ચે એક સુંદર સ્ત્રી બેઠી હતી. આ તખ્તને દરબારની એક બાજુએ લઇ જવામાં આવ્યું. ત્યાર બાદ થોડાજ સમયમાં પ્રથમના તખ્ત કરતાં વધારે શોભાયમાન એક બીજું તખ્ત નીચે ઉતર્યું; જેમાં ધર્મ રાજા બેઠેલા હતા. પ્રથમ તો તેમણે પ્રથમના તખ્ત તરફ જોયું. પછી કહ્યું—"પેલા બે કેદીઓને લાવો." આટલું કહેતાંજ સામે થોડે દૂર લોઢાના એક પાંજરામાં બે કેદીઓ દેખાયાં. તેમની સ્થિતિ દયાજનક હતી. રહી રહીને તેમના શરીરોમાંથી આગના ભડકા નીકળતા હતા તેને લીધે તેમનાં શરીર દાઝતાં હતાં; અને તેઓ પીડાથી બૂમો પાડીને કાગારોળ કરી મૂકતાં હતાં. આ જોઇને ચંદ્રશંકર કંપી ગયો. તેણે વધારે ધ્યાન આપી જોયું તો તેને જણાયું કે તખ્તમાં બેઠેલી રમણી તેની પુત્રવધૂ રાધા હતી અને એ બન્ને કેદીઓ તે તેનો પુત્ર પરમાનંદ અને પુત્રવધૂ લીલાવતી હતાં. ધર્મ રાજાએ ચિત્રગુપ્ત પાસે તે કેદીઓનાં કર્મની નોંધ જોવરાવીને હુકમ કર્યો કે "દરવાજો બંધ કરો અને આ કેદીઓને તેમના જેવાંજ પાપી આદમીઓ પાસે નરકવાસમાં મોકલી દો." એક પટાવાળાએ ચંદ્રશંકરને પણ ખુણામાં બેઠેલો જોયો અને તે તેને પકડવા માટે દોડયો. ચંદ્રશંકર કંપી ઉઠયો અને તેનાથી એક ભયં-

કર સાચી ચીસ પડાઈ ગઇ તે આંખો ચોળતો ચોળતો બેઠો થયો ને બોલી ઉઠ્યો:—"હેં સર્વ સ્વપ્ન હતું કે ખરૂં હતું?" ખરી રીતે તો આ સ્વપ્નજ હતું પણ ચંદ્રશંકરના મનપર એ સ્વપ્નનો એટલો બધો પ્રભાવ પડયો કે એ દિવસ સુધી તો તેનો જીવજ ઠેકાણે આવ્યો નહિ. દૈવેચ્છાથી કમળાને સાસરેથી જાન આવવાને આગલેજ દિવસે આકાશમાં વાદળાં ચડી આવ્યાં. આકાશમાં કાળી ઘટા છવાઇ ગઇ. ચંદ્રશંકરને લાગ્યું કે વરસાદ આવશે તેથી જે સરસામાન વરસાદમાં ખરાબ થાય એવો હતો તે તેણે ઓસરીમાં મૂકાવ્યો. રાત્રે ખુબ વરસાદ પડયો, ઘરનાં સર્વ માણસો થાકી ગયાં હતાં. ખાઇ પરવારીને દાસી ઓસરીમાં સૂઇ રહી અને ચંદ્રશંકર, તેની સ્ત્રી અને કમળા મેડીએ સૂતાં. વરસાદનું જોર વધતું જતું હતું, વિજળીના ચમકારા અને વાદળના કડાકા ભડાકા મનુષ્યને થરથરાવી મૂકતા હતા. જાણે હાલજ વિજળી પડશે એમ લાગતું હતું. જેમ તેમ કરતાં સવાર થયું વરસાદ બંધ થયો. લોકો જાગૃત થઇને ઉઠવા લાગ્યા; એટલામાંજ ચંદ્રશંકરના ઘરમાંથી બુમ પડી. આડોશી—પાડોશીઓએ જઈ પહોંચીને જોયું તો ચંદ્રશંકર અને તેની સ્ત્રી બંને વિજળી પડવાથી રાખનો ઢગલો થઈને પડયાં છે, અને બિચારી કમળા તથા દાસી બંને છાતીફાટ રડી રહ્યાં છે!

આખા ગામમાં હાહાકાર થઇ ગયો. જે કોઈ આ સમાચાર સાંભળતું તે કંપી ઉઠતું હતું. એક પતિવ્રતા સ્ત્રીના નિસાસાએ તેના આખા કુટુંબનો નાશ કર્યો હતો.

વાંચક બંધુ અને બ્હેનો, જોયું? આ એક બાલ્યાવસ્થાની સગાઈ અને વિવાહની વાત છે. મને લાગે છે કે આપના મનપર આ વાતથી ઘણી અસર થઇ હશે. આપનામાંથી ઘણાંખરાંને નાનાં પુત્રપુત્રીઓ અથવા બ્હેનો હશે! આપને મારી એજ પ્રાર્થના છે કે આ

વાત આપના સ્મરણપથમાંથી ખસેડતા નહિ અને કદિ પણ ભૂલે-ચૂકે તમારી સંતતિની સગાઇ કે વિવાહ તેમના બચપણમાં કરતા નહિ.

મૂર્ખ અને જુલ્મી પતિઓ તથા સાસુ સસરાઓને પણ આ વાતમાંથી ઘણું સમજવાનું અને ચેતવાનું છે. આ વાર્તામાંથી ચીતરી આવે તો નીચલી મતલબનો સદ્બોધ સારી પેઠે ધ્યાનમાં રાખીને પોતાની જુલ્મી રીત એકદમ તેમણે બંધ કરવી જોઇએઃ—

“ તુલસી હાય ગરીબકી, કબુ ન ખાલી જાય;
મુવે ઢોર કે ચામસેં, લોહા ભસ્મ હો જાય. ”

શ્રીમતી શાન્તિદેવી.



૯—ગુપ્ત બલિદાન.

૧

સવારે ઉઠતાંજ સામેના લીમડાના ઝાડપરથી કાગડાના કા, કા, અવાજ સંભળાયા. આજે શું આફત આવશે એ વિચારમાં ને વિચારમાંજ હું ઉઠયો. હું સ્નાન-ધ્યાનથી પરવારી બહાર આવી બેઠો. તરતજ મારો એક મિત્ર કે જે ઉનાળાની રજામાં ઘેર આવ્યો હતો તે મને મળવા આવ્યો. મેં પૂછયું:—" ચંપકલાલ, આજે અત્યારે કયાંથી ભૂલો પડયો ? "

ચંપકલાલ ગભરાયલો હતો, તે બોલ્યો:— " ભાઈ એક જરૂરનું કામ છે. "

મેં કહ્યું:—" શું કામ છે ? તે કહીશ કે નહિ ? "

ચંપકલાલ:—" એનાં લગ્ન માટે ઘણી ગરબડ થઇ રહી છે. "

મેં કહ્યું:—" કોનાં ? "

ચંપકલાલ:—" તને ખબર છે કે ગોપાળદાસની એક પુત્રી લગ્ન કરવા લાયક થઇ ગઇ છે ? "

મેં કહ્યું:—" તેમાં મને શું ? "

ચંપકલાલ:—તું તો ઘણો લુખ્ખો જવાબ આપે છે. હું નહોતો જાણતો કે તું કૉલેજમાં અભ્યાસ કરી બેલ જેવો બની ગયો હોઇશ.

મેં કહ્યું:—શું કરવા નારાજ થાય છે ? ભાઈ, કહે; હવે હું ધ્યાન દઇ સાંભળીશ.

ચંપકલાલ—સાંભળ, તે છોકરીનાં લગ્ન રામનગરના વનમાળી-

દાસના પુત્ર ચિમનલાલ સાથે થવાનાં છે.

મેં કહ્યું:—બહુ સારૂં; ખુશીની વાત છે.

ચંપકલાલ:—છોકરો એન્ટ્રેન્સમાં છે.

મેં કહ્યું:—ભાઇ, કામની વાત હોય તે કહે. છોકરો ભણે છે કે રમે છે તેમાં મને શું?

ચંપકલાલ:—હું જાઉં છું. સવારના પહોરમાં તારી સાથે માથાં ફોડવાં નિરર્થક છે.

હવે હું સમજ્યો કે જરૂર કોઇ કઠિન કામ છે, નહિ તો ચંપકલાલ આટલો બધો ઉતાવળો થાત નહિ. મેં તેને સમજાવી બેસાડ્યો.

ચંપકલાલ:—વારૂ, હવે સાંભળ. વનમાળીદાસ ૩૦૦૦ રૂપીઆની પહેરામણી માગે છે અને બિચારો ગોપાળદાસ એટલી મોટી રકમ ક્યાંથી લાવે? તે ઉપરાંત છોકરો પણ વધારે ભણ્યો-ગણ્યો નથી. બે વર્ષથી એન્ટ્રેન્સમાં નાપાસ થાય છે. બિચારા વકીલ સાહેબ સપડામણમાં આવી પડયા છે. પુત્રીનાં લગ્ન તો કરવાં જ જોઇએ હવે કહે કે શું કરવું?

મેં કહ્યું:—હું શું કહું? ત્યાં નહિ તો બીજી જગ્યાએ.

ચંપકલાલ ગુસ્સે થયો અને બોલ્યો:-"ફરીથી બાળકબુદ્ધિ! હવે બીજો છોકરો ક્યાં શોધે? કોણ જાણે કેટલાંએ વર્ષ બાદ આ છોકરો મળ્યો છે કે જેની જન્મપત્રીની સાથે છોકરીની જન્મપત્રી મળે છે. વનમાળીદાસ એ બાબત સમજી ગયો છે તેથીજ તે પહેરામણીની રકમ ઓછી કરતો નથી."

મેં હસીને કહ્યું:—આજકાલ તો લગ્નમાં તદ્દન બજારી સોદા જેવું થાય છે. જો છોકરાઓની સંખ્યા વધારે થઇ અને સારી છોકરીઓની સંખ્યા ઓછી થઇ તો છોકરીઓના દામ બેસે અને છોકરીઓની સંખ્યા વધારે થઇ અને ભણ્યા ગણ્યા છોકરાઓની સંખ્યા

ઓછી થઇ તો છોકરાઓના દામ બેસે જેમ છોકરો વધારે ભણે ગણે તેમ તેનો ભાવ તેજ. વાહ રે બજાર !

ચંપકલાલઃ—મને લાગે છે કે તેં બી૦ એ૦ માં સંપત્તિશાસ્ત્ર લીધું છે. બસ દરેક જગ્યાએ એજ વાણિયાશાઇ લેણુ-દેણુની વાત.

મેં કહ્યુંઃ—જરા વિચાર તો કર, લોકો કહે છે કે હિંદુસ્તાનમાં હરીફાઇજ નથી. આથી વધારે કયી હરીફાઇ હોઇ શકે ? બજાર કેવો તેજ છે ? પરંતુ ગ્રાહક અને શાહુકાર બન્નેની રૂખ સરખી નથી માટેજ આટલી બધી તાણાતાણ થઇ ગઇ છે.

ચંપકલાલઃ—વારૂ, હવે તારૂં ભાષણ ખતમ કર, પરમેશ્વરની ખાતર તને કાંઇ રસ્તો માલૂમ હોય તો બતાવ.

મેં કહ્યુંઃ—હું પછી બતાવીશ.

ચંપકલાલઃ—પછી કયારે ? છોકરી ઉમ્મરલાયક થઇ ગઈ છે અને વનમાળીદાસ જલદી જવાબ માગે છે. તેની પાસે બીજાં માગાં આવેલાં છે. હવે આ છોકરો હાથથી ગયો તો તમારા વિચાર વિચારને ઠેકાણે રહેશે.

મેં કહ્યુંઃ—ઉપાય ખોળવા કયાં જાઉં ? બસ, એજ સંપત્તિશાસ્ત્રમાંથી ઉપાય શોધી કહાડીશ.

ચંપકલાલઃ—ભાઈ, ગમે તે શાસ્ત્રમાંથી કહાડ; પરંતુ યાદ રાખજે કે છોકરો હાથમાંથી જાય નહિ.

મેં કહ્યુંઃ—ગાંડો થયો છું ? ત્રણ હજાર રૂપીઆ અને વકીલ સાહેબની ભણેલી ગણેલી છોકરીને છોડી તે કયાં જવાનો છે વારૂ ? તે છોકરાના તો કોઇ ૩૦૦૦ ને બદલે ૧૫૦૦ પણ નહિ આપે.

ચંપકલાલઃ—કહે તો ખરો કે શું ઉપાય છે ?

મેં કહ્યુંઃ—બસ, મંગળના ગ્રહવાળા છોકરાઓની છત વધારી દેવામાં આવશે.

૨

સુંદરી તેના ઓરડામાં બેસી નિસાસા નાખતી હતી. તે શું વિચારી રહી છે તે માલૂમ નથી; પણ ઉપરના ભાવથી જણાય છે કે કોઇ માનસિક કલેશથી તેના હૃદયમાં ઘણી વેદના થાય છે. તે ઘડીભર આકાશ તરફ જોતી હતી, ઘડીભર રસ્તા તરફ નજર કરતી હતી, જાણે કે તે ઇશ્વરની પ્રાર્થના કરતી હોય અને ઘર છોડી જંગલમાં જવાનો વિચાર કરતી હોય એમ લાગતું હતું. એટલામાં કોઇના આવવાનો અવાજ થયો અને તેની મા ઓરડામાં દાખલ થઇ અને મંદ હાસ્ય કર્યું. તેણે મંદ હાસ્ય કરી પુત્રીને શાંત કરવાનો ઇરાદો રાખ્યો હતો; પરંતુ સુંદરીના સુંદર મુખપર આંસુનાં બુંદ જોઇ તે હૃદયના આવેગને રોકી શકી નહિ અને તેની આંખોમાંથી પણ બે ચાર અશ્રુઓ પડયાં. તેણે છેડાવતી આંસુ લો'ઇ નાખ્યાં તે દરમિયાન સુંદરીનાં આંસુઓ પણ સાફ થઇ ગયાં. તેણે પૂછ્યું:-" મા, આ વખતે અહીં ક્યાંથી ? "

મા:—બેટી ! કાંઇ નહિ. તું શું કરતી હતી તે જોવા આવી હતી. હજુ સુધી તું નીચે આવી નહિ તેથી હું તને બોલાવવા આવી. ચાલ, નીચે ચાલ.

સુંદરી:—ચાલ, પણ જો તું ખોટું ન લગાડે તો કહે કે તમે બધાં મારા માટે આટલું બધું દુ:ખ શા માટે સહન કરો છો ?

મા:—કયું દુ:ખ ? ઇશ્વરની કૃપાથી આનંદ છે.

સુંદરી:—ના, મા, તું જૂઠું બોલે છે. આજકાલ પિતાજીના મોઢાપર શોકનાં ચિહ્નો દેખાય છે.

હવે તેની માતાથી રહેવાયું નહિ. તે છોકરીનો હાથ પકડીને તેને નીચે લઈ ગઈ અને તેને ખાટલાપર બેસાડી બોલી:-" બેટી, વિધાતા અમારૂં સુખ જોઈ શક્યો નહિ. એક તો તને મારા હૃદયથી

દૂર કરવામાં આવશે અને બીજું અમે ઘરબાર સર્વ કાંઈ વેચીશું તો પણ પહેરામણીના રૂપીઆ પૂરા થઈ શકશે નહિ. જો તારા પિતા ધનવાન હોત તો તારા માટે ૩,૦૦૦ રૂપીઆ તો શું પણ ૧૦,૦૦૦ રૂપીઆ ખર્ચ કરતાં પણ પાછી પાની કરત નહિ. હાય! તને મંગળ ક્યાંથી નડયો?"

સુંદરીથી રહેવાયું નહિ. તે હુસકાં ભરી રડવા લાગી. તે બિચારી રડે નહિ તો બીજું શું કરે? થોડા સમય બાદ જ્યારે રડતાં રડતાં બન્નેનાં હૃદય શાંત થયાં ત્યારે મા બોલી:—"બેટી! તું શું કરવા રડે છે? પરમેશ્વર સહાય કરશે."

સુંદરી:—મા, મારા માટે તું હેરાન થઇશ નહિ. હું ઝેર ખાઈને મરી જઇશ, પરંતુ આવી રીતે મારૂં લગ્ન કરીશ નહિ. હું જન્મભર કુંવારી રહીશ.

મા:—જા, જા, તું ગાંડી થઈ છે? આવું તે બોલાય? ફરીથી એવું બોલતી નહિ. પરણાવીએ નહિ તો લોકો શું કહે?

બિચારી સુંદરી હજી હુસકે હુસકે રડયા કરતી હતી.

મા:—હવે તારૂં રૂદન બંધ કર. તારા પિતાજીને ખબર પડશે તો તે પણ દુઃખી થશે. બિચારા બે છોકરાઓએ એક રસ્તો બતાવ્યો છે. જોઇએ તેમાં ફળીભૂત થવાય છે કે નહિ? કૉલેજના કેટલાક છોકરાઓ તો બહુજ સમજુ હોય છે, જો એ છોકરા ન મળ્યા હોત તો તારા પિતા તો ક્યારના ગાંડા થઈ ગયા હોત.

સુંદરી:—શું એ છોકરાઓ અહીં રહે છે?

મા:—ના, ઉનાળાની રજામાં અહીં આવ્યા છે. તારા પિતાને એ બન્ને કહ્યા કરે છે કે જન્મપત્રીની કડાકુટ જવા દો; પણ ચાલતી આવેલી પ્રથા કેવી રીતે છોડી દેવાય? તારા પિતા છોકરાઓની વાતો સાંભળીને મને પૂછે છે, પણ કદાચ તારૂં અનિષ્ટ થાય તો પશ્ચાતાપ

કરવો પડે; તેથી કરીને ચાલતી આવેલી રૂઢી છોડવાનું મન થતું નથી.

સુંદરીઃ—પણ મા, અંગ્રેજ વગેરે લોકોને પણ ગ્રહો નડવા જોઇએ.

માઃ—એ છોકરાઓ પણ એમજ કહે છે પણ મનનો વહેમ જતો નથી. જોઇએ આપણા લખેલા પત્રોના શું ઉત્તર આવે છે?

સુંદરીઃ—મા, મારે સારૂ તમારે કેટલું બધું દુઃખ?

માઃ—ગાંડી, એમાં દુઃખ શું? તારા પિતા ખાવા બેઠા છે. હું જાઉં છું. આટલું કહી માતા ચાલી ગઈ. માના ગયા બાદ સુંદરી પુષ્કળ રડી અને પછી તેણે મોઢું ધોઈ નાખ્યું.

હે પરમાત્મા! સુંદરીના એક એક આંસુની એક એક નદી બની જજો; અને ધનના લોભીઓને આ સંસારમાંથી રસાતળમાં વહેવરાવી દેજો.

૩

વરંડામાં એક આરામ ખુરશી અને બે સાદી ખુરશીઓ મૂકેલી છે. તે ઉપરાંત એક જુનો બાંકડો પણ ત્યાં પડેલો છે. તેનાપર બેઠેલા બે મનુષ્યો જરા પણ આમ તેમ સરકવા જાય છે કે તરતજ બાંકડો ચરરર કરી બુઢ્ઢાપાના બકબકાટનું ઉદાહરણ આપે છે; આરામ ખુરશીપર બેઠેલો એક વૃદ્ધ પુરૂષ પણ પોતાના બકબકાટથી એજ વાતનું બીજું ઉદાહરણ આપી રહ્યો છે. બીજી બે ખુરશીઓપર બે આદમીઓ બેઠા છે તેઓ પણ કંઇક વાતચીત કરી રહ્યા છે.

વૃદ્ધ પુરૂષઃ—કેમ જોશી મહારાજ, શું એ છોકરીનો મંગળ ઘણો ખરાબ છે?

એક ખુરશીપર બેઠેલો જોશી બોલ્યોઃ—હા, શેઠ.

વૃદ્ધ પુરૂષઃ—તમે જે જન્મપત્રી બનાવી છે તે તો ઠીક છે ને.

જોશીઃ—હા શેઠ. જોડું બરાબર મળે છે. છત્રીસે ગુણ મળે છે.

વૃદ્ધ પુરૂષઃ—ત્યારે મેં ૩,૦૦૦ રૂપીઆ પહેરામણીના માગ્યા છે

તેમાં શું ખોટું કર્યું છે? આખી દુનિયામાં ઠોકરો ખાય તો પણ અમારા જેવું ઘર મળવું મુશકેલ છે અને આવો છોકરો પણ મળવો દુર્લભ છે.

બેંચપર બેઠેલો એક આદમી બોલ્યો:—એમાં શું શક?

વૃદ્ધ પુરૂષ:—વળી છોકરીનો બાપ ધનવાન છે અને વકીલ છે. હજાર બે હજાર રૂપીઆ બેંકમાં પણ હશે. ઘેર બે ચાર ઢોર છે. સારૂં મજાનું ઘર છે. તેની પાસે પાંચ દશ હજારનાં ઘરેણાં પણ હશે. સાંભળો, ખુશાલદાસે છોકરીના લગ્નપ્રસંગે ૫૦૦૦ રૂપીઆ ખર્ચ્યા અને તે પણ મુખ્ત્યારીના ધંધા ઉપર. આજકાલ મુખ્ત્યારોને કોણ પૂછે છે? મારા પિતા કહેતા હતા કે તેમના જમાનામાં લોકો ગામનો પટો મેળવવા માટે અરજી લખાવવા આવતા ત્યારે તેમની પાસેથી ઓછામાં ઓછા ૬૦ રૂપીઆ લઇ પાડતા હતા. તે જમાનો તો ગયો.

બીજી ખુરશીપર બેઠેલો આદમી બોલ્યો:–હાજી, મારા પિતા કહેતા હતા કે પહેલાં વકીલની પરીક્ષામાં કાયદાની પરીક્ષા ક્યારે લેવાતી હતી? થોડું ઘણું ચીપીચીપીને વાંચતાં લખતાં આવડ્યું કે તરતજ કલેકટર સાહેબ સર્ટીફીકેટ આપતા હતા. આજકાલ તો પરીક્ષામાં પાસ થવુંજ મુશ્કેલ થઇ પડ્યું છે.

વૃદ્ધ પુરૂષ:—હા કાળિદાસ, જોને ૩૦૦૦ રૂપીઆ ના આપે તો મને શું પરવા છે? શું મારો છોકરો કુંવારો રહી જશે? હું ધારૂં તો હાલને હાલ મારા છોકરાનાં લગ્ન કરી દઉં. કેટલીએ જગ્યાથી માગાં આવ્યાં છે. હજુ આપણે શું ઉતાવળ છે? છોકરો એન્ટ્રન્સમાં પાસ થઇ કામ–ધંધે લાગી જશે એટલે બસ. છોકરાનું મન જરા રમતમાં વધારે છે પણ—

એટલામાં ટપાલવાળાએ તેના હાથમાં ત્રણ પત્ર આપ્યા તેમાંનો

એક તો કોઇ મુકદમાવાળાનો હતો અને બાકીના બેમાંથી એક ગોપાળદાસનો હતો. આ વૃદ્ધ પુરૂષ તે વનમાળીદાસ હતો. તે કાગળ વાંચવા લાગ્યો. મુકદમા સિવાયનો બીજો પત્ર વાંચ્યો ત્યારે તેનો ચહેરો ઉદાસ થઈ ગયો પણ જ્યારે તેણે ગોપાળદાસનો પત્ર વાંચ્યો ત્યારે તો તેના મોઢાપરનો રંગજ ઉડી ગયો. તેણે મહામહેનતે હિંમત ધરી કાળિદાસને કહ્યું:-"આ અમૃતલાલનો પત્ર છે તેમાં તે લખે છે કે તે તેની ભાણેજીનાં લગ્ન મારા પુત્ર સાથે નહિ કરે અને વકીલ સાહેબ લખે છે કે તેને બી. એ.માં પાસ થયેલો છોકરો મળ્યો છે અને તેનો બાપ ૨૦૦૦ ની પહેરામણી લઈ લગ્ન કરવા રાજી છે. કાળીદાસ, હવે શું કરવું?"

કાળિદાસે વિચાર કર્યો કે અત્યાર સુધી તો વનમાળીદાસ ખૂબ બડાઇ મારતો હતો! બાદ તે બોલ્યો:-"શેઠ, મને તો કાંઇ ગરબડ લાગે છે. બંને પત્રો એકજ દિવસે કેમ આવ્યા? મને તો લાગે છે કે અમૃતલાલે વકીલ સાહેબને કાંઇક સમજાવ્યું હશે, જેથી કરી આવો જવાબ આવે તો તમે તેની ભાણેજી સાથે વિવાહ નક્કી કરો. અમૃતલાલ જબરો મુત્સદ્દી છે, તેણે ઘણાને ફસાવ્યા છે પણ હવે એક કામ કરો."

વનમાળીદાસઃ—શું? જલદી કહો.

કાળિદાસઃ—બે અઠવાડીઆં સુધી પત્રની રાહ જુઓ. તમને તે દરમિયાન પત્ર ન મળે તો સોળમે દિવસે તમે વકીલ સાહેબને લખજો કે અમે ૧૫૦૦ની પહેરામણીથી લગ્ન કરવા રાજી છીએ.

વનમાળીદાસઃ—૧૫૦૦ કાંઇ વધારે તો નથી પણ મારો વિચાર વકીલ સાહેબની સાથેજ સંબંધ કરવાનો છે; માટે એટલાથી પણ ચલવી લઇશું.

કાળિદાસઃ—જી હા, તમને રૂપીઆની શું પરવા છે?

વનમાળીદાસઃ—ખરૂં છે.

સર્વેના ગયા બાદ વનમાળીદાસ ઉદાસ ચહેરે ઘરમાં ગયો. તે પસ્તાવો કરવા લાગ્યો કે ગોપાળદાસની ૨,૦૦૦ની માગણી પ્રથમથીજ કબૂલી હોત તો આટલી બધી ચોળાચોળ થાત નહિ અને ૫૦૦ રૂપીઆ નફામાં રહેત. હવે તે વકીલના પત્રની રાહ જોવા લાગ્યો, ધન્યરે રૂપીઆ! ધન્ય તારો મહિમા!

૪

હું પણ વનમાળીદાસના પત્રની રાહ જોવા લાગ્યો. મારા વિના તેના પત્રની રાહ જોનારા ચંપકલાલ, વકીલ સાહેબ વગેરે પણ હતા. પત્ર આવવા–જવામાં પાંચ દિવસ લાગે છે. તે ઉપરાંત બીજા પાંચ દિવસ વહી ગયા તોપણ ઉત્તર આવ્યો નહિ. આજે સત્તરમો દિવસ છે, હું સ્નાનાદિકથી પરવારી ઓટલાપર બેઠો હતો. મેં વિચાર્યું કે અમારી ચાલાકી પકડાઇ તો નહિ ગઈ હોય ને? એટલામાંજ ચંપકલાલ ઉતાવળો ઉતાવળો આવતો દેખાયો. હું સમજ્યો કે કાંઇ શુભ સમાચાર અથવા કાંઈ પ્રત્યુત્તર આવ્યો હશે, પરંતુ ચંપકલાલનો ચહેરો જોતાંજ મને માલૂમ પડયું કે કાંઇક અશુભ હશે.

ચંપકલાલે આવતાંજ કહ્યું:–ચાલ જલદી ચાલ.

મેં કહ્યું:—કયાં?

ચંપકલાલઃ—વકીલ સાહેબને ઘેર.

મેં કહ્યું:—લુગડાં પહેરી લઉં.

ચંપકલાલઃ—ના, એકદમ ચાલ. સમય નથી.

આખરે હું પહેરણ અને સ્લીપર પહેરી તેની સાથે ગયો. રસ્તામાં ચંપકલાલે મને સર્વે હકીકત કહી. સવારના પહોરમાંજ તેને ઘેર એક નોકરે આવી કહ્યું કે તેને વકીલ સાહેબ બોલાવે છે. તરતજ ચંપકલાલ ત્યાં ગયો અને જોયું તો ત્યાં રડારોળ થઇ રહી હતી.

તપાસ કરતાં માલૂમ પડ્યું કે સુંદરીને કૉલેરા થયો હતો, ઝાડો અને ઉલટી થતાં હતાં. સુંદરીની માને પૂછવાથી ખબર મળી કે ગઇ રાત્રે વનમાળીદાસનો કાંઇ પણ પત્ર નહિ આવવાથી વકીલ શોકાતુર હતા. તે તેમના ભાગ્ય માટે રડયા. આ સઘળું સુંદરીએ બારણાની તડમાંથી જોયું હતું. તેમણે સુંદરીને જોઇ કે તરતજ તે રડતા બંધ થયા. રાત્રિના લગભગ ત્રણ વાગે એકાએક કાંઇક અવાજ આવ્યો. સુંદરીની માએ સુંદરીના ઓરડામાં જઇને જોયું તો તે બેહોશ થવા માંડી હતી. તેની આંખો બંધ થઈ ગઈ હતી અને ઝાડા અને ઉલટીનો વારો નહોતો. પાંચ વાગે તો તે તદન અશક્ત થઇ ગઇ. વૈદ્ય–ડૉક્ટરોએ અથાગ મહેનત કરી પણ સુંદરીના ઝાડા બંધ કરી શક્યા નહિ. અમે તેજ સુંદરીને જોવા જતા હતા—સુંદરીને કોઈ કોઇ વખત ભાન આવતું ત્યારે અમને જોવાની ઇચ્છા દર્શાવી હતી.

અમે જેવા વકીલ સાહેબના ઘર આગળ પહોંચ્યા કે તરતજ એક નોકર અમને ઘરમાં લઈ ગયો. હાય ! કેવું કરૂણાજનક દૃશ્ય હતું ! હું આંખ બંધ કરૂં છું કે તરતજ તે દૃશ્ય મારી સમક્ષ ખડું થાય છે.

સુંદરી મૃત્યુશય્યાપર પડી હતી. તેના માથા આગળ તેના પિતા અને પગ આગળ તેની માતા બેઠી હતી. ડૉક્ટર સાહેબ પાસેની એક ખુરશીપર બેસી સુંદરીની નાડી જોઇ રહ્યા હતા, પરંતુ તેમના ચહેરાપરથી જણાતું હતું કે દરદીની જીવવાની આશા નથી. માતાએ પુત્રીને કહ્યું કેઃ—તે બે છોકરાઓ આવ્યા છે. સુંદરીએ આંખો ઉઘાડી અમારી તરફ જોયું, આકાશ તરફ જોયું બાદ તેણે અમને જોઇ મંદ હાસ્ય કર્યું. ત્યાર બાદ તે બેહોશ થઈ ગઈ. તે હાસ્ય અપૂર્વ શોભાની ખાણરૂપ હતું. સુંદરી સુંદરતાના સમૂહરૂપજ હતી. મને વિચાર આવ્યો કે આજે પૃથ્વીપરથી એક રત્ન ઉડી જાય છે.

સુંદરીની માતા એક કારમી ચીસ પાડી બેહોશ થઇ નીચે પડી.

ડૉકટર સાહેબ ઇશારાથી કહેવા લાગ્યા કે મૃત શરીરને ચોકે નાખો. સુંદરીના પ્રાણ જતા રહ્યા. ઘરમાં રડાકુટ શરૂ થઇ રહી. આ પછી દાહ ઇત્યાદિ ક્રિયા થઇ. મૃત્યુએ એક દેવીનો ભોગ લીધો.

* * * *

ત્યારબાદ દશમે દિવસે ચંપકલાલે મને કહ્યું કે પહેરામણીના રિવાજનું આ એક વધુ બલિદાન થયું.

મેં કહ્યું:—કેવી રીતે ?

ચંપકલાલ:—સુંદરીને કૉલેરા થયો નહોતો. તેણે એક પ્રકારનું વિષ ખાધું હતું જે ખાધાથી ખાનારના શરીરમાં કૉલેરાનાં ચિહ્નો દેખાય છે. સુંદરી ઘણી સુશીલ હતી. તેનાં માતા પિતાને દુઃખ ના થાય તેટલા માટેજ તેણે તેવું ઝેર ખાધું હતું.

મેં કહ્યું:—વકીલ સાહેબે આપણા કહ્યા મુજબ કર્યું હોત તો આવું કાંઇ થાત નહિ.

ચંપકલાલ:—વળી એજ છોકરવાદી ! જન્મપત્રી બંધ થાત તો બીજો છોકરો મળત, તોપણ પહેરામણીનો ઝઘડો તો ઉભોજ રહેત.

મેં કહ્યું:—પણ વનમાળીદાસ હોંશિયાર તો ખરો.

ચંપકલાલ:—હાય ! એથી તો હૃદય ફાટે છે. જ્યારે સુંદરી મૃત્યુશય્યાપર હતી ત્યારે એક પત્ર આવ્યો હતો. હું સમજ્યો કે તે વનમાળીદાસનો છે તેથી મેં તે વાંચી જોયો, અને ગલત કર્યો.

મેં કહ્યું:—એમાં શું લખ્યું હતું ?

ચંપકલાલ:—હું ૧૫૦૦ રૂપીઆની પહેરામણી લેવા ખુશી છું.

મેં કહ્યું:—હાય ! એક દિવસ મોડો આવ્યો. શું તેં તે પત્ર વકીલ સાહેબને બતાવ્યો ?

ચંપકલાલ:—શું મારામાં પણ તારા જેવી બાળકબુદ્ધિ છે ? બિચારા વકીલ સાહેબ ગાંડા જેવા થઇ ગયા છે.

મેં કહ્યું:—હાય! એક છોકરીનું–રે એક દેવીનું–ગુપ્ત બલિદાન થયું.

ચંપકલાલ:—ભાઈ, આ એક મૃત્યુની ખબર તને પડી તે તો મારે લીધેજ; કારણ કે મેં વૈદકશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે અને મને કૉલેરાનાં ચિહ્નો સારી રીતે માલૂમ છે. પ્રતિવર્ષ આવી રીતે ભારતવર્ષમાં કેટલી બાળાઓનાં બલિદાન થતાં હશે તે કહેવું મુસ્કેલ છે.

હે ભારતમાતા! તારા ખોળામાં રમતી પુત્રીઓને નરાધમ રક્તલોભી પુરૂષો નિર્દયતાથી મારી રહ્યા છે!! માર્ગ આપ, અને એવા નીચાત્માઓને રસાતળમાં પહોંચાડી દે.

હાય! પાપી પહેરામણી! હે રાક્ષસી! શું તું નષ્ટ નહિ થશે?

આકાશવાણી કહે છે:–" અવસ્ય નષ્ટ થશે."

'સત્ય'

૧૦—ભયાનક ભૂતલીલા.

૧

લંડનમાં સ્કૉટ નામક એક પાદરી રહેતો હતો. ભૂત-પ્રેત છે, એ સિદ્ધાંતનો તે પક્ષપાતી હતો. તેણે કેટલીક વખત લોકોને પ્રત્યક્ષ પણ ભૂત દેખાડ્યું હતું. એક દિવસે તે એક મૅડમને મળવા ગયો. મૅડમે દરવાજા સુધી આવી સ્કૉટનો હાથ પકડી કહ્યું:—"આવો રેવરંડ સ્કૉટ! ઘણાં દિવસે તમારાં દર્શન કરી હું ખુશી થઇ છું." મૅડમે સ્કૉટને અંદર લઇ જઇ ટેબલ પાસેની એક ખુરશીપર બેસાડયો અને તે પોતે પણ તેની પાસેની એક ખુરશીપર બેઠી; બાદ સ્કૉટે કહ્યું:— "તમને બતાવવા માટે આજે હું એક પુસ્તક લાવ્યો છું."

મૅડમે કહ્યું:—"તમારી ઉદારતા માટે આભારી છું. કહો તે પુસ્તકનો વિષય શું છે? શું તેમાં ભૂત-પ્રેત છે? તેમાં તેનાં પ્રમાણ એકત્રિત કરવામાં આવ્યાં છે?"

સ્કૉટ:—હા, એમાં એ બાબત મજબૂત પ્રમાણોદ્વારા સિદ્ધ કરવામાં આવી છે. તેમાં આપેલા દાખલાઓપર શંકા કરવા જેવું નથી.

મૅડમે તે પુસ્તક હાથમાં લઇ બે ચાર ઉદાહરણો વાંચ્યા બાદ કહ્યું:—"તે દિવસે આ વિષયપર આપણા વચ્ચે ઘણો વાદ-વિવાદ થયો હતો. મેં તે દિવસે યુક્તિસર સિદ્ધ કર્યું હતું કે ભૂત-પ્રેત વાસ્તવમાં કોઇ વસ્તુ નથી; પરંતુ તમે-ભૂત અવશ્ય કોઇ વસ્તુ છે-એ સમજાવવાના પ્રયત્નો કરી રહ્યા છો, એ તમારા ઉદ્યોગની પ્રશંસા કર્યા સિવાય મારાથી રહી શકાતું નથી. આ વિષયપર બીજા કેટલાક

ગ્રંથો મેં જોયા છે; પરંતુ તેમાં 'ભૂત છે' એ વિષયપરત્વે જે કાંઇ પ્રમાણ આપવામાં આવ્યાં છે, તે તેના લેખકો પણ સમજ્યા હોય તેનો મને વિશ્વાસ નથી. જ્યાં સુધી હું ભૂતને પ્રત્યક્ષ નહિ જોઉં ત્યાં સુધી ભૂત છે એ સિદ્ધાંત હું માની શકીશ નહિ, માટે હવેથી તમે મને ભૂત મનાવવા માટે વ્યર્થ કષ્ટ નહિ લો એવી હું આશા રાખું છું."

સ્કૉટ ખુરશીપરથી ઉઠયો અને તેણે કાંઇક આવેશમાં આવી જઇ કહ્યું:—"હું તમને ભૂત બતાવીશ. હું પ્રતિજ્ઞા કરૂં છું કે આગામી રવિવારે રાત્રિના બાર વાગે તમને ભૂત બતાવીશ. આ પાંચ દિવસનો અવકાશ હું ભૂતની ઉપાસના કરી તેને પ્રસન્ન કરવામાં ગાળીશ. રવિવારે તમારે મારી સાથે કબ્રસ્તાનમાં આવવું અને ત્યાં હું જે કહું છું તે ખરૂં છે કે ખોટું? તેની તમને ખાતરી થશે."

મૅડમે ધન્યવાદ પૂર્વક કહ્યું:—"હું અવશ્ય આવીશ."

સ્કૉટ પોતાને ઘેર ગયો.

૨

આજે રવિવાર—રજાનો દિવસ—છે. સ્કૉટ દેવળમાં ગયો ત્યાં તેને મૅડમની મુલાકાત થઇ. મૅડમે સ્કૉટને હસીને કહ્યું:—"આજે રાત્રિના હું ભૂત જોવા આવીશ." સ્કૉટે ગર્વસાથે કહ્યું:—"હા, હા, આજે રાત્રિના બાર વાગે તમને ભૂત બતાવવાની પ્રતિજ્ઞા કરી છે. અવશ્ય હું તમને તે વખતે કબ્રસ્તાનમાં ભૂત બતાવીશ." મૅડમે હાસ્ય કરીને કહ્યું:—"નિઃસંદેહ, તમારી રાહ જોઇશ. તમારા આવ્યા બાદ આપણે કબ્રસ્તાનમાં જઇશું." મૅડમે ફરીથી ધન્યવાદ સાથે કહ્યું:—"તમે કયા ભૂતને પ્રત્યક્ષ થવાનો પ્રબંધ કર્યો છે?" સ્કૉટે જોયું કે તેની પ્રતિજ્ઞા અને વાતોએ મૅડમપર કાંઇ પણ અસર કરી નથી ત્યારે તે લજ્જિત થઇને બોલ્યો:—"મૅડમ! તમે મારી પ્રતિજ્ઞા અસત્ય માનો

છો; અને તમે હું ભૂત દેખાડી શકીશ નહિ એમ માનો છો; પરંતુ હવે તે સમય બહુ દૂર નથી. હું મારી પ્રતિજ્ઞા સાચી છે એવી તમારી ખાતરી કરી આપીશ. હું તે વિષયપર હાલ કાંઈ વાદવિવાદ કરવો અનુચિત લેખું છું." મૅડમ હસી પડી અને સ્કૉટનો હાથ પકડી કહેવા લાગીઃ—"ના, ના, રેવરંડ સ્કૉટ! હું તમારી પ્રતિજ્ઞા અસત્ય છે એમ કહેતી નથી. આજથી થોડાજ દિવસ પહેલાં તમે ભૂત બતાવવાની પ્રતિજ્ઞા લીધી છે તે મને સારી રીતે યાદ છે. તમારી પ્રતિજ્ઞા પૂરી થાય એ સમયની હું ઘણા કુતુહલ સાથે રાહ જોઉં છું. કદાચ તમને મારી વાતચીતથી કાંઇ ખોટું લાગ્યું હોય તો મને ક્ષમા કરજો."

મૅડમ સ્કૉટના અંધવિશ્વાસપર હસતી હસતી પોતાને ઘેર ગઈ.

સ્કૉટ ભૂત દેખાડવાની કળામાં નિપુણ હતો. તેણે કેટલીએ વાર લોકોને ભૂત દેખાડી ઠગ્યા છે. જો કે તે ભૂત બતાવવાની ક્રિયાને બનાવટી સમજતો હતો તોપણ તેનો દૃઢ નિશ્ચય હતો કે ભૂત છે અને તે ઘણું કરીને કબ્રસ્તાનમાં રહે છે. સ્કૉટ ભૂતથી ડરતો હતો અને તેથીજ તે થોડો સમય ભૂતની ઉપાસના કરવામાં ગાળતો હતો.

જો કે મૅડમ વિદ્વાન હતી અને ભૂત–પ્રેતની કપોળકલ્પિત કહાણીઓપર વિશ્વાસ રાખતી નહોતી તો પણ કોઇ કોઈ સમયે વન અથવા નિર્જન સ્થાનમાં ફરતી વખતે તેને ભૂતની બ્હીક લાગ્યા વિના રહેતી નહિ. હા, અવસ્ય તે વાતચીત કરવામાં નિર્ભય હતી, અને તે વિષયનું ખુલ્લા મનથી ખંડન કરી શકતી હતી.

૩

રવિવારની સંધ્યા મૅડમ અને પાદરી બન્નેને માટે કૌતુહલવર્ધક હતી. ધીમે ધીમે રાત્રિના દસ વાગ્યા. સ્કૉટ મૅડમને ઘેર ગયો. મૅડમે કહ્યુંઃ—"મદદને માટે સાથે કોઇ આદમી લેવાની જરૂર છે?"

સ્કૉટે કહ્યુઃ—"ના, કારણુ કે ભૂત તમને અને મને બેનેજ દેખાશે. બીજાને સાથે લેવાની જરૂર નથી. ત્યાં આપણુને સહાયતાની કશીજ જરૂર નથી. હું પણુ એકલોજ આવ્યો છું."

મૅડમ અને પાદરી ઘરમાંથી બહાર નીકળ્યાં. રાત ચાંદની હતી. ચંદ્રમા માથાપર આવ્યો હતો. થોડા સમય બાદ બન્ને જણુ નગરની બહાર તે નિર્જન સ્થાનમાં પહોંચ્યાં. કોઈપણુ દિવસ આવા જનશૂન્ય સ્થાનમાં આટલી રાત્રિએ મૅડમને આવવાનો અવસર પ્રાપ્ત થયો નહોતો તેથી તેનું હૃદય ભયભીત થવા લાગ્યું. હૃદયમાં ક્ષણે ક્ષણે ભયનો સંચાર વધતો હતો. બન્ને કબ્રસ્તાનના દરવાજા નજદીક પહોંચ્યાં. પાદરી મૅડમને લઇ કબ્રસ્તાનમાં એક બાજુએ ઉભો. પાદરીનું હૃદય પણુ ભયરહિત નહોતું. તેને વિશ્વાસ હતો કે તેના ભૂત સિવાય અન્ય કોઇ ભૂત પ્રકટ થશે નહિ તોપણુ આ નિર્જન સ્થાન અને અર્ધ રાત્રિનો શાંત દેખાવ તેને ભયકારક લાગતો હતો.

સ્કૉટે મૅડમને એક કબર તરફ જોવાનો સંકેત કરી કહ્યુઃ—"એજ કબરમાંથી ભૂત નીકળશે. સાવધ થઈ જુઓ." મૅડમ કંપતા હૃદયપર હાથ મૂકી પ્રથમના નિર્ભય વિચારોને હૃદયમાં સ્થાન આપી તે કબર તરફ જોવા લાગી. એટલામાં કબરની પાસેથી કોઇ એક વસ્તુને ધીમેથી ઉઠતી જોઇ સ્કૉટ બોલ્યોઃ—"જુઓ, પેલું ભૂત ઉઠે છે." મડમનું શરીર રોમાંચિત થઇ ગયું, તેણે કબર તરફ જોઈને કહ્યુંઃ—"મને તો ત્યાં ચમકતા સંગેમરમરના પત્થર સિવાય બીજી કોઈ વસ્તુ દેખાતી નથી." તરતજ સ્કૉટે ઉત્તર આપ્યોઃ—"જરા ધ્યાન રાખીને જુઓ." મૅડમે ધ્યાનપૂર્વક જોયું. હવે તેને પણુ ઉપર આવતી કોઈ વસ્તુ દેખાઇ. મૅડમ તે વસ્તુ તરફ આશ્ચર્ય અને ભયપૂર્ણુ દૃષ્ટિએ જોવા લાગી. અલ્પ સમયમાંજ તે વસ્તુ ધીમે ધીમે ઉઠી મનુષ્યાકારમાં પ્રદર્શિત થવા લાગી. હવે મૅડમના ભયનું ઠેકાણું રહ્યું નહિ; તે

થરથર કંપવા લાગી. પાદરી સ્કૉટનું હૃદય પણ આ વખતે ભયરહિત નહોતું. જો કે તે આ ભૂતને પોતાનું વિશ્વાસપાત્ર માનતો હતો તો-પણ ખરેખરૂં ભૂત ઉભું થાય તેનો તેને ડર લાગતો હતો. આ ભયાનક વિચાર તેના મનમાંજ હતો એવામાં એક બીજી કબરની પાસેથી એક વસ્તુ ઉભી થતી દેખાઇ, અને તે જોતજોતામાં મનુષ્યની પેઠે ઉભી થઈ ગઇ. હવે પાદરીની દશાનું પૂછવું હતું શું ? તે ગભરાયો. તેને તેની સાથે મૅડમ છે એવું પણ ભાન રહ્યું નહિ. સ્કૉટ બીજા ભૂતને જોતાંજ ડરી જઇ કબ્રસ્તાનના દરવાજા તરફ દોડયો. મૅડમ પણ ગભરાતી ગભરાતી તેની પાછળ દોડી. પાદરી અને મૅડમને નાસતાં જોઇ પહેલું ભૂત પણ તેમની પાછળ દોડયું; અને બીજું ભૂત પણ એ ત્રણેની પાછળ દોડયું. ચાંદનીમાં જનશૂન્ય સડકપર આગળ પાદરી, તેની પાછળ મૅડમ અને તેમની પાછળ બન્ને ભૂત નગર તરફ દોડતાં રહ્યાં. દોડતાં દોડતાં જ્યારે પાદરીએ પાછા ફરીને જોયું કે બીજું ભૂત તે બધાની પાછળ આવે છે ત્યારે તે એક મોટી ચીસ પાડી જમીનપર પડયો. મૅડમ પણ તેના ઉપર પડી. પહેલું ભૂત મૅડમપર પડયું અને બીજું ભૂત પણ જ્ઞાનશૂન્ય થઇ તેનાપર પડયું.

૪

પ્રાતઃકાળ થયો, પોલિસના એક સિપાઇએ આવીને જોયું તો તેણે સડકના કિનારાપર એક પાદરી, એક મૅડમ અને બીજા બે આદમીને બેહોશ થઈ પડેલાં જોયાં. તેણે તરતજ ઇન્સ્પેકટરને રીપોર્ટ કર્યો. ઇન્સ્પેકટર તપાસ કરવા આવ્યા. બહુ મહેનત કર્યા બાદ પાદરી ઇત્યાદિને કાંઇ ભાન આવ્યું. ઇન્સ્પેકટરના પૂછવાથી મૅડમે પોતાની સર્વ હકીકત કહી. સ્કૉટે કહ્યું:—"આ (પહેલું ભૂત) મારો નોકર છે. મૅડમને ભૂત દેખાડવાને માટે મેં એને ભૂત બનાવી કબ્રસ્તાનમાં મોકલ્યો હતો. જ્યારે હું મૅડમને સાથે લઈ કબ્રસ્તાનમાં ગયો ત્યારે

તે એક કબરની આડમાંથી ધીમે ધીમે ઉઠવા લાગ્યો. તે વખતે મારી વાતનો પ્રભાવ મૅડમ સાહેબના હૃદયમાં જામી ગયો હતો; પરંતુ તેજ વખતે એક બીજી કબરની આડમાંથી એક બીજું ભૂત નીકળતું દેખાયું. મને લાગ્યું કે તે ખરેખર કબ્રસ્તાનમાંહેલું કોઇ ખરેખરૂંજ ભૂત છે, તેથી હું ડરને લીધે ત્યાંથી નાઠો. (રાત્રિવાળા બીજા ભૂત તરફ સંકેત કરી) જો તે બીજું ભૂત આજ હોય તો હજુ પણ મને ભય લાગે છે." એટલામાં સાહેબ બોલી ઉઠ્યો:–"નહિ, રેવરંડ સ્કૉટ ડરશો નહિ. એ પણ કોઈ મનુષ્યજ જણાય છે. હવે તે કબ્રસ્તાનમાં કેમ આવ્યો તે તેને પૂછવું જોઇએ." ઇન્સ્પેકટરના પૂછવાથી બીજા ભૂતે કહ્યું:–"હું મૅડમ સાહેબાનો નોકર છું. બે ત્રણ દિવસ પહેલાં મને માલૂમ પડ્યું કે સ્કૉટ સાહેબ મૅડમ સાહેબને ભૂત બતાવવાને માટે રવિવારે રાત્રિના કબ્રસ્તાનમાં જવાના છે; તેથી હું પણ ભૂત જોવાની લાલસાથી એ બન્નેના પહેલાં કબ્રસ્તાનમાં જઇને સંતાયો. આ પાદરી સાહેબવાળા ભૂતને ઉભું થતું જોઇ હું પણ ઉભો થઈ ગયો; અને આ ભૂતને ખરૂં ભૂત સમજી હું ડર્યો. પછી જ્યારે આ ત્રણે દોડવા લાગ્યા ત્યારે ડરને લીધે હું પણ તેમની પાછળ દોડવા લાગ્યો. તે વખતે મને ઘણો ડર લાગ્યો હતો." પાદરીવાળા ભૂતે કહ્યું:–"હું એને (બીજાને) કબ્રસ્તાનનું ખરૂં ભૂત સમજી નાસવા લાગ્યો. તે વખતે મને ભાન નહોતું."

આ બધું સાંભળી ઇન્સ્પેકટર હસ્યો. તેણે દરેકને પોતપોતાને ઘેર જવાની આજ્ઞા આપી. મૅડમે હસીને કહ્યું:–"પાદરી સાહેબ, તમારી લીલા ઉઘાડી પડી ગઇ!"

આવી રીતે આ ભૂતલીલા સમાપ્ત થઇ.

રામનરેશ ત્રિપાઠી.

૧૧–સાચી સુંદરતા.

એક દિવસે ત્રણ સ્ત્રીઓ પોતપોતાની સુંદરતાપર માંહોમાંહે લડતી હતી. એક સુંદર સ્ત્રી દિવસમાં વીસ વખત ઉત્તમ સાબુવડે પોતાનું શરીર ધોતી હતી. બીજી કે જે શ્યામ રંગની હતી તે પોતાના શરીરપર ઇંટ અને પત્થરના ટુકડા ઘસતી હતી અને ત્રીજી સ્ત્રી ગોરી હતી તોપણ વધારે સુંદર દેખાવા માટે અનેક પ્રકારની ઔષધિઓનું સેવન કરતી હતી. તે ત્રણે સ્ત્રીઓ લડતી લડતી એક વૃદ્ધ સ્ત્રી પાસે ગઈ; અને તેમણે પોતપોતાના હાથ બતાવીને કહ્યું:–" અમારામાંથી કોના હાથ વધારે સુંદર છે?" તે બિચારી વૃદ્ધ સ્ત્રીને ઘણી ભૂખ લાગી હતી. તે ભિક્ષા માગવા જતી હતી. તેણે કહ્યું:–" મને ભૂખને લીધે કંઇ ગમ પડતી નથી. મને કાંઇ ખાવાનું આપો તો હું કહું કે કે કોના હાથ સુંદર છે." તે વૃદ્ધ સ્ત્રીની વાત સાંભળી સર્વે ચૂપ રહી, કોઈએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ અને સર્વ તે વૃદ્ધ સ્ત્રીની સાથે સાથે આગળ ચાલી. થોડેક દૂર ગયા પછી સામેથી પાઠશાળામાંથી એક કન્યાને આવતી જોઇને તે વૃદ્ધ સ્ત્રીએ કહ્યું:–" બેટી! મને બહુજ ભૂખ લાગી છે." આ સાંભળી તે કન્યા તે સ્ત્રીને ત્યાં ઉભી રાખી પોતાને ઘેર ગઇ અને માતા પાસેથી શેકેલા ચણા વગેરે ખાવાનું લઇ આવીને તે વૃદ્ધ સ્ત્રીને આપ્યું. વૃદ્ધ સ્ત્રી તે ખાઇ રહ્યા પછી પાણી પીને બોલી:–" જુઓ, તમારામાંથી જે વિલાયતી સાબુથી પોતાનું શરીર સુંદર બનાવવા ચાહે છે તેના હાથ સુંદર નથી કારણ કે તે તેના ધર્મ અને ધન બન્નેનો નાશ કરી રહી છે કેમકે

વિલાયતી સાબુ અશુદ્ધ વસ્તુઓમાંથી બને છે અને મોંઘો મળે છે. જે પોતાના હાથ પગ પત્થર અને ઈંટોના ટુકડા ઘસી સુંદર બનાવવા મથે છે તે પણ મૂર્ખ છે, કારણ કે ગધેડાને ઘસી ઘસીને ધોવાથી કાંઇ તે ગાય બની જતું નથી; અર્થાત્ ખરી સુંદરતા એમ કરવાથી આવી શકતી નથી. જે સ્ત્રી અનેક પ્રકારની ઔષધિઓનું સેવન કરે છે તે પણ તેના ધનનો વ્યર્થ નાશ કરે છે અને તે તમારા બન્ને કરતાં વધારે મૂર્ખ છે; કારણ કે ખરેખરાં સુંદર થવું એ કાંઇ ઔષધિથી બનતું નથી."

"જેનાં માતા-પિતા સુંદર છે તેજ સુંદર હોય છે. તેનો દાખલો તમારા આગળ મોજુદ છે. આ કન્યાએ મને દુઃખથી વ્યાકુળ જોઈ તેની માતા પાસે જઈ મારા માટે ખોરાકનો પ્રબંધ કર્યો. માટે આ કન્યાના અને તેની માતાના હાથજ ખરેખરા સુંદર છે. જે પોતાના હાથે પરોપકાર કરે છે તેમના હાથજ સુંદર કહેવાય છે. હાથની શોભા પરોપકાર છે, એમ ધર્મશાસ્ત્રોમાં પણ કહ્યું છે."

પ્યારી બ્હેનો! સુંદર બનવા માટે વ્યર્થ ધન નષ્ટ કરો નહિ. આપણા દેશનાં અસંખ્ય જનો અન્ન વિના તરફડે છે જેમને દિવસમાં એક વાર પણ પેટ પુરતું અન્ન મળતું નથી; અને તમે સુંદરતા વધારવા માટે રૂપીઆનું પાણી કરો છો એ શું ઓછું દુઃખજનક છે? આપણે તો એવોજ ઉપાય કરવો જોઈએ કે જેથી કરીને આ લોક અને પરલોકમાં આપણા હાથ સુંદર કહેવાય અને આપણા દેશ તથા જાતિનું ભલું થાય.

તે વૃદ્ધ સ્ત્રીની શીખામણ સાંભળી ઉક્ત ત્રણે સ્ત્રીઓ પરોપકાર કરવાની પ્રતિજ્ઞા કરી ત્યાંથી પોતપોતાને ઘેર ગઇ.

૧૨—મહાન પૂજા.

જાપાનના મહારાજા સિયુજિગાકુઇન (ઇસ્વી સન ૯૩૦)ના સમયમાં જાપાનમાં એક અદ્‌ભુત તારો દેખાયો. આ તારાને જોઇને એક પ્રખ્યાત જ્યોતિઃશાસ્ત્રીએ કહ્યું કે રાજ્યના બે મહાન લશ્કરી અમલદારોમાંથી એકપર મોટી વિપત્તિ આવશે.

આ વખતે નખીરા અને સન્યોરી નામના બે અમલદારો મુખ્ય હતા. તેઓ બન્ને સૈન્યના જમણા અને ડાબા હાથની માફક હતા. જ્યારે સન્યોરીએ જ્યોતિઃશાસ્ત્રીની આગાહી સાંભળી ત્યારે તે તેના કુટુંબકબીલા સાથે પાસેના એક બુદ્ધ મંદિરમાં જઇ પૂજા—પાઠ કરવા લાગ્યો. નખીરાએ આવું કાંઇ પણ કર્યું નહિ.

જ્યારે પુરોહિત કે જે સન્યોરીને પૂજા કરાવતો હતો તેના જાણુવામાં આ વાત આવી ત્યારે તેણે નખીરાને પોતાની પાસે બોલાવ્યો અને ઘણા આશ્ચર્યથી કહ્યું:—“ તારાના ઉદય થવાથી સન્યોરીપર વિપત્તિ ન આવે તેટલા માટે તે દરેક મંદિરમાં જાય છે, તમે પણ તેવું કેમ કરતા નથી ? ”

નખીરાએ ઉત્તર આપ્યો:—“ કારણ કે એ તારાના ઉદયથી અમારા બેમાંથી એકનાપર અવશ્ય વિપત્તિ આવશેજ એવું નક્કી થઇ ગયું છે; તેથી મેં વિચાર કર્યો કે હું વૃદ્ધ થઇ ગયો છું અને મારામાંથી દિનપ્રતિદિન શક્તિ ઓછી થતી જાય છે; જ્યારે સન્યોરી હજુ જુવાન છે અને તે મારાથી વધારે અક્કલમંદ છે. જો હું પ્રાર્થના

કરૂં અને કદાચ મારી પ્રાર્થના માન્ય થાય તો આ વિપત્તિ સન્ચોરી ઉપર પડે, અને તેથી રાજ્યને એક મોટું નુકશાન થાય; માટેજ હું મારાપરથી વિપત્તિ ટાળવા માગતો નથી."

પુરોહિતે આ વાત સાંભળતાંજ કહ્યું:–"ધન્ય છે! આ પણ એક અતિ ઉત્તમ કાર્ય છે. શું આ વિચારને એક 'મહાન પૂજા' તરીકે ગણી ના શકાય? જો દેવતા ગણ અને બુદ્ધદેવ સત્ય છે તો આ વિપત્તિ તમારા ઉપર નહિજ પડે." આટલું કહી તે ત્યાંથી ચાલ્યો ગયો અને તેની વાત સત્ય ઠરી.

આ ઉપરથી માલૂમ પડે છે કે બીજાની ભલાઇ ઇચ્છવી એ પણ એક પૂજા છે; અને આપણે એવી પૂજા કરતાં અવશ્ય શીખવું જોઇએ. આપણા દેશવાસીઓ આવી ભલાઇ કરી શકતા નથી, એટલુંજ નહિ પણ કોઇની ભલાઈ જોઈ શકતા પણ નથી અને તેથીજ આપણી ખરાબ દશા થઇ ગઈ છે.

શ્રીયુત પ્રભુવન નાથ સપ્રૂ

૧૩–દોરા-ધાગાના ઢોંગ.

૧

" શું તમે ભૂત–પ્રેતની વાત માનતા નથી ? "

" ના. "

" ત્યારે ચાર પાંચ માસના ગર્ભ લોપ થઇ જાય છે તેનું કારણ શું ? "

" સ્ત્રીઓનો ગર્ભાશય સંબંધી રોગ. પહેલાંની અને હાલની સ્ત્રીઓની રહેણી–કરણીમાં ઘણો ફેર પડી ગયો છે તે. "

" મહેરબાની કરી કહો કે એ ફેર શો છે ? "

" ફેર એજ કે હાલની સ્ત્રીઓમાં બાળકને જન્મ આપવાની તેમજ ગર્ભવતી સ્ત્રીઓએ કેવી રીતે રહેવું તથા ખાવું પીવું જોઇએ તે વાતની બુદ્ધિજ હોતી નથી. "

એક મકાનના દિવાનખાનામાં ઉપલી વાતચીત ચાલતી હતી. પ્રશ્ન કરનાર સ્ત્રીની ઉંમર આશરે પાંત્રીસ વર્ષની હતી. ઉત્તર આપનાર એક કૉલેજનો વિદ્યાર્થી આશરે ચોવીસ વર્ષનો હતો. તેનું નામ વીરેન્દ્રનાથ હતું, પરંતુ ઘરનાં માણસો તેને વીરેન્દ્ર કહીનેજ બોલાવતાં હતાં. પ્રશ્ન કરનાર સ્ત્રીનો વીરેન્દ્ર જમાઇ હતો. આજે ઘણા દિવસે તે તેને સાસરે આવ્યો છે. તેની ચારે બાજુ ઘરની યુવાન સ્ત્રીઓ બેસીને તેની ઠઠ્ઠા–મશ્કરી કરે છે. પ્રશ્ન કરનાર સ્ત્રીની પુત્રી શાંતિને વીરેન્દ્ર સાથે પરણાવેલી હતી.

૨

સાંજ પડતાંજ જમાઈ ને માટે ખાવાની તૈયારીઓ થવા લાગી. સ્ત્રીઓના ટોળામાંથી ઉઠીને વીરેન્દ્ર નગરની શોભા જોવા નીકળી પડ્યો. એટલામાં તે ઘરમાં એક સ્ત્રીના મસ્તકમાં અને ઉદરમાં પીડા થવા લાગી. આખા ઘરમાં ગભરાટ વ્યાપી ગયો. ઉપાયને માટે સર્વે પોતપોતાની સલાહ દર્શાવવા લાગ્યાં. કોઈએ કહ્યું:–સૈયદની કબરપર ચાદર ચડાવવી જોઈએ; કોઈએ કહ્યું કે બદ્રીનાથ બાવો હોશિયાર છે, એક વૃદ્ધ સ્ત્રીએ કહ્યું કે અહીંથી ચાર ગાઉપર એક બાવાજી રહે છે; તેણે સેંકડો સ્ત્રીઓને સારૂં કર્યું છે, એટલુંજ નહિ પણ જેને સંતાનની આશા નહોતી તેવી સ્ત્રીઓના ખોળામાં બાવાજીની ચીઠ્ઠીદોરાથી ચાર ચાર બાળકો રમે છે. વિલંબ કરવાનો સમય નહોતો, તેથી ઉપાયોની શરૂઆત થઈ. દાદીમા સ્નાન કરી ચાદર લઈને સૈયદની કબર તરફ ચાલ્યાં. જતાં જતાં રસ્તામાં તેમને ભગલો હજામ મળ્યો. તેને તેમણે બદ્રીનાથને બોલાવવા મોકલ્યો. દાદીમાએ સૈયદની કબર ઉપર ચાદર અને સવા રૂપીઆની ભેટ મૂકી. હાથ જોડીને ઘર તરફ વળ્યાં. ઘર આગળ બદ્રીનાથ દાદીની રાહ જોતો ઉભો હતો. દાદીમા આવતાંજ તે પણ ઘરમાં પેઠો. ઘરમાં જઈ તેણે પોતાની જાળ પાથરવા માંડી. થોડા સમય સુધી ચૂપચાપ બેઠા પછી તેણે માથું ધૂણાવવાની અને કૂદવાની શરૂઆત કરી દીધી. લગભગ અર્ધા કલાક સુધી આમ કર્યા પછી તેણે કહ્યું:–"તમારા ઘરમાં બ્રહ્મરાક્ષસનો કોપ છે, જો તમે અગીયાર રૂપીઆ, એક લોટો ભરીને દૂધ અને એક પાનનું બીડું આપો તો હું તેને તે ચીજો પહોંચાડું. આમ નહિ કરો તો તે શાંત થશે નહિ ને તેનો કોપ વધશે." દાદીમાથી આ સાંભળીને કેમ બેસી રહેવાય ? તરતજ તેમણે બદ્રીનાથને તેની કહેલી સામગ્રી અને અગીયાર રૂપીઆ આપ્યા. બદ્રીનાથ પ્રસન્ન થતો થતો જયજય

શબ્દોનું ઉચ્ચારણ કરતો કરતો પોતાના ઘર તરફ ચાલતો થયો. એટલા સમય દરમિયાન રોગી સ્ત્રીને કંઇક ચૂર્ણ ઇત્યાદિ પણ આપવામાં આવ્યું અને પીડા પણ ઓછી થવા લાગી.

૩

લગભગ બે કલાક સુધી જોવા જેવાં સ્થળો જોઇ દીવા વખતે જમાઇરાજ પાછા આવ્યા તો ઘરની સર્વ સ્ત્રીઓને ચિંતાભરેલે ચહેરે બેઠેલી જોઇ. આવી દશા જોઈને વીરેન્દ્ર શંકાશીલ થઈ દિવાનખાનામાં જઇ લુગડાં ઇત્યાદિ ઉતારીને ત્યાં આગળ પડેલા એક ખાટલા પર બેઠો. ભગલો હજામ તેમને પંખો નાખવા લાગ્યો. દાદીએ તેમની પૌત્રી ગોમતીને ધીમેથી કહ્યું:-"બ્હેન, તારા બનેવી ફરીને આવ્યા છે તેમને માટે થાળી પીરસ. વાળુ કરવાનો સમય થઇ ગયો છે." ગોમતીએ થાળી પીરસીને વીરેન્દ્રને જમવા બોલાવ્યો. વીરેન્દ્ર પાટલાપર જમવા બેઠો એટલામાં સામેની ઓરડીમાંથી એક હૃદય-ભેદક અને દયા ઉપજાવે એવી ચીસ સંભળાઈ. એ ચીસના શબ્દો "ઓ મા.........મરી........." હતા. વીરેન્દ્રથી હવે રહેવાયું નહિ. તેણે ખાવાનું બંધ કર્યું અને પૂછ્યું.

વીરેન્દ્ર:—ગોમતી! આ કોણે ચીસ પાડી?

ગોમતી:—આજે કાકીના પેટમાં પીડા થાય છે. તમે ઘરમાંથી બહાર ગયા કે તરતજ તેમના પેટમાં પીડા થવા લાગી.

વીરેન્દ્ર:—કંઈ દવાનો પ્રબંધ કર્યો કે નહિ?

ગોમતી:—દાદી કાંઈ કરે છે તો ખરાં.

વીરેન્દ્ર:—દાદી ક્યાં છે? તેમને મારી પાસે બોલાવશો?

ગોમતી:—હા, બોલાવી લાવું.

વીરેન્દ્ર થોડુંઘણું ખાઇને હાથ ધોઇને ખાટલાપર જઇ બેઠો. ત્યાં આગળ ગોમતીની માતા (તેની સાસુ) બેઠી હતી. તેણે એક પાનનું

બીડું બનાવીને વીરેન્દ્રને આપ્યું. એટલામાં ગોમતી દાદીમાને બોલાવીને આવી. દાદીને જોઈને વીરેન્દ્રે કહ્યું:–

વીરેન્દ્રઃ—શું તમારી વહુના પેટમાં દરદ થાય છે?

દાદીઃ—હા વીરેન્દ્રનાથ! જ્યારે તમે ફરવા ગયા ત્યારથીજ તેના પેટમાં દરદ થવા લાગ્યું છે. બિચારી બહુ પીડાય છે.

વીરેન્દ્રઃ—તેનું કારણ કાંઈ માલૂમ પડ્યું?

દાદીઃ—કારણ શું? તેને ત્રણ મહિના થયા છે. તેણે અમારૂં કહેવું માન્યું નહિ ને માધવને ઘેર ગઇ, ત્યાંથી આવતાંજ તેની આ દશા થઇ ગઈ.

વીરેન્દ્રઃ—શું માધવને ઘેર જવાથીજ આ દુઃખ ઉભું થયું?

દાદીઃ—હા, ત્યાં ભૂત–પ્રેતનો વાસ છે; નહિ તો મારે તેને ત્યાં જવાને માટે શા માટે રોકવી પડે?

વીરેન્દ્રઃ—પણ, કાંઇ ઉપાય કર્યો કે નહિ?

દાદીઃ—જેણે જે ઉપાય બતાવ્યા તે સર્વે કર્યા; પરંતુ દુઃખમાં ઘટાડો થતો નથી. થોડો સમય દુઃખ ઓછું થયું, પણ પાછું વધ્યું છે.

વીરેન્દ્રઃ—શું ઉપાયો કર્યા?

દાદીઃ—સૈયદની કબરપર ચાદર ચડાવી; બદ્રીનાથને દેખાડ્યું તે પણ અગીઆર રૂપીઆ લઈ જતો રહ્યો. હવે અહીંથી ચાર ગાઉપર એક ગામ છે ત્યાં એક બાવો રહે છે; સાંભળવા પ્રમાણે તે ઘણો હોશિયાર છે; તેને બોલાવવા માટે ભગલા હજામના છોકરાને મોકલ્યો છે. તેને કહ્યું તો છે કે જેમ બને તેમ બાવાને સાથે લઈનેજ આવજે.

વીરેન્દ્રઃ—પણ કોઇ ડૉક્ટર અથવા વૈદ્યને બતાવ્યું?

દાદીઃ—બસ! એમનું નામ અમારા ઘરમાં દેતા નહિ. જીવવાની આશા હશે તોપણ તેઓ મારી નાખશે.

દાદી—સાસુની વાતો સાંભળી વીરેન્દ્રને અત્યંત દુઃખ થયું. તેણે મનમાં ને મનમાંજ કહ્યું:—"હા ! ભારતમહિલાઓમાં મૂર્ખતાની કાંઇ સીમા છે ! હા વિધાતા ! શું તેં ભારત—નારીઓના અધઃપતનનું બીડું ઝડપ્યું છે ? હા પ્રભુ ! શું અજ્ઞાનતાને માટે બીજું સ્થાન નહોતું કે તેને આ બિચારી કોમળ સ્ત્રી જાતિના મસ્તકમાંજ સ્થાન આપ્યું ?" આવી રીતે વીરેન્દ્ર દુઃખી હૃદયે વિચાર કરતો કરતો બહાર ગયો અને ત્યાં પાથરેલા એક ખાટલાપર સૂતો.

૪.

જો કે વીરેન્દ્ર ખાટલાપર સૂતો હતો, મંદ મંદ શીતળ પવન આવતો હતો; પરંતુ તેને ચેન પડયું નહિ. કેમકે ઘરમાંથી ચીસોના દયામણા "ઓ મા !" "ઓ મા !" શબ્દો આવતા તે સીધા તેના કાનમાં પહોંચતા હતા અને તેથી તેના હૃદયના ટુકડા થતા હતા. તે આમતેમ પાસાં બદલતો હતો; એટલામાં બરાબર રાત્રિના નવ વાગે ભગલા હજામનો છોકરો એક બાવાને લઇને આવ્યો. બાવાના શરીરનો રંગ એટલો બધો કાળો હતો કે જેને જંગલી કાગડાના રંગ સાથે અથવા તો બુટના કાળા પૉલિશ સાથે સરખાવી શકાય. તે શરીરે બહુજ સ્થૂલ હતો. હાથમાં લોઢાનો ચીપીઓ અને માત્ર એક ફાટલી લંગોટી પહેરીને યમના દૂતની પેઠે સીતારામ બોલીને તે બારણા આગળ આવી પહોંચ્યો. દાદીમા બાવાના આગમનના સમાચાર સાંભળીને તરતજ બહાર આવ્યાં અને તેને ઘરમાં લઇ ગયાં. અંદર જઇને બાવો એક આસનપર બેઠો અને તેણે પોતાની જાળ પાથરવાનો આરંભ કર્યો; તે મનમાં અને મનમાં કાંઇ જાપ જપવા લાગ્યો. લગભગ અર્ધા કલાક સુધી તે ચૂપચાપ બેસી રહ્યો. જાપ સમાપ્ત થયા બાદ તેણે એક તાવીજ બનાવીને દાદીમાને આપ્યું અને કહ્યું:—"આ તાવીજ તમારી વહુના ગળામાં બાંધો. રામ રક્ષા કરશે."

આટલું કહી તે ભેટ લઇને ચીપીઆનો અવાજ કરતો કરતો પોતાના સ્થાન તરફ ચાલતો થયો. તરતજ દાદીએ બાવાના તાવીજને વહુને ગળે બાંધ્યું. આટલા બધા ઉપાયો થયા છતાં રોગીના કષ્ટમાં તો સહેજ પણ તફાવત પડયો નહિ. બાવાના ગયા બાદ વીરેન્દ્રને જેમ તેમ ક-રીને ઉંઘ આવી.

૫

વીરેન્દ્રના સૂતા બાદ એક કલાક વીત્યો નહોતો એટલામાં એકા-એક ઘણા ઉચ્ચ સ્વરે આક્રંદ સંભળાયું. વીરેન્દ્ર ચમકયો અને તરતજ ઉઠીને ઘરમાં ગયો. અંદર જઈને જોયું તો તેને રોગીની દશા અત્ય ત શોચનીય લાગી. રોગી (સ્ત્રી) ને તેના શરીરનું ભાન નહોતું. તેની સામે માંસ અને રૂધિરના ઢગલા પડયા હતા. દાદીમા ઉચ્ચ સ્વરે રૂદન કરતાં હતાં:–"વહુ! હવે હું તારા વિના આ જીંદગી કેવી રીતે પૂરી કરીશ? તું મારી વૃદ્ધાવસ્થાનો આશરો હતી. હવે મને લોટી ભરીને કોણ પાણી પાશે?" બીજી બાજુએ ગોમતીની મા ઉચ્ચ સ્વરે રૂદન કરતી હતી અને કહેતી હતી:–"તમારી માને કાંઇ કહેવું છે? દીયરને તાર કરૂં?" માતાનું નામ સાંભળતાંજ રોગીની આંખમાંથી અશ્રુની ધારાઓ વહેવા લાગી; કારણ કે આ સંસારમાં માતૃપ્રેમથી અધિક કોઇ પ્રેમ નથી એ નિર્વિવાદ છે. દીયરનું નામ અર્થાત્ તેના પતિનું નામ સાંભળી તેને ચૈતન્ય આવ્યું અને તેણે સાલ્લાનો છેડો પોતાના મોઢાપર નાખ્યો જે થોડાજ સમયમાં આં-સુથી ભીજાઈ ગયો. હવે વીરેન્દ્રથી રહેવાયું નહિ. તેણે અંદર જઇ સર્વ સ્ત્રીઓને કહ્યું:–"અહીંથી ખસો." બાદ તે બહાર આવ્યો, એક પાડોશીની બાઇસીકલ લઇને તે દવાખાને ગયો અને જલદીથી એક લેડી ડૉકટર અને એક હિંદુ ડૉકટરને લઈ તે પાછો આવ્યો; જો કે દાદીમા વીરેન્દ્રના આ કાર્યથી અસંતુષ્ટ થયાં હતાં તોપણ વીરે-

ન્દ્રે તેની કાંઇ પણ દરકાર રાખી નહિ. ડૅાકટરે રોગીને તપાસીને કહ્યું:- “ રોગ વધી ગયો છે તમારે અત્યાર આગમચ કોઇપણ ડૅાકટરની સલાહ લેવી યોગ્ય હતી. તમે નાહક વિલંબ કર્યો છે, પણ ઇશ્વર માલિક છે.” આટલું કહીને ડૅાકટરે એક શીશીમાંથી દવા કહાડી રોગીને માથે ચોપડી. આથી દરદીને ચૈતન્ય આવ્યું. ચૈતન્ય આવતાં-જ તેને બીજા પલંગપર સૂવાડી બીજા ઓરડામાં લઇ જવામાં આવી. લૅડી ડૅાકટર આખી રાત રોગી પાસે રહી ને તેને યોગ્ય સમયે દવા આપતી હતી. પ્રાતઃકાળ થતાં લેડી ડૅાકટર ચાલી ગઇ અને પછી દરરોજ તે દિવસમાં એકવાર આવતી હતી. આવી રીતે લગભગ પંદર દિવસ વીત્યા બાદ રોગીને આરામ થયો.

ભારત–ભગિનીઓ ! તમારો આવા દુષ્ટોના ફંદામાં ફસાઇને ક્યાં સુધી હાનિઓ વેઠવાનો વિચાર છે ? પ્રતિવર્ષ જયાં ત્યાં આવાં ઉદાહરણો જોવામાં આવે છે, પરંતુ અજ્ઞાનતા તમારો કેડો મૂકતી નથી. યાદ રાખો કે રોગની ચિકિત્સા માત્ર ઓષધિથીજ થઇ શકે છે. ભૂત–પ્રેત બતાવનાર ઠગોના ફંદામાં ફસાઇ જઇ રોગીના જીવનપર કુહાડો ચલાવવો એ પોતાના હાથેજ પોતાના પગપર કુહાડા મારવા જેવું છે.

ચતુર્ભુજ સહાય ચતુર્વેદી.

૧૪—મૂર્ખ સ્ત્રી.

રમાનો સ્વભાવ કુટિલ છે. તે હરહમ્મેશ તેના પતિ સાથે ઝઘડો કરે છે. રમાનો પતિ દર મહિને ૫૦ રૂપીઆ કમાય છે. રમા દરરોજ પતિના ખીસામાંથી કંઇ ને કંઇ ચોરે છે અને પતિને હાડમારીમાં રાખે છે. તેના પતિને જ્યારે જરૂર પડે છે ત્યારે તે તેને એક કોડી પણ આપતી નથી અને તેની સાથે ઝઘડો કરે છે; તે બિચારો જેમ તેમ કરી તેનું કામકાજ ચલાવી લે છે.

એક દિવસે એક સ્ત્રી રમાની પાસે આવી અને તેને કહ્યું:— "રમા બ્હેન, મારા દુઃખની શું કથની કહું? મારા ઘરનાં સર્વ માણસો મારી સાથે લડે છે. મને ઘણું દુઃખ છે. મારાપર દયા કરી મને પાંચ રૂપીઆ આપો. અલ્પ સમયમાંજ હું તમારા રૂપીઆ વ્યાજસહિત પાછા આપીશ. રૂપીએ બે પૈસા વ્યાજ આપીશ." રમાને તેની વાતપર વિશ્વાસ આવ્યો. તરતજ તેણે તે સ્ત્રીને પાંચ રૂપીઆ આપ્યા; તે સ્ત્રી રૂપીઆ લઇ ઘેર ગઇ.

એક મહીના પછી તે સ્ત્રી રમાને પાંચ રૂપીઆ મુદલ અને વ્યાજના અઢી આના આપી ગઇ.

થોડા દિવસ પછી તે સ્ત્રી ફરીથી આવી અને રમાને કહેવા લાગી—"બ્હેન, તમે જાણો છો કે મને કોઇની કોડી ઓળવવી ગમતી નથી. જ્યાં સુધી હું ઋણમાંથી મુક્ત થતી નથી ત્યાં સુધી મને ઉંઘ આવતી નથી." રમા બોલી:—"હા, તમારો સ્વભાવ બહુ સારો છે. જ્યારે કામ પડે ત્યારે બેલાશક દશ વીશ રૂપીઆ લઇ જજો."

તે સ્ત્રીએ કહ્યું–:'દશ વીશજ નહિ પણ આજે તો મને ૫૦ રૂપીઆની આવશ્યક્તા છે. જો તમે મને એટલી રકમ ધીરશો તો હું તમને દર રૂપીએ એક આનો વ્યાજ આપીશ." તરતજ રમાએ તે સ્ત્રીને ૫૦ રૂપીઆ ગણી આપ્યા. તે રૂપીઆ લઇ ઘેર ગઇ. થોડા સમય પછી તે સ્ત્રી પાછી રમા પાસે આવી અને કહેવા લાગી:–"બ્હેન, તમે બહુ ઉતાવળાં છો. આજે તમે મને ૫૦ ને બદલે ૫૧ રૂપીઆ આપ્યા હતા. લો તમારો રૂપીઓ. કોઇ નાદાન માણસ હોત તો તમારો રૂપીઓ ઓળવત." રમાએ તેના હાથમાંથી રૂપીઓ લીધો અને મનસ્વીપણે કહ્યું:–"આ સ્ત્રી ઘણી પ્રામાણિક છે. તેને કોઇની હરામની વસ્તુ ખપતી નથી."

થોડા દિવસ બાદ તે સ્ત્રી રમાની પાસે આવી અને તેણે રમાને ૫૦–રૂપીઆ મુદ્દલ અને ૫૦ આના વ્યાજના આપ્યા અને કહ્યું:–"બ્હેન, તમારા રૂપીઆ ગણી લો, જ્યારે મને જરૂર પડશે ત્યારે હું ફરીથી લઇ જઇશ." રમાએ કહ્યું:–"આટલી બધી ઉતાવળ શું કરવા કરો છો? જરૂર હોય તો પાછા લઇ જાઓ. તમારી પાસે હશે તે મારી પાસેજ છે." સ્ત્રીએ કહ્યું:–"વારૂ, તમે કહો છો ત્યારે હું થોડા દિવસ માટે આ રૂપીઆ પાછા લઇ જાઉં છું, પણ આજે તમારૂં એક કામ પડયું છે." રમાએ કહ્યું:—"કહો શું કામ છે? બોલો". સ્ત્રીએ કહ્યું:–"મને બીજા પચાસ રૂપીઆની આવશ્યક્તા છે; અને મારા એક સગાને ત્યાં લગ્નપ્રસંગ છે તેથી મારે ત્યાં જવાની પણ જરૂર છે, માટે જો ચાર દિવસને માટે તમારાં ઘરેણાં આપો તો હું લગનમાંથી પાછી આવીને તરતજ તમારાં ઘરેણાં પાછાં આપી જઇશ." રમાએ ખુશી થઇ પચાસ રૂપીઆ અને પોતાનાં સર્વ આભૂષણો તે સ્ત્રીને આપ્યાં.

લગભગ બે મહીના વહી જવા છતાં તે સ્ત્રી આભૂષણો કે રૂપીઆ આપવા આવી નહિ; ત્યારે રમાને ઘણી ચિંતા થઇ. એક

દિવસે રમા પૂછતી પૂછતી તે સ્ત્રીને ઘેર જઇ પહોંચી અને તેણે તે સ્ત્રી પાસે રૂપીઆની અને આભૂષણોની માગણી કરી. તે સ્ત્રી વિકરાળ સ્વરૂપ કરી રમા તરફ દોડી અને કહ્યું:–" લુચ્ચી ! બદમાશ ! ! તેં કોને ઘરેણાં આપ્યાં છે ? કોઇને ગળે પડવા આવી છે ?" આમ કહી ધક્કો મારીનેજ તેણે રમાને ઘરમાંથી બહાર કહાડી મૂકી અને કહ્યું:– " જો ફરીથી અહીં આવી તો ટાંટીયાજ ભાગી નાખીશ. " રમા તો આ બધું સાંભળીને અને જોઇને એવી ડરી ગઈ કે કાંઇ પણ બોલી શકી નહિ અને પોતાના કર્ત્તવ્ય માટે પસ્તાવો કરતી કરતી ઘેર આવી. ધીમે ધીમે તેના પતિને આ સર્વ વાતની ખબર મળી. તે બિચારો સીધો અને સરળ આદમી હતો એટલે તેણે રમાને કાંઇ કહ્યું નહિ. નહિ તો તો રમાની શી વલે થાત તે કહેવું અશક્ય છે. તેણે રમાને નીચે પ્રમાણેની શીખામણ આપીનેજ સંતોષ માન્યો:—

(૧) કોઇ અજ્ઞાન આદમીને તમારે ઘેર આવવા દેશો નહિ; અને કદાચ આવવા દો તો એકદમ તેનાપર વિશ્વાસ કરશો નહિ.

(૨) વ્યાજનો લોભ કરી ચોરી-છુપીથી કોઇને કોઇ વસ્તુ આપશો નહિ.

રમાના પતિની ઉપલી બે શીખામણો સાથે અમે પણ મળતા થઈ વિશેષમાં જણાવીશું કે ઘરમાંથી ચોરી કરીને અથવા બીજી કોઇ પણ રીતે ધણીથી છાના પૈસા ભેગા કરવા એ મહાપાપ છે. ઉપલી વાર્તામાં કહ્યું તેમ તેનું પરિણામ ઘણે ભાગે તો " ચોરીનું ધન એળે જાય, પાપી હાથ ઘસતો થાય " એવુંજ આવે છે; છતાં કદાચ છેવટ સુધી એ પૈસા બચી રહ્યા અને મરતી વખતે પુત્ર-પુત્રીઓને સોંપવા પડયા તોપણ ચોરી કરવાનું પાપ તો ચોટેલુંજ રહે છે. વળી એથી તેમ કરનારની પુત્રીઓ તથા વહુઓ પણ દેખાદેખીથી પોતપોતાના ઘરમાંથી એવી ચોરી કરતાં શીખે છે.

જહુર બખ્શ માસ્તર.

૧૫—પત્નીની વીરતા.

ઘોર અંધારી રાત્રિ છે, આકાશ સ્થિર છે, સાગર પણ સ્થિર છે. આવી ગાઢ શાંતિનો ભંગ કરતી 'ટાઇટેનિક' નામે બહુ મોટી આગબોટ રાત્રિના અગીઆર વાગે ઇંગ્લાંડથી અમેરિકા તરફ પ્રયાણ કરી રહી છે, આકાશ વાદળાંથી છવાઈ ગયું છે. કોઈ કોઇ વખત આકાશમાં નક્ષત્ર ચમકે છે. સમુદ્ર શાંત છે. નાની નાની લહેરો એક અથવા બીજી બાજુથી આવી એકમેકની સાથે અથડાઇ પડે છે. જળ ઉંચે ઉછળી ઉછળીને પાછું નીચે પડે છે અને તે અગાધ—અપરિમિત એટલાંટિક મહાસાગરના જળમાં મળી જાય છે. જાણે કે આ લહેરો યાત્રીઓને 'તમારી અમેરિકા પહોંચવાની આશા અમારા જેવી વૃથા છે' એવું સૂચન કરતી હોય એમ લાગે છે.

* * * * *

એટલાંટિક મહાસાગરની ઉક્ત સૂચના સર્વેએ સાંભળી. નક્ષત્રોએ તે સૂચના સાંભળી, પરંતુ તેમણે હસવામાં કાઢી નાખી; જાણે કે નક્ષત્રોએ કહ્યું કે—"અરે! તું ટાઇટેનિકને શું કરવા શક્તિમાન છે?" વાદળાંઓએ સાંભળી અને જાણે કે તેઓએ સાગરની વાતનું સમર્થન કર્યું હોય તેવી રીતે ગંભીરતા ધારણ કરી. વાયુએ સાંભળી એટલે તે જાણે કે ટાઇટેનિકની ભાવી દુર્દશા માટે રડતો હોય તેમ મંદ ગતિથી ચાલવા લાગ્યો. હવે આપણે જોઇએ કે વહાણે એ સૂચન સાંભળ્યું કે નહિ?

જુઓ, સેંકડો સ્ત્રી—પુરૂષ નિદ્રાદેવીના સુખશાંતિમય ખોળામાં

વિશ્રામ કરી રહ્યાં છે, માત્ર એકાદ બે ઓરડાઓમાં કેટલાંક નરનારી પાનાં ઇત્યાદિની રમતો રમી નિદ્રાદેવીનું અપમાન કરી રહ્યાં છે.

જુઓ, આ ઓરડામાં આ બે આત્મા સુખથી સૂતા છે. હા ! થોડા સમય પછી શું થશે એતો એ જગદાધાર જગદીશ્વર સિવાય બીજું કોણ જાણી શકે ?

સૂતેલા બે આત્માઓમાં એક યુવક અને એક યુવતી છે. બન્નેની અવસ્થા આશરે ૨૦–૨૫ વર્ષથી અધિક નહિ હોય. યુવકનું નામ મિસ્ટર ડાયમંડ છે, તે ઇંગ્લાંડના એક જમીનદારનો પુત્ર છે. કોઈ વિશેષ કાર્યવશાત્ તે ન્યૂયૉર્ક ગયો હતો, ત્યાંજ તે યુવક તથા યુવતી લગ્નગંથિથી જોડાયાં હતાં. એ પછી તેઓ ઇંગ્લાંડ આવ્યાં હતાં, ત્યાં કેટલોક સમય રહીને ક્ષણભંગુર ટાઇટેનિકપર સ્વાર થઈ અમેરિકા તરફ જવા નિકળ્યાં છે. અહા ! કેવી પ્રગાઢ નિદ્રા ! કેવાં સુંદર, સરળ મુખમંડળ ! કેવાં સુકુમાર અંગો !

* * * *

આવી રીતે થોડો સમય પ્રગાઢ નિદ્રામાં રહ્યા પછી યુવતી એકાએક ઝબકીને ઉઠી, આંખો ઉઘાડી બારણા તરફ જોયું અને પાછી આંખો બંધ કરી દીધી, પણ ઉંઘ આવી નહિ. તેણે એકવાર ફરીથી આંખો ઉઘાડી તેના પ્રિય પતિ તરફ જોયું અને ઉઠવાનો પ્રયત્ન કરવા લાગી. જે મુસાફરો પહેલીજવાર દરિયાની મુસાફરી કરે છે તેમને ઉંઘમાંથી ઉઠતી વખતે ઘણીજ અશક્તિ લાગે છે. તે યુવતી પણ ઉઠવા લાગી ત્યારે તેના પગ ડગમગવા લાગ્યા. તરતજ તેણે દિવાલ પકડી લીધી તોપણ તે પડી ગઇ. હાથે બાંધેલું સોનાનું બ્રેસલેટ–વૉચ પાસે પડેલા ટેબલની સાથે અથડાવાથી અવાજ થયો; એટલે મિસ્ટર ડાયમંડની પણ આંખ ઉઘડી ગઇ. તેણે ઉઠી યુવતીને ઉઠાડી અને તેના પડવાનું કારણ પૂછ્યું પણ યુવતીએ કાંઇ જવાબ આપ્યો નહિ.

આવા શાંત ભાવમાં કેટલીક સેકંડો વીતી ગઇ. અંતમાં યુવતી બોલી:—" મેં આજે એક મોટું ભયાનક સ્વપ્ન જોયું છે. આપણે એક ભાંગેલી નૌકાપર ચઢી કોઇ દૂર દેશની જાત્રા કરી રહ્યાં છીએ. ચારે બાજુ ભયાનક ચૂપકીદી વ્યાપી રહી છે. કોઇ પણ સ્થળેથી કશોજ અવાજ સંભળાતો નથી. સખ્ત પવન આવવા લાગ્યો. પ્રથમ તો માત્ર સાગરનું જળ કંપાયમાન થયું, અને તે પછી......મોટી મોટી.........લહેરો ઉઠવા લાગી. અંતે એક બહુજ મોટી લહેરમાં પડી આપણે બન્ને..........." આટલું બોલી તે યુવતી થોડી વાર થોભી, તેનો કંઠ રૂંધાઇ ગયો; તેણે અશ્રુપૂર્ણ નેત્રોએ પતિ તરફ જોયું અને કહ્યું:—"..............આપણે તો અપાર જળમાં ડૂબી ગયાં છીએ..............." યુવક કંઇક દુઃખ અને હાસ્યભર્યા સ્વરમાં 'હું' કહી ચૂપ રહ્યો.

અલ્પ સમય બાદ તે યુવતી સોફાપર સૂતી અને તેને નિદ્રા આવી ગઈ. આ જોઇને યુવક પણ અશાન્ત ચિત્તે સૂઈ રહ્યો.

"ટક્કર"! કેટલાએ સ્ટીમરના કામદારોના મુખમાંથી નીકળતા આ શબ્દે શાંતિના રાજ્યમાં કોલાહલ મચાવી દીધો. એક ક્ષણમાંજ લોકો આમ તેમ દોડવા લાગ્યાં. યુવક પણ અશાંત ચિત્તે શીઘ્રતાપૂર્વક બહાર આવ્યો. બહાર આવી તેણે જે કાંઈ જોયું તેનો તેને સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નહોતો. તેણે જોયું કે સ્ટીમરનો પંખો તુટી ગયો છે, સ્ટીમરની પાસેજ ઉજ્જવળ બરફના પહાડ જેવી કોઇ વસ્તુ લહેરોદ્વારા પાણીમાંના પોતાના પ્રતિબિંબને કંપાયમાન કરી રહી છે, અને વહાણમાં એક સ્થળેથી બે ફીટ જેટલી મોટી જળધારા શત્રુની માફક પ્રવેશ કરી રહી છે! અર્ધ રાત્રિના સમયે સ્ટીમર ઉપર ઘોર કકળાટ થઇ રહ્યો. મિસ્ટર ડાયમંડે આકાશ તરફ જોયું તો ત્યાં પણ ઘોર અંધકાર વ્યાપી રહેલો હતો. શીતળ વાયુ

સન સન કરતો ફૂંકાતો હતો. "આજે શું થશે?" એ વિચારથી યુવકનું હૃદય કંપી ઉઠ્યું.

* * * * *

બચાવનાં હોડકાંઓ સાગરમાં ઉતારવામાં આવ્યાં. વાયરલેસ ટેલીગ્રાફીદ્વારા સહાયતાને માટે ખબરો મોકલવામાં આવી અને કેટલાંક બિનઅનુભવી મનુષ્યો પંપદ્વારા જળ કાઢવાનો અસંભવિત યત્ન કરવા લાગ્યાં. મોટા મોટા વૈજ્ઞાનિકોએ મગજમારી કરી પણ કાંઇજ સારૂં પરિણામ આવ્યું નહિ.

* * * *

પતિપત્ની બંને ઉતરવાના સ્થાન આગળ આવી પહોંચ્યાં. મિસ્ટર ડાયમંડે કહ્યું:–"દેવિ! જાઓ. પ્રાણ બચાવો............મારા સંબંધીઓને મારા પ્રણામ કહેજો.................અને મારી એક પ્રાર્થના હતી......" આટલું કહેતાં કહેતાં તેનો કંઠ રૂંધાઇ ગયો. આંખોમાંથી પ્રબલ અશ્રુધારાઓ વહેવા લાગી. તેની વીર પત્નીએ કહ્યું:–"તમે શું કહો છો? શું તમે એમ માનો છો કે હું તમને છોડીને એકલીજ જઇશ? આવો, આપણે બન્ને મૃત્યુ–દેવીના ખોળામાં સુખથી મહા નિદ્રાનો અનુભવ લઇએ; કે જેમાંથી પછી ઉઠવું પડનાર નથી............" મિસ્ટર ડાયમંડે કહ્યું:–"શોક માત્ર એટલોજ છે કે આપણા બન્નેના ભાગ્યમાં સુખ ભોગવવાનું લખ્યું નથી.........
...ખેર............ઇશ્વરેચ્છા........." એટલામાંજ સ્ટીમરમાં છેવટનું બેંડ વાગ્યું. સર્વ મનુષ્યો એકસ્વરથી ઇશ્વરનું સ્મરણ અને મૃત્યુનું આવાહન કરવા લાગ્યાં. જોતજોતામાં ટાઇટેનિકનો અર્ધો ભાગ જળમગ્ન થઇ ગયો અને બાકીનો ભાગ પણ જલદીથી સાગરના ગર્ભમાં સમાવા લાગ્યો. તુતકપર પણ જળ ફરી વળ્યું અને એક મોટા અવાજ સાથે ટાઇટેનિક સ્ટીમર તેમાંનાં મનુષ્યો તેમજ

મનુષ્યોની રહી સહી આશાઓને સાથે લઈ વિલીન થઇ ગઈ! વાંચક! ઉક્ત પતિ પત્નીરૂપ બે દિવ્ય પ્રાણી પણ એની સાથેજ આ જગતમાંથી સદાને માટે જતાં રહ્યાં, પરંતુ પોતાની દિવ્ય કહાણી-રૂપી અમૂલ્ય વારસો બચેલાં મનુષ્યોદ્વારા આ જગતને આપતાં ગયાં; કે જેથી કરીને જગતની કોટયાવધિ સન્નારીઓ આગળ સહધર્મિણીના મહાવ્રતને દર્શાવનારા એક આદર્શ દ્રષ્ટાંતનો વધારો થયો. ધન્ય મિસીસ ડાયમંડ! ધન્ય તારી પતિભક્તિ!

મૂળ લેખક:–નવલબિહારી મિશ્ર.

૧૬—હસવાનું ખસવું!

પાઠકો, આજે અમે આપને ગામડાંની હોળીનું એક એવું હૃદય-વેધક દૃશ્ય બતાવવા માગીએ છીએ કે જે વાંચી રૂંવાંટા ઉભાં થઇ જાય છે, અને મશ્કરીનું અનિષ્ટ પરિણામ દેખાઇ આવે છે. અમને તો આશ્ચર્યજ થાય છે કે સ્ત્રીઓ અને પુરૂષો વચ્ચે મશ્કરી કેવી? કુળ-વાન મનુષ્યો તો કોઇ પણ પરપુરૂષની કે પરસ્ત્રીની મશ્કરી કરવામાં અત્યંત હલકાઇ સમજે છે.

કુંદન નામનો એક આહીર પાસેના એક ગામડામાં—જ્યાં તેની સાસરી હતી ત્યાં—હોળીને ટાંકણે ગયો. સાસરીમાં માત્ર તેનો સાળો અને સાળાએલી બેજ જણ હતાં. તેઓએ કુંદનનું સ્વાગત કર્યું.

હોળીને દિવસે કુંદન અને તેની સાળાએલી બન્ને સારી પેઠે હોળી રમવા લાગ્યાં. રંગ, ગુલાલ, ધૂળ અને કાદવદ્વારા કુંદને તેની સાળાએલીને રંગી; પણ તે શરીરે બળવાન નહિ હોવાને લીધે નણ-દોઇને કાંઇ કરી શકી નહિ અને તેનો ઓરિયો વીત્યો નહિ તેથી તે બીજી રીતે નણદોઇને બનાવવાના ઉપાય ઘડવા લાગી.

બપોરનો સમય થયો, સર્વે જમી પરવાર્યાં. કુંદન એક મોટા વૃક્ષની નીચે ખાટલો નાખી સૂઇ ગયો. તેની સાળાએલી આવો લાગ જોઇ ઘરમાંથી મોટાં મોટાં બે દોરડાં લઈ આવી. કુંદન જાણે નહિ તેવી રીતે તેના દરેક પગે અક્કેક દોરડું બાંધ્યું. પછી તેમાંના એક દોરડાનો છેડો ઝાડ સાથે બાંધ્યો અને બીજાનો છેડો ત્યાં એક ભેંસ બેઠી હતી

તેના પગ સાથે બાંધ્યો. પછી તે જોરથી તાળીઓ પાડી હસવા લાગી અને ભેંસને એક ડફણાથી મારવા લાગી.

પાઠકો, હવે હૃદય કઠણ કરી સાંભળશો ? ભેંસને ડફણાનો માર પડવા લાગતાંજ તે ઉઠીને નાસવા લાગી. તે વખતે–હા ! બિચારા નિરપરાધી કુંદનની ચીસોથી આખું ગામ ચોંકી ઉઠયું અને ઘણા લોકો ગભરાયલે ચહેરે ત્યાં આવી પહોંચ્યા, પણ હવે તેઓનો શો ઉપાય ? કુંદનના તો વચમાંથી બે ટુકડા થયા હતા ! !

ખબર મળતાંજ પોલીસનાં માણસો આવી પહોંચ્યાં અને તપાસ કરી સાળાએલીને જીલ્લાકૉર્ટમાં મોકલી દીધી. ન્યાયાધીશે આવી મશ્કરીપર પોતાનો શોક પ્રકટ કર્યો અને આવી મશ્કરીની ભૂખી સાળાએલીને દ્વીપાન્તરવાસની સજા કરી.

પાઠક બંધુઓ અને બ્હેનો ! હસવાનું ખસવું થઈ જવાનું આ અતિ ભયપ્રદ દ્રષ્ટાંત છે, પરંતુ ઠઠ્ઠા–મશ્કરીમાંથી તેમજ ધીંગા–મસ્તી-માંથી આવાં નહિ તો આથી ઓછાં શોચપ્રદ પરિણામો પણ અનેક જગ્યાએ થવાના બનાવો દરેક ગામમાં પ્રસિદ્ધ હોય છે; માટે એવી મૂર્ખતાભરી રમત અને ઠઠ્ઠા–મશ્કરીથી સદા દૂરજ રહેજો, અને તમારાં સંતાનોમાં પણ એવી મૂર્ખતાનાં ખરાબ પરિણામ આ વાત સંભળા-વીને ઠસાવજો.

મૂળ લેખક:-લક્ષ્મીનારાયણ ગુપ્ત.

૧૭-સુશીલ વહુ.

ફિરોજપુરમાં પંડિત કૈલાસનાથ નામે એક બ્રાહ્મણ વકીલ રહેતો હતો. તેને ચાર સંતાન—ત્રણ પુત્ર અને એક પુત્રી—હતાં. મોટા પુત્રનું નામ રામકૃષ્ણ અને પુત્રીનું નામ કમળા હતું. રામકૃષ્ણ અને ગોપાળ કૃષ્ણ બન્નેની સ્ત્રીઓ પણ બહુજ સુશીલ હતી. કૈલાસનાથની ધર્મપત્નીમાં ઝાઝી અક્કલ નહિ હોવાથી તેની પુત્રી કમળા પણ વધારે બુદ્ધિવાન ન હોય એ સંભવિતજ હતું. કૈલાસનાથના સર્વથી નાના પુત્ર હરિકૃષ્ણનાં લગ્ન બિજનોરના વિદ્યાપ્રકાશની પુત્રી પદ્માવતી સાથે થયાં હતાં. પદ્માવતી અતિ સુશીલ અને સુંદર હતી. તેની ઉમ્મર માત્ર પંદર વર્ષની હતી, પરંતુ આટલી નાની ઉમ્મરમાં તેણે સર્વ પ્રકારની વિદ્યા અને સદ્દગુણ સંપાદન કર્યા હતા. તેણે સાસરીમાં આવતાંની સાથેજ સર્વને પોતાના સદ્દગુણોથી પ્રસન્ન કરી દીધાં હતાં. બાબુ કૈલાસનાથની વ્યવસ્થાનું કાંઇ ઠેકાણું નહોતું. ઘરનું સર્વ કામ તેમણે દાસ—દાસીઓ ઉપરજ મૂકી દીધું હતું; જેથી તે લોકો ખૂબ લૂંટ ચલાવતાં હતાં. પદ્માવતીએ ઘરની અંધાધુંધી જોઇ સર્વ કાર્યોમાં સુધારો કરવાનો વિચાર કર્યો. પ્રાતઃકાળ થતાંજ તે સર્વથી પહેલી ઉઠી અને તેણે ઘરમાંથી કચરોપુંજો કાઢયો, રસોડામાં સાફસુફ કરી ચુલો સળગાવ્યો. ત્યાર બાદ તેણે સ્નાન, ધ્યાન, પાઠ વગેરે આટોપી લઇને દૂધ તૈયાર કરી સર્વને આપ્યું. સાસુજીના ખાટલા આગળ પણ દાતણ, ગરમ પાણીનો લોટો તથા ગરમ દૂધની વાટકી મૂકી દીધી. સાસુજી જાગૃત થતાં સર્વ કામ તૈયાર જોઇને ઘણાંજ પ્રસન્ન થયાં. તેમણે નોકરોને પૂછયું:—"આ સર્વ

કામ–કાજ કોણે કર્યું? રામા! તને આટલો બધો વહેલો ઉઠવાનું કોણે શીખવ્યું?" આ સાંભળતાંજ પદ્માવતીએ કહ્યું:–"આ સર્વે લોકો દિવસ ચઢી જાય ત્યાં સુધી સૂઇ રહે છે અને તેથી કરીનેજ રસોઇ થવામાં વાર લાગે છે: જેથી આજે મેંજ સર્વે કામ કર્યું છે અને હવે પછી પણ હું કર્યા કરીશ." સાસુજીએ કહ્યું:–"ના, ના, વહુ! હજુ તારૂં કોમળ શરીર ઘરનાં કામ કરવા યોગ્ય નથી. પરમાત્માની કૃપાથી આપણે ઘેર નોકર–ચાકરનો ટોટો નથી." પદ્માવતીએ ઉત્તર આપ્યો:–"હું પણ તમારી દાસીજ છું. વડીલોની સેવા કર્યા સિવાય હું સ્વર્ગનો લાભ કયારે મેળવીશ? ઘરનું કામકાજ કરવું એ તો મારો ધર્મ છે." પછી પદ્માવતીએ જેઠાણીઓ અને નણંદના તરફ જોઈને કહ્યું:–"અમારૂં–વહુ દીકરીઓનું–કોમળ શરીર, ઘરનું કામકાજ કરીએ ત્યારેજ શોભે છે. નહિ તો એવું શરીર શા કામનું? નોકરો ગમે તેટલા હોય, તોપણ આપણા જેવું કામ તેમનાથી બનતું નથી. ભલે, બહારનું અને જોઈતી વસ્તુઓ લાવી આપવાનું કામ તેઓ કરે. જાતે કામ કરવાથી શરીર સારૂં રહે છે અને બિગાડ ઓછો થાય છે. જે સ્ત્રીઓ કામકાજ કરતી નથી અને નકામી બેસી રહે છે તેનામાં આળસ વધે છે અને પછી અનેક રોગો થાય છે." આ સાંભળી મોટી જેઠાણીએ કહ્યું:–"ખરી વાત છે, હું પણ મારાથી બનશે તેટલું કામ જાતેજ કરીશ." બીજી બોલી:–"હું પણ તમે જે કામ સોંપશો તે કરીશ." કમળાએ કહ્યું:–"ભાભી! તમે તો સર્વે કરતાં ચતુર નીકળ્યાં! બધાંય તમારા કહેવા પ્રમાણે કરવા તૈયાર થઇ ગયાં!" પદ્માવતીએ બહુજ વિનયથી ઉત્તર આપ્યો:–"એ તો સર્વે તમો મોટાંની મોટાઇ છે. તમે સર્વે મારાં વડીલ હોવાથી તમારી સર્વેની આજ્ઞા પ્રમાણે ચાલવું એજ મારો ધર્મ છે."

આટલું સાંભળી સાસુજી બોલી:–"ના, એમ કેમ કહેવાય?

વયમાં મોટું તે મોટું નહિ પણ બુદ્ધિમાં મોટું હોય તેજ મોટું છે.” પદ્માવતીએ ઉત્તર આપ્યો:–“જો આપની આજ્ઞા હોય તો અમે સર્વે મળીને ઘરનાં એક એક કામ વહેંચી લઈએ. મારાં મોટાં જેઠાણી રસોઇ વખતે સર્વે સામગ્રી તૈયાર કરે. બીજું કોઈ તે તૈયાર કરવા જતાં લોટવાળા હાથે અથાણું કાઢે તો અથાણું બગડી જાય. બળતણ, તેલ, દાણા, ઘાસ વગેરેની ચાવી આપની પાસે રહે, અને દાસ–દાસીઓ આપની દેખરેખ નીચે ઘઉં વગેરે ઝાટકી સાફસુફ કરીને દળવા સારૂ લે; તથા પાછા લેતી વખતે તમે જુઓ કે તે બરાબર છે કે નહિ. પછી બીજાં વચલાં જેઠાણી ઘરનાં વાસણ કુસણ, ઘરેણાં, લુગડાં, ગાદલાં, પલંગ, પેટી, તંબુ વગેરે સામાનની નોંધ કરી લે; અને કાંઈ તુટયું ફુટયું હોય, અથવા કાંઇ નવું બનાવવું હોય તેની ખબર માતાજી–સાસુજીને આપે, તથા દાસી વાસણ માંજીને ઘરમાં લાવે ત્યારે તે બરાબર છે કે નહિ તે તપાસી જુએ. ઘરમાંથી કોઇ કંઇ વસ્તુ ઉછીની લઇ જાય તો તેની નોંધ પણ તે રાખે, અને યાદ રાખીને તે મંગાવી લે. જો તમારી સર્વેની આજ્ઞા હોય તો જે પદાર્થ ઘરમાં આવે જાય તેનો હિસાબ હું રાખું; અને બજારમાંથી ખરીદી લાવવામાં નોકરો ખાયકી કરે છે તે ન થવા દઉં.” ત્યારે સાસુએ કહ્યું:–“બહુ સારૂં. પરમાત્માએ અમારા ઉપર અનુગ્રહ કરી તારા જેવી ચતુર અને ભાગ્યશાળી વહુ અમને આપી છે. ઈશ્વર કરશે તો હવે ઘર સારી રીતે ચાલશે અને સર્વે પોતપોતાનું કામ પુરતી કાળજીથી કરશે.” પદ્માવતીએ કહ્યું:–“રામાને કહેજો કે હવેથી બજારમાંથી જે કાંઈ સામાન લાવે તેનો આંકડો લેતો આવે; અને આજ સુધીમાં જે કાંઇ સામાન લાવ્યો છે તે કોને ત્યાંથી લાવ્યો છે તેનું નામ આપે.”

રામો સમજી ગયો કે વહુ ઘણી હોશિયાર અને ચતુર છે. હવે અમારે ઉચાપત કરવાનું જતું રહ્યું. શેઠાણીએ તેને આંકડા લેતા

આવવાનું કહ્યું ત્યારે તેણે ઘણાં બહાનાં બતાવ્યાં. તેણે કહ્યું કે તમારો મારા ઉપરથી વિશ્વાસ ઉડી ગયો ? આજ સુધીમાં મેં તો કોઇ વખત છળ-કપટ કર્યું નથી. કદાચ તમને મારા માટે વહેમ આવ્યો હોય તો બજારમાં જેને સાઠ રૂપિયા આપવાના ચડયા છે તેને બદલે પચાસ રૂપિઆ આપો. એક વખત મારી પાસેથી દશ રૂપીઆ ઉમેરી વેપારીઓના હિસાબ ચૂકાવી આપીશ, અને હવે તમે તમારી નજરમાં આવે તેની મારફતે સરસામાન મંગાવી લેજો.

આ સાંભળી પદ્માવતી સમજી ગઇ કે દાળમાં કંઇક કાળું છે. બાદ તેણે સાસુજીને કહ્યું:—"તેને કહો કે સાઠને બદલે પચાસ આપવાની શું જરૂર છે ? જેટલા રૂપીઆનો સામાન આવ્યો છે તેટલા બધાજ રૂપીઆ આપવામાં આવશે; પણ જેને ત્યાંથી તે સરસામાન લાવે છે તેના નામની આપણને જરૂર છે." ગોવિંદ બોલ્યો:—"નાની શેઠાણી, મારાપર શા માટે ગુસ્સે થાઓ છો ? લો, તમારૂં ઘર ભરો, તમારી હવેલી કરો, મારે કાંઈ પણ જોઇતું નથી." એમ કહી તે જતો રહ્યો અને તેણે ફરીથી મોઢું બતાવ્યું નહિ.

પદ્માવતી બોલી:—"સાસુજી ! જોયું ? કેવો દુષ્ટ ! સાઠ રૂપીઆ ઉચાપત કરવા માગતો હતો. કદાચ બજારનું દેવું ખરૂં હોત તો તે નોકરી છોડી શા માટે જતો રહે ?" સાસુએ જવાબ આપ્યો:—"એ લોકો તો આવી રીતે લૂંટતાજ આવ્યા છે. તારા જેવી—લક્ષ્મી જેવી-વહુ ઘરમાં આવી તેથી મારૂં ઘર કુબેર ભંડારીના જેવું લાગે છે. તારી કાર્ય કુશળતા જોઇ મારી ખાત્રી થાય છે કે તું ઘરનો પ્રબંધ સારી રીતે કરીશ. ઇશ્વર તને અખંડ સૌભાગ્ય આપે. સાંભળ, વહુ એક વખતે રામચંદ્રજીના મંદિરમાં કથા થતી હતી તે વખતે મેં એવું સાંભળ્યું હતું કે સ્ત્રી ઘરની લક્ષ્મી છે. જે સ્ત્રી ઘરનો પ્રબંધ સારી રીતે કરે છે, જેનાં સાસુ સસરા સદૈવ પ્રસન્ન રહે છે, જેના રાજ્યમાં નાના

મોટા નોકર અને ઘરનાં સર્વ માણુસો આનંદમાં કાળ નિર્ગમન કરે છે, જેનો સ્વામી સદા પ્રસન્ન રહે છે, જેના ઘરમાં કજીઓ-કંકાસ થતો નથી અને જેના મુખમાંથી કોઇ પણ સમયે કટુ વચન નીકળતાં નથી એજ સ્ત્રી છે. પુરૂષ કાંઇ કાર્ય કરે તો સ્ત્રીને પૂછીને કરે, અને સ્ત્રી નાનું મોટું કાંઇ પણ કાર્ય કરે તો તેના પતિની આજ્ઞા લઇનેજ કરે. પુરૂષે સ્ત્રીના પ્રેમને હૃદયમાં સ્થાન આપી તેને કદી પણ ભૂલવી નહિ; અને સ્ત્રીએ મનથી એમજ સમજવું કે પતિજ તેનો ઇશ્વર, દેવી, દેવતા, તીર્થસ્વરૂપ અને સર્વસ્વ છે. જે સ્ત્રીથી તેનો પતિ પ્રસન્ન રહે છે તેને વૈકુંઠધામ મળે છે. જે જે વાતો મેં કથામાં સાંભળી હતી તેવીજ પુત્રવધૂ કૃપાળુ પરમાત્માએ મને આપી છે. પરમાત્મા કરે ને તારા જેવી કુશળ વહુઓ સર્વેને મળે."

પ્રિય વાચક બંધુઓ અને બ્હેનો, તમે પણ પોતાના કુટુંબમાંની કન્યાઓને, બ્હેનોને અને પુત્રવધૂઓને એવીજ કેળવણી આપવાનો નિશ્ચય કરો કે જે કેળવણીવડે તેઓ સર્વ પદ્માવતીના જેવી કુશળ અને પવિત્ર બને.

મૂળ લેખકઃ-પં. દીનદયાળ તિવારીની પુત્રી.

૧૮—આદર્શ નારીરત્ન.

૧

આ વાર્તાની હકીકત તદ્દન સત્ય છે; આ વાત બન્યાને આજ કાલ કરતાં દશ અગીઆર વર્ષ થયાં છે. જે વખતે આ ઘટના બની તે વખતે મારી ઉમ્મર બાર વર્ષની હતી; મારા રહેવાના ઘરની સમીપમાંજ આ ઘટના બની હતી. આ વાર્તામાં જણાવેલાં મનુષ્યો ઉચ્ચ કુળનાં છે અને તેમનાં નામ કે સ્થાન આપ્યા વિનાજ હું મારી વાર્તા કહીશ.

કોઈ એક ગામમાં એક ઠાકોર રહેતો હતો તે નામાંકિત જમીનદાર હતો. ભાઈ–ભાંડુઓમાં સંપ પણ સારો હતો. તેની ધર્મપત્ની અત્યંત સુંદર અને પતિવ્રતા હતી. પેટે કાંઇ સંતતિ નહિ હોવાથી કોઇ કોઇ વખત તેનું ચિત્ત ઉદાસ થઇ જતું હતું, પણ તે તેના પતિદેવને તેનું સર્વસ્વ લેખી ચિત્તને પ્રસન્ન રાખતી હતી. છતાં તેનો પતિ અત્યંત મૂર્ખ અને દુરાચારી હતો. સ્ત્રી તેને શીખામણ આપતી, પણ તેનાપર તેની કાંઇ અસર થતી નહિ. એક દિવસ તેની સ્ત્રીએ તેને બહુજ ઠપકો દીધો. તે દિવસે તેના મનમાં કેટલીક અસર થઈ.

ઠાકોરઃ—હું એવું કશું કરતો નથી પરંતુ તને વિશ્વાસ નથી તો ચાલ, આપણે ગંગાજીમાં સ્નાન કરી આવીએ, ત્યાં હું મારા સર્વ બુરા સ્વભાવોને રજા આપીશ.

પતિનાં આ વચનો સાંભળી પત્ની અત્યંત ખુશ થઈ, અને તેણે કહ્યું:–“ વારુ, ચાલો. ”

એટલામાં બહારથી કોઇએ ઠાકોર સાહેબને બૂમ પાડી, તેથી એક લાંબો અને મોટો ' હું–ઉં–ઉં ' અવાજ કરી તે બહાર ગયો. સાંજના વાળુ કર્યા પછી તેણે પત્નીને પૂછ્યું: "કેમ, જવાની તૈયારી કરી છે ને?" જવાબ મળ્યો: "હા."

૨

પ્રાતઃકાળે બન્ને ઉઠયાં, તેમણે નિત્ય–નૈમિત્તિક કાર્ય પરવારી અને જરૂરી સામાન લઈ ઘેરથી પ્રસ્થાન કર્યું. રેલવેદ્વારા તેઓ જઈ શકત પણ બળદગાડી તૈયાર હતી તેમાં બન્ને બેઠાં; તેમની સાથે અન્ય કોઇ હતું નહિ. આખે રસ્તે ઠાકોર ઉદાસ રહ્યો. તેની સ્ત્રી પતિની આ દશા જોઇ ચિંતામાં પડી; પરંતુ કાંઇ બોલી નહિ. તીર્થરાજ પ્રયાગમાં પહોંચી સ્નાન કર્યા પછી ઠાકોરે ગંગાજીમાંથી એક અંજલિ પાણી લઈ પોતાની સ્ત્રી તરફ મોં કરી કહ્યું:–"લે જો, આજે હું મારી કુટેવને તિલાંજલિ આપું છું." આટલું કહી તેણે મનમાં કાંઇ બોલી જળ મૂકી દીધું અને કહ્યું:–"થયું? હવે તારા મનની મુરાદ પાર પડી."

આ જોઇ એ નિર્દોષ પતિવ્રતાને કેટલો આનંદ થયો હશે તેનો વિચાર વાંચકોએજ કરી લેવો.

૩

કેટલાક દિવસ તીર્થયાત્રા કરી બન્ને જણ ઘર તરફ આવવા નીકળ્યાં. આ દરમિયાન ઠાકોર ઘણોજ ખુશ રહેતો અને સ્ત્રી પ્રત્યે ઘણું હેત દર્શાવતો હતો; એથી તે પતિવ્રતાના આનંદની સીમા રહેતી નહિ.

બે દિવસ સીધા સરળ રસ્તે ચાલ્યા પછી ત્રીજે દિવસે તેઓ બન્ને એક ઘોર જંગલમાં જઇ પહોંચ્યાં કે જ્યાં મનુષ્યનાં દર્શન દુર્લભ હતાં. આ સ્થાને ગાડી પહોંચતાંજ ઠાકોર ગાડીમાંથી નીચે ઉતર્યો, તેણે કહ્યું:–"અહીં જળાશય છે અને વૃક્ષની છાયા પણ છે, માટે આજે અહીંજ ભોજન તૈયાર કરી જમી પરવારીને આગળ જઇશું."

પતિ પત્ની બન્નેએ જળાશયના સ્વચ્છ પાણીમાં સ્નાન કર્યા પછી પત્નીએ રસોઇ કરવા માંડી. ઠાકોર હુક્કો ભરી પીવા બેઠો. રસોઇ તૈયાર થતાં ઠાકોરને સારી રીતે ભોજન કરાવ્યા પછી તેની પત્નીએ ભોજન કર્યું, તથા વાસણ-કુસણ માંજ્યાં; એ પછી બન્ને વિશ્રામ લેવાને માટે વૃક્ષની નીચે શેત્રંજી પાથરી સૂઇ ગયાં. પત્ની બિચારી ઉંઘી ગઇ પણ ઠાકોર ઉંઘ્યો નહિ.

ઠાકોરે જોયું કે પત્ની ગાઢ નિદ્રામાં છે એટલે તે ઉઠ્યો. તેણે એક મોટો પત્થર ઉપાડી લાવી તે બિચારી પતિવ્રતા સ્ત્રીની છાતી ઉપર મકયો અને તે ઉપર પોતે ચઢી બેઠો. પત્નીએ જાગી પતિને જોયો; પરંતુ તે બિચારીનું હવે કાંઇ પણ ચાલે એવું રહ્યું નહોતું. તે દુષ્ટે બીજો પત્થર ઉપાડી તે નિર્દોષ સ્ત્રીના માથામાં માર્યો. તે બિચારીને સખ્ત વાગ્યું અને તે બુમેબુમ પાડવા લાગી; પણ તે દુષ્ટ નરાધમે તેની બૂમો તરફ કાંઈ પણ લક્ષ આપ્યું નહિ; અને તે પાષાણ હૃદયવાળો પતિ મરવા પડેલી સ્ત્રીને મારતોજ રહ્યો. અફસોસ ! કેવો દુષ્ટ ! કેવો નિર્દય ! હે ઇશ્વિર, એવા નરાધમ પુરૂષોને પૃથ્વીપર જન્મજ શા માટે આપે છે ? તેમને જન્મતાંજ શા માટે મારી નાખતો નથી ? પ્રભુ ! પ્રભુ ! વિશેષ હકીકત લખવા જતાં હૃદય કંપી ઉઠે છે, અને તે વાંચીને વાંચકો વિશેષ દુઃખી થાય એ પણ અમને ગમતું નથી.

૪

ઠાકોર આજે પોતાના ગામમાં હવેલીમાં બેસીને હુક્કો પીતે પીતે યાત્રાનું વર્ણન કરી રહ્યો છે, તેનો ચહેરો બહુજ ઉદાસ લાગે છે. તેની આસપાસ બેઠેલા સર્વ લોકો પણ ઉદાસ દેખાય છે. ઠાકોરે કહ્યું:- "યાત્રામાંથી પાછા ફરતી વખતે ચોરોએ અમારાપર હુમલો કર્યો, અને અમને બંનેને બેહોશ કરી તેઓ સર્વ માલ લૂંટી ગયા. મને

શુદ્ધિ આવતાં જોયું તો મારી પત્ની પણ રહેવા પામી નહોતી." એ પછી ઠાકોરે પોતાના શરીરપરના કેટલાક કૃત્રિમ ઘા પણ બતાવ્યા. કેવું જૂઠું ! સર્વે લોકોએ ઠાકોરને સાંત્વના આપી અને પછી તેઓ પોતપોતાને ઘેર ગયા.

૫

કેટલાક દિવસો પછી ઠાકોર પોતાની સાસરીમાં ગયો, ત્યાં પણ તેણે ઉપર પ્રમાણેજ સર્વ જુઠાણું કહ્યું. રાત્રિએ વાળુ કરવાને બેઠો તે સ્થાનમાં કોઇ નહોતું. થોડાજ સમયમાં બાજુના ઓરડામાંથી એક યુવતી એક હાથમાં પીરસેલી થાળી અને બીજા હાથમાં જળપાત્ર લઇ ઠાકોર બેઠો હતો ત્યાં આવી. આ યુવતીને જોતાં તે ચિત્રસમાનજ થઇ ગયો. યુવતીએ થાળી અને જળપાત્ર નીચે મૂકી ઠાકોરના ચરણોમાં માથું મૂક્યું અને નમ્ર વાણીથી કહ્યું:-"હે પ્રાણનાથ! મેં આપનો કયો ગુન્હો કર્યો હતો કે જેથી મને એકલી છોડી જતા રહ્યા ?" ઠાકોર આ દેખાવ જોઇ શક્યો નહિ, તે તો સ્તબ્ધજ બની ગયો. યુવતીએ સાડીના છેડાવડે પવન નાખીને તેને શાન્ત કર્યો. પછી તે યુવતીએ કહ્યું:-"ગભરાશો નહિ. અહીં કોઇ કાંઈ જાણતું નથી. મેં ચોર લોકોનુંજ નામ દીધું છે." પ્રિય પાઠકો ! આપ સમજ્યાજ હશો કે આ યુવતી આપણા પરિચિત ઠાકોરની પત્નીજ હતી.

ઠાકોર:—પરંતુ, તું અહીં કેવી રીતે આવી ?

પત્ની:—તમે ગયા પછી એક ભરવાડણ ત્યાં આવી પહોંચી. મને એવી સ્થિતિમાં જોઇને તેણે નજીકના ગામના પટેલને ખબર આપી, અને ત્યાંથી દવાખાનામાં ઉપાડી ગયા. ત્યાં જરા શુદ્ધિ આવતાં મેં મારાં માતા પિતાનું ઠેકાણું બતાવી તેમને ત્યાં બોલાવ્યાં. પછી હું તેમની સાથે અહીં આવી.

ઠાકોર આ સર્વ સાંભળીને બહુજ ઓશીયાળો બની પત્નીને પગે

પડયો અને પછી રોઇ પડીને કહેવા લાગ્યોઃ–" પ્રિયે ! તને ધન્ય છે ! તું સાક્ષાત્ દેવી છે. હું અત્યંત નીચ મનુષ્ય છું ! ! હું તારા લાયક નથી. મારા અપરાધની તું મને ક્ષમા આપે એજ ભિક્ષા હું તારી પાસે માગું છું."

પત્નીએ સ્વામીને ઉઠાડી પોતાના હૃદય સાથે ચાંપ્યો અને કહ્યું:–" તમારો કાંઇ અપરાધ નથી. એ સર્વ મારાં કર્મનાં ફળ છે. હવે આ સર્વ વાત ભૂલી જાઓ. "

ઠાકોરના હૃદયને આ સાંભળ્યા છતાં પણ શાંતિ વળી નહિ. તેના પશ્ચાત્તાપનો પારજ રહ્યો નહિ. તે ઉભો થઇ ગયો અને ફરીવાર હાથ જોડીને તથા મસ્તક નીચું નમાવીને કહેવા લાગ્યોઃ–"હે દેવિ! તું સાક્ષાત્ ભવાની છે. તારામાં સાક્ષાત્ ભોળા ભગવાન મહાદેવનો વાસ મને જણાય છે. હે ભગવતી ! તારી પવિત્રતાએ, તારી ઉદારતાએ અને તારી સહનશીળતાએ આજે મારા જેવા પાપી દુરાચારીને પણ ક્ષમા આપી છે; છતાં મને શાંતિ થતી નથી. મારા પાપનું પ્રાયશ્ચિત્ત માત્ર મરણુજ છે એમ મને લાગે છે, પણ તારી સંમતિ વિના બીજા એકે કામમાં એક ડગલું પણ મારાથી ભરી શકાય તેમ નથી. મારા હૃદયમાં સળગી ઉઠેલા પશ્ચાત્તાપના અગ્નિને હું સહન કરી શકતો નથી. હે દેવિ ! હે ભોળા ભગવાન ! એ અગ્નિની પીડામાંથી મને બચાવો બચાવો. "

પવિત્ર પતિવ્રતા પત્નીનાં ચક્ષુમાંથી ચોધારાં આંસુ આ વખતે ચાલી રહ્યાં હતાં. તેના હૃદયમાં પરમાત્માની મહિમાવાન જ્યોતિ જાગીને ઝળકી રહી હતી. એ અપૂર્વ જ્યોતિએ પ્રેરણા કરીને તે આર્ય પત્નીના શરીરને પતિદેવની સામે ઘુંટણુમંડીએ બેસાડીને નીચલા શબ્દો તેના મુખમાંથી બોલાવ્યા.

" હે ભગવાન, હે દીનદયાળ, હે બુડતાના બેલી, જો મારા પતિ

સિવાય અન્ય પુરૂષનું સ્વપ્ને પણ મેં ધ્યાન કર્યું ન હોય, જો પતિની સેવા કરવામાં હું ચૂકી ન હોઉં, જો કોઇ પણ પ્રાણીનું મેં બુરૂં ઇચ્છયું ન હોય; અને જો કાંઇ પણ પુણ્યદાન, વ્રત નિયમ વગેરે શુભ કર્મ મારાથી થયાં હોય તો તે સર્વેનું ફળ મારા પતિદેવને અર્પણ થજો. તેમનાથી જાણતાં–અજાણતાં જે કાંઇ પણ પાપ થયાં હોય તે સર્વેની તેમને ક્ષમા આપજો. તેમના હૃદયને શાંતિ આપજો અને હવે તેઓ કોઇ જાતનું કુકર્મ કે કુછંદ કરે નહિ એવી તેમનાપર કૃપા કરજો.”

જે ભાવથી ઠાકોરની પત્નીએ આ પ્રાર્થના કરી હતી તે ભાવ એક મહાન ભકતને શોભે તેવો હતો. વાચક! શું તને ક્ષણભર પણ શંકા રહે છે કે આવા ઉચ્ચ ભાવની પ્રાર્થના કે આશિષ તરતજ કબુલ થયા વિના રહે?

દયાના સાગર પરમાત્માએ તરતજ ઠાકોરના હૃદયને શાંતિ આપી. પત્નીની પ્રાર્થના અને તે સમયની તેની મુખજ્યોતિથી ઠાકોરને પૂર્ણ શ્રદ્ધા બેસી ગઇ કે પત્નીએ જરૂર પ્રભુ પાસે પોતાને ક્ષમા અપાવી છે. ઠાકોરે પણ ઉભા થઇને બે હાથ જોડી પ્રાર્થના કરી કે “હે દેવ! જે કુછંદ હું તીર્થમાં જઇને પણ છોડી શકયો નહિ અને ઉલટો વધારે પાપકર્મમાં પડયો, તે કર્મ આજ તેં આપેલી આ મહા પવિત્ર અને ઉદાર પત્નીના પ્રતાપથી હું ખરા હૃદયથી સદાને માટે છોડી દેવા પ્રતિજ્ઞા કરૂં છું; અને મારા દેશમાં જે કોઇ પણ પતિઓ પોતાની સ્ત્રીઓ પ્રત્યે જરા પણ કઠોરતા દર્શાવતા હોય તથા દુરાચારનું સેવન કરતા હોય તેમની કઠોરતા અને દુરાચાર દૂર કરવા કૃપા કરજો.”

મૂળ લેખકઃ—રાજા ખલકસિંહ

૧૯—ગરીબની હાય.

" अन्यायोपार्जितं द्रव्यं दश वर्षाणि तिष्ठति ॥
प्राप्ते एकादशे वर्षे समूलं च विनश्यति ॥* ચાણક્ય.

" શેઠ ! આપને હાથ જોડું છું. મારા ગરીબના સામું ને મારાં બાળ–બચ્ચાં સામું દયા કરીને જુઓ ! "

" તને એક વખત તો કહી દીધું ? "

" ના શેઠ ! જો આપ આટલી દયા નહિ કરો તો મારી શું દશા થશે ? "

" બસ ચૂપ રહે, વધારે બકબક ના કર. "

" ના, ના, માલિક ! એવા નિષ્ઠુર ના થાઓ ! મારાપર નહિ તો મારાં નાનાં નાનાં બાળકોપર તો કાંઇ દયા કરો. "

" એક વખતે કહી દીધું ને ? ફરીથી એજ વાત ! "

" શેઠ સાહેબ ! હું હાથ જોડું છું, આપના પગે પડું છું. મારા– ગરીબપર આપ એટલી દયા જરૂર કરો. "

" અરે, કેવો આદમી છે ? વ્યર્થ શા માટે હેરાન કરે છે ? "

" શેઠજી ! આપ મારૂં સર્વસ્વ લઇ જાઓ, પણ આટલું–બસ આટલું અનાજ તો રહેવા દો ! "

" તું તે આદમી કે હેવાન ! નાહકનો શા માટે માથું ખાઇ જાય છે ? એક દાણો પણ નહિ રહે દાણો. "

---

* અન્યાય અથવા અનીતિથી ઉત્પન્ન કરેલું દ્રવ્ય દશ વર્ષ સુધી ટકે છે. અગીઆરમું વર્ષ થતાંજ તે મૂળ સહિત નષ્ટ થઈ જાય છે.

"માલિક! પણ જો એમ કરશો તો મારી અને મારાં છોકરાંની શું દશા થશે?"

"તમે સર્વે ખાડામાં પડો, તેમાં મને શું?"

"હા! પરમેશ્વર!!!"

વાંચક વૃંદ! ઉપર લખેલ વાતચીત એક ગામડાના નાના સરખા મકાનની સામે એક ધનવાન શેઠ અને એક ગરીબ ખેડુત વચ્ચે થઈ રહી છે. શેઠ ધીરનાર અને ખેડુત તેનો આસામી છે.

વાંચકવર્ગ જાણેજ છે કે હાલ કેટલાંએ વર્ષોથી અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ઉંદર, તીડ વગેરે આફતો ઉપરાઉપરી પડયા કરે છે અને સારી ફસલ–મોસમ પાકતી નથી અને તેથી ખેડુતોની દશા બહુજ ખરાબ થઈ ગઇ છે. સારો પાક થવાની આશામાં અને આશામાં બિચારા ખેડુત લોકો જીવ તોડીને પરિશ્રમ કરે છે; પણ આખરે એક યા બીજી આફત આવીને ઉભીજ રહે છે અને સર્વ કર્યું કારવ્યું ધૂળધાણી થઈ જાય છે. તેમને નિરાશાનો પ્રબળ પ્રહાર સહન કરવો પડે છે. તે બિચારાઓ કુદરતના આવા અસહ્ય તથા ઉપરાઉપરી પ્રહારોથી અધમુઆ થઈ રહ્યા છે. કદાચ ભાગ્યના બળથી થોડું ઘણું અન્ન પાકે છે તો તે ખેતરોનું દાણ ભરવામાં ચાલ્યું જાય છે. કહેવાની જરૂર નથી કે તેઓને એક વખત પણ પેટ ભરીને લુખું–સૂકું પણ અન્ન મળતું નથી અને તેમના પરિવારનું પાલન કરવાને માટે તેમને સાહુકારોના દેવાદાર બનવું પડે છે.

આપણી વાર્તાના મુખ્ય નાયક ખેડુતની પણ એજ દશા છે. તેનો પરિવાર અધિક છે તેથી આ વખતે તેની દશા અત્યંત દયાજનક છે. દર સાલ સારો પાક નહિ ઉતરવાથી તેણે તેનું ખેતર, ઘર આદિ ગીરવી મૂકી કેટલાંક વર્ષો સુધી જેમ તેમ કરીને પરિવારનું પાલન કર્યું. સાહુકારના રૂપીઆ નહિ ભરી શકાવાથી તેણે તેનું ઘર વગેરે

લખાવી લીધું છે; અને તોપણ તે બિચારો ખેડુત કર્જના બોજાથી છુટી શકયો નથી. હવે તે બિચારો મહેનત–મજુરી કરીને કોઇ પણ રીતે તેનાં બાળ–બચ્ચાંનું પોષણ કરે છે.

આપણા દેશના ધનના મદવાળા શેઠ–સાહુકારોનું તો કાંઇ પૂછ-શોજ નહિ! તેમની લીલા અપરંપાર છે. તેમની સાથે પ્રસંગ પડયો હોય તેજ તેમને સારી પેઠે ઓળખે છે! આસામીને નાણાં ધીર્યા બાદ તેમનાં ઘરબાર સર્વ પચાવી પડવાની તેમની દાનત હોય છે! જો કોઇ એકવાર તેમના પંઝામાં ફસાયો તો પછી નક્કીજ સમજવું કે તેનો નાશ થઇ ગયો. કદાચ કોઇ બચ્યો તો એકના બે કે ચાર ગણા આપીનેજ મુશ્કેલીથી છુટી શકયો હોય છે.

આપણી વાર્તાના નાયક–બિચારા ખેડુતની પણ એજ દશા થઇ. દેવા કરતાં બમણા રૂપીઆ વસુલ આપ્યા તોપણ તેને તેની મિલ્કત આપી દેવી પડી, અને તોપણ હજુ તેના ઉપર સાહુકારનું લહેણું બાકી રહ્યું. સાહુકારે દાવો કરી હુકમનામું મેળવ્યું છે. સાહુકાર કાંઇ જેવો તેવો નહોતો. તેણે ધીરધારનો ધંધો શરૂ કર્યો ત્યારે તો તે સાધા-રણ આદમી હતો; પણ ધીમે ધીમે મારવાડી વ્યાજ અને વ્યાજનું વ્યાજ વસુલ કરી લે તે પ્રમાણે તે લક્ષાધિપતિ બની ગયો. તેની કૃપા (!) થી અનેક ખેડુતો ઘરબાર વિનાના થઇ ગયા હતા.

સાહુકારે ઉપલા ખેડુતપર દાવો માંડયો ત્યારે પણ ખેડુતે તેને બહુએ કાલાવાલા કર્યા હતા. અંતમાં તેણે ખેડુતપર હુકમનામું મેળવી ખેડુત પાસે થોડો ઘણો સરસામાન હતો તે પણ સર્વ જપ્ત કરી લીધો, અને તેટલાથી પણ લેણું પૂરૂં નહિ થઇ રહે એમ જણાતાં તેની નજર અનાજપર પડી. તેણે તે અનાજ પણ જપ્ત કરી લીધું. અનાજ જપ્ત કરતી વખતે ખેડુતે જે કાલાવાલા કર્યા હતા તે વાત આ વાર્તાની શરૂઆતમાંજ લખવામાં આવી છે.

સાહુકાર કોઇ પણ રીતે માનવાનો નથી એવી જ્યારે ખેડુતની ખાતરી થઇ ત્યારે તેણે કહ્યું કેઃ—" ભલે, આપ સઘળું અનાજ લઇ જાઓ, પણ અમને આટલો મહીનો ચાલે એટલું અનાજ તો રહેવા દો ! હું મારાં બાળકોને શું ખવરાવીશ ? " પણ નિર્દય સાહુકારને દયા આવી નહિ અને સઘળો સરસામાન લઇ ચાલતો થયો. ઘેર જવાથી તેને કાંઇ દયા આવશે અને થોડુંક અનાજ આપશે એવી આશાથી બિચારો ખેડુત તેની પાછળ પાછળ તેને ઘેર ગયો.

બાળકો ખાવાનું માગશે ત્યારે તેમને શું આપીશ એ વાતની ખેડુતને જેટલી ચિંતા હતી તેટલી તેને તેના માલ મિલ્કતની ચિંતા નહોતી; કારણ કે નિર્દય સાહુકારે તેના ઘરમાં અન્નનો દાણો સરખો રહેવા દીધો નહોતો.

સાહુકારે ઘેર આવીને સઘળો સામાન ઠેકાણે મુકાવ્યો અને પછી બીજા કામમાં લાગ્યો. બિચારો ખેડુત આશાભરી દૃષ્ટિથી સાહુકારના મોઢા તરફ જોતો એક બાજુએ બેસી રહ્યો. જ્યારે સંધ્યાકાળ થવા આવ્યો ત્યારે તેણે ગળગળા થઇને કહ્યુંઃ—" શેઠ ! માલિક ! મને શું હુકમ છે ? દયા લાવીને થોડું અનાજ આપો તો હું જઇને મારાં બાળકોને ખવરાવું. શેઠજી ! વધારે નહિ તો થોડા દિવસ ચાલે એટલું તો આપો ! " આમ કહેતાં કહેતાં તેની આંખોમાંથી ચોધાર આંસુ ચાલી નીકળ્યાં.

ખેડુતની કરૂણાથી ભરપુર પ્રાર્થનાપર સાહુકારે કાંઇ પણ ધ્યાન આપ્યું નહિ. જેમ જેમ વધારે સમય જતો ગયો તેમ તેમ ખેડુત બિચારો વધારે ને વધારે કાલાવાલા કરવા લાગ્યો, પણ શેઠનું પાષાણ હૃદય પીગળ્યું નહિ. અંતમાં શેઠજીએ બહુજ ક્રોધમાં આવી જઇને ખેડુતને મનમાં આવી એવી ગાળો દીધી, અને છેવટે પોતાના નોકરને બોલાવીને હુકમ કર્યો કેઃ—" આ હરામખોરને અહીંથી બહાર કહાડ ! "

હુકમ મળતાંજ નોકરે બિચારા ખેડુતને ધક્કા મારી ઘરમાંથી બહાર કહાડયો અને ઉપરથી એક લાત લગાવી દીધી! નોકરની લાતથી બિચારો દુર્બળ ખેડુત રસ્તાપર ઉંધા મોઢે પડી ગયો. તેણે ત્યાંથી જેમતેમ ઉઠીને સાહુકારના મકાનની સામે પોતાના બંને હાથ પટકયા અને પછી આકાશ તરફ ઉંચા કરી અત્યંત ગળગળા થઇને પ્રાર્થના કરીઃ– " હે દયામય ભગવાન! મારાં નાનાં બાળકોની શું દશા થશે? ઘેર જતાંજ બાળકો ખાવાનું માગશે તેમને શું આપીશ? હે દયાસાગર! મૃત્યુને મોકલી મને દુખીયાને તારી પાસે બોલાવી લે."

ખેડુત આટલું કહી રહ્યો હતો કે તરતજ સાહુકારનું મકાન એકાએક ભડભડ બળવા લાગ્યું અને થોડાજ સમયમાં ચારે તરફ આગ ફેલાઇ ગઇ. જોતજોતામાં સાહુકારનું આખું મકાન સરસામાન સહિત ભસ્મીભૂત થઇ ગયું, અને તે સાથે તેના પરિવારનાં સઘળાં આદમી પણ બળી મરી ગયાં. એકાએક પોતાની આવી દશા થએલી જોઈ સાહુકાર પણ ગાંડો થઇ ગયો અને થોડાજ દિવસોમાં અત્યંત દુઃખ ભોગવી મરણશરણ થયો. મહાત્મા તુલસીદાસજીએ સત્ય કહ્યું છે કેઃ—

तुलसी हाय गरीबकी कबु न खाली जाय ।
मुवे ढोरके चामसे लोहाभस्म हो जाय ॥

મૂળ લેખકઃ–શ્રીયુત ચંપાલાલ જોહરી (સુધાકર).

૨૦–આરોગ્ય અને ફૅશન.

(૧)

શ્યામસ્વરૂપ અને મનોહરલાલ ફતેહપુર હાઈસ્કુલના બૉર્ડિંગ હાઉસમાં રહે છે. તેઓ બન્ને નજીકનાં ગામોના નિવાસી હોવાથી તેમની વચ્ચે વિશેષ મિત્રતા છે; પરંતુ બીજાં કેટલાંક કારણોને લીધે હજી તેમનાં મન પૂરેપૂરાં મળ્યાં નથી.

શ્યામસ્વરૂપે સંસ્કૃતના અભ્યાસમાં વિશેષ સમય ગાળ્યો છે અને તેથી બન્ને એકજ વર્ગમાં હોવા છતાં પણ મનોહરલાલ શ્યામસ્વરૂપ કરતાં અન્ય વિષયોમાં કાંઇક સારો છે. શ્યામસ્વરૂપ તેની આ ન્યૂનતા પૂરી કરી શકે એવી આશા નથી; કારણ કે તેને વ્યાયામનો પુરતો શોખ છે. તેનું સ્વાસ્થ્ય ઘણું સારૂં છે, તેનાં અંગ પ્રત્યંગ સુડોળ અને બળવાન છે; તોપણ તેને વધારે માનસિક પરિશ્રમ કરવાથી સ્વાસ્થ્ય બગડવાની ધાસ્તી રહ્યા કરે છે. તે મનોહરલાલના પાતળા—લાકડી જેવા—હાથ પગ, તથા બેસી ગયેલા ગાલો જોઇ તેને કસરત કરવાને માટે કહ્યા કરે છે; પરંતુ મનોહરલાલ તેની બુદ્ધિમત્તાના અભિમાનમાં તેના કહેવા તરફ ધ્યાન આપતો નથી. તેને કસરત કરવામાં કશી મજાહ પડતી નથી. તે કહે છે કે વ્યાયામ કરવાથી કે નહિ કરવાથી મનુષ્યની ઉપયોગિતામાં કશો પણ ફેરફાર થતો નથી. તેના વિચાર પ્રમાણે ફૅશનેબલ આદમી કમજોર હોવા છતાં પણ પોતાનું સઘળું કામ સાધી શકે છે, અને એક વખત હેટ પહેરીને બળવાન મનુષ્યપર પણ લાકડી ચલાવી શકે છે.

(૨)

ચાર વર્ષ વીતી ચૂક્યાં છે. હવે મનોહરલાલ આગ્રા કૉલેજમાં બી. એ. ક્લાસમાં ભણે છે. હવે તે કોઇપણ પ્રકારની રમતમાં શામિલ થતાં ખમચી જાય છે. બીજી બાજુએ ફૅશનનું ભૂત તેનાપર પુરી રીતે સવાર થયું છે. તે એક સાધારણ કુટુંબનો છે તોપણ તેની ફૅશન અને લુગડાંલત્તાં ભપકાદાર છે. તેના પતાની માસિક આવક સાઠ રૂપીઆની છે, તેમાંથી તે ચાળીસ રૂપીઆ મનોહરલાલને મોકલે છે; પણ તે મનોહરલાલની પાસે આવતાંજ ખલાસ થઇ જાય છે. તેના પિતા માત્ર વીસજ રૂપીઆમાંથી જેમ તેમ કરી ચાર મનુષ્યોનું ગુજરાન ચલાવે છે. મનોહરલાલ દર માસની પંદરમી તારીખે આગલા માસના મનીઑર્ડરની રાહ જુએ છે. પ્રથમ ફૅશનસંબંધી સર્વ ચીજો ખરીદ થયા પછીજ થોડા ઘણા રૂપીઆ વધે તે વાણીઆને અને મીઠાઇવાળાને મળે છે, પણ આ લોકો કાંઇપણ ઉતાવળ કરતા નથી. તેમને એક માસના રૂપીઆ નહિ મળતા હોવાથી તેઓ ચૂપચાપ દોઢો નહિ તો સવાયો ભાવ ભરવા માંડે છે. મનોહરલાલ ફૅશનના રૂઆબમાં હિસાબ નહિ તપાસતાં કાંઇપણ બોલ્યા ચાલ્યા સિવાય સહી કરી આપે છે. વાણીઆનું દેવું વધ્યે જતું જોઇને હવે મનોહરલાલને ઘી અને દૂધ તરફ તિરસ્કાર થઇ ગયો છે.

હજુ શ્યામસ્વરૂપ મૅટ્રિક ક્લાસમાંજ ભણે છે, તે ઘણીએ વાર પરીક્ષામાં બેઠો પણ તેને તેમાં સફળતા પ્રાપ્ત થઈ નહિ. હવે તે એક પ્રયત્ન કરી જોઇ અભ્યાસ છોડી દેવાનો વિચાર કરી રહ્યો છે. મનોહરલાલ શ્યામસ્વરૂપનો અધિક સુડોળ અને સશક્ત દેહ જોઇને બળી જાય છે અને કહ્યા કરે છે કે, "શારીરિક બળથી તે શું વળ્યું ?"

(૩.)

બીજાં બે વર્ષ વહી ગયાં છે; એકે બી. એ. માં પાસ થઇ અને

બીજાએ મેટ્રિકમાં પાસ થઇ અભ્યાસ છોડી દીધો છે. મનોહરલાલ સિફારસ કરતો અને ઉચ્ચાધિકારીઓની ખુશામદ કરતો ફરે છે. તે પચાસ રૂપીઆ પગારની નાયબ મામલતદારની જગ્યા માટે કોશીશ કરી રહ્યો છે. શ્યામસ્વરૂપ કોઈ એક સ્વતંત્ર ધંધાની શોધમાં પડ્યો છે. પ્રયત્ન કરવાથી બન્નેને સફળતા મળી. મનોહરલાલને નાયબ મામલતદારની જગ્યા મળી, અને શ્યામસ્વરૂપ કાનપુરની પાસે નદીતટપર પુષ્કળ ગાયો ભેંસોનો વાડો કરી દૂધ માંખણ વેચવાનો ધંધો ખોલી બેઠો છે. મનોહરલાલ ' જી હુઝુર, જી હુઝુર ' કરતાં કરતાં તદ્દન પોતાનું આત્માભિમાન ભૂલી ગયો છે, તેણે કૉલેજમાં મેળવેલી સમાનતાની ભાવના કોણ જાણે ક્યાંએ ચાલી ગઇ છે, " કમ જોર ને ગુસ્સા બહોત " એવી તેની દશા થઇ ચૂકી છે. પોતાનો ક્રોધ તે પોતાના મદદનીશો અને પટવાળાઓપર સારી રીતે ખાલી કરે છે. ગાળ દીધા વિના તો તે વાતજ કરતો નથી. માસિક પચાસ રૂપીઆમાં તેની ફૅશન સચવાતી નહિ હોવાથી તે લાંચ–રૂશવત પણ લેતો રહે છે, પણ કોઇને તેની ખબર નથી.

શ્યામસ્વરૂપ તો હવે નિરાશા અને દુઃખની વાત ભૂલીજ ગયો છે. સ્વતંત્ર વ્યાપાર અને સ્વચ્છ હવા પાણીએ તેના શરીર અને વિચારોને વધારે બળવાન અને દૃઢ બનાવ્યાં છે. હવે તો તેનું શરીર ઓળખાય નહિ તેવું બની ગયું છે.

(૪)

જ્યેષ્ઠ માસ ચાલે છે. બપોરનો સમય છે. એક જેન્ટલમૅન પોતાની સ્ત્રી સાથે લખનૌથી કાનપુર રેલગાડીમાં ઇંટર કલાસમાં સફર કરી રહ્યો છે. સ્ત્રી સાધારણ ભણેલી ગણેલી છે, તે તેના પતિના હૃદયના ભાવો સમજતી નથી, તેથી તેનો પતિ મનમાં ને મનમાંજ મુંઝાયા કરે છે. એક સ્ટેશન આવ્યું. ગાડી ઉભી રહી. જેન્ટલમૅને આગ્રહ કરીને

પોતાની પત્નીને પાણી પીવાની હા પડાવી; પરંતુ તેને તેની પત્નીને માટે કૂવાનું જળ લાવવું જોઇએ—નળનું પાણી તેને ભ્રષ્ટ કરી દે. તે ત્વરાથી કૂવા તરફ દોડ્યો. તે હજી પાણી ખેંચતો હતો એટલામાંજ ગાડી વ્હીસલ મારીને ઉપડી. જેન્ટલમૅન સ્ટેશન માસ્તર પાસે દોડતો આવ્યો; પણ તેના કાલાવાલાથી કશું વળ્યું નહિ. સમયના જાણકાર જેન્ટલમૅનને ગાડી ઉપડવાના સમયની ખબર નહિ હોય એવો તેની સ્ત્રીને ખ્યાલ નહોતો; નહિ તો તે તરતજ ગાડીમાંથી ઉતરી પડત. બીજું સ્ટેશન આવ્યું, તેથી તે સ્ત્રી ત્યાં ઉતરી પડી અને પતિની રાહ જોવા લાગી. બીજી ગાડીને બે કલાકની વાર હતી; પરંતુ તે સ્ત્રીને આટલો થોડો સમય પણ ત્યાં વીતાડવો કડણ થઇ પડ્યો. પોલિસવાળાના ભયથી દુરાચારી મનુષ્યો તો તેના તરફ જોઇ શકતા નહોતા, પરંતુ રક્ષક પોતેજ ભક્ષક બનવા માગતા હતા. કૉન્સ્ટેબલો તે સ્ત્રીને પોતાને હવાલે સમજીને તરેહ તરેહના પ્રશ્નો કરવા લાગ્યા. હવે ત્યાં બિલકુલ ભીડ નહોતી તેથી તેમના પ્રશ્નો પણ રસિકતાથી ભરપુર હતા. હવે કૉન્સ્ટેબલોએ માંહોમાંહે ઠઠ્ઠા—મશ્કરી કરતે કરતે તેઓ સ્ત્રી ઉપર પણ વાક્—બાણ છોડવા માંડયા. તે સ્ત્રીનો ઢંકાયલો ચહેરો તેમને માટે વધારે ઉત્તેજક થયો. તે સ્ત્રી ભયભીત અને લજ્જિત થઇ જવાથી વધારે બોલી શકી નહિ, તે ચૂપચાપ ઘુંઘટમાંજ રડીને સાલ્લો ભીનો કરવા લાગી. પોલીસના કૂતરાઓ પોતાની ચતુરાઇ દેખાડતા એક બીજાથી વધવાની કોશીશ કરી રહ્યા હતા. પાઠકો! આપની સમક્ષ તેમની વાતોનો ઉલ્લેખ કરવો એ પણ નિર્લજ્જ બનવા જેવું છે. તે સ્ત્રીને આવી આફતમાં ને આફતમાં પંદરેક મિનિટ વહી ગઇ. અંતમાં તેને સહાયતા મળી. એક યુવક જે ઘણો હૃષ્ટપુષ્ટ અને બળવાન દેખાતો હતો તે ત્યાં આગળ ફરતો હતો તેણે આ સર્વ પ્રકાર જોયો. તેણે તરતજ સાવધાન બની જઇ પોલિસવાળાઓને ત્યાંથી દૂર ખસવાનો ઇસારો કર્યો

અને દમ ભરાવીને કહ્યું:—" તમને એક સ્ત્રીની સમક્ષ આમ ઠઠ્ઠા-મશ્કરી કરવાનો કાંઇ પણ અધિકાર નથી. તમે તમારી ફરજથી ભ્રષ્ટ થઇ ગયા છો એ આશ્ચર્યની વાત છે." પોલીસવાળાઓ આવી એક સાધારણ વ્યક્તિની વાત કેમ સાંભળી રહે? તેમાંના એકે કહ્યું:—" અમે તમારો આશય સમજી ગયા છીએ. વારૂ, આ સ્ત્રી તમારી શી સગી થાય છે?"

યુવકે દૃઢતાથી જવાબ આપ્યો:—" એ મારી બ્હેન થાય છે અને તેથી હું તમને તમારી દુષ્ટતાનો સારી રીતે બદલો આપીશ." તેને ઉત્તર મળ્યો:—" તમને તમારા બનેવીની વચ્ચે પડવાનો કાંઇ પણ અધિકાર નથી." આ સાંભળી યુવકને નખથી તે માથા સુધી લાગી ગઇ. તેની શાંતિ ક્યાંય જતી રહી. તેની આંખો લાલ થઈ ગઇ. તોપણ તેણે તે દુષ્ટોને તેમની ભૂલ સુધારવાનો અવસર આપ્યો; પણ તે લોકોપર તેની કશી અસર થઇ નહિ. છેવટે યુવકે પોતે એકલો છે તે વાતનો કાંઇ પણ વિચાર કર્યા સિવાય એકને બોચીમાંથી પકડીને એકજ ધક્કે જમીન સુંઘતો કરી દીધો. બીજાની પણ એવીજ દશા કરતાં તેને વાર લાગી નહિ. પછી તે તેમનોજ દંડો લઇ બીજાઓના હુમલાથી પોતાની રક્ષા કરવા લાગ્યો. પોલિસવાળા પણ માત્ર જુવાનીનું જમાખર્ચ કરવામાંજ કુશળ હતા, સામા આવવાની હિમ્મત તેઓ કરી શક્યા નહિ. સ્ટેશન-પર શોરબકોર થઇ ગયો. હવે ભીડનું તો પૂછવુંજ શું? બાળલગ્નથી પેદા થયેલાં મનુષ્યોના ટોળામાંથી આ યુવકની પીઠ ઠોકવાનું સાહસ હજી સુધી કોઇ પણ કરી શક્યું નહિ. તેઓ તો ઉલટા પોતાની મહાન ગંભીર અને ધાર્મિક બુદ્ધિવડે માંહોમાંહે કાનકુસીયાં કર્યા કરતા હતા કે સરકારી આદમી સામું તે થવાતું હશે? હવે એને એનું ફળ ભોગ-વવુંજ પડશે. એટલામાંજ એક મજબૂત શરીરવાળો ઇન્સ્પેકટર ત્યાં આવી પહોંચ્યો. તેણે આશ્વાસન આપી તે યુવકને શાંત કર્યો અને કારણ

પૂછ્યું; એટલામાંજ આપણા ફૅશનેબલ જેન્ટલમૅન બીજી ગાડીમાં આવી પહોંચ્યા અને તેઓ સરકારી નોકર છે. એમ જાણતાંજ બધા ગુપચૂપ આઘા પાછા થઇ ગયા, અને સર્વેએ તે યુવકની પ્રશંસા કરી. ઇન્સ્પેકટરે કૉન્સ્ટેબલોને યોગ્ય શિક્ષા કરી. ફૅશનેબલ જેન્ટલમૅન તે યુવકને ધન્યવાદ આપતાં આપતાં તેના શારીરિક બળની પ્રશંસા તથા ઉપયોગિતાપર વ્યાખ્યાનોના પુલ બાંધી રહ્યો હતો; પરંતુ આ મિથ્યા સાધુવાદનો કાંઇ પણ પ્રભાવ એ યુવકપર પડ્યો નહિ. તેણે એકવાર ફૅશનેબલ જેન્ટલમૅન તરફ સાધુતાથી જોઇ વિનીત ભાવે કહ્યું:—" મનોહરલાલ, શારીરિક બળ તદ્દન વ્યર્થ નથી એવું હવે તમે માન્યું ને ? "

હવેજ મનોહરલાલે તેના પુરાણા મિત્ર શ્યામસ્વરૂપને ઓળખ્યો; અને તેના તરફ જોઇને લજ્જાથી પોતાનું માથું નીચું નમાવ્યું.

મૂળ લેખકઃ—શ્રીયુત્ મુરલી મનોહર દીક્ષિત, બી. એ.

૨૧—માતાનો જીવ.

રમેશચંદ્રનો પગાર પાંચ રૂપીઆ વધવાથી તેને લાગ્યું કે હવે જો તે તેની સ્ત્રીને દેશમાંથી તેડાવી લે તોપણ ખર્ચ ચાલી શકશે.

રમેશચંદ્ર રેલ્વે ઑફિસમાં નોકર હતો. તેની માતાએ કદિ પણ પુત્રવધૂને પુત્રની સાથે મોકલવા કહેલું નહિ હોવાથી રમેશચંદ્ર પોતાના મનથી માતાપર ઘણોજ ચીડાતો હતો. તેના ઘરમાં તેની સ્ત્રી, વૃદ્ધ માતા અને એક મા વિનાના ભાણેજ સિવાય અન્ય કોઇ નહોતું.

રમેશચંદ્ર રજા લઇને ઘેર આવ્યો. પુત્રને પરદેશથી ઘેર આવેલો જોઇને માતાના આનંદની સીમા રહી નહિ. આનંદથી તે ગાંડી—ઘેલી બની ગઇ છે, અને પુત્રની પોતાથી બનતી સગવડ જાળવવા રાત્રિ દિવસ મથી રહી છે. એક દિવસે માતાએ રમેશચંદ્રને ભોજન કરતી વખતે પૂછ્યું:—" બેટા, શાક કેવું થયું છે ? " રમેશચંદ્રે જરા હસીને કહ્યું:—"મા, વીશીમાં ખાવાથી મને સ્વાદ એ સ્વાદનું જ્ઞાન રહ્યું નથી. હું ઘેર આ-વીને જે કાંઇ ખાઉં છું તે સર્વે મીઠું મીઠું લાગે છે " રમેશચંદ્રનાં આ વાક્યે તેની માતાના હૃદયપર એક મૃદુ આઘાત કર્યો. માતાએ દીર્ઘ શ્વાસ લઇને દુઃખી સ્વરે કહ્યું:—"ભાઇ, શું કરીએ ? પાપી પેટ ભર્યા-વિના ચાલતું નથી, પેટને માટેજ સર્વ કાંઇ સહન કરવું પડે છે, નહિ તો શું આટલું કષ્ટ વેઠવા હું તને પરદેશ જવા દઉં ? " આટલું કહેતાં કહેતાં તેનો કંઠ ભરાઇ આવ્યો અને તે વધારે બોલી શકી નહિ. થોડો સમય રહીને તેણે કાંઇક વિચાર કરીને કહ્યું:—" ભાઇ, એક કામ કર. તને મારા સમ છે. આ વખતે તું વહુને સાથે તેડી જા. રોજનું

લાગ્યું માટે આવું કષ્ટ ક્યાં સુધી સહન કરીશ ?" માતાના આ શબ્દો સાંભળીને રમેશચંદ્રે આનંદ અને શરમથી નીચું જોયું; પણ તેજ વખતે તે વિચારવા લાગ્યોઃ–" શું, ખરેખર, માતા સરળ મનથી કહી રહી છે કે મારૂં મન રાખવાને માટે કહે છે ? આટલા દિવસ સુધી તો તેણે એક પણ વખત આમ કહ્યું નહોતું." રમેશચંદ્ર માતાના નિષ્કામ તથા હૃદયના ઉંડા સ્નેહને હજી સમજી શક્યો નહોતો. બાદ બેચાર કોળીઆ ખાઈને તે બોલ્યોઃ–" વારૂ, પણ મા, તું ઘરમાં એકલી કેમ રહીશ ?" માતાએ કહ્યુંઃ–" કેમ નહિ રહેવાય ? ભાઇ ! હું અહીં સુખમાં રહું અને તું પરદેશમાં દુઃખી થાય તેના કરતાં તો મારે મરવું પડે તોપણ મને દુઃખ ન થાય. મારા દીકરા ! તને હું સુખી જોઉં તેમાંજ મારૂં સર્વ સુખ છે."

આટલું કહેતાં કહેતાં તે વૃદ્ધ સ્ત્રીની આંખમાં પાણી આવ્યાં. રમેશચંદ્રે કહ્યુંઃ–" વારૂ, એમજ કરીશ."

વિમળા બારણા પાછળ ઉભી રહીને આ સર્વ વાત સાંભળતી હતી. માતા અને પુત્રની વાતચીતથી તેના મનમાં આનંદ વ્યાપી ગયો; પણ તેજ વખતે તેને લાગી આવ્યું કે શું વૃદ્ધ માજી એકલાંજ રહેશે અને મને સાથે લઇ જશે !

એક દિવસ રમેશચંદ્ર તેના એક મિત્રને મળવા ગયો, ત્યાં તેણે ઉપલી હકીકત કહેતાં મિત્રે જરા ઠપકાના રૂપમાં કહ્યું કેઃ–"વૃદ્ધ માજીને અહીં એકલાં રાખીને જવાં એ તો બહુજ ખોટું. ઘડપણમાં તેમની સેવા ન થાય તેટલી ઓછી."

રમેશે માની લીધું કે માનો ન માનો પણ માએ મિત્ર આગળ મારી નિંદા કરી હશે.

રજા પૂરી થતાંજ રમેશચંદ્ર વિમળાને લઇને નોકરીપર ચાલ્યો ગયો, પણ તે પોતાની પ્રેમાળ માતાના સંબંધમાં એક અવળીજ શંકા

લેતો ગયો. માતાના સ્નેહનું તેને ભાનજ થયું નહિ.

રમેશચંદ્રના ગયા પછી તેની વૃદ્ધ માતાને પુત્ર તથા વહુના વિયોગથી ઘણું દુઃખ થયું.

વિમળા ઘરમાં આવ્યા પછી તેની આંખ આગળથી એક દિવસ પણ દૂર રહી નહોતી. તેને વહુ વિનાનું ગૃહ સ્મશાનતુલ્ય લાગ માંડયું. તેણે એક ઉંડો શ્વાસ લઇને જેમ તેમ મનનું સમાધાન કર્યું. એવામાંજ રમેશચંદ્રના ભાણેજ સતીશચંદ્રે આવીને કહ્યું:–" દાદી મા, મામી તો જતાં રહ્યાં. હવે હું શું ખાઇશ ?" તે વૃદ્ધ સ્ત્રીએ સતીશચંદ્રના માથાપર હાથ ફેરવીને કહ્યું:–" બેટા ! રોટલી ખાજે."

સતીશ—રોટલી કોણ બનાવશે ?

દાદીમા—કેમ, હું બનાવીશ.

સતીશ—તમને દુઃખ નહિ પડે ?

દાદીમા—પડે તો પડવા દે. (મનસ્વી) હું મારા કષ્ટોની દરકાર કરતી નથી. ભગવાન ! મારા રમેશને કુશળ રાખજે !

રમેશચંદ્રને ગયાને આજે ત્રણ દિવસ થયા છે. રમેશચંદ્ર અને વિમળા રેલ્વે કંપનીના નાના–સાંકડા ઘરમાં સુખપૂર્વક દિવસો ગાળવા લાગ્યાં. ત્રીજે દિવસે રાત્રિએ ભોજન કર્યા બાદ વાત નીકળતાં રમેશચંદ્રે કહ્યું:–અહીં લાવવાને માટે હું ઘણા સમયથી ઉંચા નીચો થઇ રહ્યો હતો; પરંતુ હું કરૂં શું ? માતાએ એક પણ વાર કહ્યું હોત તો તરતજ હું તને અહીં તેડી લાવત." વિમળાએ રમેશચંદ્ર તરફ જરા વાંકી દૃષ્ટિએ જોઇને કહ્યું:–"હવે તો આવીને !"

રમેશચંદ્ર—હા, આવી તો ખરી, પણ એથી માતા ખુશી થઈ હોય એમ મને લાગતું નથી. રમેશચંદ્રની વાત સાંભળીને વિમળા આશ્ચર્ય પામીને વિચારવા લાગી:–"આ શું ? માતા પ્રત્યે આવો ખોટો અવિશ્વાસ ?" તેથી વિમળાએ ઉતરી ગયેલે મોઢે કહ્યું:–"તમે આ શું બોલો છો ?

તમે સુખી થાઓ તે માજીને ન ગમે ? આ પહેલાં તેમણે મને તમારી સાથે મોકલવાનું કહ્યું નહોતું તેનું કારણ તો એમ હતું કે તેમને ખબર હતી કે તમારી આવક ઘણી ઓછી છે, જેથી બે માણસોનું ગુજરાન ચાલી શકશે નહિ. ઉલટું મને અહીં લાવવાથી વૃદ્ધ માતાને કેટલું દુઃખ પડશે તેનો તમારેજ વિચાર કરવો જોઇતો હતો. મને તો એમ લાગે છે કે માજીને એકલાં ઘેર મૂકી આવવાથી ગામના સર્વ લોકો તમારી નિંદા કરતા હશે.”

રમેશચંદ્રમાં જે સ્વાર્થવૃત્તિ હતી તેને લીધે વિમળાએ આટલું કહેવા છતાં પણ તે નિઃસ્વાર્થ માતાનું હેત અને ભાવના સમજી શક્યો નહિ. વિમળા તેને નારાજ થયેલો જોઇને નમ્રતાથી કહેવા લાગી:– “મારા કહેવાની મતલબ માત્ર એટલીજ છે કે હું માતાની પાસેજ રહેતી એટલે મને તેમની બધી વાતની ખબર છે; માટે તેમનાપર ગુસ્સો કરવા જેવું નથી. જો તેમને પણ સાથે તેડી આણ્યાં હોત તો કોઇને કાંઇપણ બોલવાનું રહેત નહિ; અને ઘડપણમાં માજીની સેવા કરવાનો આપણને લાભ મળત. જુઓ, માતાને દુઃખી કરીને કોઈ સુખી થઇ શકતું નથી. હું ઘણો વખત તેમની પાસે રહી છું. બિચારાં તમારા કાગળને બે દિવસ મોડું થતું તો અર્ધાં ગાંડા જેવાં થઇ જતાં, અને ગાંડાની માફક અહીંથી તહીં વ્યાકુળ થઇને ફરતાં તથા દિવસમાં બબ્બે વખત મંદિરમાં જઇ દેવતાઓ આગળ નાકલીટીએ તાણતાં. તેમનાપર તે તમારો આવો ગુસ્સો......” વિમળા વધારે બોલી શકી નહિ, તેનો કંઠ ભરાઈ આવ્યો.

આસ્તે આસ્તે છ માસ વહી ગયા. રમેશચંદ્રને તો આ છ માસ છ ઘડી જેવા લાગ્યા, પણ તેની માતાને આ છ માસ છ વર્ષ જેવા લાગ્યા. છમાસ પછી રમેશચંદ્ર વિમળાને લઇને ઘેર આવ્યો ત્યારે ખબર મળતાંજ વૃદ્ધ માતા ઘરમાંથી દોડતી દોડતી બહાર આવી.

રમેશચંદ્રને જોતાંજ તેને ઘણા કાળનું જતું રહેલું ધન પાછું આવી મળ્યું હોય એવો આનંદ થયો. તે કોઇપણ રીતે આનંદાશ્રુ રોકી શકી નહિ; માતાનો સ્નેહ આવોજ હોય છે!

વૃદ્ધ માતા પુત્ર અને પુત્રવધૂની સાથે સુખમાં દિવસો ગાળવા લાગી. બપોરના વખતે જ્યારે રમેશચંદ્રને તેના મિત્રો મળવા આવતા હતા, ત્યારે વિમળા સાસુ પાસે બેસી તેની સેવા-ચાકરી કરીને તથા નવા દેશની હકીકત કહી સંભળાવીને તેને આનંદ અને શાંતિ આપતી હતી. પ્રસંગોપાત વિમળાએ કહ્યું:-"માતા, ત્યાંથી કાશી ઘણુંજ પાસે છે, આ વખતે તમે આવો તો આપણે એકવાર કાશીવિશ્વનાથનાં દર્શન કરી આવીએ." તેની સાસુએ એક ઉંડો શ્વાસ લઇને કહ્યું:-"વહુ દીકરા, મારા ભાગ્યમાં વિશ્વનાથનાં દર્શન ક્યાંથી? મારો રમેશ સુખી રહે! ભાગ્યમાં લખ્યું હશે તો વળી કોઇ વખત આવીશ." વિમળાએ વિનયપૂર્વક કહ્યું:-"ના માજી, હું તમને પગે લાગું છું. એક-વાર તો ચાલો." માજીએ જોયું કે વહુ માનતી નથી અને વધારે આગ્રહ કરે છે ત્યારે તેણે કહ્યું:-"વારૂ, હું રમેશને વાત કરી જોઇશ."

આવી રીતે તે વૃદ્ધ સ્ત્રીએ ઘણા દિવસો આનંદમાં ગાળ્યા; પરંતુ હવે તેનો આનંદ કાયમ રહે એમ નહોતું. રમેશની રજા પૂરી થઈ અને ઉપડવાનો શુભ દિન નક્કી થયો. જવાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ વૃદ્ધ માતાના પ્રાણ વ્યાકુળ થવા લાગ્યા. પ્રબળ માતૃસ્નેહના વેગમાં એક વખત તેના મનમાં વિચાર આવ્યો કે જેમ તેમ કરીને નિર્વાહ કરીશું પણ મારા રમેશને મારી આંખો આગળથી હવે તો દૂર નહિ જવા દઉં; પરંતુ છેવટે તે ડુસકાં ભરી ભરી કહેવા લાગી:-"શું કરૂં? પાપી પેટ ભર્યા વિના ચાલતું નથી!!"

વહુએ વારંવાર આગ્રહ કરવાથી એક દિવસે માતાએ રમેશ-ચંદ્રને કહ્યું:-"ભાઇ, મેં સાંભળ્યું છે કે જ્યાં તારી નોકરી છે ત્યાંથી

કાશી બહુ દૂર નથી. એકવાર મને લઇ જાય તો હું મારાં નેત્રો સફળ કરૂં. ઘડપણમાં હવે જીવનનો શો ભરોસો ? કોણ જાણે ક્યારે મરી જવાશે." થોડો સમય શાંત રહીને રમેશચંદ્રે કહ્યું:—"કોણ કહે છે કે ત્યાંથી કાશી બહુ દૂર નથી ? ત્યાંથી તો ઘણે દૂર છે. વળી ખર્ચમાં પણ તાણ પડે છે." વાત કરતાં કરતાં રમેશના મોઢાપર અભાવ છવાયલો હતો; પણ માતાનો સ્નેહ તેનું કારણ સમજી શક્યો નહિ. તેણે તો એમજ ધાર્યું કે રમેશ સત્યજ કહે છે. કોણ જાણે તે કેવી રીતે તેનો ખર્ચ ચલાવતો હશે. વળી મારા ખર્ચ માટે પણ રૂપીઆ મોકલે છે; માટે તેને દુઃખી કરીને કાશી જવાથી શું ફળ મળનાર છે ? એમ વિચારી તેણે તરતજ કહ્યું:—'ના, ના, રહેવા દે. હાલ મારે જવું નથી."

રમેશચંદ્ર વિમળાને લઇને ગયો. માઘ માસમાં એ સ્ટેશનની રેલ્વે ઑફિસના કેટલાક કલાર્કો તેમની પત્નીઓ સહિત પશ્ચિમ દિશામાં મુસાફરી કરવા જવાને માટે તૈયાર થયા. તેમની દેખાદેખી કરી રમેશચંદ્રને પણ જવાની પ્રબળ આકાંક્ષા ઉત્પન્ન થતાં તેણે પણ પ્રવાસનો પ્રબંધ કરી વિમળા આગળ વાત કરી. વિમળાએ આશ્ચર્યથી પૂછ્યું:—"પશ્ચિમમાં ક્યાં જશો ?"

રમેશચંદ્ર:—માઘમાસમાં પ્રયાગમાં એક મોટો મેળો ભરાય છે; તે જોવા જેવો હોય છે. ત્યાંથી પાછા ફરતી વખતે કાશી, ગયા, વિંધ્યાચળ આદિની પણ જાત્રા કરી આવીશું.

વિમળાએ વિસ્મિત થઇને કહ્યું:—"હવે તમને ખર્ચની તંગાસ નહિ પડે ? માતાએ તે દિવસે ઘણી ઉત્કંઠાથી કાશી જવાની વાત કહાડી ત્યારે તો તમે ખર્ચની તંગીને લીધે તેમને રોકયાં હતાં; અને હવે મને સાથે લઇને યાત્રા કરવાને જાઓ છો તો માતા આ વાત જાણશે ત્યારે શું કહેશે ?"

રમેશચંદ્રઃ—આમાં આપણે રૂપીઆ બહુ નહિ ખર્ચવા પડે. રેલ્વે કંપની તરફથી પાસ મળ્યો છે.

વિમળાઃ—ત્યારે માતાને પણ બોલાવી લો, સર્વની સાથે તે પણ કાશી, પ્રયાગ આદિ તીર્થોની જાત્રા કરશે અને આપણને આશિષ આપશે.

રમેશચંદ્રે કેટલોક વખત વિચાર કર્યા બાદ કટાણું મોઢું કરીને કહ્યું:-" તો રહેવા દે, નથી જવું. "

સ્વામીનું મલિન મુખ જોઇને વિમળા લાચાર થઇને કર્ત્તવ્ય-વિચાર ભૂલી બોલી:-" જુઓ, નારાજ ન થાઓ, હું તમે જ્યાં કહેશો ત્યાં આવીશજ પણ—"

રમેશઃ—" હવે 'પણ' શું? એમાં તારે બીક રાખવા જેવું નથી, માતાના જાણવામાં આ વાત નહિ આવે."

વિમળાએ પછી કાંઇપણ ઉત્તર આપ્યો નહિ, પરંતુ કોઇકિ ન સમજાય તેવી આશંકાથી તેનું શરીર થરથર કંપવા લાગ્યું.

રમેશચંદ્ર વિમળાને લઇને યાત્રાએ નીકળ્યો. તેની માતાને ખબર આપવા માટે તેણે કાગળ સરખો લખ્યો નહિ.

ઘણા દિવસ સુધી પત્ર નહિ આવવાથી દિનપ્રતિદિન તેની વૃદ્ધ માતાની ચિંતા વધતી ગઈ. આજે આવશે, કાલે આવશે એવી રીતે પત્રની રાહ જોતાં જોતાં એક માસ વહી ગયો. કાગળોપર કાગળો લખ્યા, તાર મૂક્યા તોપણ ઉત્તર મળ્યો નહિ. ટપાલીને સેંકડો વાર પૂછ્યું તોપણ એક પણ પત્ર મળ્યો નહિ. તે હવે બહુજ દુઃખી રહેવા લાગી. રમેશચંદ્રનો પત્ર મેળવવાને માટે તે રાત્રિ-દિવસ દેવતાઓની પ્રાર્થના કરવા લાગી; પરંતુ પત્ર આવ્યો નહિ.

માતાના પ્રાણ પુત્રની પાસે જવાને હવે બહુજ વ્યાકુળ થઈ ગયા. એક દિવસ તે બિચારી દીવો પણ સળગાવવાનું ભૂલી ગઈ હતી. તે પથારીમાં પડી પડી વિચારવા લાગીઃ " મારા રમેશને શું થયું? "

વિચાર કરતાં કરતાં તેની આંખોમાંથી અશ્રુઓ નીકળવા લાગ્યાં. તેના ઘરની નજદીક લક્ષ્મીનારાયણનું મંદિર હતું ત્યાં આરતીના શંખ અને ઘંટ વાગતા સાંભળી તેના મનમાં ભક્તિનો આવેગ ભરાઇ આવ્યો. તેણે ભક્તિથી ગદ્દગદિત થઇ જઇને કહ્યું:–"હે ભગવાન! મારા રમેશની ખબર મેળવી આપ–હું સત્યનારાયણની કથા કહેવરાવીશ."

તેને આખી રાત ઉંઘ આવી નહિ. સવારના પહોરમાંજ તેને સ્વપ્ન આવ્યું:–"રમેશ માંદો છે અને તે પીડાના આવેશમાં 'હે માતા, તું ક્યાં છું?' એવી લવરી કરે છે." તરતજ તેની ઉંઘ ઉડી ગઇ. આંખ ઉઘડતાંની સાથે તે બેઠી થઇ અને રામનામ જપવા લાગી. પુત્રના અનિષ્ટની આશંકાથી તેનું વૃદ્ધ શરીર થરથર કંપવા લાગ્યું. તેના પ્રાણ આકુળ–વ્યાકુળ થઇ ગયા. અવશ્ય રમેશચંદ્ર કોઇ ભયંકર બીમારી ભોગવે છે એમ તેને લાગ્યું. હવે તે ધીરજ રાખી શકી નહિ. જો તેનાથી બન્યું હોત તો તે તેજ વખતે ઉડીને પહોંચી જાત. તેજ દિવસે તેણે ઘરનો પ્રબંધ કરીને પુત્રની પાસે જવાનો નિશ્ચય કર્યો.

લગભગ એક માસ પછી રમેશચંદ્ર યાત્રા કરીને પાછો આવ્યો. તેણે ગાંડાની પેઠે ઘરમાં પ્રવેશ કર્યો. આજે તેના મોઢાપર તે આનંદ દેખાતો નથી, તેનાં નેત્રામાં તે પ્રફુલ્લતા નથી, તેના મુખપર નિરાશાની છાયા છવાઈ ગઇ, તેનું શરીર સૂકાઇ ગયું, ઘણા દિવસનો ઉજાગરો હોય તેમ તેનું મુખ ઝાંખું થઇ ગયું. આજે તેની વિમળા પણ તેની પાસે નથી.

બીજે દિવસે રમેશચંદ્રને સખ્ત જ્વર આવવાથી તે બિછાનાપર આળોટવા લાગ્યો, અને વારંવાર માતાનું સ્મરણ કરવા લાગ્યો. માથાપર કોઇ શીતળ–કર સ્પર્શ કરી તેના માથાની પીડા હલકી કરે એવી તેની ઇચ્છા હતી, પણ ત્યાં કોણ હોય? ઓરડામાં વિમળાનું સ્મરણ કરાવનાર એક પેટી અને તેના ઉપર મૂકેલો એક આયનો, સિંદૂરની

ડબ્બી, તેલની શીશી તથા આવીજ બીજી ચીજો જોઈને રમેશચંદ્રનું હૃદય ચીરાવા લાગ્યું. તે તાવમાં ને તાવમાં નિઃશ્વાસ મૂકતો મૂકતો વિચારવા લાગ્યોઃ—

"હાય! શાથી આમ થઇ ગયું! વિમળાએ તે દિવસે મને કહ્યું હતું કે, માતાને દુઃખી કરી કોઇ સુખી થઇ શકતું નથી." "હે માતા! શું તને દુઃખ દેવાથી, તારાપર નિરર્થક ગુસ્સે થવાથીજ મારી આ દશા થઇ છે! હાય! મેં પાપીએ માતાની ખબરજ લીધી નહિ–પત્ર પણ લખ્યો નહિ!" આવા વિચાર કરતાં કરતાં રમેશચંદ્રની આંખોમાંથી અશ્રુઓનો પ્રવાહ વહેવા લાગ્યો. શોકને લીધે જ્વરનો વેગ વધ્યો. જ્યારે જ્યારે તેને ભાન આવતું ત્યારે ત્યારે તે દુઃખથી કહેતો—"માતા! હે માતા! તું ક્યાં છે? મને ક્ષમા કર." આવા સમયે કોઇ તેના માથાપર હાથ ફેરવી રહ્યું છે એમ તેને લાગ્યું. હાથનો સ્પર્શ અત્યંત શીતળ અને શાંતિદાયક હોવાથી તથા તે ફેરવનારના હૃદયમાં વહી રહેલા પ્રભુપ્રાર્થનાના બળથી રમેશચંદ્રની પીડા કમી થઇ ગઈ. તે ચકિત થઇને બેઠો થયો. અંધારામાં કોઈ તેના પલંગ આગળ ઉભું રહી તેના તરફ જોઈ રહ્યું છે એમ તેને દેખાયું. રમેશચંદ્રે કંપતા સ્વરે પૂછ્યુંઃ–"કોણ છે?"

"બેટા રમેશ! એ તો હું છું. બેટા! આટલો બધો દુઃખી થયો તોપણ તેં મને એક પણ પત્ર લખ્યો નહિ!"

રમેશચંદ્રે વિસ્મિત થઇને કહ્યુંઃ–"અરે! કોણ માતાજી!! તું અહીં ક્યાંથી?"

માતાઃ—બેટા, એ તને કેવી રીતે કહું? તને ખબર નથી કે માતાનો જીવ કેવો હોય છે?

માતાનો સ્નેહ કેવો હોય છે અને તે સ્નેહના બળને લીધે કુદરતના નિયમને અનુસરીને ગમે તેટલે છેટે પણ રોગશય્યાપર પડેલા

પુત્રના દુઃખના પોકારો કેવી રીતે સાંભળી શકે છે, તેનો ખ્યાલ પણ રમેશ જેવા પુત્રોને આવતો નથી. સ્વપ્નમાં પણ પુત્રની વિપત્તિ જોઈને માતાના જીવના ટુકડે ટુકડા થઇ જાય છે. સંસારમાં 'માતાનો સ્નેહ' કોઇ સાથે સરખાવી શકાતો નથી.

તે વૃદ્ધ સ્ત્રી રમેશચંદ્રની પાસે બેસી ગઈ અને તેના બરડાપર હાથ ફેરવતી ફેરવતી કહેવા લાગીઃ "બેટા! આજસુધી તેં તારી ખબર મોકલી નહિ તેથી મારો જીવ ઝાલ્યો રહ્યો નહિ."

રમેશચંદ્રે જ્વરથી તપેલા હાથવડે માતાના હાથ દબાવી દુઃખી અવાજે કહ્યુંઃ—"માતા, સારૂં થયું કે તું આવી. તેં તે દિવસે ઘણી ઉત્કંઠાથી કાશી જવાની ઇચ્છા દર્શાવી હતી; પરંતુ તે સમયે હું તને ઓળખી શક્યો નહિ ને તારી ઇચ્છા પૂર્ણ કરી શક્યો નહિ. ચાલ, હવે તને કાશી લઇ જાઉં. હવે હું અહીં નહિ રહું. તને કષ્ટ આપી અને તારાપર નાહક ગુસ્સે થઇને હું મૂર્ખ મુસાફરીનું સુખ ભોગવવા ગયો હતો તેનું ફળ મને સારી રીતે મળ્યું." આટલું કહેતાં કહેતાં રમેશચંદ્રનો કંઠ રૂંધાઈ ગયો. તેની વૃદ્ધ માતા સમજી કે તે જ્વરની પીડાથી આવું બડબડે છે. તેણે રમેશચંદ્રને છાતી સરસો ચાંપીને કહ્યુંઃ—"રમેશ! તને શું થયું છે? તું ગાંડાની માફક શું કહે છે તે મારાથી સમજાતું નથી. ઘરમાં અંધારૂં થઇ ગયું છે, હજુ સુધી દીવો પ્રકટ્યો નથી, વહુ ક્યાં ગઇ છે?" રમેશચંદ્રે કાંઇ પણ ઉત્તર નહિ આપવાથી તે "વહુ, વહુ" કહીને હાંક મારવા લાગી.

રમેશચંદ્રની છાતી ફાટવા લાગી. તેણે માતાના ખોળામાં માથું મૂકીને કહ્યુંઃ—"મા! કોને બોલાવે છે! અહીં તો કોઇ નથી!!"

માતાએ આશ્ચર્યથી કહ્યુંઃ—"વહુ ક્યાં છે?"

રમેશચંદ્રઃ—"મણિકર્ણિકાઘાટપર." રમેશચંદ્રની આંખો આંસુથી ભરાઇ ગઇ. તેણે કહ્યુંઃ—"હે માતા! મારાપર અપ્રસન્ન થતી નહિ. હું તને સર્વ વૃત્તાંત કહું છું."

"જ્યારે હું બીજી વખતે અહીં આવવાનો હતો ત્યારે તેં કાશી જવાની ઇચ્છા દર્શાવી હતી; પરંતુ મેં પાપીએ તને ખર્ચનું બહાનું બતાવ્યું, અને અહીં આવ્યા પછી સર્વને લઇ પ્રયાગ, કાશી, વગેરે તરફ ફરવા ગયો. કાશીમાં તેને એકાએક કૉલેરા થઇ આવ્યો. અનેક ઉપાયો કર્યા તોપણ તેને મટયું નહિ; આખરે તેને હમ્મેશને માટે કાશીમાં મૂકીને હું અહીં આવ્યો. માતા! હું તારી સાથે કપટ રમ્યો, તેનું મને ફળ મળ્યું." આટલું કહી તેણે માતાના પાલવમાં મોઢું સંતાડી રડવા માંડયું. પુત્રની વાત સાંભળીને માતાનો તો જીવજ ઉડી ગયો. પછી તેણે દુઃખી સ્વરે કહ્યું:–"હાય! એક મહીનામાંજ આવું થઇ ગયું?" તે પુત્રને વળગી પડી અને રડવા લાગી.

રમેશચંદ્ર માતાના પાલવમાં મોઢું સંતાડીને એક નાના બાળકની માફક રડી રહ્યા છે અને તેની વૃદ્ધ માતા પોતાના હૃદયનો સઘળો સ્નેહ વરસાવીને તેને સાંત્વના આપી રહી છે! માતા અને પુત્રનું આ દારૂણ કષ્ટ જોનાર પરમેશ્વર સિવાય અન્ય કોઇજ નહોતું. માત્ર દિવાલપર રમેશ અને વિમળાનો એક ફોટો લટકી રહ્યા છે; અને જાણે કે વિમળા રમેશચંદ્રની ખુરશીની પાસે ઉભી રહીને તેને નીચે પ્રમાણે કહી રહી હોય એવું લાગે છેઃ—

"આજેજ તમે માતાને ઓળખી છે; તેથી હું મર્યા પછી પણ સુખી થઇ છું. મારી એજ છેલ્લી પ્રાર્થના છે કે હવે તમે કદાપિ પણ માતાના સ્નેહમાં સંદેહ કરતા નહિ. માતાના સ્નેહમાં બનાવટીપણું કે સ્વાર્થ હોતાંજ નથી. હવે માતાની ખૂબ સેવા કરી તેની આજ્ઞાનું પાલન કરજો. જ્યારે તમે માતાને સુખી કરવા માટે જીવતોડ મહેનત કરશો ત્યારેજ તમે સુખી થશો."

રમેશચંદ્ર માતાના પ્રાણ સાથે પ્રાણ મેળવી દુષ્ટ બાળકની માફક રડતો રડતો શિથિલ થઇ માતાના ખોળામાંજ ઉંઘી ગયો.

મૂળ લેખકઃ–શ્રીયુત શિવસહાય ચતુર્વેદી.

૨૨–ખરૂં વ્રત.

"કેમ, યમુબાઈ! આજે તો કંઇ વ્રત–તપમાંજ ડૂબી ગયાં લાગો છો? હું ક્યારનીએ તમારી પાસે આવીને ઉભી છું, પણ જાણતાંએ નથી."

"આવો બ્હેન! આ પંદર દિવસ પછી ચાતુર્માસ પૂરા થઇ જશે એટલે કંઇ થાય એટલું તો કરી લેવું જોઇએ ને? તમારાં જેવાં અંગ્રેજી ભણેલાંઓને તો કંઇ અમારાં અજ્ઞાન લોકોનાં જપ, વ્રત થોડાંજ પસંદ આવવાનાં છે?"

"જરા લખતાં વાંચતાં શીખ્યાં એટલે પોતાના આચારવિચાર છોડી દેવા એમ કંઈ થોડુંજ છે! પણ બ્હેન એટલું તો ખરૂં કે જેમ જેમ મન કેળવાતું જાય છે તેમ તેમ તે આવાં બહારનાં દેખાવનાંજ વ્રતોમાં સંતોષ પામતું નથી. મને તો બ્હેન ખરૂં પૂછો તો આવાં દેખાવનાં વ્રતોમાં વખત ગાળવાનું ગમતુંજ નથી. એના કરતાં તો આપણી બુદ્ધિનો વિકાસ થાય કે આપણું કોઇ પણ જાતનું જ્ઞાન વધે તેવાં પુસ્તકો વાંચવા પાછળ વખતનો સદુપયોગ કરવો એમાં શું ખોટું?"

"સુશીલા બ્હેન! તમે તો સુધારાના વલણપર ચઢી ગયાં લાગો છો. જો ચાતુર્માસમાં નીમ, ધર્મ ને વ્રત કરવાં એ આપણો ધર્મ નથી તો કોનો–પુરૂષોનો છે?"

"યમુબાઇ! આમ ક્રોધે ભરાશો નહિ."

"એમાં ક્રોધ શેનો? પણ મારૂં કહેવું એવું છે કે વાંચવાનું તો રોજનુંજ છે, પણ ચાતુર્માસ કંઇ બારે માસ થોડાજ રહેવાના

છે. આ હું જરા સવારમાં દરીએ નહાવા જાઉં કે પીપળાની પ્રદક્ષિણા કરવા નીકળું કે દેવદર્શને જાઉં ત્યાં તો ઘરમાંથી બૂમ પાડી ઉઠે, "જોજે રાંધતાં મોડું ન થાય, મારે ઑફિસનો ટાઇમ થઇ જશે." આવા દહાડાઓમાં પણ આવો ત્રાસ. આપણા સ્ત્રીના ધર્મ આપણે નહિ પાળીશું તો કોણ પાળશે ?"

"યમુબાઇ, તમારી ધર્મની વ્યાખ્યા તો ઘણી સુંદર જણાય છે ! સ્ત્રીધર્મ એટલે સવાર–સાંજ દેવમંદિરે જવું, નદી–દરીએ નહાવું, વડપીપળાની પ્રદક્ષિણા કરવી કે એવાં એવાં વ્રતો કરવાં એટલુંજ તમે સમજતાં લાગો છો; પણ પતિવ્રતાના ખરા ધર્મોનું તો તમે ઉલ્લંઘનજ કરી નાખો છો. તમે એ ધર્મના બહારના દેખાવ ઉપર મોહી પડો છો અને આત્માને ભૂલી જાઓ છો. આપણા પ્રિય પતિની ઇચ્છાને માન આપવું, તેમનો બોલ ઉઠાવી લેવો અને તેમને તેમના કામમાં સરળતા કરી આપવી એ આપણા પતિવ્રતાના ખરા ધર્મોનો આપણે કેટલો બધો અનાદર કરી દઇએ છીએ. નોકરી નવાઇની તો નથી પણ તે કંઇ ઘરનાં કામ છે ? ત્યાં તેમને જરા મોડું થતામાં કેટલો ઠપકો મળે એ તમે જાણો છો ? આપણી અંધશ્રદ્ધાને લીધે એમને કોઇનો કડવો શુકન સાંભળવો પડે તે કરતાં તો બ્હેન ! આ વ્રતોથી આપણને સ્વર્ગનો દાંડો મળતો હોય તે ન મળે તોપણ બહેતર છે."

યમુબાઈ આ ચાતુર્માસનાં વ્રતો, અને એકાદ સ્વાદનો ત્યાગ કરવો એ તો ગૌણ બાબત છે. કેવળ તેટલું કરવાથીજ ધર્મ પાળ્યો એમ થઈ જતું નથી. મને આગળ એક વખત નિયમ–ધર્મ અને વ્રતો ઉપર બોલવાનો પ્રસંગ આવ્યો હતો તે વખતના શબ્દોજ આજે તમને પણ કહી સંભળાવું છું:—

અહીં રહેવા આવ્યા પહેલાં જ્યારે અમે શરૂઆતમાં મુંબઇ આવ્યાં હતાં ત્યારે સી. પી. ટૅંક આગળ એક માળામાં રહેતાં

હતાં. તે માળામાં રહેનારા ઘણાખરા લોકો શ્રીમંત હતા. એમને તે વખતે આટલો પગાર નહોતો એટલે મારા અંગ ઉપર જાતજાતનાં ઘરેણાં ક્યાંથી હોઈ શકે ? હમણા પણ ખરૂં પૂછો તો મને ઘરેણાં-પર મોહ નથી. મુંબઇનાં માણસો બહુધા કૂપમંડૂકવૃત્તિનાં હોય છે, ને તેમાંએ ખાસ કરીને સ્ત્રીઓ તો વધારેજ. આથી મારી અને તેમની સ્થિતિ વચ્ચે અંતર હોવાથી તેઓ મારી સાથે વાત કરવામાં પણ પોતાની ઇજ્જત ઓછી થઈ જાય એમ માનતાં હતાં. આવી સ્થિતિમાં હું મારો નવરાશનો બધો વખત વાંચવા–લખવામાં આનંદપૂર્વક ગાળતી; પણ પેલી માન–મરતબાવાળી સ્ત્રીઓને ઘરનાં માણસ જમીને કામ-ધંધે જાય તે પછીનું હંમેશનું કયું કામ હોય ? એકાદ મોટા દિવાન-ખાનામાં કે ઓરડીમાં બધી નવરીઓ ભેગી મળે, એકાદ જણી પ્રમુખ થાય એટલે નિંદાનું પ્રકરણ શરૂ થાય. ફલાણીનો ધણી આવો છે, ફલાણી બાઈ તેવી છે અને ફલાણીનાં અંગપર તો એક ખોટા કાચનો કકડોએ નથી. એ પ્રમાણેની નકામી કુથલીમાંજ દિવસનો ઘણોખરો વખત તેમનો વીતે છે.

ચાતુર્માસમાં આવી બાબતોથી દૂર રહેવા માટે સાધ્વી સ્ત્રીઓનાં ચરિત્ર વાંચવાનો મેં તો નિયમ કરેલો છે.

એક વખત ચાતુર્માસમાં આનંદીબાઇએ મને બોલાવીને કહ્યું હતું કે:–" સુશીલા ! ચાલો આપણે ચાતુર્માસમાં વ્રત લઇએ. આખો દિવસ વાંચવાંચ શું કર્યા કરે છે ? તું હજી નાની છે એટલે તને ધર્મ શું તેની શી ખબર પડે ? ચાલ, અમારી સાથે; અમે કરીએ તેમ કરજે એટલે થયું." હું આનંદીબાઇને સારી પેઠે ઓળખતી હતી. તેણે ધર્મના પડદા પાછળ રહીને જે આચરણો કર્યાં હતાં તેની મને સારી પેઠે માહિતી હતી. આથી મેં જરા ગુસ્સામાં આવીને તેને કહ્યું:–"આનં-દીબાઇ, ધર્મને વળી આડંબર શા ! લાખો વ્રત કરીને દેવને ફૂલપાણી

ચઢાવ્યા કરવાં એમાંજ કાંઈ ધર્મ આવી ગયો નથી. મેં એક ઠેકાણે વાંચ્યું છે કે:—

" नास्ति स्त्रीणां पृथग् यज्ञो न व्रतं नाप्युपोषणम् ॥
पतिं शुश्रूषते साध्वी तेन स्वर्गे महीयते ॥ "

એટલે કે "આ લોકમાં અને પરલોકમાં ઉચ્ચપદ મેળવવાને સ્ત્રીને પોતાના પતિની સેવા સિવાય બીજાં વ્રતધર્મો કરવાની જરૂર નથી." આનંદીબાઈ! વડપીપળાની સેવા કરવાને ખાતર પતિસેવામાં ન્યૂનતા આવતી હોય તો તેને બદલે પતિવ્રતા સ્ત્રીનું દૈવત જે પતિ, તેની સેવા કરવી એ અધિક શ્રેષ્ઠ નથી શું?

પતિદેવની અવજ્ઞાથી અને તેમને અપ્રિય હોય એવાં કૃત્યો કરવાથી જરા સરખું પુણ્ય પણ પ્રાપ્ત થાય ખરૂં? સાધ્વી સ્ત્રી પતિની ઇચ્છાવિરુદ્ધ કોઇ પણ કામ કરશે નહિ. હું ભલે વડપીપળાની પ્રદક્ષિણા નથી કરી શકતી, પણ મેં મારૂં સર્વાંગ પતિસેવામાં અર્પણ કર્યું છે તો તેથી મને ધર્મની પ્રાપ્તિ નહિ થાય? અને તમે શું તમારી હાલની રીત ચાલુ રાખીને પતિનો વધારે પ્રેમ મેળવી શકશો?

અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, સાવિત્રી વગેરે સ્ત્રીઓને આપણે પૂજ્ય શા માટે માનીએ છીએ? તેઓ પતિવ્રતા હતી તેટલાજ માટેને? પતિવ્રતા એટલે પતિનેજ પરમ દૈવત માની તેનેજ પોતાનો દેહ અર્પણ કરનાર અને તેના સુખમાંજ સુખ અને દુઃખમાં દુઃખ માનનાર, અને દેહ જુદો પણ આત્મા એક એવી ભાવના રાખે તે.

આ સાધ્વી સ્ત્રીઓએ બાહ્ય વ્રત–ધર્મને પ્રાધાન્ય આપ્યું હોત તો તેઓ આજે આટલી પૂજ્ય ગણાત ખરી?

પોતાના સુકુમાર પગમાં કાંટા, કાંકરા ને પત્થર વાગવાના ભયતરફ, ટાઢ તાપનાં અસહ્ય કષ્ટ તરફ અને હિંસક પ્રાણીઓથી ભર-

ણુના ભય તરફ શું સીતાદેવીએ જરાપણુ લક્ષ આપ્યું હતું ? રાજમહેલનાં સુખોમાં અને ભયંકર વનવાસમાં સીતાદેવીએ ભગવાન રામચંદ્રનો સંગ છોડ્યો હતો શું ? નહિ. એટલુંજ નહિ પણુ તેમણે ઘણા આનંદપૂર્વક વનવાસ સ્વીકાર્યો હતો. આપણી હમણાંની સ્ત્રીઓની પેઠે ઘરેણાં માટે હઠ લઇને મોઢું નહિ ચઢાવતાં આનંદપૂર્વક કેવળ વલ્કલજ ધારણ કરીને તેમણે આપણે માટે ઉપદેશ મૂક્યો છે, કે પતિ એજ પતિવ્રતા સ્ત્રીનું ખરેખરૂં ભૂષણ છે.

દુર્દૈવથી કીચક સરખા દુષ્ટ કામાંધના મહેલમાં દાસી બનીને રહેવાનો પ્રસંગ આવ્યો તોપણ જેણે પોતાના પતિઓને એક પણ કડવો શબ્દ કે અસંતોષ જણાવ્યો નથી તે સાધ્વી સ્ત્રી દ્રૌપદીનાં કેટલાં વખાણ કરીએ ?

આ સાધ્વી સ્ત્રીઓએ કરેલાં આચરણરૂપી વ્રતો આપણે પણ આચરવાં જોઇએ. તેમનાં ઉજ્વલ ચરિત્રો આપણી નજર સમક્ષ રાખીને આપણે આપણું વર્તન સુધારવું જોઇએ અને પતિપરાયણ થવું જોઇએ.”

યમુબાઇ ! એટલું કહીને વખત થઇ ગયેલો હોવાથી હું ત્યાંથી ઘેર ચાલી ગઇ. તે પછી તેણે શું કર્યું કે તે શું બોલી હશે તે મારા જાણવામાં આવ્યું નથી.

“સુશીલા બ્હેન ! આજે તમે મારી આંખમાં સારૂં અંજન કર્યું છે. હું આજ સુધી એ પ્રમાણે વર્તી શકી નથી, તેથી મને ઘણું ખરાબ લાગે છે. શેરડી અને એરંડો કાંઇ સરખાં હોઈ શકે ? પણ આજે તમે ખરો માર્ગ બતાવ્યો છે, તેથી આજના દિવસને હું ધન્ય માનું છું. પણ તમારા જેટલું જ્ઞાન તો મારામાં ક્યાંથી આવવાનું હતું ?”

“મને પણ શરૂઆતમાં તો લખવા વાંચવાનું કંટાળાભરેલું લાગતું હતું. વાંચવા બેસતાં ઘણું આળસ આવી જતું અને કેટલીક

વખત એક એક શબ્દ વારંવાર બોલાવવા છતાં હું સ્પષ્ટ રીતે તેનો ઉચ્ચાર કરી શકતી નહિ ત્યારે મને ઘણું ખોટું લાગી આવતું; પણ મને વાંચવાનો અભ્યાસ નથી એજ તેનું કારણ છે એમ જાણ્યા પછી હું જાતે પુસ્તકો મંગાવીને વાંચવા લાગી અને તેમ કરતાં તો મને ઘણો આનંદ થવા લાગ્યો, ને પ્રેમનો ખરો આસ્વાદ હું લઇ શકી. સાધ્વી સ્ત્રીઓનાં ચરિત્ર વાંચીને તો મારા મન ઉપર અજબજ અસર થઇ છે. તેનાવડેજ હું જાણી શકી છું કે આપણે માટે પતિસેવા એજ ખરૂં વ્રત છે, પતિનાં સુખ તેજ આપણાં સુખ અને તેમનાં દુઃખ તેજ આપણાં દુઃખ. દેહ જુદા પણ આત્મા એક, એવી ભાવના એજ ખરો ધર્મ છે."

"સુશીલા બ્હેન! હવે તો તમે મહેરબાની કરીને રોજ અહીં આવતાં રહેજો અને મને સારાં સારાં પુસ્તકો વાંચી સંભળાવજો. મને વાંચતાં આવડતું નથી તેની ખોટ આજેજ માલૂમ પડી છે. હવે હું એમની પાસે અને તમારી પાસેથી થોડું થોડું કરીને શીખતી જઇશ."

"બહુ સારૂં, હવે જરા કંકુ આપો, બહુજ મોડું થઇ ગયું."

"ના, જરા થોભો, ફરાળ કર્યા સિવાય આજે જવાશે નહિ."

૨૩—મોહિની.

૧.

રાવ બહાદુર સીતારામ પંજાબમાં એકસ્ટ્રા આસિસ્ટંટ કમિશ્નર હતા. તેમના સ્વર્ગવાસસમયે તેઓ આ જગતમાં માત્ર બે વસ્તુઓ મૂકી ગયા હતા; એક તેમની પુત્રી મોહિની અને બીજી બૅંક ઑફ બૅંગાલમાં દોઢલાખ રૂપીઆની રકમ.

રાવ બહાદુરના વિલ અનુસાર મોહિનીને તેની પંદર વર્ષની ઉમ્મર પહેલાં વિવાહ કરવાની તેમજ વીસ વર્ષની ઉમ્મર પહેલાં બૅંકમાંથી ઉપલી રકમ ઉપાડી લેવાની રજા નહોતી.

રાવ બહાદુરનું મૃત્યુ થયું, તેજ વર્ષે મોહિની મેટ્રિકમાં પાસ થઇ કૉલેજમાં દાખલ થઇ હતી.

હાલ મોહિનીને એકવીસમું વર્ષ ચાલે છે; અને તેણે પંજાબ વિશ્વવિદ્યાલયની બી. એ. ની પરીક્ષા માન સાથે પસાર કરી છે.

વિલ કર્યા બાદ કેટલેક વર્ષે રાવ બહાદુરનું મૃત્યુ થયું હતું, અને તેમણે, પોતાની પુત્રીને દર મહિને, બેંકમાંથી ખર્ચ જેટલા રૂપીઆ મળે એવો, પ્રબંધ કર્યો હતો.

રાત્રિના સાડા આઠ વાગ્યા છે. શિયાળાના દિવસ છે. મોહિની તેના મકાનમાં બેસી મહાન સ્ત્રીઓનાં જીવનચરિત્ર વાંચી રહી છે. તેણે સ્ત્રી–શિક્ષાપર એક લેખ લખ્યો છે તે કોઇ એક માસિકમાં છાપવા મોકલી આપવાનો વિચાર પણ તેના મનમાં ચાલી રહ્યો છે. એવામાં તેની દાસી ચંપાએ તેના આગળ એક વિઝિટિંગ કાર્ડ મૂક્યું. તેમાં લખ્યું હતું:–

માનનીય રાજા રામનારાયણસિંહ બહાદુર, સી. આઇ. ઈ.

મોહિનીએ દાસીને કહ્યું:-"રાજા સાહેબને અહીં લઇ આવ."

થોડી મિનિટ બાદ રાજા સાહેબે અંગ્રેજી ફૅશન પ્રમાણે શેક-હૅંડ કરવા સારૂ પોતાનો હાથ લંબાવ્યો.

મોહિનીએ સામો હાથ નહિ મેળવતાં બંને હાથ જોડીને સ્વ-દેશની રીત પ્રમાણે નમસ્કાર કરી તેમને ખુરશીપર બેસવાનો ઈ-શારો કર્યો.

રાજા સાહેબે ખુરશીપર બેસીને કહ્યું:-"હું તમને કુશળસમાચાર પૂછું તે પહેલાં હું તમારી પાસે રાત્રિના સમયે આવ્યો છું તેની મારે ક્ષમા માગવી જોઇએ."

મોહિનીએ કહ્યું:-"આહ! તેની શું જરૂર છે?"

રાજા સાહેબ:—"આ વખતે હું તમારી પાસે કેમ આવ્યો તે નિવેદન કરવાની આજ્ઞા ચાહું છું."

મોહિની:—"ફરમાવો."

રાજા સાહેબ:—"તમે મારી જ્ઞાતિનાં છો, માટે તમે બી. એ. માં પાસ થયાં તે બાબત મારે તમને કાંઇક પુરસ્કાર આપવો જોઇએ."

ઉપર પ્રમાણે કહીને રાજા સાહેબે એક હીરાનો હાર મોહિનીની સામે મૂકયો. મોહિનીએ તે હારને માથે ચડાવીને કહ્યું:-"હું આપના આ અનુગ્રહને માટે આપની આભારી છું; પરંતુ મારી પ્રાર્થના છે કે આપ આ હાર આપની પાસેજ રાખો."

રાજા સાહેબ:—"તમારે એનો સ્વીકાર કરવામાં કાંઇ હરકત સમ-જવાની નથી, કારણકે એ ખાસ તમારે માટેજ બનાવવામાં આવ્યો છે."

મોહિની:—"આપ કૃપા કરીને આ હાર રાણી સાહેબને આપજો."

રાજા સાહેબે ઉદાસ થઇને કહ્યું:-"તે હવે આ સંસારમાં નથી!"

મોહિની (આશ્ચર્યથી)—"આ હું શું સાંભળું છું?!"

રાજાસાહેબ:—"તમે પ્રયાગ ગયાં હતાં તેજ અરસામાં તેમનો સ્વર્ગવાસ થયો હતો."

મોહિની:—"તેને કાંઇ સંતાન છે ?"

રાજાસાહેબ:—"ના ! તેની ઉમ્મર વીસ વર્ષની પણ નહોતી, તે મારાથી માત્ર પાંચ વર્ષેજ નાની હતી."

મોહિની:—"ખેર. ત્યારે આ હાર આપનાં નવાં રાણી સાહેબને માટે આપની પાસે રાખો."

રાજાસાહેબ:—"નવાં રાણી સાહેબને માટેજ તમને ભેટ આપ્યો છે."

મોહિની:—"એટલે શું? હું સમજી નહિ !"

રાજાસાહેબ:—"વિચાર કરવાથી તેનો અર્થ સમજાશે. વારૂ, હવે હું રજા લઉં છું અને તમને આપેલી તસ્દી માટે ક્ષમા માગું છું."

આટલું કહી જવાબની રાહ જોયા વિનાજ રાજાસાહેબ વિદાય થયા. મોહિની નીચું માથું કરી વિચારમાં પડી.

૨.

ઉપર્યુક્ત ઘટનાને ચોથેજ દિવસે મોહિનીના મકાનના દરવાજા આગળ એક ગાડી આવીને ઉભી અને તેમાંથી બે મહિલાઓ નીકળી, મોહિનીના મકાનમાં ગઈ. મોહિની એક ઉનના રૂમાલપર ગુલાબનું ફૂલ ગુંથતી હતી. તેણે આ બે મહિલાઓને જોઇને તેમનું સ્વાગત કર્યું.

આ આવેલી બે મહિલાઓમાંથી એક રાજાસાહેબની બ્હેન ચંદ્રકળા હતી અને બીજી રાજાસાહેબના મેનેજરની સ્ત્રી લાડકુંવર હતી. મોહિની આ બન્નેને ઓળખતી હતી. થોડો સમય આડી-તેડી વાત કર્યાબાદ ચંદ્રકળાએ કહ્યું:—"બ્હેન ! હું ચાહું છું કે આપણે બન્ને પાસે પાસે રહીએ."

મોહિની:—એ કેવી રીતે ?

ચંદ્રકળા:—તમે નારાજ ન થાઓ તો કહું.

મોહિનીઃ—હું શું કરવા નારાજ થાઉં?

ચંદ્રકળાઃ—હા, નારાજ થવા જેવું કાંઇ નથી, પણ કદાચ તમને કાંઈ ખોટું લાગે માટે પહેલેથીજ માફી માગી લઉં છું.

મોહિનીઃ—જ્યાં સુધી હું તમારી વાત નહિ સાંભળું ત્યાં સુધી હું નારાજ થઇશ કે નહિ તે કહી શકતી નથી.

લાડકુંવરે હસીને કહ્યું:—મને લાગે છે કે તમે નારાજને બદલે ખુશ થશો.

મોહિનીઃ—સંભવિત છે, વારુ, હવે તમારે જે કાંઇ કહેવાનું હોય તે ખુશીથી કહો.

ચંદ્રકળાઃ—ત્યારે સાંભળો. હું તમને મારાં ભાભી સાહેબ બનાવવા માટે આવી છું;

લાડકુંવરઃ—અને હું પણ, શ્રીમતીજી! તમને મારાં રાણી સાહેબ બનાવવા આવી છું.

મોહિનીએ ગંભીર થઈને કહ્યું:—થોડા દિવસ પહેલાં રાજા સાહેબ પધાર્યા હતા, તેમણે પણ આવી મતલબની વાત કહી હતી. પ્રથમ તો હું તેમના કહેવાનો ભાવાર્થ સમજી શકી નહોતી, પણ તેમની અંતિમ વાતથી હું તેમના કહેવાનો ભાવ સમજી ગઇ હતી. આજે તમે લોકોએ પધારી તે વાતનું સ્પષ્ટીકરણ કર્યું.

ચંદ્રકળાઃ—તમે મારી પ્રાર્થનાનો સ્વીકાર કર્યો છે એ જાણી હું ઘણી ખુશી થઇ છું.

લાડકુંવરઃ—હું મારાં નવાં રાણી સાહેબને અભિનંદન કરૂં છું.

મોહિનીઃ—ક્ષમા કરો. હું આ પ્રસ્તાવનો ધન્યવાદપૂર્વક અસ્વીકાર કરૂં છું.

ચંદ્રકળા અને લાડકુંવરે આશ્ચર્ય સાથે કહ્યું:—"કેમ, કેમ, એમ કેમ?"

મોહિનીઃ—મારાં પૂજ્ય માતુશ્રીના સ્વર્ગવાસ સમયે મારી ઉમ્મર પાંચ વર્ષની હતી, અને પૂજ્ય પિતાશ્રીના સ્વર્ગવાસ સમયે મારૂં શિક્ષણ પૂરૂં થયું નહોતું, તેથી હું એક રીતે મારાં માતાપિતાની સેવાથી વંચિત રહી છું.

ચંદ્રકળાઃ—વારૂ, પછી ?

મોહિનીઃ—તેથી મારી ઇચ્છા એવી છે કે મારે માતાપિતાના ઋણમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો અને તેથી હું આડંબરથી દૂર રહી શકીશ તોજ મારી ઇચ્છા ફળીભૂત થશે.

ચંદ્રકળાઃ—રાણી થશો તોપણ તમે ચાહશો તો આડંબરથી દૂર રહી શકશોજ.

લાડકુંવરઃ—રાજા સાહેબ સદૈવ તમારી આજ્ઞા પ્રમાણે ચાલવાને તૈયાર છે.

મોહિનીઃ—હવે કૃપા કરીને મને આ વિષયમાં કાંઇ કહેતાં નહિ, કારણ કે હું તમારી વાતનો સ્વીકાર નહિ કરૂં.

આખરે બંને બાઇઓ પોતાની ધારણામાં નિષ્ફળ થઇને પાછી ગઈ.

આ ઘટનાથી રાજા સાહેબને તેમનું ભારે અપમાન થયું હોય એમ લાગ્યું અને એક સપ્તાહની અંદર તેમણે એક ધનવાન પુરૂષની પુત્રી સાથે લગ્ન કર્યું.

મોહિનીએ રાજા સાહેબને ત્યાં જઇ નવાં રાણી સાહેબને તે હાર પહેરાવી દીધો.

૩.

કૃષ્ણપ્રસાદ તેની ઓરડીમાં બેસી એક માસિકમાં મોકલવાનો લેખ લખી રહ્યો હતો અને તેની વૃદ્ધ માતા તેના તરફ જોઈ રહી હતી. કૃષ્ણપ્રસાદે મેટ્રિકની પરીક્ષા પસાર કરી છે અને તેની સારા લેખકોમાં ગણત્રી થાય છે. લગભગ ૭ વર્ષથી તે માતૃભાષાની નિષ્કામ

વૃત્તિથી સેવા કરી રહ્યો છે. કૃષ્ણપ્રસાદને અન્ય કાંઇ આવક નહોતી અને નોકરી કરવાનું તેને પસંદ નહોતું, તેથી તેની દરિદ્રતા કાયમ રહી હતી. એક ઉદાર ગૃહસ્થ અંગ્રેજી ભાષાનાં સારાં સારાં પુસ્તકોનો અનુવાદ કરાવતો હતો, તેણે કૃષ્ણપ્રસાદને કેટલાંક પુસ્તકોનો અનુવાદ કરવાનું કામ સોંપ્યું હતું. બસ આ પુસ્તકોનો અનુવાદ કરવાથી જે કાંઇ આવક થતી હતી તે ઉપર તે તેની આજીવિકા સુખ અને શાંતિપૂર્વક કરકસરથી કરતો હતો. કૃષ્ણપ્રસાદ અને તેની માતાને તેમની સ્થિતિમાં સંતોષ હતો. તેઓ કદાપિ પણ ઉદાસ દેખાતાં નહોતાં. કૃષ્ણપ્રસાદે લખવાનું બંધ કરી એક માસિક લઇને વાંચવા માંડતાં તેની માતાએ કહ્યું:—"બેટા ! આજે તારો વિવાહ થયો."

કૃષ્ણપ્રસાદ:—માતા ! શું મારો વિવાહ ! કોઇપણ સમયે મેં એ વાતની ઇચ્છા કરી નથી !

માતા:—બેટા ! મોહિનીની મામીએ કહેવરાવ્યું છે કે મોહિની તારી સાથે વિવાહ કરવા ચાહે છે.

"જેવી તારી આજ્ઞા" કહી કૃષ્ણપ્રસાદે માસિક તરફ નજર નાખી અને મનમાં કહ્યું:—" મોહિની ! તને ધન્ય છે ! તારો જન્મ આદર્શ છે અને તારો પ્રેમ પૂજ્ય છે. મારા જેવા નિર્ધન માણસની સાથે જે પોતાની ખુશીથી વરવાને માટે તૈયાર થઇ, તેની પ્રસંશા કેવા શબ્દોથી થઇ શકે ? "

યથા સમય કૃષ્ણપ્રસાદ અને મોહિનીનાં લગ્ન થયાં અને મોહિનીએ, જેવી રીતે એક સુશીલ નારી તેનાં સાસુસસરાની સેવા કરે તેવી રીતે, તેની વૃદ્ધ અને દરિદ્ર સાસુની સેવા કરી.

આ વિવાહ માટે એક આગેવાન પત્રે નોંધ લીધી કે:—

"શ્રીમતી મોહિની, બી૦ એ૦ એ એક સાધારણ વ્યક્તિ સાથે લગ્ન કર્યું છે. શ્રીયુત કૃષ્ણપ્રસાદ ગરીબ છે; એટલુંજ નહિ પણ શિક્ષણમાં

તેની પત્ની કરતાં પણ હાલ તો પાછળ છે. હા, તેનું લેખકોમાં અદ્ભુત માન છે. અમે શ્રીયુત કૃષ્ણપ્રસાદને તેમના સુભાગ્ય માટે ધન્યવાદ આપીએ છીએ, અને ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે તે એ જોડાને સદા સુખી રાખે."

કૃષ્ણપ્રસાદે મોહિનીને આ લેખ બતાવ્યો ત્યારે મોહિનીએ કહ્યું:— "થોડા સમય પછી એ પત્રના સંપાદકને તેના લેખ માટે વિચાર કરવો પડશે."

૪.

ઉપલા બનાવને બે વર્ષ થઇ ગયાં છે. કૃષ્ણપ્રસાદની માતાએ સ્વર્ગવાસ કર્યો છે. મોહિનીના ખોળામાં એક વર્ષનું સુંદર બાળક રમે છે. હવે કૃષ્ણપ્રસાદ અને મોહિની કર્મક્ષેત્રમાં ઉતરી પડયાં છે. મોહિનીએ તેના પિતાની સઘળી સંપત્તિને એક સુયોગ્ય કમિટિના હાથમાં સોંપી દીધી છે. આ સંબંધમાં એજ સમાચારપત્રના અગ્ર લેખમાં નીચે પ્રમાણે લખાણ આવ્યું છે:—

"શ્રીયુત કૃષ્ણપ્રસાદ અને શ્રીમતી મોહિનીએ તેમની સઘળી સંપત્તિ કે જે લગભગ ૧,૭૫,૦૦૦ રૂપીઆની છે, તે ગરીબ છોકરા-છોકરીઓને દાનમાં આપી દીધી છે. આ દાનમાંથી નિશાળો ચલાવવામાં આવશે. તેમાંથી એક હાઇસ્કુલ કન્યાઓને માટે થશે અને એક હાઇસ્કુલ છોકરાઓને માટે થશે. શિક્ષણમાં માતૃભાષાને મુખ્ય પ્રધાનતા આપવામાં આવશે. છોકરાઓની સ્કુલના મુખ્ય અધ્યાપક તરીકે શ્રીયુત કૃષ્ણપ્રસાદ કામ કરશે અને કન્યાઓની સ્કુલની મુખ્ય અધ્યાપિકા તરીકે શ્રીમતી મોહિની કામ કરશે. તેઓ બન્ને તેમની જીંદગી સુધી ઉદરનિર્વાહ અર્થે દર મહીને માત્ર પંદર પંદર રૂપીઆ લેશે. સ્કુલના પ્રબંધનો બાર એક સુયોગ્ય કમિટિને સોંપવામાં આવ્યો છે. જેમાં એ બે ઉપરાંત ડિસ્ટ્રિક્ટ મેજીસ્ટ્રેટ, મ્યુનિસિપાલ ચેરમેન અને

કેટલાક પ્રતિષ્ઠિત સજ્જનો છે. ગવર્નમેન્ટે આ બન્ને સ્કુલોને માટે ભૂમિ ખરીદવા અને ઇમારત બંધાવવા માટે એક લાખ રૂપીઆ આપ્યા છે. શ્રીમતી મોહિનીદેવીદ્વારા દેશને આ પ્રમાણે બહુજ ઉત્તમ લાભ મળ્યો છે અને આ સર્વ આપણી ભાષાના પ્રસિદ્ધ લેખક શ્રીયુત કૃષ્ણપ્રસાદની દેશહિતૈષિતા, યોગ્યતા, સ્વાર્થત્યાગ, ઉચ્ચાકાંક્ષા અને વિદ્વત્તાનું ફળ છે. અમે આ શુભ દાનને માટે એ બન્ને પતિ-પત્નીને આખા દેશ તરફથી ધન્યવાદ આપીએ છીએ અને ભગવાનની પ્રાર્થના કરીએ છીએ કે તેમનું નાનું બાળક તેનાં માતા પિતાના ગુણોથી અલંકૃત થાય."

મોહિનીએ કૃષ્ણપ્રસાદને આ લેખ બતાવીને કહ્યું:—"બે વર્ષ પહેલાં જે સંપાદકે તમારાપર આક્ષેપ કર્યો હતો તે આજે શું કહી રહ્યો છે?"

કૃષ્ણપ્રસાદ:—જેને તારા જેવી ગૃહલક્ષ્મી મળે તેને કોઇ પણ શું કરી શકે ?

મોહિની:—એમાં મેં શું કર્યું? મેં તો માત્ર મારાં માતાપિતાના ઋણમાંથી મુક્ત થવાનોજ ઉપાય કર્યો છે.

બસ, હવે સમય થઈ ગયો, દંપતી હાઇસ્કુલમાં જવાને તૈયાર થયાં. અમે પણ આવાં ઉત્તમ જોડાંઓ ભારતમાં ઘેરેઘેર થાય અને આ દીન અજ્ઞાન દેશને પોતાની પરોપકારવૃત્તિથી દીપાવે એવી પ્રભુ-પ્રાર્થના કરતા વિરમીશું.

મૂળ લેખક:-શ્રીયુત છબીલેલાલ ગોસ્વામી.

૨૪—"ભલાં માજી!"

૧.

રઘુવરદયાલ કાનપુરનો વતની હતો. તે બર્દવાનથી એક વખત પોતાની પત્ની રૂપવતી સાથે કાનપુર આવવા નીકળ્યો. સ્ટેશન પર આવીને ટીકીટ લીધા પછી તે રૂપવતીને સ્ત્રીઓના ડબ્બામાં બેસાડીને પોતે પુરૂષો માટેના ડબ્બામાં જઈ બેઠો. ગાડી ઉપડી ચૂકી. વચમાં વચમાં મોટાં સ્ટેશનોપર બાબુજી રૂપવતીની સંભાળ લેતા રહેતા. જે ડબ્બામાં તે બેઠી હતી તેજ ડબ્બામાં એક બુઢ્ઢી પણ આવીને બેઠી.

તેણે રૂપવતી તરફ પુત્રીના જેવો સ્નેહ દર્શાવ્યો, બુઢ્ઢી વાતો કરવામાં ઘણી કુશળ હતી. અત્યારસુધી રૂપવતીને એકલાં બેસવું ગમતું ન હતું તેથી બુઢ્ઢીના આગમનથી પોતાને એક ઘણી સારી સોબત મળી ગયેલી જાણીને તે ઘણીજ રાજી થઇ. વચમાં વચમાં તે વૃદ્ધા સ્ટેશનપરથી કંઇક ખાવાનું લેતી તે આગ્રહપૂર્વક રૂપવતીને પણ આપતી. આમ તેમની વચ્ચે મા દીકરીના જેવો સ્નેહ થોડાજ વખતમાં બંધાઇ ગયો.

રઘુવરદયાલને પણ ડોસીને માટે સદ્ભાવ થઇ ચૂક્યો હતો. ડોસીમાના આવી બેઠા પછી જ્યારે તે બીજી વારનો ખબર કાઢવા આવ્યો ત્યારે માજી બોલ્યાં: "ભાઇ, તમે રૂપવતીની જરા પણ ચિન્તા કરશો નહિ. હું એની સાથેજ છું. મારે પણ કાનપુરજ આવવું છે. જરા જુઓને, મારી આ ટીકીટ કાનપુરનીજ છે ને? મુઆ માસ્તરે ખોટી તો નથી આપી?" એમ કહીને તેણે પોતાની ટીકીટ રઘુવરદયાલના હાથમાં મૂકી.

રઘુવરઃ—" લ્યો માજી, ટીકીટ ખરી છે. કાનપુરનીજ છે."

"જરા એને જોતાં રહેજો" એટલુંજ કહીને ગાડી ઉપડવાનો વખત થવાથી તે ચાલ્યો ગયો; પણ ડોસીની કાનપુરની ટીકીટ જોઇને અને તેના માયાળુ સ્વભાવથી તેના મનને હવે એક રીતની નિરાંત વળી.

આ વખતે રઘુવરદયાલ નાસ્તા માટે કેટલાંક ફળ આપી ગયો હતો; તે બન્નેએ મળીને ખાધાં અને વાતે વળગ્યાં.

૨.

અંધકાર ફેલાઇ ગયો હતો અને ગાડીમાં દીવા સળગી ચૂકયા હતા. એવામાં એક સ્ટેશને રઘુવરદયાલ પાછો સ્ત્રીઓના ડબ્બા પાસે આવ્યો. આ વખતે ડોસીમા બોલ્યાં:—" બેટા, હવે રાત પડી ગઇ છે, તમે નિરાંતે સૂઇ જાઓ. આટલી તકલીફ વારે વારે શા માટે લેતા રહો છો? હવે તો એ પણ સૂશે અને મને તો ગાડીમાં ઉંઘજ આવતી નથી એટલે તપાસ રાખતી બેસીશ; માટે તમારે જરા પણ ફીકર રાખવી નહિ. જુઓ ને, તમારે લીધે તો એ પણ સૂતી નથી."

માજીનાં આવાં લાગણીભર્યાં વચન સાંભળીને તે ઘણો આનંદ પામ્યો અને "ભલાં માજી, તમે બહુજ તકલીફ ઉઠાવો છો હોં! જરા જોતાં રહેજો." એટલું કહીને તે ચાલ્યો ગયો અને ઝોકાં આવતાં હતાં એટલે નિરાંતે પાટીઆ ઉપર ચઢીને સૂઇ ગયો.

૩.

રાતના સાડાબારને સુમારે ગાડી એક મોટા જંકશન આગળ આવીને ઉભી. ડોસીમા રૂપવતીને ઢંઢોળીને ઉતાવળાં ઉતાવળાં કહેવા લાગ્યાં:—" બેટા, ઉઠ ઉઠ, આપણું સ્ટેશન કયારનું આવી પહોંચ્યું છે. ગાડી ઉપડી જશે તો રહી જઇશું."

આંખો ચોળતી ગભરાયલી ગભરાયલી રૂપવતી પોતાની પોટલી લઇને નીચે ઉતરી પડી અને ગાડી ઉપડી ગઇ.

ડોસીમા હવે આમતેમ રઘુવરદયાલને શોધવા મંડયાં પણ તે ક્યાંએ જણાયો નહિ. કોઇકને પૂછી જોતાં જણાયું કે આ તો કાનપુરનું સ્ટેશન નથી પણ કોઇ બીજુંજ છે. હવે તેમની ચિંતાનો પાર રહ્યો નહિ. રૂપવતી રડવા મંડી ગઈ, પણ માજીએ ધીરજ આપતાં કહ્યું:—"બેટા, હવે આમ રડવાથી શું વળનાર હતું? ચાલો, રાતની-રાત પાસેની ધર્મશાળામાં પડી રહીએ અને સવાર થતાં આપણે કાનપુરની ગાડીમાં બેસી જઇશું."

બીજો ઉપાય શો? રૂપવતી માજીની પાછળ પાછળ ચાલી અને તેઓ એક ધર્મશાળામાં જઇને ઉતર્યાં.

માજી શિખામણ આપવા લાગ્યાં:—"બેટા, સાવધ રહેજે, શહેરનું કામ છે. અહીં હરેક પ્રકારનાં માણસો રહેતાં હોય, આપણે સ્ત્રી જાત શું કરીએ!"

રૂપવતીના મનમાં ભયનો વધુ સંચાર થયો અને શું કરવું તે માટે ચતુરતાથી માજીને પૂછ્યું.

"બેટા, બીજું તો શું પણ આ તારાં ઘરેણાંપર કોઈ મુઆની નજર પડે તો ખોટું પરિણામ આવે, માટે ધીમે રહીને કોઇ ન જાણે તેમ એને ઉતારીને પોટલીમાં બાંધી માથા નીચે રાખીને સૂવું, એટલે ફિકર મટી."

આ સલાહ ભયભીત થએલી રૂપવતીને ગળે ઉતરી ગઈ; તેણે તરતજ માજીના કહેવા પ્રમાણે સલામતીનો ઉપાય અજમાવ્યો.

૪.

રૂપવતીને આજે ઉંઘ તો શેનીજ આવે? પણ મોડી રાતે તેની આંખ જરા મળી પણ કલાકેક પછી એટલે ચારેક વાગતાં તે પાછી ઉઘડી ગઇ. જાગતાંજ તેણે આજુબાજુ જોયું અને હાંફળી ફાંફળી થઈને બૂમ પાડી ઉઠી:—"માજી! માજી!" પણ માજી ત્યાં ક્યાં

હતાં કે બોલે? માથા નીચે મૂકેલી પોટલીનું સ્મરણ થતાં ગભરાયલી ગભરાયલી તે ખોળવા મંડી પણ ત્યાં હોય તો હાથ લાગે ને? માજી અને ઘરેણાંની પોટલી બન્નેજ ગુમ!

બિચારી રૂપવતી ગાંડી જેવી થઇને રડવા લાગી. ધર્મશાળામાં ઉતરેલા મુસાફરો અને પોલિસ દોડી આવ્યા. તેમણે રડવાનું કારણ પૂછતાં તેણે સર્વ હકીકત જાહેર કરી.

૫.

આ તરફ બાબુજી કાનપુર આવ્યું ત્યારેજ ઉઠયા અને સ્ત્રીઓના ડબ્બા પાસે જઇને જુએ છે તો ન મળે રૂપવતી કે ન મળે પેલાં માજી! તેનો જીવ ઉડી ગયો, હવેજ તે પેલી ડોકરીનાં પરાક્રમ સમજી શક્યો. તેને પોતાની બેપરવાઈ અને મૂર્ખતાને માટે ઘણો પસ્તાવો થયો. તેણે સ્ટેશને સ્ટેશને તાર કરાવી દીધા અને પોલિસને પણ આ વાતની ખબર આપી દીધી. એમ ઘણા પ્રયત્નને અંતે બીજે દિવસે તે પોતાની ઘરેણાંગાંઠાં વગરની થઇ બેઠેલી પત્નીને મળી શક્યો

વાંચક! આ વિટંબનાનું મુખ્ય કારણ પુરૂષની બેપરવાઇ કરતાં પણ રૂપવતીની અજ્ઞાનતાનુંજ છે. જો તે કંઈ નહિ તો બે ચોપડી પણ ભણેલી હોત તો સ્ટેશનપર આંધળાને પણ સૂઝી શકે એવા અક્ષરે લખેલું નામ તો વાંચી શકત? બિચારી તદનજ અક્ષરશૂન્ય હોવાથીજ પેલી બુઢ્ઢી તેને ફસાવવામાં સહેલાઇથી ફાવી ગઇ.

૨૫—ઘડાની શિખામણ.

કોઇ એક ગામમાં વિશ્વનાથ નામનો એક વૃદ્ધ અને તેની સ્ત્રી રહેતાં હતાં. તેમને સંતતિમાં એક યશોદા નામે પુત્રી હતી. યશોદાની લગ્ન લાયક ઉમ્મર થતાં નજીકના ગામમાં રામનાથના પુત્ર સાથે તેનું લગ્ન કર્યું.

યશોદાને સાસરે વળાવતી વેળા તેની માતાએ અનેક પ્રકારની સારી શિખામણ આપી હતી અને કહ્યું હતું કે ત્યાં સર્વની સાથે હળી મળીને ચાલજે. પતિ તેમજ સાસુ સસરાની આજ્ઞાનું ઉલ્લંઘન કરતી નહિ. સાસુ તથા નણંદ કાંઇ શિખામણ આપે અથવા કડવું વચન કહે તો તે ઉપરથી રીસાઇને બાળકબુદ્ધિ વાપરી અમારી પાસે આવતી રહેતી નહિ.

સાસરે આવ્યા પછી જે યશોદા પિયરમાં એકની એક અને વહાલમાં ઉછરી હતી તેને હરહંમેશ સાસુ નણંદના ચઢયા ઉતર્યા બોલ સાંભળવા પડતા. એક દિવસે યશોદાના દિયરે પાણી માગ્યું, પાણી આપતાં સહેજ વાર લાગી એટલે દિયરે એક થપ્પડ મારીને કહ્યું:— “કેમ, આટલી બધી વાર લાગી?” ઘરનું બીજું કોઇ કંઇ કામ બતાવતું અને તેમાં થોડી વાર લાગતી તો યશોદાને તે તેની નજરમાં આવે તેવાં ખરાં ખોટાં વેણ કહેવા ચૂકતું નહિ. જો કે યશોદાને સાસરે આવ્યે બહુ દિવસ થયા નહોતા તોપણ તેને નાની નાની વાતોમાં પણ બહુ દબાવવામાં આવતી હતી. વહુ ગમે તેવી સારી હોય તોપણ તેને બે ચાર સંભળાવ્યા વિના ઘણી ખરી મૂર્ખ સાસુઓને અને

અજ્ઞાન નણુદોને ચેન પડતું નથી અને તેમ કરવામાંજ તેઓ પોતાની મોટાઇ અને ઉપરીપણું સમજે છે. આજકાલ એવી સાસુ નણુદો જ્યાં ત્યાં દેખાય છે.

યશોદા સુખમાં ઉછરેલી અને તેનાં માતાપિતાની એકની એક લાડવાઇ પુત્રી હોવાથી અને કદી કોઇનું કડવું વેણ સાંભળેલું નહિ હોવાથી તેનાથી ઉપલો પ્રકાર રોજ રોજ સહન થઇ શક્યો નહિ. તેણે આ દુઃખમાંથી મુક્ત થવાને માટે પીયર જવાનો વિચાર કર્યો. વિદાય વખતની માતાપિતાની શિખામણ યાદ આવતાં છેવટ તેણે આપઘાત કરીને મરવાનો નિશ્ચય કર્યો. એક દિવસ તે માટીનો ઘડો તથા ગાગર લઇને નદીએ પાણી ભરવા સારૂ ગઇ હતી, એજ વખતે તેણે નદીમાં પડી આપઘાત કરવાનો વિચાર કર્યો. નદીને કિનારે પહોંચ્યા પછી તે આવેશમાં આવીને માટીના ઘડાને કહેવા લાગીઃ— "ભાઈ, આ વખતે મારાં માતા, પિતા, ભાઈ જે કાંઇ ગણું તે તુંજ છે કેમકે તારા બ્હાનાથીજ મને આ દુઃખમાંથી છુટવાનો અવસર મળ્યો છે, માટે તુંજ મારો છેવટ સુધીનો સંગાતી છે." આવી રીતે ઘડા તરફ જોઇને અત્યંત કરૂણ સ્વરે વિલાપ કર્યા પછી તે નદીમાં ડુબી મરવા સારૂ તૈયાર થઇ. એટલામાંજ ઘડાને જાણે કે વાણી થઇ હોય અને તે પોતાને ઉપદેશ આપતો હોય એવો તેના હૃદયમાં ભાસ થયો. તે તરતજ ઉભી રહી અને ઘડાના ઉપદેશરૂપે નીચલા શબ્દો તેને સંભળાયા. "બ્હેન ! મેં તારો શું અપરાધ કર્યો છે કે તું મને તારી હત્યામાં ભાગીદાર બનાવે છે ? શું તું મારાથી પણ વધારે દુઃખી છે ? શું તારાપર મારાથી પણ વધારે દુઃખ પડયું છે ? મારા દુઃખની રામકહાણીની તને ખબર છે ? બ્હેન ! એક સમયે હું જંગલની માટી-રૂપે હતો, જંગલમાં આરામથી પડી રહીને હું મારી જીંદગી ગાળતો હતો. એટલામાં મારા દુર્ભાગ્યથી કહો કે સુભાગ્યથી કહો એક કુંભાર

આવ્યો અને મને કોદાળીના ઘા મારી ખોદવા લાગ્યો. કોદાળીના મારથી મારૂં શરીર ટુકડે ટુકડા થઇ ગયું! ત્યાંથી તે મને તેને ઘેર લઈ ગયો. મેં વિચાર કર્યો કે ઠીક થયું. જંગલમાંથી ને ટાઢ તડકામાંથી બચ્યો. હવે અહીં માનવજાતિના સમાગમમાં આવીશ અને સુખમાં રહીશ, પણ મારા ભાગ્યમાં એ સુખ ક્યાંથી હોય? તે ભલા માણુસે તો મને પાણીથી પલાળીને તરતજ લાતો પર લાતો મારીને ગુંદવાનું શરૂ કરી દીધું! બ્હેન! પ્રથમ કોદાળીના ઘા મારી મારીને તો મારાં હાડકાં પાંસળાં તો જુદાં કરી દીધાં હતાંજ અને તે ઉપર પાછો આમ મને લાતોનો માર પડવા લાગ્યો. હું સમજ્યો કે હવે આટલેથીજ મારા દુઃખનો અંત આવશે, પણ નહિ, તે ઉપરાંત પણ મને અનેક દુઃખ નડયાં. મને ગુંદી ગુંદીને છેક નરમ ઘેંશ જેવો કરી નાખ્યા પછી તે ભલા માણુસે મને ચાકપર ચડાવ્યો અને ફેરવવા લાગ્યો. મને ચાકપર બહુએ ફેર ચડવા લાગ્યા પણ શું કરૂં? ફેરવી ફેરવીને અંતે મને ઘડાનો આકાર આપ્યા પછી બાજુએ મૂક્યો. હું સમજ્યો કે હવે મારો છુટકારો થશે, પણ થોડો સમય વીત્યો નહિ હોય એટલામાંજ કુંભારે મને લાકડાના ટપલાવડે જોરથી મારવાનું શરૂ કર્યું. મારી મારીને મને બહુજ પાતળો કરી નાખ્યો અને પાછો તરતજ સૂકાવાને માટે ખરા ઉનાળાના તાપમાં મૂકી દીધો. મેં ધાર્યું કે ચાલો હવે સૂકાઈ ગયા પછી દુઃખમાંથી છુટીશું, પણ હજી તો મારે બીજાં કેટલાંએ દુઃખ સહન કરવાનાં હતાં એની મને ક્યાંથી ખબર હોય? અસ્તુ, હું સુખની આશાના તરંગોમાં રમી રહ્યો હતો એટલામાંજ કુંભારે મને ઉપાડીને ભઠ્ઠીમાં મૂકી દીધો અને ચોતરફથી ભઠ્ઠી સળગાવી મૂકી. બસ બ્હેન! હવે તો મારા દુઃખની પરાકાષ્ઠા થઇ. હવે પછીના મારા દુઃખનું વર્ણનજ શું કરૂં? તે વખતની મારી દશાનું ભાન મારા સિવાય બીજાને ક્યાંથી હોય? આખો દિવસ અને રાત ભઠ્ઠીમાં એજ

દશામાં રહ્યો. જેમ તેમ છેવટે ત્યાંથી મારો છુટકારો થયો અને મારાં દુઃખોનો અંત આવ્યો. આવી રીતે નાનાં પ્રકારનાં દુઃખો સહન કર્યા પછીજ આજે હું માનવજાતિનો વહાલો થઇ પડયો છું; અને સ્ત્રી, પુરૂષ, બાળક, વૃદ્ધ સર્વે મને હૃદયથી માન આપે છે. માણુસ તડકામાંથી–બહારથી આવે છે કે તરતજ તરશને લીધે અકળાઇ જઈને કહે છે કે ભાઈ, માટીના ઘડાનું શીતળ જળ લાવો. હું પણ મારૂં શીતળ જળ આપી પીનારાઓનું હૃદય ઠંડુ કરૂં છું. સારાંશ કે મારાપર આટલું આટલું દુઃખ પડયું અને મેં તે દુઃખ શાંતિથી સહન કર્યું ત્યારેજ હું માનવજાતિનો આટલો વહાલો બની શકયો છું. જો હું પણ દુઃખને લીધે અકળાઇ જઇને તારી પેઠે આપઘાત કરવા તૈયાર થઇ જાત અર્થાત્ વચમાં તુટી ફુટી જાત તો મારે ભંગીના ગાડામાં ગંધાતા કચરા ભેગું જવું પડત અને મને કોઇ પણ પૂછત નહિ. માટે બ્હેન ! તું પણ જો સાસુ, સસરા, દિયર, નણંદ આદિનાં ઉંચાં નીચાં વેણ સહન કરીશ તો એક દિવસ એવો પણ આવશે કે જ્યારે તું તેઓ સર્વને વહાલી લાગીશ અને સર્વ તને ખરા અંતઃકરણથી માન આપશે. જે વખતે તને તારા દિયરે કહ્યું કેઃ–'ભાભી, પાણી આપો.'' તે વખતે તારે કહેવું જોઇતું હતું કે " હા ભાઇ, આપું છું, " નણંદ અમુક કામ કરવાનું કહે તો તારે કહેવું જોઇએ કે " મોટી બ્હેન, કરૂં છું; " અથવા તને કોઇ કામ કરતાં આવડતું ના હોય તો તારે ધીમેથી પૂછવું કે " મોટી બ્હેન, આ કામ મને આવડતું નથી; કૃપા કરીને મને શીખવાડો. " કોઇ કામ કરતાં કરતાં બગડી જાય તો તરતજ તારે તારી ભૂલ કબૂલ કરી તે માટે શોક દર્શાવવો જોઇએ અને ક્ષમા માગવી જોઇએ. જો આવી રીતે તું સદા નમ્રતાથી રહીશ તો તું સર્વને વહાલી લાગીશ અને ચારે બાજુ તારાં વખાણ થશે. બીજી સ્ત્રીઓ પણ તારા તરફ પ્રેમની દ્રષ્ટિએ જોશે અને વૃદ્ધ સાસુઓ

તેમની ફુવડ વહુઓને તારો દાખલો આપશે. બસ, આ મારી રામકહાણી છે. મારી રામકહાણીમાંથી તારે બહુજ શિખામણ લેવાની છે, પછી તો જેવી તારી મરજી.”

ઘડાની આ કહાણી સાંભળીને યશોદાએ તેનો ઉપકાર માન્યો અને આત્મહત્યા કરવાનો વિચાર માંડી વાળી પોતાને ઘેર જઇને પછી ઘડાની શિખામણ પ્રમાણે વર્તવા માંડયું; એથી કરીને થોડા વખતમાંજ યશોદા સાસુસસરાની તથા સર્વ સાસરીયાંની કૃપાપાત્ર બની ગઇ અને ગામના લોકો તેની પ્રશંસા કરવા લાગ્યા.

નવી નવી સાસરે જનારી અનેક વહુઓને યશોદાના જેવું સાસરીયાં તરફનું દુઃખ હોય છે, પણ તેમાં પોતાની આવડતની ખામી પણ આ વાર્તામાં જણાવ્યું છે તેમ ખાસ કારણરૂપ હોય છે; માટે એવા દુઃખથી ગભરાઇ ન જતાં યશોદાની પેઠે તેમણે પણ સહન કરતાં, કામ કરતાં અને મીઠાશથી તથા નમ્રતાથી બોલતાં તથા વર્તતાં શીખવું જોઇએ, જેથી તેમનું દુઃખ ટળી જઇને તેમને પણ સુખ તથા માન મળશેજ.

૨૬—જુનું ગયું ને નવું તો આવ્યું નહિ.

બાળક બાબુનો કજીઓ.

"ભાભી ! બાબુ તો કેમે કર્યો ઉંઘતો નથી ! ક્યારની હીંચોળું છું; છતાં રો રો કરે છે. હવે તો તમે તેને ઉંઘાડી દો તો ખરાં !"

ભાભી કામમાંથી નવરાં થઇ નાના બાબુને હીંચોળવા લાગ્યાં, તથા તેની સાથે ઘણાંએ ગેલ કરવા લાગ્યાં; પણ તે કેમે કર્યો રોતો રહ્યો નહિ કે ઉંઘ્યો નહિ; ત્યારે નણુદીએ કહ્યું:—

"ભાભી ! એને ઉંઘવું નહિ હોય તો આપણે નાહક શું કરવા દબાણ કરવું જોઇએ ? એમ તે કેમ ઉંઘી જવાય ?"

ભાભીએ કહ્યું:—"બાઇ ! એમ નથી. એને ઉંઘવાનો વખત તો થયો છેજ અને એ સુસ્તીને લીધેજ જુઓને હજુએ પારણામાં પેસી રહ્યો છે; નહિ તો બહાર નીકળવા સારૂ કેટલાએ ઉછાળા મારે ! આજે કોણ જાણે શાએ કારણથી ઉંઘતો નથી !"

નણંદ ભોજાઇનો આ વાર્તાલાપ તેમજ નાના બાબુનું રોવું પણ જરાતરા મેડે સંભળાયાથી હેતાળ હૃદયનાં વૃદ્ધ માજી એકદમ નીચે આવ્યાં અને બોલ્યાં:—

"ચાલો, ચાલો, એ તો ઉંઘાડયાં ! એક સારૂં હાલરડું કે ગીત ગાતાં પણ આવડે છે, કે છોકરૂં બિચારૂં ઉંઘે !"

બચ્ચાંને સમજાવવાની માજીની રીત.

એમ કહી માજી પારણા પાસે બેઠાં ને હીંચોળવા લાગ્યાં.

" હાલ રે મ્હારો ન્હાનો બાબુ,
ઘોડીયામાં રમતો દીઠો,
પારણે પોઢતો દીઠો. "

* * * *

"મ્હારા બાબુને કોઇએ દીઠો રે બાઇ !
ને ફૂલવાડીમાં રમતો રે બાઈ!
"નિંદરડી કહે હું આવું છું રે બાઈ!
ને બાળક છોકરાંને બમાવું છું રે બાઈ! ૪૦ ૪૦"

માજી એવાં ભાંગ્યાં-તૂટ્યાં બેએક હાલરડાં પૂરાં કરે તે પહેલાં જ બાળક બાબુ શાન્ત થઇને ભર ઉંઘમાં પડી ગયો ! નણંદભોજાઇ આ જોઇને અજબ થયાં. ઘણી વખત વગર હાલરડાંએ ધાવતાં ધાવતાં તેમ જ બીજી રીતે પણ તે બાળક ઉંઘી જતો, પણ આજે ખાસ કજીએ ચડેલો હોવાથી બેઉ કોશીશ કરી કરીને થાક્યાં છતાં ઉંઘ્યો નહોતો, તે માજીની જરાક વારની સાદી વાતમાં સમજી ગયો, તેની તેઓને નવાઇ લાગી. તેમજ "એક સારૂં હાલરડું કે ગીત ગાતાં પણ આવડે છે કે" એ માજીના વચન તરફ તેઓનું ખાસ લક્ષ્ય ખેંચાયું, તેથી નણદીએ પૂછ્યું કેઃ-

" માજી ! ગીત ગાવાને અને છોકરાંના ઉંઘવાને શો સંબંધ ? અમને ગીત નથી આવડતાં, એ કારણ એમાં શી રીતે નડ્યું ? "

માજીની વાતો.

માજી બોલ્યાંઃ-" તમને આજની છોકરીઓને ડાહી ડાહી વાતો કરવાનું અને આડું અવળું પૂછવાનું બહુ મન થાય છે, અને અમને તો સાવ હસીને કહાડી નાખો છો; પણ બ્હેન ! મારાં સાસુજી કહેતાં કે, છોકરૂં જ્યારે બહુ રડે કે અકળાય ત્યારે તેની આગળ હાલરડું ગાવું, એટલે તે ટાઢું પડીને ઉંઘી જાય છે. તેઓ પણ તેમજ કરતાં

અને તે દહાડાનું અમને પણ તેવુંજ રટણ, એટલે અમે તો તે ઉપાય કામે લગાડીએ છીએ. તે દહાડે કંઇ આજની પેઠે કારણોનો જમાનો નહોતો, કે તમારી પેઠે અમે તેમને પૂછી રાખ્યું હોય! છતાં પણ આપણા ભાનુ પાસેથી કોઇ કોઇ વાર તે બાબત સાંભળેલું છે તે તમને કહું છું."

"બ્હેન! મદારી ખેલ કરે છે તે વખતે સાપ પણ મોરલીપર–મોરલીના નાદપર નાચે છે, ને કહે છે કે હરણીઆં પણ સંગીત સાંભળવા સ્તંભી જાય છે! કથામાં કહેવાય છે કે, મલ્હાર રાગ ગાય ત્યારે વરસાદ આવે છે, ને દીપક ગાય ત્યારે દીવા ઝગઝગી રહે છે. નારદજીની વીણાના તારપર ભગવાન પણ સ્તંભી જાય છે ત્યારે ગીતના ચેનથી છોકરૂં ઉંઘી જાય એમાં તે શી મોટી વાત છે."

નણદીએ કહ્યું:–"ભાભી ! મા કહે છે તે ખરી વાત છે. નિશાળમાં આપણે કવિતા અને ગીત જ્યારે થોડાં થોડાં પણ ગાતાં–શીખતાં ત્યારે કેવી મજા પડતી હતી ? હેં, તેમાં કેવો આનંદ આવતો હતો ! પેલી રાસમણિ તો એ બાબતમાં હજી પણ ખાસ હોશિયાર છે."

"હા, બાઇ ! તમે કહો છો તે ખરૂં છે, પણ નિશાળની તો બધીજ બાબતો જ્યારે આપણે યાદ કરીએ છીએ ત્યારે આનંદદાયક લાગે છે, તેમાં કંઇ એકલાં ગીત–કવિતાની વાત નથી. માજી કહે છે તે તો ગીતનીજ વાત છે; માટે માજીને આપણે પૂછીએ કે તમે એ ગીત વગેરે કેમ શીખતાં ને ગાતાં ?" ભાભીએ કહ્યું.

માજી બોલ્યાં:–"વહુદીકરા ! અમારા વખતની તે વાત શું કહું ? કેવી મજા ! કેવો આનંદ ! અરે, અમે બાળક હતાં ત્યારે શેરીમાં અજવાળીઆંની એક પણ રાત ગરબા ગાયા વગરની ખાલી જતી નહિ."

"અજવાળીઆં–અંધારીઆંની રમત રમવી અને પછી બધી સહીપણીઓ ભેગી થઇને ગરબા ગાવા, એ તો જાણે રોજ રાતનું અમારૂં કામજ! એ વિના ચાલેજ નહિ. ગમે ત્યાંથી બે ઘડી વહેલાં મોડાં પણ ભેગાં થઇજ જઇએ. આજ ક્યાં એવું રહ્યું છે! આજ તો

તમે ભણેલીઓ નાની ઉંદરડીથીએ બ્હીઓ ને જરા સરખા ટાઢતડકાથીએ લેવાઈ જાઓ! અને કોઇના બોલાવ્યા વગર કેમ જઇએ એવા અભિમાનમાંજ રહી જાઓ!"

"અમે તો આખો દિવસ કામ કરી કરીને થાક્યાં હોઇએ, ને છાણમાટી કરીને લુસ થઈ ગયાં હોઇએ, તોપણ ગાવાનો આનંદ અને સહીપણીઓ સાથે મળવાનો આનંદ કોઇ દિવસ મૂકીએજ નહિ. એ વખતે અમારો બધોએ થાક ક્યાંનો ક્યાંય ભૂલાઇ જાય, એટલુંજ નહિ પણ ગાવાથી અને ફરવા—ફૂદવાથી જાણે નવું ચેતન આવી જતું હોય તેમ લાગતું."

"પરણ્યા પછી પણ ઘરનાં કામો થઈ રહે એટલે રોજ રાત્રે સાસુજી બહાર ઓટલે બેસે, અને અમે શેરીમાં ગરબા ગાઇએ. સાસુજી પણ જોઇ જોઇને રાજી થાય. નાનાં છોકરાં હોય તે સાસુજીના કે ફઇજીના ખોળામાં સોંપીએ અને આનંદકલ્લોલ કરીએ!! દીકરી, હવે આ જમાનામાં એવું કંઇ ક્યાં રહ્યું છે? હવે તો ન મળે ગળામાં ગીત કે ન મળે શરીરમાં ચેત. કંઇક ભણ્યાંગણ્યાં એટલે કેમ જાણે એ કામ હલકું હોય, ને એમાંથી કંઈ વળગી જતું હોય એમ તમને લાગે છે; તેથી એવો ભગવાનના ઘરનો ખરો આનંદ તમે હાથે કરીને ગુમાવો છો!"

કામ શરૂ કરવાની સૂચના.

"માજી! તમે કહો છો એ ખરૂં છે, પણ આજે સહીપણીઓ ક્યાં છે? આ અમે તો ઘણુંાક ફળીયાંમાં બેસીએ, પણ કોઈ ક્યાં આવે છે? બોલો, અમે શું કરીએ!" નણદીએ કહ્યું.

"બ્હેન! તું કહે છે એ ઠીક છે, પણ ભલા, કોઇને બોલાવ્યા વગર શી ખબર પડે? તેના ઘરમાં બેઠે બેઠે તેને કેમ ખબર પડે કે તું બહાર ગરબા ગાવા નીકળી છે? એકવાર ચાલતું થઈ

જાય ને ફળીયામાં સૌની જાણમાં આવી જાય પછી તો સૌ એની મેળે મેળે આવે. ”

નણદીએ કહ્યું:–“ ત્યારે અમોએ સૌની ઉપર પડતાં જવું ને કહેવું કે આવો, આવો; પણ એવાં તેડાં–નોતરાંને તો તમે વખોડો છો ! ”

માજી બોલ્યાં:–“ બ્હેન ! એમાં તેડાં–નોતરાં જેવું કંઈ નથી. એક કામ તમે નવું ઉપાડો તેમાં શરૂઆતમાં જરાક એવી ભલાઇ રાખો એમાં નવાઇ શું ? ને તેમાં તમે શું નીચા બાપનાં થઇ જવાનાં છો ? બ્હેન ! એમાં કંઈ નીચાપણું નથી, પણ તમારા હૈયામાં હેત નથી તેથી તમને એમ લાગે છે. ”

“ વળી તું કહે છે કે જેમને સારાં ગીત આવડતાં હોય તેવું કોઈ નથી, પણ તમને વાંચતાં તો આવડે છે અને આપણો ભાનુ પણ તમે જે કહો તે ચોપડી તમને લાવી આપે એમ છે, તો તમેજ મોંઢે કરી સર્વને ગવરાવો તેમાં શું ખોટું છે ? પેલી ગંગાબાઇ ભણેલી નથી તોએ કેવાં સારાં સારાં ગીત તેને આવડે છે ? ” માજી બોલ્યાં.

ત્યાં વચ્ચેજ ભાભી બોલી ઉઠયાં કે:–“ પણ એમાં તે શું ? એ તો માત્ર થોડાંક રાધા–કૃષ્ણનાંજ ગીત ગાય છે ! તેને આજના જમાનાને બંધબેસતાં ગીત ક્યાં આવડે છે ! એવાં ગીત હાલના લોકોને ગમે ખરાં ? ”

માજીએ કહ્યું:–“ ના, જો તમને એમાં રસ ન હોય તો પછી એમાં દબાણ થાય નહિ, પણ હું તો એટલુંજ કહું છું કે, તમે ભણ્યાં-ગણ્યાં છતાં ને સાધનવાળાં છતાં તેના જેટલુંએ શીખતાં નથી કે કરતાં નથી. તમે ભણ્યાં છો, ને એમાં તે શું ? એમ તમને લાગે છે, તો તેની ખામી દૂર કરી બતાવો ત્યારે ખરૂં. બાપુ ! માયાળુ મનનાં થાઓ અને જેને જેટલું આવડતું હોય તેનો લાભ લેતાં શીખો. નાહક-ની બડાઈમાં તણાયાં કરો માં. ”

આમ વાત ચાલે છે એટલામાં ભાનુ અને તેના મિત્ર રાવરંગનાથ ઘેરે આવી ચડયા. વખત બપોરના ચાર વાગ્યાનો હતો, એટલે સૌને નવરાશ હતી. મા, બ્હેન અને વહુને બાબુના પારણાની આસપાસ એકત્ર બેઠેલાં જોઇને ભાનુને લાગ્યું કે, આજે કંઇ માજીનો બોધ–અધ્યાય ચાલતો હોવો જોઇએ; બાકી માજી આમ બેસે નહિ. તેણે પૂછ્યું:–" કેમ બ્હેન ! માજી શું કહે છે ? તેની વાત બરાબર સાંભળજો હો ! "

" ભાઈ! વાતો મજેની ચાલે છે, અને તે તમારા બાલુડા બાબુ અને આ મારી ભાભીના પ્રસંગમાંથીજ નીકળી છે. માજી ગીત ગાવાની અને ગરબા ગાવાની વાતો કહે છે. " નણદીએ કહ્યું.

તે પછી ભાનુ અને રંગનાથને અગાઉ થઈ ગયેલી વાતો કહી જઈ નણદીએ પૂછ્યું કે:—

" આ બાબતમાં તમારા વિચારો અમને સમજાવો. અમને આ રાસમણિના વર કે જેઓ સંગીતના ખાસ શોખીન છે, એમની તરફથી પણ ઘણું નવું જાણવાનું મળશે."

રાવરંગનાથ બોલ્યા:–"પણ હું સંગીતનો શોખીન છું, એમ તમે શી રીતે માન્યું ? એ તમને કોણે કહ્યું ?"

" મારી રાસમણિ બ્હેન કે જેનું નામ માત્ર મણિજ હતું, પણ નિશાળમાં ગરબીઓ–રાસ ગવડાવવામાં તે ખાસ પંકાયલી હોવાથી લગ્ન પછી તમે તેનું નામ રાસમણિ કરી નાખ્યું, એ સંગીત પ્રત્યેનો તમારો ભાવ દર્શાવે છે; તેમજ મારી બ્હેનપણી પાસેથી પણ કોઇવાર હું તમારા ગાવા–બજાવવાના શોખની વાત સાંભળું છું." નણદીએ કહ્યું.

સંગીતની મહત્તા

ત્યાર પછી ભાનુ અને રાવ વચ્ચે કેટલીક વાતો ચાલી. રાવરંગનાથ બોલ્યા:–" ગાવાનો શોખ ઓછો થવાને લીધે, ગાતાં ન આવડવાને લીધે, એ બાબતમાં દુર્લક્ષ્ય રાખવાને લીધે, એ બાબતની મહત્તા

ન સમજવાને લીધે, એ બાબતને જીંદગીની એક જરૂરિયાત ન સમજવાને લીધે, અને એ બાબતને પ્રભુના વહાલા કામ તરીકે ન ગણવાને લીધે તમને કેટલો બધો નિર્દોષ આનંદ અને ખરૂં આરોગ્ય મળતું અટકી ગયું છે, એનો તમે ખ્યાલ તો કરો !"

"જો તમે એનો પૂરેપૂરો ખ્યાલ કરી શકો તો તમને દિલગીરી લાગ્યા વિના રહે નહિ, અને એ તરફની તમારી બેદરકારી માટે પણ ચાનક લાગ્યા વગર રહે નહિ. હાલના કરતાં ઓછી કેળવણી હતી તેવા વખતમાં પણ માજી કહે છે તેમ, માજી જેવાં અને તેના કરતાં પણ વળી વધારે જુનાં માણસો એ ગાવા–રમવાની નિર્દોષ રમત–ગમતમાંથી કેટલો બધો આનંદ મેળવતાં ! આજે તમે કેળવાયલાં, સમજુ અને પોતાને રસરૂપ માનનારાં એવો આનંદ કયાં લઈ શકો છો? આજે તો તમને ખોટી શરમ અને ખરૂં કહીએ તો ખોટા મોજ–શોખના ખ્યાલોમાંથી મળતું આળસ એ બાબતમાં આડું આવે છે. માજી કહે છે તે

ગરબા ગાવાની રીત કેટલી ઉત્તમ છે ?

તેને લીધે કેટલી કસરત મળે છે ? કેટલું જોર મળે છે ? કેટલો આનંદ મળે છે ? કેવું હૃદય ખીલે છે ? કેવી કેવી રસ–ભાવના જાગૃત થાય છે ? કેવો સ્નેહભાવ ફેલાય છે ? કેટલો ભ્રાતૃભાવ વધે છે ? કેટલો સંપ વધે છે ? બ્હેનો ! તમે એનો ખ્યાલ તો કરો. સ્ત્રીઓની વહાલી સખી રાત્રિ અને તેમાં પણ ચાંદની હોય, ઘરના ખૂણાને બદલે વિશાળ ચોગાનમાં ઉભાં હોય, એકલાંને બદલે સખીઓનાં યુથમાં હોય અને આનંદ–કલ્લોલ કરી રહ્યાં હોય ત્યારે કુદરત અને તેનો માલેક પ્રભુ કેવો ખીલેલા રૂપમાં તમારા તરફ જુએ છે ! જરાક તમે તે બાબતની કલ્પના તો કરી જુઓ !"

"મને તો લાગે છે કે, એ આનંદ જો તમે એકવાર પણ મેળવો તો તેની તમને ચટકી લાગી જાય ને પછી વારંવાર એવી તક ઉભી કરવાનું મન થાય.

તમારી બ્હેનોના કેટલાક રોગો પણ ગાવાના અભ્યાસને લીધે જતા રહે તેમ છે.

માણસ ગાંડો થઈ ગયો હોય તેને સુધારવામાં અને બીજા પણ ઘણા રોગોમાં સંગીત ઘણું કામ કરે છે. મારા મિત્ર ડૉકટર પ્રસાદ એક વખત કહેતા હતા કે થોડાં વર્ષો પૂર્વે સ્ત્રીઓમાં વંધ્યત્વ અને ક્ષય રોગનું પ્રમાણ હતું તેના કરતાં આજે ઘણું વધી પડયું છે. તેનાં કારણોમાં કસરતની ખામી એ પણ એક છે; પણ તેનો ઉપાય બહુ સહેલો છે. લોકોને દવાઓની બાટલીઓ પીવાની ટેવ પડી ગઈ છે એટલે શું, બાકી સાધારણ કસરતથી અને ગાવાથી એ રોગ થતા—અટકે તેમ છે. ગરબીઓ ગાવાની—ફરતાં ફરતાં ગાવાની જે જુની રૂઢિ આપણે ત્યાં સ્ત્રીઓમાં ચાલી આવી છે તે એ રોગ મટાડવામાં બહુજ ઉપયોગી છે. ક્ષય થવામાં મુખ્ય કારણ છાતીની નબળાઇ અને મનની વ્યગ્ર—ભયભીત સ્થિતિ છે. ગાયનથી તે બેઉ બાબતો દૂર થાય છે; એટલુંજ નહિ પણ છાતીના ભાગને ઘણુંજ પોષણ મળે છે અને મન આનંદિત રહે છે, એ તો ઉઘાડુંજ છે. તે સિવાય અમુક રીતનો ગોળ વાંક લઇને ફરવાથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા બરાબર રીતે ચાલે છે, અને ગર્ભાશયના—કમ્મરના ભાગોને ખાસ કસરત મળે છે, તેથી રોગ થતા અટકે છે. મેં અવલોકન કર્યું છે કે ગામડામાં હજી પણ જ્યાં એવી કસરતો ચાલુ છે ત્યાં સ્ત્રીઓ ઉપલા રોગમાંથી વધારે પ્રમાણમાં મુક્ત હોય છે. આપણી કેળવાયલી—નવા જમાનાની બ્હેનો કે જેઓમાં નબળાઈ અને વંધ્યત્વનું પ્રમાણ જુના જમાનાની બાઇઓ કરતાં વધારેજ હોય છે, તેમણે તો આ વાત ખાસ ધ્યાનમાં લેવી જોઇએ."

કામમાં ઉત્સાહ વધારવાની રીતિ.

"ડૉ. પ્રસાદની આ વાત તમે સમજી શકો તેમ છો, એટલે

એમાં વધુ કહેવા જેવું નથી. તમે તમારી બ્હેનોમાં આ વાત અને ગાવા–રમવાની ગમ્મતની વાત ફેલાવો. થોડે ઘણે અંશે ગીત ગાવા તરફ તમારૂં સૌનું વલણ તો છેજ, પણ તેને એક મહત્ત્વનો પ્રશ્ન સમજીને તમે હાથ ધરો ત્યારે ખરૂં, અને ત્યારેજ તમને ખરો લાભ પણ મળે."

"રંગનાથભાઈ! તમે તો ઘણું નવું નવું કહ્યું. અમે તો આટલું બધું કંઇ જાણતાં નહિ હતાં હો ! પણ એ જુના જમાનાની ગરબીનીજ વાત તમે કહ્યાં કરો છો, પરંતુ હાલ એ ટટ્ટુ ચાલે તેમ ક્યાં છે? હાલ તો કંઇક ફેશનેબલ રીત શોધી કહાડો ત્યારે ચાલે !" ભાભી બોલ્યાં.

"કમળા બ્હેન ! તમે કહો છો એ ખરૂં છે, પણ અત્યારે રીતો કે યોજના ઘડવાનું મેં હાથ લીધું નથી. હું તો માત્ર એ વાતની મહત્તાજ તમને થોડી ઘણી જે જાણું છું તે કહું છું. છતાંય તમે અને નર્મદા બ્હેન તથા તમારી બ્હેનપણી ઇત્યાદિ મળી જો કંઈ યોજના ઉપાડો તો તેમાં બેશક અમે સૂચનાઓ આપીશું, અને મદદ પણ કરીશું. બોલો હવે તમે ક્યારે કામ શરૂ કરો છો ?" રંગનાથે કહ્યું.

નર્મદા બ્હેન વચ્ચેજ બોલી ઉઠયાં કે:–"ભાઇ ! તમે તો ખૂબી કરો છો. જરાક વાત આવી કે લાગલુંજ કામ માગો છો, ને તે બાજુએજ ચડાવી દો છો ! પણ અમારી લાયકી તો જોઇએ ના ! હજી તો 'પાશેરામાં પહેલી પુણી' જેવું છે. હજી અમે પોતે પણ ક્યાં કંઇ શીખ્યાં છીએ ? છતાંએ અમે હવેથી એ બાબત તરફ લક્ષ્ય રાખીશું ને કંઇક સંગીન રીતે એનો પ્રચાર થાય તેમ કરવા મહેનત લઇશું, પણ ભાઇ ! સ્ત્રીઓ ઉપરજ આ બધો ભાર મૂકો છો ત્યારે તમે પુરૂષવર્ગે એ બાબતમાં કંઇ કરવા જેવું નથી શું ?"

સંગીતતત્ત્વ સ્ત્રીઓને સ્વાભાવસિદ્ધ છે.

ભાનુએ કહ્યું:–"સાંભળો, પુરૂષવર્ગે પણ ઘણુંએ કરવા જેવું છે, પણ જગતમાં અમૃત વર્ષાવનારી ને સ્વાભાવિક રીતેજ મૃદુ વાણીના

ભાવવાળી દેવીઓરૂપ સ્ત્રીઓ, એ સંગીતતત્ત્વને ઝીલવા માટે પ્રથમ અધિકારી છે. સ્ત્રીઓને કુદરત તરફથી જે મધુર અને સંગીતતત્ત્વનોજ જાણે રણકાર હોય તેવો મીઠો સ્વર મળેલો છે, તેવો સામાન્ય રીતે પુરૂષવર્ગને નથી મળ્યો; તેમજ રસિકતા, સુંદરતા, મધુરતા, કોમળતા ઇત્યાદિ ગુણો કે જે સ્વભાવથીજ સ્ત્રીઓમાં રહેલા છે તેનુ પોષક અને પ્રકાશક સંગીતતત્ત્વ એ પણ સ્ત્રીઓના સ્વભાવમાંજ રહેલું છે–સ્વભાવસિદ્ધ છે, તેથી સ્ત્રીઓ એ બાબતમાં રસપૂર્વક આગળ વધી શકે છેજ. સંગીતના ઇતિહાસ ઉપરથી અને વાતો ઉપરથી આપણે જાણીએ છીએ કે એ બાબતમાં સ્ત્રીઓએ જેટલો લાભ લીધો છે, તેટલો પુરૂષવર્ગે પ્રત્યક્ષ રીતે લીધો નથી. રસને રેડનારૂં ગાયન તત્ત્વ છે, અને તે રસરાજ્યની રાણીઓ એવી સ્ત્રીઓને પરમ વહાલું છે; માટેજ એ કામ કરવાને અને તેમાં ફત્તેહ મેળવવાને તમને વધારે તક છે. તેમજ આ તો તમારી પોતાની જરૂરિયાતની અને હિતની વાત છે, એટલે તેમાં પુરૂષવર્ગ હિસ્સો આપે વા ન આપે એનો ખ્યાલ કરવા કરતાં તમારા પોતા તરફજ જોવું વધુ જરૂરનું છે."

"સારૂં, ત્યારે અમે હવે આરંભ કરીશું, પણ હવે તમે અમને એને લગતાં સાધનો લાવી આપજો. હારમોનિયમ, સિતાર, તબલાં, સારંગી, ફીડલ ઇત્યાદિ જોઇશેના!" કમળાએ સ્મિત કરતે કરતે કહ્યું.

નર્મદા બ્હેને કહ્યું કે:–"ભાભી! એમ વાતને હસી કાઢવાની નથી. મારા ભાઈ જાણે છેજ કે તમને હારમોનિયમ તબલાં વાપરીને કામ કરતાં હાલ આવડે તેમ નથી. હૈયાનું હારમોનિયમ અને મોઢાનો સિતાર તો તમે જરા ખીલવી જુઓ! વગર સાધને પણ આપણે હાલ તો કામ કરી શકીશું. હાલ તો આપણે ગાતાં શીખીએ, ગવરાવતાં શીખીએ, એનો શોખ આપણી પાડોશણોમાં જગાડીએ, એવું

શરૂઆતનું તો કરી જોઇએ, પછી આગળ વાત."

"હા, બાઈ! તમે કહો છો તે ખરૂં છે, તેમજ કરીશું; પણ બધાંને ભેગાં મળતાં વચ્ચે હાલનું પોઝીશન કે જુના જમાનાની શરમ નડશે તેનું કેમ ?" કમળાએ કહ્યું.

ભાનુ વચમાંજ બોલી ઉઠયોઃ-"અરે, છીઃ એવી વાત તે શું કરો છો ? એમાં એવી કંઇ અડચણ નડશે નહિ. જો તમને કામ કરતાં આવડશે તો તો ઉલટી અનુકૂળતાઓ મળતી જશે."

"આજની વાત તો શું પણ સો વર્ષ પૂર્વે પણ એવી નિર્દોષ રમત-ગમતમાં સાવ અણઘડ લોકોએ પણ વાંધો લીધો નથી. એ બાબતમાં સ્ત્રીઓને છૂટ ન હોય એવું તે કેમ બને? માત્ર તમને કામ કરતાં આવડવું જોઇએ. બંગાળના પ્રખ્યાત વિદ્વાનો અને જમીનદારોના કુંટુંબમાં તો સ્ત્રીઓ ખાસ ઊંચામાં ઊંચું સંગીત જાણે છે, ને પોતાનાં સગાંસંબંધીવર્ગમાં એનો લાભ-કોઈ કોઇવાર જાહેર રીતે મેળાવડો કરીને આપે છે. આપણે ત્યાં તો એવું કંઈ છેજ ક્યાં ? ગરીબ લોકોમાં થોડો ઘણો શોખ છે એટલુંજ; બાકી વિલાયતમાં ને બીજા સુધરેલા દેશોમાં જુઓ તો થાકના ઉતાર તરિકે રાત્રિએ ઘરમાં ગાયન-વાદન ચાલીજ રહ્યું હોય. કોઈ વહુ પોતાના-પતિને, કોઈ કન્યા પોતાના પિતાને, કોઈ બ્હેન પોતાના ભાઇને, કોઇ માતા પોતાનાં બચ્ચાંઓને સંગીતદ્વારા વિસામો અને ઉત્તમ ભાવનાઓ આપીજ રહી હોય! ઠીક છે, આપણે ત્યાં હજી એવું હાલ તુરત ન બને, પણ તમે બાઇઓ બાઇઓ તો કામ શરૂ કરો; તેમાં કોઈ જાતની અડચણ નડશે નહિ."

સ્ત્રીઓના હિતની નવી કામગીરી.

"ભાઈ! તમારી વાત ખરી છે, આમાં કંઈ ખાસ અગવડ પડે તેવું નથી. ગામડાંઓમાં તો ઘણે ઠેકાણે હજી આ રીત ચાલુજ છે. શહેરો અને કસ્બાઓમાં એ બાબત તરફ દુર્લક્ષ્ય થવા લાગ્યું છે.

જુનું ગયું ને નવું તો કંઈ આવ્યું નહિ અને આવી અસલી ફાયદાકારક રીતો સાવ આળસમાં મારી જાય છે. આ બાબત ઉપર હવે તો મને એમ લાગી જાય છે કે, કોઈ પોતાનું જીવન અર્પણ કરી આખો જન્મારો આ તત્ત્વના ફેલાવાનું પારમાર્થિક કાર્ય કર્યાં કરે તોપણ એ ઓછું છે. આ કામ એવું મહત્ત્વનું છે કે, તે કરનારનું જીવન સફળ થઇ જાય, તે અનેકના જીવનમાં આનંદ ભરી દે અને આરોગ્ય તથા આનંદનો પ્રભાવ ઘણી બ્હેનોમાં—જગાવી દે. સ્ત્રીઓના હિતનાં કામોમાં આ પણ એક નવી દિશા છે, એમજ મને તો સમજાય છે. આહા ! કેટલું બધું આરોગ્ય અને કેટલો બધો આનંદ આ નાની જેવી લાગતી બાબતમાંથી પણ આપી શકાય તેમ છે ? પ્રભુ ! તું અમને આ બાબતનો વિકાસ કરવામાં મદદરૂપ થા. અમારી બ્હેનોના જીવનવિકાસમાં આ કાર્યનું પણ સંગઠન થાય તેમ કર. ”

આટલું બોલી પરમાર્થના ઉંડા ભાવોમાં તણાતી નર્મદા ચૂપ રહી. રંગનાથ અને ભાનુ બહાર જવા ઉઠયા. જતે જતે રંગનાથે કહ્યું કે:— “ બ્હેન ! સંગીત તત્ત્વ એ આત્માને જગાડનારૂં આ દુનિયાપરનું દૈવી સાધન છે. શંભુ તાંડવ નૃત્ય કર્યા કરે છે, અને નારદજી મધુરી વીણા વગાડયા કરે છે, એમ શાસ્ત્રોમાં કહ્યું છે, તેનો ભેદ બહુ જાણવા જેવો છે. એ તત્ત્વને ખાતર શાસ્ત્રના ખાસ વિભાગ તરીકે ગાંધર્વ વેદ ગણાય છે. નાદ એ બ્રહ્મનું સ્વરૂપ છે. બ્રહ્મનાં ઘણાં નામોમાં નાદબ્રહ્મ એ પણ જાણીતું છે. તે બધાનું રહસ્ય વળી કોઈ વખતે આપણે વિચારીશું પણ હાલ તો તમે માત્ર ગાવાની મહત્તા સમજી તમારી બ્હેનોમાં તેનો ફેલાવો કરો, તેનો શોખ વધારો, તેનો લાભ લેતાં કરો અને આ વહેતા જતા આનંદરૂપી ઝરામાંના અમૃતનું પાન કરો ! ”

૨૭—જ્યોતિ જીવન !

" માશી ! "

" જ્યોતિ, બેટા ઉંઘી જા ! ઘણું મોડું થઈ ગયું છે ! "

" મોડું થયું તો ભલે, હવે હું ઝાઝા દિવસ અહીંઆં ટકવાનો નથી. હું એમ કહેતો હતો કે મણિએ એના બાપને ત્યાં જવું જોઇએ. હમણાં તે ક્યાં છે તે મને સાંભરતું નથી. "

" સીતારામપુર. "

" અરે હા ! સીતારામપુર તેને મોકલી આપો. માંદા માણસ પાસે એણે વધારે સમય ટકવું જોઇએ નહિ. એ પોતેજ જોરાવર નથી."

" જ્યોતિ ! તે બાપડી તને આવી સ્થિતિમાં મૂકીને શી રીતે જઈ શકે વારૂ ? "

" ડૉકટરોએ શું કહ્યું છે તે એ જાણે છે ? "

" પણ તે પોતેજ જોઇ શકે છે ને ! બાપને ઘેર જવું પડવાની ફક્ત વાત થતાંજ તે દિવસે બાપડીએ રોઇ રોઇને આંખ રાતી કરી નાખી હતી."

આ સ્થળે પાઠકને જણાવવાની જરૂર છે કે, આ વચનોમાં કાંઇક અસત્યનો ભાસ થતો હતો. મણિની સાથે ખરેખરી વાતચીત નીચે પ્રમાણે થઈ હતીઃ—

" વહુ બેટા, હું ધારૂં છું કે, તારા બાપ તરફથી કાંઇ સમાચાર આવ્યા હશે ! કારણ કે મને એમ લાગે છે કે મેં તારા ભાઇ અનાથને અહીંઆં જોયો હતો. "

"હા! આવતા શુક્રવારે મારી નાની બ્હેનનો અન્નપ્રાશન સંસ્કાર થવાનો સંભવ છે; એટલે હું વિચાર—"

"બહુ સારૂં, બેટા બહુ સારૂં. તેને એક સુવર્ણમાળા મોકલી આપો. તારી મા તેથી રાજી થશે."

"હું પોતેજ ત્યાં જવાનો વિચાર કરૂં છું. મારી નાની બ્હેનને મેં હજી સુધી જોઇએ નથી. તેને જોવાનું અને રમાડવાનું મને ઘણું મન થાય છે."

"શું કહ્યું? ખચીત જ્યોતિને એકલો મૂકીને તું જનાર નથી. ડૉકટરે એને વિષે શું કહ્યું છે તે સાંભળ્યું નથી?"

"પણ ડૉકટરે હમણાંજ કહ્યું હતું કે ભય રાખવાનું ખાસ કારણ નથી—"

"ડૉકટરે એમ કહ્યું હોય, તોય તેની સ્થિતિ તું જોઈ શકે છે."

"ત્રણ ભાઇઓ પછી આ પ્રથમજ કીકી અવતરી છે, અને તે ઘણીજ લાડકી છે. મેં સાંભળ્યું છે કે ઉત્સવસમારંભ ઘણો ભવ્ય થશે. જો હું ન જાઉં તો મા ઘણીજ—"

"હા, હા! હું તારી માને સમજતી નથી, પણ હું સારી રીતે સમજું છું કે હમણાં તું જ્યોતિને મૂકીને ચાલી જઇશ, તો તારા બાપ ઘણા ગુસ્સે થશે."

"તમારે ત્યાં એક બે આંકડા લખી દેવા" કે ચિંતાનું ખાસ કારણ નથી, અને જો હું જઈશ તોપણ કાંઇ—"

"તું ખરૂં કહે છે; જો તું જઇશજ તો તેથી કાંઇ ખાસ અગવડ નડશે નહિ; પણ ધ્યાનમાં રાખજે કે જો હું તારા બાપને પત્ર લખીશ, તો મારા મનમાં શું છે તે સ્પષ્ટપણે કહી દઈશ."

"ત્યારે તમારે લખવાની જરૂર નથી. હું મારા પતિને કહીશ, અને ખચીત તે મને—"

" જો બેટા વહુ, તારૂં મેં ઘણુંયે સહન કર્યું છે, પણ જો તેમ કરવા ગઈ, તો તે એક પળવાર પણ હું ખમી શકીશ નહિ. તારા બાપ તને સારી રીતે જાણે છે, એટલે તું તેને છેતરી શકીશ નહિ."

જ્યારે માશી ચાલ્યાં ગયાં, ત્યારે ડુસકાં ખાતી મણિ શય્યાપર પડી. એક પાડોશણુ સખી આવી પહોંચી અને શું છે શું ? એમ પૂછવા લાગી.

" જો તો ખરી બ્હેન ! કેવી શરમની વાત ! મારી એકની એક બ્હેનનો અન્નપ્રાશન–દિવસ આવે છે, અને મને ત્યાં જવા દેવાની આ લોકો ના પાડે છે ! "

" અરે, તારો પતિ આટલો બધો માંદો છે, અને એવે વખતે તું જવા માગે છે કેમ ? "

" હું તેમને કાંઇ પણ કામ આવતી નથી, અને હું તેમ કરૂં તોપણ થઈ શકે એમ નથી. આ ઘરમાં એટલું બધું શૂન્યકાર લાગે છે કે હું ચોકખે ચોકખું જણાવું છું કે, મારાથી તે ખમી શકાતું નથીજ. "

" તું તો એક અદ્ભુત સ્ત્રી છે ! "

" પરંતુ તમારી બધાંની માફક, મને ઢોંગ કરતાં આવડતા નથી. રખેને કોઇ ખરાબ ધારે તેટલા માટે હું શાંત મુખમુદ્રા ધારણ કરૂં છું."

" વારૂ, તારી વાત સંભળાવ. "

" મારે જવુંજ જોઇએ. મને કોઇ અટકાવી શકે એમ નથી. "

" અરરર ! તું કેવી ઉદ્ધત જક્કી છોકરી છે ! "

પોતાના બાપને ઘેર જવું પડશે એ વાતથીજ મણિએ રૂદન કર્યું હતું એ સાંભળતાં જ્યોતિ એટલો બધો ઉશ્કેરાઇ ગયો કે તે પથારીમાં બેઠો થયો. ઓશીકું પોતાની તરફ ખેંચીને તે અઢેલી બેઠો અને બોલ્યોઃ—

"માશી આ બારી થોડીક ઉઘાડો, અને પેલા દીવાને ઉપાડી જાઓ."

અનંત કાળના યાત્રાળુ સમાન શાન્ત નિશા મૌન ધારણ કરીને બારી આગળ ઉભેલી જણાઇ; અને નિરવધિકાળોથી અસંખ્ય મૃત્યુ-ઓના નિરીક્ષક તારાઓ અંદર ઝગઝગવા લાગ્યા. કૃષ્ણ રાત્રિના પટ-પર જ્યોતિએ મણિનું આલેખાયલું વદન જોયું, અને પેલી બે ભવ્ય શ્યામ આંખો જાણે અનંતકાળ સુધીજ અશ્રુથી છલકાતી હોય એમ તેને લાગ્યું. તેને આટલો બધો શાંત થયેલો જોયો, એટલે ઉંઘ્યો હશે એમ ધારીને માશીના મનમાં શાંતિ વળી.

એકદમ તે ઝબકી ઉઠયો, અને બોલ્યો:—"માશી, મણિ એટલી બધી છોકરવાદ છે કે તે આપણા ઘરમાં સુખી થશે નહિ એમ તમે બધાં ધારતાં હતાં; પરંતુ હવે તમે જુઓ છો કે—"

"અરે હા, હવે હું જોઉં છું, ભાઈ, મારી ભૂલ થઇ, પણ કસો-ટીથી માણસની પરીક્ષા થાય છે."

"માશી!"

"ઉંઘી જા. ભાઈ!"

"મને થોડોક વિચાર કરવા દો, વાતો કરવા દો, ચીઢાશો નહિ, માશી!"

"બહુ સારૂં."

"એક વખત જ્યારે મને એમ વિચારો આવતા કે હું મણિનું હૃદય જીતી શકીશ નહિ, ત્યારે મેં તે મુંગે મોઢે સહન કરી લીધું. પરંતુ તમે—"

"ના, ભાઈ! ના, હું તને એમ કહેવા નહિ દઉં. મેં પણ તે સહન કરી લીધું—"

"આપણાં મન માટીનાં ઢેફાં જેવાં નથી કે રસ્તે જતાં ઉંચકી

લેવાય. મને એમ લાગતું કે મણિ એનું પોતાનુંજ મનજ સમજતી નહોતી, અને એકાદ દિવસ કાંઇ મોટો આંચકો લાગતાં—"

"હા ! જ્યોતિ તારૂં વચન વાસ્તવિક છે."

"તેથીજ મેં એના છોકરવાદીપણાની બહુ દરકાર કરી નહિ."

માશી શાંત રહી; એક નિઃશ્વાસને દાબી દીધો. વરસાદની છોળોથી ઓસરી ભીંજાવા છતાં શયનગૃહમાં જવાની દરકાર કર્યા વિના ત્યાંજ રાત્રિ પસાર કરતાં જ્યોતિને તેણે ઘણી વેળા જોયો હતો, ઘણાએ દિવસ એણે આશામાં ને આશામાં ગાળ્યા હતા કે મણિ હમણાં આવશે અને મને શાંત કરશે, પણ મણિ થીએટર તરફ જવાને તૈયારીઓ કરતી; તો પણ માશી જ્યારે તેને પવન નાંખવા જતી ત્યારે તે તેને તેમ કરવા દેતો નહિ. એ ચિંતામાં કેટલું બધું દુઃખ ભરેલું છે તેની માશી એકલીનેજ ખબર હતી. "ભાઇ, એ મૂર્ખ છોકરીપર વધારે ધ્યાન ન આપ, તેને તંગી પડવા દે, ચીજોને માટે રડવા દે" એમ કહેવાનું તેને વારંવાર મન થતું, પણ તેમ કહેવાય નહિ, અને વખતે ખોટો અર્થ સમજાય તો ! જ્યોતિના હૃદયમંદિરમાં સ્ત્રી દેવીની સ્થાપના થઇ હતી, અને ત્યાં મણિને સિંહાસન પ્રાપ્ત થયું હતું. મારા પોતાના ભાગના પ્રેમ–મધનો પ્રસાદ એ દેવી મને નહિ આપે એમ કલ્પવું એને કઠિન પડયું. એટલે પૂજા ચાલુ રહી, આહુતિ અપાઇ ગઇ, અને વરપ્રાપ્તિની આશા કદાપિ બંધ પડી નહિ.

માશીને ફરીથી કલ્પના થઇ કે જ્યોતિ ઉંઘે છે, એટલામાં તે એકદમ બોલી ઉઠયો:—

"મને ખબર છે કે મણિ તરફથી મને સુખ નથી એમ તમે ધારતાં અને તેથી તેનીપર ક્રોધ કરતાં, પણ માશી, સુખ આ તારાઓ જેવું છે. તે આખું અંધારૂં નષ્ટ કરી શકતા નથી, વચ્ચે વચ્ચે ગાબડાં રહી ગયાં છે. જીવનમાં આપણે ભુલો કરીએ છીએ, અને ગેર-

સમજાતી થાય છે, છતાં પણ એવાં છિદ્રો રહે છે અને તેમાંથી સત્ય પ્રકાશી નીકળે છે. આજ રાત્રે આ જે આનંદથી મારૂં હૃદય છલબલ થાય છે તે ક્યાંથી આવે છે, તેની મને ખબર નથી."

માશીએ જ્યોતિનું કપાળ ધીમે ધીમે શાંત કરવા માંડ્યું, તેનાં અશ્રુઓ અંધારામાં જણાયાં નહિ.

"મને વિચાર થાય છે, માશી, કે તે હજી નાની છે. જ્યારે હું નહિ હોઉં ત્યારે તે શું કરશે ?"

"જ્યોતિ, નાની? આટલી મોટી તો થઇ! મારી જીવન–મૂર્તિ નષ્ટ થઇ ત્યારે હું પણ નાની હતી, પણ તે સદાને માટે મારા હૃદયમાં જડાઇ ગઇ છે. તું ધારે છે કે, એથી કાંઇ નુકશાન થયું છે? વળી શું સુખ અત્યંત આવશ્યક છે ?

"માશી, એમ લાગે છે કે જ્યારે મણિના હૃદયમાં જાગૃતિનાં ચિહ્નોનું દર્શન થાય છે, એવામાંજ મારે–"

"જ્યોતિ તે સંબંધી માથાફોડ ન કર, એનું હૃદય જાગૃત થાય એટલું બસ નથી ?" તરતજ ઘણા સમયપર સાંભળેલા એક ગ્રામ્ય ભાટના કવિતના શબ્દો જ્યોતિની સ્મૃતિમાં તાજા થઇ આવ્યાઃ–

"અહા મમ હૃદય! જ્યારે મમ હૃદય સ્વામી મમ દ્વાર સમીપે આવ્યા હતા, ત્યારે તું જાગ્યું નહિ."

"ઉપડતાં પગલાંના ધ્વનિએ તું જાગૃત થયું."

"અહા! તિમિરમાં તું જાગ્રત થયું!"

"માશી, હમણાં કેટલો વખત થયો છે ?"

"આશરે નવ."

"નવજ! મેં ધાર્યું કે ઓછામાં ઓછા બે કે ત્રણ વાગ્યા હશે. તમે જાણો છો કે સૂર્યાસ્તની સાથેજ મારી મધ્ય રાત્રિનો પ્રારંભ થાય છે; પણ ત્યારે મારી ઉંઘને માટે આટલી બધી ચિંતા કેમ કરતાં હતાં?"

"કેમ, ગઈ કાલે વાતો કરતાં કરતાં કેટલી મોડી રાત્રિ સુધી તું જાગૃત રહ્યો હતો? એટલે આજે વહેલાં ઉઠી જવું જોઈએ."

"મણિ ઉઠી ગઈ?"

"અરે, ના, તે તારે માટે થોડીક ઘેંસ બનાવવામાં રોકાઈ છે."

"ના ના, માશી; એમ હોય નહિ? શું તે–?"

"ખરી વાત, એ ઉદ્યોગી છોકરી તારે માટે બધું ભોજન તૈયાર કરે છે."

"હું ધારતો હતો કે, વખતે મણિને એ નહિ–?"

"એવી બાબતો શીખવામાં સ્ત્રી જાતને વધારે વખત લાગતો નથી. જરૂર પડતાં પોતાની મેળેજ આવડી જાય છે."

"સવારમાં જે ઘેંસ બનાવી હતી તે કેવી સુંદર સોરમવાળી હતી! મેં ધાર્યું કે તે તમે બનાવી હશે."

"ના, ભાઈ, ના! મણિ મને તારૂં કાંઈ કામ કરવા પણ દે? તારાં કપડાં પણ તેજ ધૂવે છે. તે જાણે છે કે કોઈ મેલી વસ્તુ તારાથી સહન નહિ થાય. તું તારો બેઠકનો ઓરડો જુએ તો જણાય કે તે કેટલો બધો સ્વચ્છ રાખે છે! જો હું આ મંદવાડના ઓરડામાં આવવા દઉં તો કામમાં ને કામમાં અર્ધી થઈ જાય! પણ ખરેખર, તે તેમજ કરવા માગે છે."

"ત્યારે મણિની તબીયત?"

"ડૉકટરો એમ ધારે છે કે, મંદવાડના ઓરડામાં તેને ઘણીવાર આવવા દેવી નહિ. તેનું હૃદય ઘણુંજ કોમળ છે."

"પણ માશી; તમે તેને આવતાં શી રીતે અટકાવો છો?"

"કારણ કે તે એક શબ્દ પણ બોલ્યા સિવાય મારી આજ્ઞા માને છે, તોપણ તારા સમાચાર હરહંમેશ આપતાં રહેવું પડે છે."

અશ્રુબિંદુઓની માફક તારાઓ ગગનમાં ચળકી રહ્યા. પોતાને

ત્યજી જતા જીવનને જ્યોતિએ આભાર વૃત્તિથી પ્રણામ કર્યા અને તિમિરરાશિમાં જ્યારે મૃત્યુએ પોતાનો હાથ લંબાવ્યો ત્યારે સંપૂર્ણ વિશ્વાસપૂર્વક તેણે તેનું અવલંબન કર્યું.

જ્યોતિએ નિઃશ્વાસ નાખ્યો અને કાંઇક અધીરતાથી ચેષ્ટાપૂર્વક બોલ્યોઃ—

" માશી ! જો મણિ હજી જાગતી હોય તો એક પળવાર પણ એને અહીં લાવશો ? "

" બહુ સારૂં ! હું જઇને બોલાવી લાવું. "

" હું એને લાંબો વખત રોકીશ નહિ, માત્ર પાંચ મિનિટ સુધીજ, મારે એને કાંઇક કહેવું છે. "

નિઃશ્વાસ નાખતી માશી મણિને બોલાવવા બહાર ગઇ. તે દરમ્યાન જ્યોતિની નાડી વધારે જોશમાં ચાલવા લાગી. તે ઘણી સારી રીતે જાણતો હતો કે મણિ સાથે મિત્રભાવે તે કદાપિ વાર્તાલાપ કરી શક્યો ન હતો. બંને વાદ્યયંત્રના સુર ભિન્ન ભિન્ન નીકળતા હતા અને તેમને એકસુર. થાય એવી રીતે બજાવી શકાય એમ ન હતું. પોતાની નાની સખીઓ સાથે વાર્તાલાપ કરતી અને આનંદથી હાસ્ય કરતી મણિને સાંભળતાં વારંવાર જ્યોતિના હૃદયમાં ઈર્ષ્યાના દંશ થતા. જ્યોતિ માત્ર પોતાની જાતનેજ ઉપાલંભ આપતો, તેમની માફક પોતે પણ અસંબદ્ધ નજીવી ચીજોપર વાત કેમ કરી શકતો ન હતો ? તેમ કરવાને તે અશક્ત ન હતો, કારણ કે પોતાના મિત્રો સાથે તે સર્વ પ્રકારની નજીવી બાબતોપર તડાકા મારતો; પરંતુ જે ઝીણી ઝીણી વાત પુરૂષોને માફક આવે તે સ્ત્રીઓને માફક આવતી નથી. તમારા ધ્યાનહીન શ્રોતૃ—વર્ગથી બેદરકાર રહીને તમે પોતે આત્માને ઉદ્દેશીને તત્ત્વજ્ઞાનની વાત કરી શકો, પરંતુ ઝીણી વાતોમાં છેવટમાં છેવટ બે જણ તો હોવાંજ જોઇએ. ખુલ્લી ઓસરીમાં સાંજના

વખતે મણિ સાથે બેસીને તેણે ઘણી વાર વાર્તાલાપને માટે કૃત્રિમ પ્રયત્નો કર્યા હતા; પરંતુ પાછો વાર્તાતંતુ તૂટી જતો અને સાંજની શાંતિને પણ શરમ ઉપજતી. જ્યોતિને ખાત્રી હતી કે મણિ નાશી છુટવાને આતુર હતી. કોઇ તૃતીય વ્યક્તિ આવે તો ઠીક એમ પણ જ્યોતિને ઉત્કટ ઇચ્છા થઇ આવતી; કારણ કે જ્યારે બેને વાત કરવાનું ભારે થઇ પડે છે ત્યારે ત્રણ હોય તો સરળ થઇ જાય છે.

મણિ આવે ત્યારે શું કહેવું તેનો તે વિચાર કરવા લાગ્યો; પરંતુ આવી ઉભી કરેલી વાતથી તેને સંતોષ નહિ થાય. જ્યોતિને ભય લાગ્યો કે, આજ રાત્રિની પાંચ મિનિટો નકામી જશે. તદપિ તેને માટે તો ગાઢ વાર્તાલાપ કરવાને થોડીક પળો રહી હતી.

૩.

"આ શું, વહુ બેટા, તું કહીં જતી નથી ને ?"

"અલબત, હું સીતારામપુર જાઉં છું."

"તું શું બોલે છે ? તને મૂકવા કોણ આવશે ?"

"અનાથ."

"આજ નહિ, વહુ બેટા, આજ નહિ. કોઇ બીજે દિવસે."

"પણ આગગાડીમાં ડબ્બો ક્યારનોએ રીઝર્વ કરાવી રાખ્યો છે."

"એથી શું ? એટલું નુકસાન સહેલાઇથી ખમી લેવાય. આવતી કાલે સવારમાં વહેલી ઉઠીને જજે."

"માશી, તમારા શુકન—અપશુકનના દિવસોથી હું રોકાવાની નથી. આજેજ હું જાઉં તો તેમાં હરકત શું ?"

"જ્યોતિને તારી સાથે વાતચીત કરવી છે."

"બહુ સારૂં ! હજી થોડો સમય છે. હમણાંજ જઇને હું એ-અને મળીશ."

"પરંતુ 'હું જાઉં છું' એમ કહેતી ના."

"બહુ સારૂં, હું એમ નહિ કહું, પણ હું વધારે વાર થોભી શકીશ નહિ. આવતી કાલે મારી બ્હેનનો અન્નપ્રાશન–દિવસ છે એટલે આજે તો મારે જવુંજ જોઇએ."

"અરે, વહુ બેટા ! આટલો વખત મારૂં કહેવું ધ્યાનપૂર્વક સાંભળ, એટલી મારી આજીજી છે. થોડો સમય તારૂં મન શાંત કરીને એની પાસે બેસ. તું ઉતાવળમાં છે એમ જણાવા દઇશ ના."

"હું શું કરૂં ? આગગાડી મારે સારૂ થોભશે નહિ. દશેક મિનિટમાં અનાથ પાછો આવશે, ત્યાં સુધી હું તેમની પાસે બેસી શકીશ."

"ના, તે નહિ ચાલે. મનની એવી સ્થિતિમાં હું તને તેની પાસે કદાપિ જવા દઇશ નહિ. અરે નિર્ભાગિણી ! જે પુરૂષને તું આટલું આટલું દુ:ખ દે છે તે જલદીથી આ ફાની દુનિયા ત્યજી જનાર છે. પણ હું તને કહું છું કે, આજનો દિવસ તારી જીંદગી પૂરી થતાં સુધી તારે સંભારવો પડશે ! ઇશ્વર છે ! ઇશ્વર છે ! તેની તને કોઇક દિવસ સમજ પડશે !"

"માશી ! તમારે મને આવા શાપ દેવા જોઇએ નહિ."

"અહા વ્હાલા બાળક ! પ્રિય જ્યોતિ ! તું વધારે શું કામ જીવે છે ? આ પાપનો અંત નથી અને છતાં હું તે અટકાવી શકતીએ નથી !"

થોડો સમય ત્યાં થોભીને આટલીવારમાં તો જ્યોતિ ઉંઘી ગયો હશે એવી આશામાં ને આશામાં માશી મંદવાડના ઓરડા તરફ પાછી ફરી, પરંતુ તેણે પ્રવેશ કર્યો કે તરતજ પથારીમાં જ્યોતિએ પાસું ફેરવ્યું. માશી બોલી ઉઠી:

"જો તો ખરો, એણે શું કર્યું તે ?"

"શું થયું ? મણિ ન આવી ? આટલી બધી વાર કેમ થઇ માશી ?"

" તારે માટે કાંજીનું દૂધ બળી જવા દીધું તેથી તેને હૈયાફાટ રડતી મેં જોઇ ! મેં કહ્યું:–' ઘણુંએ દૂધ મળશે ! છાની રહે ! ' પણ તારે માટે કાંજી બનાવવામાં આટલી બધી એકાળજી ! એ વાતથીજ તે ગાંડી–ઘેલી બની ગઇ છે. મહા મહા મહેનતે મેં તેને શાંત કરીને સુવાડી, તેથી આજે હું તેને તેડી લાવી નહિ. ભલે ઉંઘમાં બધું વિસરી જાય. "

મણિ ન આવતાં જ્યોતિને કાંઇક દુઃખ થયું હતું, તદપિ તેને થોડી ઘણી શાંતિ વળી. પહેલેથી અર્ધી શંકા ઉભી થઇ હતી કે, મણિના શારીરિક સાન્નિધ્યથી પોતાના હૃદયની તેની મૂર્તિને અત્યાચાર થશે. તેના જીવનમાં પહેલાં એમ ઘણીવાર બન્યું હતું અને પોતાનું દૂધ બળી જવાથી મણિને દુઃખ થયું એ વિચારથી તેના હૃદયમાં આનંદ ઉભરાયો.

" માશી ! "

" શું છે ભાઇ ? "

" મને નક્કી જણાય છે કે, મારા દિવસો સમાપ્ત થવા આવ્યા છે; પરંતુ મને પશ્ચાત્તાપ થતો નથી. મારે માટે શોકાતુર થશો નહિ. "

" ના ભાઇ, હું શોક નહિ કરૂં. જીવન સારૂં છે અને મરણ નથી, એમ હું માનતી નથી. "

" માશી ! હું તમને સત્ય કહું છું કે મરણ મધુર જણાય છે. "

કૃષ્ણ આકાશ તરફ નજર કરતાં મૃત્યુના સ્વરૂપમાં મણિ પોતેજ આવતી હોય એમ જ્યોતિને જણાયું. તેનું યૌવન અખંડ છે અને જગતજનનીના હસ્તે તેના કૃષ્ણ વાળપર તારારૂપી આશીર્વાદનાં પુષ્પોનો વરસાદ વરસ્યો છે. અંધારાના આવરણમાં તે પોતાની પત્નીનું પ્રથમ મુખદર્શન કરતો હોયની ! એમ તેને જણાયું. મણિના મેઘ-વર્ણા ચક્ષુની પ્રેમપૂર્ણ દૃષ્ટિથી વિશાળ નિશા ભરપુર થઇ ગઈ. આ

ગૃહની વધૂ, નાની ચંચળ બાળકી, મણિ જગત—મૂર્તિમાં સ્વરૂપાંતર પામી, જીવન અને મૃત્યુના સંગમપર—તારાનાં વૃંદોની વેદીપર તેને સિંહાસન પ્રાપ્ત થયું. જ્યોતિ બન્ને હસ્ત પકડી મનમાં બોલ્યો:— " છેવટે પડદો ઉપડયો, આ ગાઢ અંધકારનું આવરણ ભેદાયું. અહા ! સુંદરિ, તેં કેટલીવાર મારૂં હૃદય ચીરી નાખ્યું છે, પરંતુ હવે કદાપિ મને છોડી શકીશ નહિ ! "

૪.

" મને દુઃખ થાય છે માશી, પરંતુ તમો ધારતાં હશો તેવું નહિ. મારૂં દુઃખ જાણે ધીમે ધીમે મારા જીવનથી છુટું પડતું હોય એમ મને ભાસ થાય છે. ભરેલી નૌકાની માફક તે અત્યાર સુધી પાછળ પાછળ ખેંચાઇ આવતું હતું, પરંતુ દોરડું તુટી ગયું છે અને હવે તે મારા સઘળા ભારો સાથે તણાઇ જાય છે. અદ્યાપિ હું તે જોઇ શકું છું, પણ હવે તેની સાથે મારે સંબંધ નથી......પરંતુ માશી, ગયા એ દિવસથી એક વખત પણ મેં મણિને જોઇ નથી ! "

" જ્યોતિ, લે બીજું ઓશીકું આપું. "

" માશી, મને લગભગ એમ જણાય છે કે, પેલી દુઃખથી ભરેલી નૌકાની માફક મણિ પણ મને છોડી ગઇ છે."

" જ્યોતિ, થોડોક દાડમનો સરબત લે. ભાઇ ! તારે ગળે શોષ પડયો હશે."

" ગઇ કાલે મેં મારૂં વસીયતનામું લખી રાખ્યું છે. મેં તે તમને બતાવ્યું હતું ? મને સાંભરતું નથી."

" મને તે બતાવવાની જરૂર નથી, જ્યોતિ."

" જ્યારે મા મરી ગઇ, ત્યારે મારૂં પોતાનું કાંઇ પણ નહોતું. તમે મને ખવડાવ્યું અને ઉછેર્યો તેથી હું કહેતો—"

" બિલકુલ નહિ, ભાઇ ! મારી પાસે તો ફક્ત આ ઘર અને

થોડીક મિલકતજ હતાં, બાકીનુ તો તું કમાયો હતો."

"પણ આ ઘર ?"

"તેમાં કાંઇ નહિ. તેં એમાં એટલો બધો ઉમેરો કર્યો છે કે મારૂં ઘર ક્યાં હતું તેજ જણાવું મુશ્કેલ છે !"

"મને ખાત્રી છે કે તમારા તરફ મણિનો પ્રેમ ખરેખર-"

"હા, હા ! હું તે જાણું છું જ્યોતિ, હવે તું ઉંઘી જા."

"જો કે મેં મારી સઘળી મિલકત મણિને વારસામાં સોંપી છે, તોપણુ ખરી રીતે તે તમારીજ છે. માશી ! તે તમારી આજ્ઞા-વિરૂદ્ધ કદાપિ નહિ ચાલે !"

"તેને વિષે તું એટલી બધી ચિંતા શું કામ કરે છે બાઈ."

"મારી પાસે જે જે છે, તે સર્વ તમારૂંજ છે. તમે જ્યારે મારૂં વસીયતનામું જુઓ ત્યારે પળવાર પણ એમ નહિ ધારતાં કે-"

"તું શું કહે છે જ્યોતિ ? જે તારૂં છે તે તું મણિને આપે તેમાં મને પળવાર પણ મનમાં લાગશે એમ તું ધારે છે ? ખરેખર હું એટલી બધી હલકી નથી."

"પરંતુ તમને પણ-"

"જો જ્યોતિ, હું તારીપર ગુસ્સો કરીશ. તું પૈસાથી મને સંતોષવા માગે છે ?"

"અહા ! માશી ! પૈસા કરતાં કાંઇક વધારે સારૂં આપવાની મને કેટલી બધી ઇચ્છા થાય છે !"

"તે તેં આપ્યું છે, જ્યોતિ !-ઘણુંએ આપ્યું છે. મારા એકાંત ઘરમાં તેં વસ્તી નથી કરી ? તેં મને એટલું બધું આપ્યું છે કે જો હવે મારા બાવિનું ઋણુ પતી ગયું હશે તો હું શોક કરીશ નહિ. હા, હા ! બધું મણિને નામે આપી દે-તારૂં ઘર, તારો પૈસો, તારી ગાડી, અને તારાં વાડીવજીફા-એવા ભારા મારાથી ઉંચકાય નહિ !"

"અલબત હું જાણું છું કે, જીવનના આનંદોપરથી તમારૂં દિલ ઉઠી ગયું છે, પરંતુ મણિ એટલી બધી નાની છે કે—"

"ના! તું એમ કહેતો ના, તારી મિલકત એને માટે મૂકી જવી હોય તો ભલે, પણ આનંદની વાતમાં તો—"

"તે આનંદ મણિ તો તેમાં ખોટું શું માશી?"

"ના, ના, એમ બનેજ નહિ. તેનું ગળુંજ ઝલાઇ જશે અને તે સર્વ એને ધૂળ અને માટી થઈ પડશે."

જ્યોતિ ચૂપ રહ્યો. આ વાત સત્ય કે અસત્ય, મારી ગેરહાજરીમાં મણિને દુનિયા ખારી લાગશે એ વાત શોકની છે કે નહિ તેનો નિશ્ચય તે કરી શક્યો નહિ. તારાઓ મંદસ્વરે તેના હૃદયમાં કાંઇ કહેતા હોય એમ જણાયું.

ખરેખર તે સત્ય છે. અમે સહસ્રાવધિ વર્ષોથી નિરીક્ષા કર્યા કરીએ છીએ અને જાણીએ છીએ કે આનંદને માટેની સર્વે તૈયારીઓ મિથ્યા છે.

જ્યોતિએ નિઃશ્વાસ નાખ્યો અને બોલ્યોઃ—"જે ખરેખર આપવા યોગ્ય છે, તે આપણે પાછળ મૂકી જઇ શકીએ એમ નથી."

"વ્હાલા, તું કાંઈ જેવી તેવી વસ્તુ આપતો નથી. મારી એટલીજ પ્રાર્થના છે કે તેને જે આપવામાં આવ્યું છે, તેની કિંમત આંકવાની તેનામાં શક્તિ આવે."

"મને થોડો વધારે દાડમનો સરબત આપો. માશી, મને તરસ લાગી છે. ગઇ કાલે મણિ આવી હતી વારૂ?"

"હા, તે આવી હતી, પણ તું ઉંઘતો હતો. તારા ઓશીકા આગળ બેસીને લાંબા વખત સુધી તેણે તને પંખો કર્યો અને પછી તારાં કપડાં ધોવાને ચાલી ગઈ."

"કેટલું બધું અદ્ભુત! મને લાગે છે, તેજ વખતે મને સ્વપ્ન

આવ્યું હતું કે મણિ મારા ઓરડામાં પ્રવેશ કરવાને યત્ન કરે છે, બારણું થોડુંક ખુલ્લું હતું અને તેને તે ઠેલતી હતી, પણ તે ખુલ્યું નહિ. પણ માશી, તમે હદ કરો છો—હું મરૂં છું તેની તેને ખબર પડવા દેવી જોઇએ, નહિ તો મારા મરણથી તેને સખત ઝાટકો લાગશે."

"ભાઈ! આ શાલ તારા પગપર મને ઓઢાડવા દે; કેટલા બધા ઠંડા થઇ ગયા છે ?"

"ના, માશી ! મારા શરીરપર એવું કાંઇ મને ગમતું નથી."

"જ્યોતિ, તું જાણે છે, તારે માટે આ શાલ મણિએ બનાવી છે ! જે વખતે ઉધલું જોઈએ તે વખતે એ કામ લઇને તે બેસતી. માત્ર ગઇ કાલેજ તે પૂરી થઇ."

જ્યોતિએ શાલ લીધી અને હસ્તવડે મૃદુ સ્પર્શ કર્યો. ઉનની મૃદુતા મણિનીજ હોયની એમ તેને લાગ્યું. શાલના તંતુઓ સાથે તેના પ્રેમપૂર્ણ વિચારો દર રાત્રિએ ગુંથાયા હતા. માત્ર તે ઉનથીજ નહિ પરંતુ તેના સ્પર્શથી બનેલી છે; તેથી જ્યારે માશીએ તે શાલ તેના પગપર ઓઢાડી, ત્યારે દર રાત્રિએ મણિ તેનાં શ્રાન્ત અંગોનું સેવન કરતી હોય એમ તેને લાગ્યું.

"પણ માશી ! હું ધારૂં છું કે, મણિને ગુંથતાં આવડતું નહોતું—એ કામ તેને કદાપિ ગમતું પણ નહિ."

"કોઇ વસ્તુ શીખવાને લાંબો વખત લાગતો નથી. અલબત મારે તેને શીખવવું પડતું. વળી એમાં ઘણી ભૂલો પણ છે."

"ભલે ભૂલો રહી, આપણે તેને પારીસ પ્રદર્શનમાં મોકલવાનાં નથી. ભૂલો હશે તોપણ મારા પગ તો તેથી ગરમ રહેશે."

ક્રમે વળગેલી, ભૂલો કરતી અને ઠોકરો ખાતી તથા ધીરજથી આગળ ને આગળ વધતી મણિનું ચિત્ર જ્યોતિના હૃદયપટપર ચિત્રાવા લાગ્યું. કેટલું મધુર અને કરૂણાસ્પદ ! અને ફરીથી શાલપર પોતાની

ચંચળ અંગુલીઓ ફેરવવા માંડી.

"માશી! ડૉક્ટર નીચે છે?"

"હા, આજની રાત તે અહીંયાંજ રહેશે!"

"પણ તેને એમ કહો કે હવે ઉંઘવાની દવા આપવી એ નકામું છે. એનાથી મને ખરેખરો આરામ મળતો નથી અને ઉલટો મારા દુઃખમાં વધારો થયો છે; મને સારી રીતે જાગૃત રહેવા દો. માશી, તમને ખબર છે કે, વૈશાખ માસની પૂર્ણિમાએ મારાં લગ્ન થયાં હતાં. આવતી કાલે વૈશાખી પૂર્ણિમા છે, અને તેજ રાત્રિના તારાઓ આકાશમાં પ્રકાશશે. કદાચ મણિ ભૂલી ગઇ હશે. આજે તેનું હું તેને સ્મરણ કરાવીશ, એક કે બે મિનિટ તેને લગીર મારી પાસે બોલાવોને! કેમ ચૂપ રહ્યાં! હું ધારૂં છું કે ડૉક્ટરે તમને એમ કહ્યું હશે કે હું એટલો બધો નબળો છું કે કોઇ પણ આવેગથી–પણ માશી હું ખરેખર કહું છું કે જો આજની રાત થોડીક વાતચીત એની સાથે કરીશ તો પછી ઉંઘ આણવાનાં ઓસડીયાંની જરૂર રહેશે નહિ. માશી, આમ રડો નહિ, હું તદ્દન સ્વસ્થ છું. આજે મારૂં હૃદય એટલું બધું ભરપુર છે, કે મારી જીંદગીમાં આગળ એમ હતું નહિ. તેટલા માટેજ હું મણિને મળવા માંગું છું. ના, ના, માશી, તમે રડો એ મારાથી ખમી શકાતું નથી! તમે આટલા બધા દિવસ એટલાં શાંત રહ્યાં ત્યારે આજ રાત્રિએ કેમ આટલાં બધાં દુઃખિત થાઓ છો?"

"અરે જ્યોતિ, મેં ધાર્યું કે બધાં મારાં આંસુ ખુટી ગયાં છે, પણ હજી પુષ્કળ રહ્યાં છે એમ જણાય છે. વધારે વખત હું સહન કરી શકતી નથી."

"મણિને બોલાવો, હું તેને અમારી લગ્નનિશાનું સ્મરણ કરાવીશ. એટલે આવતી કાલે તે–"

"વ્હાલા, હું જાઉં છું. શંભુ બારણા આગળ ઉભો રહેશે, કંઇ

જોઇતું હોય તો તેને બોલાવજે."

માશી મણિના સૂવાના ઓરડામાં ગઈ અને જમીનપર બેસી જઇને રડવા લાગી,–" અરે આવ, એક વખત આવ, હૃદયશૂન્ય નિ-ર્ભાગિની ! જેણે પોતાનું સર્વસ્વ તને આપી દીધું છે, તેની છેવટની વિનતિ સાંભળ ! મરતાને માર નહિ !"

પગલાંનો અવાજ સાંભળીને જ્યોતિ ઝબકી ઉઠયો, અને બોલ્યો, "મણિ !"

" એ તો હું શંભુ. તમે મને બોલાવ્યો ?"

" તારી શેઠાણીને બોલાવી લાવ."

" કોને ?"

" તારી શેઠાણીને."

" તે હજી પાછાં ફર્યાં નથી."

" પાછાં ફર્યાં ? કયાંથી ?"

" સીતારામપુરથી."

" તે કયારે ગઈ ?"

" ત્રણ દિવસ ઉપર."

ઘડીભર જ્યોતિનું અંગ સ્તબ્ધ થઇ ગયું અને તેના મસ્તિષ્કમાં ચક્કર આવવા લાગ્યાં. જે ઓશીકાને અઢેલીને પડયો હતો તેનાથી નીચે સરી ગયો, અને પગપરથી ઉનની શાલને લાત મારીને ફેંકી દીધી.

લાંબા વખત પછી જ્યારે માશી પાછી આવી ત્યારે જ્યોતિએ મણિનું નામ દીધું નહિ, અને માશીએ ધાર્યું કે તેની સઘળી વાત એ ભૂલી ગયો છે. એકદમ જ્યોતિ બોલી ઉઠયો:–" માશી, થોડા દિવસ-પર મને એક સ્વપ્ન આવ્યું હતું તે વિષે મેં તમને વાત કરી હતી?"

" કયું સ્વપ્ન ?"

"જેમાં મણિ બારણું ધકેલતી હતી, અને બારણું એક તસુથી વધારે ઉઘડયું નહોતું, તેનાથી અંદર પ્રવેશ થઇ શકયો નહિ, અને બહાર ઉભી રહી. હવે મને જણાય છે કે છેવટ સુધી મારા બારણાની બહારજ મણિને રહેવું પડશે."

માશીએ મૌન ધારણ કર્યું. તેને ખબર પડી કે જ્યોતિને માટે અસત્યનું જે સ્વર્ગ તે ચણતી હતી તે છેવટે તુટી પડયું હતું. જ્યારે દુઃખ ઉભું થાય, ત્યારે તે જણાવી દેવું એ ઠીક છે—જ્યારે ઇશ્વર પ્રહાર કરે ત્યારે તેમાંથી નાસી છુટવાનો પ્રયત્ન કરવો મિથ્યા છે.

"માશી! તમારી તરફથી પ્રાપ્ત થયેલો પ્રેમ મારા સર્વે જન્મોમાં ચાલશે. મારી સાથે લઇ જવાને તેનાથી મેં મારૂં જીવન ભરપુર બનાવી દીધું છે. મને ખાત્રી છે કે, આવતા જન્મમાં તમે મારી પુત્રી તરીકે અવતરશો, અને હું અત્યંત પ્રેમથી તમારી સંભાળ લઇશ."

"તું શું કહે છે, જ્યોતિ! તું એમ કહે છે કે હું ફરીથી સ્ત્રી અવતરીશ? તારા હાથમાં પુત્ર તરીકે આવું એમ કેમ તું પ્રાર્થના કરી શકતો નથી?"

"ના, ના, પુત્ર તરીકે નહિ! તમે જ્યારે ઘણાં નાનાં હતાં તે સમયના તમારા અદ્દભુત સૌંદર્ય સહ તમે મારે ઘેર આવશો. તમે કેવાં વસ્ત્ર પરિધાન કરશો તેની પણ હું કલ્પના કરી શકું છું."

"જ્યોતિ, આટલી બધી વાતો ન કર, પણ ઉંઘી જા."

"હું તમારૂં નામ 'લક્ષ્મી' પાડીશ."

"પણ એ તો જુની ઢબનું નામ છે, જ્યોતિ!"

"હા, પણ તમે મારી જુની ઢબનાં માશી છો, તે સુંદર જુની ઢબની રીતભાતો સાથે મારા ગૃહમાં આવજો."

"એક પુત્રી તરીકે આવીને તમારા ગૃહને ભારે મારવાની ઇચ્છા મને થઈ શકતી નથી!"

"માશી, તમે મને નબળો ધારો છો અને સઘળી પીડાથી દૂર રાખવા માગો છો ?"

"વત્સ, હું એક સ્ત્રી છું, એટલે મારામાં નબળાઇ તો હોય. તોપણ સઘળી પીડાઓમાંથી તને મુક્ત રાખવાને મેં મારી આખી જીંદગી પ્રયત્ન કર્યો છે,—છેવટે નિષ્ફળતાજ પામી છું."

"માશી, આ જીવનમાં હું જે પાઠ ભણ્યો છું, તેનો ઉપયોગ કરવાનો મને સમય મળ્યો નથી; પરંતુ મારા બીજા જન્મ સુધી તેઓ ટકી રહેશે. એક માણસ શું શું કરવાને શક્તિવાન હોય છે તે તે વખતે હું બતાવી આપીશ. જાતનીપરજ હંમેશાં ધ્યાન આપ્યા કરવું એ કેટલું ખોટું છે તે હું શિખ્યો છું."

"ભાઈ, તું ગમે તેમ કહે તો પણ તેં કદાપિ તારે પોતાને માટે કાંઇ પચાવી પાડ્યું નથી, પરંતુ બીજાનેજ બધું આપી દીધું છે."

"માશી, છેવટે હું એક વાતને માટે તો મગરૂર છું. મારા સુખના દિવસોમાં હું કોઇ દિવસ જુલમી નીવડ્યો નથી અથવા ઝનુનથી મારી જરૂરીઆતોને માટે દબાણ કર્યું નથી. જુદાણાંથી મને સંતોષ મળી શક્યો નહિ તેથી મારે દીર્ઘ કાળ પ્રતીક્ષા કરવી પડી. કદાચિત્ અંતમાં સત્ય માયાળુ નીવડશે.—પેલું કોણ છે માશી, પેલું કોણ છે ?"

"ક્યાં ? ત્યાં કોઇ નથી, જ્યોતિ !"

"માશી, લગીર જાઓ, અને પેલા ઓરડામાં જુઓ. મેં ધાર્યું કે મેં—"

"ના, ભાઈ! હું કોઇને જોતી નથી."

"પણ મને એમ સ્પષ્ટ લાગ્યું કે—"

"ના, જ્યોતિ. કાંઈ નથી. માટે શાંત થા! હવે ડૉક્ટર આવે છે."

"જુઓ, તમારે આટલી બધી વેળા દરદીની પાસે રહેવું જોઇએ નહિ, તમારાથી દરદી ઉશ્કેરાય છે. તમે સૂઈ જાઓ, અને મારો મદદગાર એની પાસે રહેશે.

"ના માશી! હું તમને નહિ જવા દઉં."

"બહુ સારૂં, ભાઇ! હું પેલા ખુણામાં છાનીમાની બેસીશ."

"ના, ના! તમારે મારી પાસે બેસવું જોઇએ. હું તમારો હાથ છોડીશ નહિ, અંત સુધી છોડીશ નહિ. હું તમારે હાથેજ ઉછર્યો છું, અને તમારાજ હાથમાંથી ઇશ્વર મને ઉપાડી લેશે."

"બહુ સારૂં, તમે અહીંઆં રહી શકશો; પરંતુ જ્યોતિ બાબુ, તમારે એમની સાથે વાતચીત કરવી નહિ. પેલી દવા લેવાનો હવે વખત થયો છે."

"દવાને માટે વખત? ખોટી વાત! તેનો વખત પૂરો થઇ ગયો છે. હવે દવા આપવી એ છેતરવા સમાન છે. તે ઉપરાંત મને મરવાનો ભય નથી.—માશી, મૃત્યુ પોતાની દવા તૈયાર કરે છે, તેમાં ડૉકટરની બીજી પીડા તમે શું કામ ઉમેરો છો? તેને મોકલી દો, મોકલી દો! માત્ર તમારીજ હવે મને જરૂર છે! બીજું કોઇ નહિ, કોઇજ નહિ! વધારે જુઠાણું નહિ!"

"ડૉકટર તરીકે હું વાંધો ઉઠાવું છું કે, આ ઉશ્કેરણીથી તમને નુકસાન થાય છે."

"ત્યારે ડૉકટર, પધારી જાઓ. મને વધારે ઉશ્કેરો નહિ!—માશી, તે ગયો? સારૂં થયું! હવે આવો અને મારૂં મસ્તક તમારા ખોળામાં લો."

"બહુ સારૂં, વ્હાલા! હવે ભાઇ, ઉંઘી જા!"

"ના, માશી! હવે મને ઉંઘવાનું કહેશો નહિ. હું ઉંઘીશ તો, ફરી કદાપિ જાગીશ નહિ. હજી પણ થોડી વાર વધારે જાગ્રત રહેવાની

જરૂર છે. તમને કાંઇ અવાજ સંભળાતો નથી? કોઇક આવે છે. ”

૫.

“ જ્યોતિ, વ્હાલા, જરા તારી આંખો તો ઉઘાડ. તે આવી છે. એક વખત આંખો ઉઘાડ અને જો ! ”

“ કોણ આવ્યું છે ? સ્વપ્નું ? ”

“ સ્વપ્નું નહિ, વ્હાલા, મણિ એના બાપ સાથે આવી છે.”

“ તમે કોણ છો ? ”

“ તું જોતો નથી ? એ તારી મણિ છે ! ”

“ મણિ ? પેલું બારાણું ઉઘડયું ? ”

“ હા, ભાઈ તે તદ્દન ઉઘડી ગયું છે.

“ ના, માશી ! તે શાલ નહિ ! તે શાલ નહિ ! તે શાલ તો દગાઇ છે ! ”

“ એ શાલ નથી, જ્યોતિ ! એ તો આપણી મણિ તારા પગપર ઢળી પડી છે. તારો હાથ તેના માથાપર મૂકીને આશીર્વાદ આપ. એમ રડ નહિ, મણિ ! રડવાનો ઘણો વખત છે. થોડીવાર શાંત રહે.”

૨૮-કમનશીબની કહાણી

નાનપણમાં હું બહુ લાડવાઇ હતી. બાપાજી મને બહુ રમાડતા. બા મને બહુ લાડ લડાવતી. અધ્ધરને અધ્ધર રહેતી અને 'બ્હેન' વગર કોઇ મને બોલાવતું નહિ. રાયપુરમાં મગનભાઇની કન્યાશાળામાં મને ભણવા મોકલી હતી અને થોડું ભણી પણ હતી. પણ છોકરીને વળી બહુ શું કરવા ભણવું જોઇએ ! અને તેમાંએ હું તો લાડકી હતી, એટલે રમત કરતાં કરતાં જેટલું ભણી તેટલું ખરી. નવમે વર્ષે તો મારો વિવાહ થયો હતો, ત્યાર પછી તો બારશ અમાસે સાસરે જમવા જવાનું થતું હતું એટલે પછી નિશાળે તો નજ જવાય ને ? સાસરે પણ સાસુ મને બહુ રમાડતાં હતાં, જરા ખીલાવતાં પણ હતાં અને મારી બાની અને બાપાજીની બધી વાતો પૂછી લેતાં હતાં. બારમે વર્ષે મારાં લગ્ન થયાં, એ કાંઇ નાની ઉમ્મર કહેવાય નહિ. પણ હું જરા હલેતી હતી તેથી મને એમાંનું કાંઈ યાદ નથી. ફકત એટલુંજ જાણું છું કે તેવામાં મને બહુજ મઝા પડતી હતી, લાડકાલાડુ ખુબ ખાવાના મળતા હતા અને ચારે તરફ મારાં માન ઘણાં હતાં.

તેરમું વર્ષ પૂરૂં થતાં થતાં તો મને સાસરે રાખી પણ ખરી. શરૂઆતમાં તો જરા ઠીક હતું. રાત્રે જમીને જવાનું તે વ્હાણું વાતાં તો પાછાં આવતાં રહેવાનું; પણ ધીમે ધીમે સાસરે વધારે રહેવાનું થયું. બધું કામ કરવાનું માથે આવ્યું. સાસુના બોલ, નણંદનાં મ્હેણાં સાંભળવા માંડયાં. કામ કરવાનું બધું અને જશ કાંઇ નહિ. ખાવાનું સૌથી મોડું અને તે પણ ટાઢું. વળી શાક તો રહ્યુંજ ક્યાંથી હોય.

કોઇ વાર ભાતનો તો કાળો પોપડોજ આવે અને દાળ તો તપેલામાંજ લેવાની હોય. આવું મેં તો કદી જોયેલું નહોતું. મને ઘણુંજ દુઃખ લાગવા માંડયું. કંટાળતી, રડતી, પૂરૂં ખાતી પણ નહિ; પણ કહું કોને ? ! મારા વર બિચારા બે વાર મેટ્રિકમાં નાપાસ થઇ આ વર્ષેજ પ્રીવીઅસમાં ગયા હતા. છેક સાંજ પડે કૉલેજથી આવતા અને થાકીને લોથ થઇ જતા. વળી પાછું વાંચવાનું હોય તે રાત્રે વાંચે. દિવસે હું તો મેડીપર જઈ શકુંજ નહિ. કાંઈ રહી ગયેલું લેવા જાઉં તોય સાસુ નણંદ પીસ્તાલ પાડતાં, તો અમથું તો જવાયજ કેમ ! રાત્રે જઇને બિચારા મારા પતિને હું શું કહું ? અને કહીને પણ શું ? મા બ્હેન આગળ એમનું ચાલે પણ શું ? વળી હજી હું એમની પાસે મન ખોલીને વાત પણ કરી શકતી નહોતી. કરૂં પણ શી રીતે ? એક દિવસ જરા કહ્યું, ન રહેવાયું તેથી કહ્યું, આખો દિવસ બહુજ પજવીતી તેથી કહી દેવાયું; પણ પરિણામ શું આવ્યું ? એકદમ ગુસ્સે થઇ ગયા. બૈરાંની જાતને ગાળો દીધી. " મારી મા બ્હેન માટે આવું કહેનાર તું કોણ ? " એમ કરીને મને એક બે લગાવી દીધી. મારાં માબાપને ગાળો ચોપડાવી. આમ થયા પછી બીજી વાર હું શી રીતે કાંઈ કહું ? દિલાસો ફક્ત મારી બાનો હતો. સાંજે ત્યાં જાઉં ત્યારે ઝંપું, થોડી ઘણી વાતો કહું. હું રડું, એ રડે, કાંઇ સારૂં સારૂં ખાવાનું કરી આપે અને પછી વ્હેલી સાસરે મોકલી દે.

આવામાં મને અભાવ પડવા માંડયા. મારી બાને તો આનંદ થયો. સાસુજી પણ લોકો આગળ ફૂલાતાં હતાં. નણંદને હજી સારો દહાડો નહોતો આવ્યો તેથી તે મનમાં બળતી હતી અને મારૂં મન તો હુંજ જાણું. આટલું દુઃખ ઓછું હતું તે વળી આવ્યું ! બળ્યો આ સંસાર ! મનમાં કાંઇ ને કાંઇ થઈ જતું હતું અને શું થશે તેની ગભરામણ થયા કરતી હતી. મારા વર પણ બિચારા ચિંતા કરતા

હતા. એક વાર તો એમ પણ બોલી ગયા કે આટલી નાની ઉમ્મરમાં આમ ન થયું હોત તો સારૂં. સારૂં એ તો સૌ જાણે છે, પણ કુદરતનો નિયમ કાંઇ ઉથાપાય છે? સંયમ–બ્રહ્મચર્યની તો વાતો કરવી સહેલ છે. દારૂ ને દેવતા સાથે લાવવા, અને પછી કહો કે સળગે નહિ. નાની ઉમ્મરમાં પરણાવી, પતિપત્ની–ભર યુવાન–વરવહુને એકઠાં કરો અને પછી કહો કે આમ ન થયું હોત તો ઠીક હતું. એ કહેવાનું નામ કાંઇ નહિ. ઘરડાં તો ખુશી થયાં, પણ આ તો મારા પતિમાં કાંઇ નવા સંસ્કાર થયેલા તેથી આવા વિચાર આવ્યા. ખરેખર અત્યારની છોકરીઓને ભલે તમે મેવડા જેવી કહો, સોળ સત્તરે પરણે છે તેથી ભલે કેટલાકો બળાપો કરે; પણ મારા પોતાના દિવસો મને યાદ આવે છે ત્યારે તો એમજ લાગે છે કે હાલની છોકરીઓ નશીબદાર છે. સાસુના સપાટામાં તેર ચોદ વર્ષની ઉમ્મરથી એમને જવું પડતું નથી. છોકરવાદ પતિ સાથે સંસાર શરૂ કરવો પડતો નથી. માબાપનું ઘર નાનપણમાંજ છોડવું પડતું નથી અને સૌથી વધારે તો એટલી નાની ઉમ્મરે સુવાવડમાં સપડાવું પડતું નથી. મને અભાવા પડવા માંડયા ત્યારે ખવાય શી રીતે? મૂળેજ ખાવાનું મેળ આવે તેવું, તો આવે વખતે તો મ્હોંમાંજ પેસે શી રીતે? મારી બા હમ્મેશ કાંઇ ને કાંઇ ખાવાનું કરી રાખતી તે ઘર જઇને ખાતી; અને પોળમાં મારી માશીનું ઘર હતું ત્યાં સહવારના પહોરમાં ગમે તે બ્હાને સટકી જતી. તે મારે માટે અચ્છેર દૂધ ઉકાળી રાખતી હતી તે પીતી. મારા વર પણ બિચારા કોઇ કોઇ વાર ગજવા ખર્ચમાંથી કાંઇક ખાવાનું મારે માટે લાવતા; આમ ને આમ દિવસ ચાલ્યા ગયા. અઘરણીનો વખત આવ્યો અને રીતને માટે અને દેવરીતને માટે તકરારો થવા માંડી. આમાં રોજ ને રોજ મારે મ્હેણાં સાંભળવાં પડતાં હતાં અને રોજ હું તો ઉદાસજ રહેતી હતી. અઘરણી પણ થઇ, નાતો જમી,

સગાં-વહાલાં જમ્યાં, બધું થયું પણ એમાં બધામાં મને તો ત્રાસજ હતો. છેલ્લે દિવસે મારૂં શરીર એકાએક બગડી આવ્યું, મને એકદમ મારા બાપને ત્યાં મોકલી દીધી અને તેજ રાત્રે મેં એક મુવેલા છોકરાને જન્મ આપ્યો. મને સખત મંદવાડ આવી ગયો અને દોઢ બે મહીને સાજી થઇ, પણ નબળી તો ઘણીજ થઇ ગઇ; અને પેટનો દુખાવો સખત થઇ આવ્યો. સાજી થયા પછી પંદરેક દિવસે હું સાસરે ગઇ અને પાછો પહેલાંની માફકજ સંસાર ચાલવા માંડયો. એનું એ કામ, એવું ને એવું ખાવાનું, અને તેવાં ને તેવાંજ મ્હેણાં! વધારામાં મારૂં નબળું શરીર અને પેટનો દુખાવો.

વળી આ વખતે એક નવું દુઃખ કર્મે આવ્યું; એ દુઃખ તો કોઇને કહેવાય તેવુંજ નહોતું. અત્યારે લખતાં પણ શરમ આવે છે, પણ હવે મારે કોઇની દરકાર નથી અને તમને બધું લખવા વચન આપ્યું છે તે લખીશજ. આ દુઃખ મારા પતિની કામવાસનાનું હતું. પણ એમનો શો વાંક! એમને શો ખ્યાલ! મારૂં નબળું શરીર અને પેટનો દુખાવો; પણ એમને શું! આ દુઃખ હું કોને કહું?! બધું તો બાને કહીને હૈયું હલકું કરતી હતી, પણ આનું કેમ? મારા સારા નશીબે મારા વર એકંદરે સારા હતા, મને એમની તરફનો કાંઇ ખાસ ત્રાસ નહોતો અને હવે તો વળી સાસુ નણંદ તરફના દુઃખમાં મારી દયા ખાતાં શીખ્યા હતા અને કોઇક વાર તો એમના પ્રેમને લીધે હું બધું દુઃખ ભૂલી પણ જતી હતી.

એવામાં વળી હું ફરી બેજીવવાળી થઇ. આ વખતે તો મારાં માબાપે માથાનાં થઇને મને સાસરે મોકલીજ નહિ. સાસુએ બહુએ ભાંડયાં, પણ મારી બા ડગી નહિજ.

પણ મારે ક્યાં ઝંપવાનું હતું. મને સાતમો મહીનો બેઠો અને મારા પતિને તાવ આવવા માંડયો, તાવ વધ્યો, તેમાંથી ત્રિદોષ

થયો અને ચાર અઠવાડીયામાં તો બધું પૂરૂં થઇ ગયું. મારૂં નશીબ ફુટયું અને સોળમે વર્ષે હું વિધવા થઇ. હવે તો કારમું—ન ખમાય તેવું દુઃખ આવી પડયું. છેલ્લા દિવસ જતા હતા તોપણ લૌકિક કરવા માટે, સાસરામાં રહેવું પડયું. મારા પતિને મેંજ મારી નાખ્યા હોય તેમ બધાં મારી તરફ વર્તતાં હતાં. કૂટવા ઉભી કરી. ફાકવાનું ને રોટલા ખાવાનું તો હતુંજ. મારા શરીરની આવી સ્થિતિમાં આ મને ઘણુંજ નડતું હતું; તેમાં વળી ચુડી કરમ અને નોમીયાથી તો તોબા! ભગવાન! એવો વખત કોઇને ન લાવશો. કેડોમાં ફાટ થાય તેનું તો કોઇ પૂછે નહિ અને વળી કૂટતાં આવડે નહિ એટલે ઉપરથી ભાંડે. છેવટે બારમાંની સજ્જા પતી ગયા પછી તો મારાથી નજ રહેવાયું, શી રીતે રહેવાય? ઉમ્મર ફક્ત વર્ષ સોળની અને તેમાં શરીરની આવી સ્થિતિ! મેં તો એકદમ મારી બા ત્યાં કૂટવા આવી હતી તેની પાસે જઇને રડી દીધું અને કહ્યું કે મને ઘેર લઇ જા. અંતે બા તે બા. કોઇની દરકાર કર્યા કે પૂછ્યા વગર ગાડીમાં ઘાલીને મને લઈ ગઇ. સાસરીયાંએ ગાળો દીધી, લોકોએ ભાંડી અને જન્મારાનાં વેર થયાં, તેજ રાત્રે મને છુટા છેડા થયા. છોકરી જન્મી પણ તેનું માથું બધું ખવાઇ ગયેલું હતું. ડૉકટરે કહ્યું કે છેલ્લા થોડા દિવસ બરોબર ખોરાક ન મળ્યાને લીધે તથા ગરમ ખોરાકને લીધે આમ થયું. ધિક્કાર હજો આ સંસારના આ દુષ્ટ રિવાજો ઉપર, કે જેણે મારી છોકરીના પ્રાણ લીધા.

મારી કથા કહેવાઈ છે. નછોરી બાળવિધવાને દુનિયામાં શું સુખ હોય? વરસેક દિવસ તો મારે પીયર રહી. સાસરેથી કોઈ બોલાવતું નહિ. એક વાર ગઇ ત્યારે ખૂબ ગાળો દઇ લડીને સાસુ નણંદે કાઢી મૂકી. ફરીથી મેં જવાની હિમ્મત કરી નથી. મારૂં શરીર છેક લેવાઇ ગયું અને ડૉકટરે કહ્યું કે ક્ષય લાગુ પડયો છે. પડેસ્તોં;

નાની ઉમ્મરમાં સાસરાના ઘરનું આખું કામ, પૂરૂં ખાવાનું નહિ, મૂળથી એકવડો બાંધો, ઉપરાઉપરી બે સુવાવડો, અને વળી પાછું વૈધવ્યનું દુઃખ; પછી ક્ષય થાય તેમાં નવાઇ શી ! મારૂં શરીર આમ બગડ્યું તેથી મારાં એક માશી કાઠીયાવાડમાં હતાં તે મને સમજાવીને એમને ત્યાં લઇ ગયાં. મારા માસાજી સારે દરજ્જે હતા અને સુધરેલા વિચારના હતા. એમને પણ મારા જેવડીજ છોકરી હતી, પણ હજી કુંવારીજ હતી. કાઠીયાવાડની સૂકી હવાથી મને આરામ થયો. અમો બંને બ્હેન માટે માસ્તર રાખ્યા; અને ગુજરાતી, ઇંગ્રેજી તથા સંસ્કૃતનું સારૂં જ્ઞાન અમને અપાવ્યું. હવે તો હું મારી મેળેજ વાંચીને જ્ઞાન સંપાદન કરૂં છું. મારી બ્હેન તો પરણી ગઈ છે, સુખી છે. એનું સુખ ચિરકાળ ટકો. થોડો વખત તો દુનિયાપરથી મારૂં મન ઉઠી ગયું હતું. દુનિયાને હું ધિક્કારતી હતી; પણ વિદ્વાનો સાથેની વાતચીતથી, સજ્જનોની સોબતથી, અને સારાં વાંચન ઉપરથી હવે એમ નિશ્ચય કર્યો છે કે જે દુઃખ મને પડ્યું તેવુંજ દુઃખ દેશમાં ઘણાંને પડતું હશે, અને તેથી ઘણો અનર્થ થતો હશે. આ અનર્થ દૂર કરવા હું પ્રયત્ન કરીશ. બાળલગ્ન બંધ કરવા, નાની ઉમ્મરમાં સાસરાંનો સૂવાવડના ત્રાસ ન પડે તેમ કરવું, અધરણી જેવા ક્લેશમય દુષ્ટ રિવાજો, રોવા કૂટવાનું, ધાણી આટા ફાકવાનું બધું બંધ કરવું અને વિધવાઓને જ્ઞાન આપવું, તેમનો અવતાર એળે ન જવા દેતાં દુનિયામાં તેમને ઉપયોગી કરી સુખી બનાવવી અને ખાસ કરીને સ્ત્રી જાતનો દરજ્જો સુધારવો; આ બધાં કામ પાછળ હું મંડીશ, એકલી કામ કરીશ અથવા વનિતા વિશ્રામમાં જોડાઇશ. આ વિચારથી મારામાં નવું જીવન આવ્યું છે. આશા છે કે તમે ભાઈઓ આ કામમાં મદદ કરશો.

બ્રહ્મક્ષત્રી ત્રિમાસિક.

૨૯—સાસુનું ચિત્ર

સમગ્ર જગતમાં બાલક અને બાલિકાઓને તો શિક્ષાની આવશ્યકતા છેજ, પરંતુ ભારતમાં તો કમનશીબે હાલમાં ડોસા—ડોસીઓને માટે પણ શિક્ષાની આવશ્યકતા છે. આ વાત સત્ય છે કે વૃદ્ધ પોપટો ભણી શકતા નથી, પરંતુ હું ધારૂં છું કે પરિશ્રમ કરવામાં આવે તો કેટલીક સાધારણ વાતો તેમને પણ અવશ્ય શીખવી શકાય એમ છે. વિશેષ કરીને આ દેશની સાસુ કહેવડાવનારી મહિલાઓને માટે તેમ કરવાની આવશ્યકતા વિશેષ જણાય છે. આ દેશમાંની ઘણીખરી સાસુઓની દશા અત્યંત શોચનીય છે. તેમની ક્રુરતા, નિર્દયતા, અને અમાનુષી વ્યવહારથી વહુઓનાં સ્વાસ્થ્ય, હૃદય, મસ્તિષ્ક, ચારિત્ર અને શાંતિપર જે કઠોર અને ખરાબ અસર થાય છે અને સમાજમાં જે અશાંતિ અને પાપનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે તેનું વર્ણન લખતાં લેખિનીનું મુખ પણ લજ્જાથી કાળું પડી ગયું છે. આ દુષ્ટ સાસુઓના ઘોર અત્યાચારને બિચારી વહુઓ યંત્રવત્ સહન કરે છે અને તેથી તે કર્કશાઓ સ્વચ્છંદતાપૂર્વક પોતાનો જોહુકમી દોર ચાલુ રાખે છે.

વહુને વાતવાતમાં ગાળો દેવી, તેની ઉપર જાતજાતનાં નિંદનીય કલંકો લગાડવાં, ચોરી ચખારીના અકારણ દોષોથી તેને અપમાનિત કરવી, તેના કોમળ અંગને ઠેકાણે ઠેકાણે લપડાક, ચુંટી, મુક્કા અને લાકડીથી પ્રહાર કરવા, એ તો જાણે કે તેમનો એક સાધારણ વ્યવહાર અને નિત્યકર્મરૂપે થઇ પડયું હોય છે; પરંતુ સાંભળીને પત્થરનું હૃદય પણ પીગળી જાય છે, કે તે રાક્ષસીઓ કોઇ કોઇવાર પોતાની

નિઃસહાય વહુઓને તપાવેલી સાંણસીથી ડામ પણ દે છે !

જેને ચાર માણસો પણ સહેલાઇથી પહોંચી શકે નહિ એવાં ઘરનાં સર્વ કામોનો બોજો નિર્દય સાસુઓ બિચારી દુર્બળ વહુઓને માથે નાખે છે અને તે સર્વ કામો યોગ્ય સમયપૂર્વેજ થઇ ગયેલાં જોવા માગે છે. જો એમાં વિલંબ થાય (અને વિલંબ થવો સ્વાભાવિકજ છે.) તો તો પછી પૂછવુંજ શું ? બસ, સાસુજીની ધારેલી મુરાદ સફળ થઇ ગઇ ! જુલમ કરવાનું બહાનું મળી ચૂકયું ! પછી ઇચ્છામાં આવે તેટલી દુર્દશા બિચારી દીન વહુની કરવાનો તેને પૂર્ણ અધિકાર છે ! પોતાના હૃદયમાંની પાપમયી મોરી ખોલી દઇને હતભાગિની વહુને ગમે તે ખાડામાં વહેવરાવી દેવાનો તેને પૂરેપૂરો અધિકાર છે !

આટ આટલા અત્યાચાર કર્યા છતાં પણ તે ક્રૂર સાસુ એટલું પણ જાણતી નથી કે તે બિચારી માતા પિતાને તજી દઇ પોતાને આશ્રયે આવેલી અભાગિની માનવ કન્યાએ બપોર સુધી મુખ પણ ધોયું છે કે નહિ અને અન્નનો એકાદ કણ તેના ઉદરમાં ગયો છે કે હજી સુધી તેણે પૂરી એકાદશીજ કરી છે !

જુઓ ! શિયાળાની કડકડતી ટાઢવાળી રાતમાં પવનના ઠારી નાખનારા સપાટાઓ વચ્ચે પણ બાર વાગ્યા સુધી એક પાતળો સાલ્લો પહેરી ખુલ્લા આંગણામાં શીતથી થરથરતી એક રમણી ઠંડાગાર પાણીથી વાસણ ધુએ છે અને વારંવાર સુસ્કારા ભરે છે તથા દાંત કડકડાવે છે. આ શીતઋતુમાં આવે વખતે પણ આ યુવતીને અતિ નિર્દયતાપૂર્વક કોણ દુઃખ દઇ રહ્યું છે ? શું એ કામ સૂર્યોદય થયા પછી નહિ થઇ શકત ? શા માટે નહિ થઇ શકત ? પરંતુ સાસુજીના ક્રૂર મનને એવો અમલ ચલાવ્યા વિના સંતોષ શી રીતે થાય ? એ મહાકાળી–મહાચંડીજ એ રાક્ષસી જુલમની જવાબદાર છે.

ગ્રીષ્મઋતુમાં બપોરના સમયે ધુમાડાથી ભરેલી બારી વિનાની

એક સાંકડી ઓરડીમાં એક યુવતી કલાકો થયાં રસોઇ કરી રહી છે. તેનું સમગ્ર અંગ અને સર્વ વસ્ત્રો પરસેવાથી તર થઇ ગયાં છે, આંખોથી સ્પષ્ટ જોઈ પણ શકાતું નથી, ધૂમાડાથી તેનું મગજ ભરાઈ ગયું છે, એક ડઝન કરતાં પણ અધિક માણસોની રોટલી બનાવવાની છે, પરંતુ સહાયતાને માટે એક આદમી તો શું, પરંતુ એક બિલાડી પણ તેની તરફ ઝાંખીને જોતી નથી. વિચાર કરો, આ અનાથ મહિલાને આ યમયાતનામાં નાખી કોણ પાપની ગાંસડી બાંધી રહ્યું છે? કોઇ નહિ, પેલાં સાસુમાજ છે.

એક ક્ષીણ શરીરવાળી અબળા કે જેની આંખો સુઝેલી છે, જેના શરીરપર હાથ મૂકતાં હાથ બળવા લાગે છે, જેનું માથું પીડાથી ફાટી જાય છે તે હમણાંજ ઘરનું આંગણું વાળી રહીને રસોડામાં ગઇ છે. એંઠાં વાસણો આંગણામાં કાઢી છાણ માટીથી રસોડું લીંપી આંગણામાં આવી છે. તે વાસણ માંજતી જાય છે અને ક્ષણે ક્ષણે તાવની પીડાથી મુંઝાતી જાય છે. એક પાડોશણ આવીને આશ્ચર્યથી પૂછે છેઃ-"અરે, આને શું થયું છે? આ તો માંદી છે, તાવથી એનું શરીર બળી રહ્યું છે, અને એ કામ શી રીતે કરે છે?" એક બીજી મહિલા ઉત્તર આપે છેઃ-"એને શું થયું છે? તમે એનાં પાખંડ જાણતાં નથી. કામ ન કરવું પડે તેટલા માટે આજે કેટલાંક અઠવાડીઆં થયાં એ પાખંડ કરી રહી છે. એ ડૉકટર બોલાવવા માગે છે અને પુરુષોને પોતાની બિમારીના સમાચાર સંભળાવવાને ઉત્સુક છે. બહેન! એ પોતાના બાપને ઘણી વહાલી છે. એ છબીલી છે, એ રાણી બનવા માગે છે, જો જો, હું જીવતી રહી તો એને રાણી બનવામાં કેવી મજા પડે છે તે દેખાડી આપીશ." પાઠકો! તમે એ ઉત્તર આપનારી મહિલાને ઓળખી? એ પણ પેલી સાસુના નામથી ઓળખાતી મહાકાલિકાજ છે."

પ્રાતઃકાળથી અર્ધી રાત્રિ સુધી મહેનત કરી થાકી લોથ બની જઈને એક અબળા બેશુદ્ધ બનીને સૂઈ રહી છે. હજી એક પહોર રાત્રિ બાકી છે, એટલામાંજ એકાએક તેના મગજ ઉપર શબ્દરૂપી વિજળીનો ગડગડાટ સંભળાય છે. "રાજ રાણી! હજીએ ઉંઘ ઉડી નથી? પહો ફાટવાનો વખત થયો તોય હજી પલંગ છોડવાનું મન થતું નથી? બાપને કહેવું હતું ને કે મને રાજાને ત્યાં પરણાવો કે જેથી હું દશ વાગ્યા સુધી ખાટલાપર પડી પડી પાસાં બદલ્યા કરૂં. ઘરમાં બધું કામ તો જ્યાંનું ત્યાં પડયું છે અને આ અભાગણી હજી સુધી ઉંઘ્યાજ કરે છે!" વાંચકો! તમે સમજી ગયાજ હશો કે આ વજ્રપાત કરનારી સ્ત્રી પણ પેલી યમરાણી સાસુજ છે.

હોળીના તહેવારને બે દિવસ બાકી છે. એક યુવતીએ કેટલાક મહીનાથી એક સાડી રંગાવી યત્નપૂર્વક સંભાળી રાખી છે અને "તહેવારને દિવસે પહેરીશ" એવો વિચાર કરી આનંદ પામે છે. એક પ્રસંગે એક વૃદ્ધ સ્ત્રીને તે સાડી બતાવીને ઉત્સાહપૂર્વક કહે છે કે:– "માજી, આ સાડી મેં હોળીને દિવસે પહેરવા માટે રાખી મૂકી છે." તે વૃદ્ધ મહિલા કહે છેઃ–"વાહ, મોટી પહેરનારી આવી! એ સાડી તો કાલે લલિતાને ઘેર જશે. જુની સાડી ધોવરાવી રાખી છે; ફાવે તો તેને ગુલાબી રંગથી રંગીને પહેર અને નહિ તો નાગી ફર. મોટા બાપની છોકરી ના જોઈ હોય તો, બાપને ઘેરથી મંગાવીને કેમ પહેરતી નથી?" પાઠક બંધુઓ અને બ્હેનો! તમને કાંઈ સંશય તો નથી ને? એ વૃદ્ધ ચૂડેલ પણ પેલી ભારતગૌરવ–નાશિની મહિષાસુરી સાસુજ છે.

હાય! આવા આવા ઘોર અત્યાચારોને લીધે કેટલી બધી વહુઓ સ્વર્ગ લોકમાં ચાલી જાય છે, પરંતુ આ પાપપરાયણ દયાશૂન્ય સાસુઓને કિંચિત્ પણ દયા આવતી નથી. મેં મારી આંખે એક એવી ઘટના જોઇછે કે જેનું સ્મરણ ૧૮ વર્ષ પછી કરતાં પણ આજે મારૂં હૃદય છિન્ન–ભિન્ન થઇ જાય છે.

"મારા મહોલ્લામાં એક કહાર હતો. તેને એક વૃદ્ધ માતા, એક બહેન અને એક પત્ની હતી. ઉપર જેનો થોડોક મહિમા હું વર્ણવી ગયો છું, તેજ વર્ગની એ ડોશી પણ હતી. બિચારો કહાર અતિ સરલ હૃદયનો માણુસ હતો. તેની પત્ની પણ તેવીજ સહનશીલ અને સદાચારી હતી; પરંતુ માતા અને પુત્રી કર્કશાઓની સરદાર હતી. તેમણે મહોલ્લાનાં પાંચ છ ઘરોનો ચોકો કરવો, વાસણ માંજવાં અને પાણી ભરવું એટલાં કામો કરવાનું માથે રાખ્યું હતું; પણ મા દીકરી તો ઘરમાંજ બેસી રહેતી હતી અને બહારનું એ સર્વ કામ પેલી બિચારી વહુને માથેજ પડતું હતું. આમ છતાં મા દીકરી કદિ પ્રસન્ન ચિત્તથી વહુની સાથે વાત પણ કરતી નહોતી. અલબત, કાંઇ ને કાંઇ બહાનું કાઢીને મારપીટનો પ્રયોગ રોજ જારી રહેતો, અને વહુને કોઇ દિવસ પેટભરીને અન્ન પણ મળતું નહોતું. તેને પેટ બે બાળક જન્મ્યાં તે બન્ને મરી ગયાં હતાં. મરી જાય તેમાં આશ્ચર્ય પણ શું? કારણ કે પ્રથમ તો આહાર કમી હોવાથી તે બિચારીને દૂધ જોઇએ તેટલું આવતું નહિ; અને આખો દિવસ કામ–ધંધો કર્યા કરવો પડવાથી તેને વખતસર ધવરાવવાની તક પણ મળતી નહોતી. જ્યારે તેને બીજું બાળક જન્મ્યું ત્યારે તે મા દીકરીએ સુવાવડના દુઃખમાં તેને જરા પણ સહાય કરી નહિ, અને તેનો સત્કાર કરવાની વાત તો દૂર રહી; પરંતુ સુવાવડમાં તેને પેટ પુરતું અન્ન પણ પૂરૂં પાડયું નહિ. તેની શારીરિક શક્તિ સર્વથા નષ્ટ થઇ ગઇ અને સુવાવડને દશ દિવસ પણ વીત્યા નહિ એટલામાંજ તે દુષ્ટાઓએ તેના મસ્તકપર હાંડો મૂકી દીધો અને ઘેરે ઘેર પાણી ભરાવવા માંડયું તથા બીજાં કામ કરાવવા માંડયાં. ૧૫ દિવસમાંજ બાળક મરી ગયું અને એક મહીના પછી તે બાઇ પણ ખાટલે પડી. ૧૧ દિવસ માંદી રહીને તે મૃત્યુની સહાયથી આ ઘોર આપત્તિમાંથી મુક્ત થઇ સ્વર્ગે ચાલી ગઇ."

"કેટલાક દિવસ પછી તે કહારે બીજી સ્ત્રી કરી. આ સમયની સ્ત્રી બે જીવતા પતિઓથી છુટા છેડા કરીને આવી હતી. આ સ્ત્રી વહુ નહોતી, પરંતુ સાસુજીની પણ કાકી હતી. સાસુ એક ડીગ્રી હતી તો તે નવ ડીગ્રી હતી. તેણે ઘરમાં પગ મૂકતાંજ સાસુજીના બાલ ઉખેડવા માંડયા. પ્રથમ તો સાસુજીએ કુશળતાથી પોતાની જૂની કળા દેખાડવા માંડી; પરંતુ સાપને ઘેર સાપ જાય તો મોઢું ચાટીને પાછો આવે તેમ તેની બધી કળા દબાઈ ગઇ, વહુએ એક ગાળને બદલે દશ ગાળ અને એક લપડાકને બદલે દશ લપડાક મારવા માંડી. ભલા, આ વિકટ સંગ્રામમાં સાસુજીનો વિજય શી રીતે થાય? અંતે તે વિષ-રહિત સર્પની પેઠે થાકી હારીને બેઠી. પછી તો વહુએ બધોજ ઘર-વ્યહવાર પોતાના હાથમાં લઈ લીધો અને સાસુજીને દાણાદાણાને માટે તે તરસાવવા લાગી. અંતે તેને દૂર કરી પોતે જુદુંજ ઘર વસાવ્યું. કહાર અતિ સરળ હૃદયનો માણુસ હોવાથી જોરાવરને વશ થઇ જતો; જેથી તે પણ સ્ત્રીને વશ થઇ ગયો. હવે તો સાસુજી આખો દિવસ લાકડાં રગડતાં હતાં ત્યારેજ ખાવાનું મળતું અને નહિ તો ઉપવાસજ કરવો પડતો. મેં તે ડોસીને એક દિવસ તે મહોલ્લાની એક માળણ આગળ રોતાં રોતાં એમ કહેતી મારા કાનથી સાંભળી હતી કેઃ– "દીકરી, એમાં કોઇનો વાંક નથી. મેં પહેલાં લક્ષ્મીનો અનાદર કર્યો તેનુંજ આ ફળ ભોગવું છું."

પાઠક! વિચાર કરો કે જે દેશનાં હજારો ઘરોમાં આ પ્રકારનું પાપ થઈ રહ્યું છે; જે દેશમાં નિર્દયતા, નિષ્ઠુરતા અને કરાલ ક્રુરતાની ભયાનક ધ્વજા આ પ્રકારે ફરકી રહી છે; જે દેશમાં અન્યાય, સ્વાર્થ-પરાયણુતા અને અત્યાચારના કાળા રંગથી ગૃહો રંગાયેલાં છે; તે દેશની અવનતિ, દુર્ગતિ, કષ્ટ, ક્લેશ અને નારકી જીવનનાં કારણ ખોળી કાઢવાં એમાં શો પરિશ્રમ પડે એમ છે? હે દેશની સાસુ કહે-

વડાવનારી સ્ત્રીઓ ! દયા કરો; હવે વહુઓનું ભક્ષણ કરનારી પાપાગ્નિની લાંબી જ્વાળાઓને સંકોચી લો, હવે હૃદયપરના પાપપંકને દૂર કરો, અને તેને દયા, ક્ષમા, સુશીલતા તથા શાંતિમય પ્રેમપીયૂષથી ભરી દો. વહુઓપર પ્રેમ પ્રભાવ નાખી તેમને વશીભૂત કરો અને તેમનાં દુઃખ, દર્દ, હિત તથા આકાંક્ષાનો વિચાર કરી ઉચિત સમયે તેમની પાસે કામ લો. તે માબાપવિખુટી અસહાય કન્યાઓને પણ તમારી પુત્રીજ સમજો. પછી જુઓ કે તમારો ગૃહસ્થાશ્રમ કેવો સુખદ, કેવો શાંતિદાયક, કેવો આનંદદાયક અને કેવો મનોરંજક બને છે ! જુઓ, તમારાં ક્રૂર આચરણોથી ભારતનું ઘણું અહિત થઈ ચૂક્યું છે; હવે તમારૂં ચરિત્ર પરિવર્તિત કરી આ કલેશ દૂર કરો; કારણ કે એક દિવસ તમારે પરમાત્માને મુખ બતાવવું છે.

મૂળ લેખકઃ–બ્રજનાથ સહાય મુખ્તાર.

સમાપ્ત

અતિ ઉત્તમ છતાં સસ્તા ગ્રન્થો.

ગોદરેજની તીજોરીની એક વધુ પરીક્ષા.

મીટસુ બુસેન કઇશા નામની એક મોટી જાપાની કંપનીની ઑફીસ મુંબઇમાં છે. એ ઑફીસ જ્યારે પહેલાં મુંબઇમાં ઉઘડી ત્યારે **ગોદરેજે** પોતાની તીજોરી ખરીદવાની ભલામણ કરી હતી પણ સાહેબોના ધ્યાનમાં વાત ઉતરી નહિ અને વિલાયતી તથા જાપાની બનાવટની તીજોરીઓ ખરીદી.

એ કંપનીની એક શાખા કરાંચીમાં છે અને તે ઠેકાણે **ગોદરેજની** એક નાની તીજોરી વપરાતી હતી. ચાર મહીના ઉપર કરાંચીની ઑફીસમાં આગ લાગી અને **ગોદરેજની** તીજોરીમાં ત્રીસ હજાર રૂપીઆની નોટો હતી તે સલામત મળી આવી અને તે ઉપરથી મુંબઇની ઑફીસે તુરતાતુરત અગીઆરસો રૂપીઆની એક મોટી **ગોદરેજની** તીજોરી ખરીદી.

આવી રીતે આગ થયા પછી કૂવો ખોદાવવાનું કામ વાજબી કહેવાય નહિ. જો કે નાના મોટા બધાઓ એવુંજ કરે છે. થોડા વખત ઉપર મુંબઇમાં ઇવટ લેઘમની કંપનીની ઑફીસમાં મોટી આગ લાગી તે વખતે જાણીતા મોટા વિલાયતી મેકરની ચાર તીજોરી ઑફીસમાં હતી અને તેનો જે અનુભવ સાહેબોને મળ્યો તે ઉપરથી આગ પછી **ગોદરેજની** મોટી સાત તીજોરીઓ અહીંની તેમજ કરાંચીની ઑફીસો માટે ખરીદવામાં આવી.

કારખાનું—ગેસ કંપની પાસે, પરેલ, મુંબઈ.

શાખા—રીચીરોડ, ફુવારા સામે—અમદાવાદ.

ગ્લૅડસ્ટન અને સસ્તું વાંચન.

'ચરિત્રમાળા' દ્વારા હાલ નીકળેલા મહાત્મા ગ્લૅડસ્ટનના ચરિત્રમાં સસ્તા વાંચન વિષે આવેલો તેમનો અભિપ્રાય નીચે પ્રમાણે છેઃ—

"સૉક્રેટિસનું તત્ત્વજ્ઞાન સ્વર્ગલોકમાંથી નીચે આણેલું કહેવાય છે; તેજ પ્રમાણે હમણાંના કેટલાક ગ્રંથપ્રકાશકોએ ગરીબ લોકો સહેલાઈથી ખરીદી શકે એવાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે; અને તેનો પુષ્કળ ઉપયોગ થાય છે એ વાત નિર્વિવાદ તથા બહુજ મહત્વની છે. હું ન્હાનપણમાં વારંવાર દુકાનોમાં પુસ્તકો ખરીદવા જતો, ત્યારે ગરીબ માણસ સહેલાઈથી ખરીદી શકે એવું એક પણ પુસ્તક હું ત્યાં જોઈ શકતો નહોતો. એક ઉદાહરણ આપીશું શેક્સપિયરના ગ્રંથનુંજ જો લઈએ. મને યાદ છે કે મેં સર્વથી પ્રથમ એ કવિના ગ્રંથની જે પ્રત વેચાતી લીધી તેના મને ૨ પાઉન્ડ ૧૬ શિલિંગ આપવા પડ્યા: પરંતુ એ કરતાં પણ સારૂં એજ પુસ્તક હવે માત્ર ૩ શિલિંગમાંજ મળે છે! વળી જે પુસ્તકો પહેલાં મળતાંજ નહોતાં તે હવે જોઈએ એટલાં મળવા લાગ્યાં છે. * * * આપણે જે જોઈએ છીએ તે એજ કે આપણા લોકોએ સારાં સારાં પુસ્તકો વાંચીને, પોતાની જાતની સ્થિતિ સુધારીને આપણા રાષ્ટ્રને એક દરજ્જે ચઢાવવામાં સહાયતા કરવી."